આગ્રહ



તુમ સ્યાને મેરે સાથજી,
જિન રહો વિષે રસ લાગ ।
પાઉં પકડ કહે ઈન્દ્રાવતી,
ઉઠ ખડે રહો જાગ ।।

-(પ્રકાશ હિં, પ્ર.૧૭/ચો.૨૧).

અર્થ : હે મારા ધામના સુમન સુંદરસાથજી !

આપ બધા તો અત્યંત જ બુદ્ધિમાન, હોશિયાર તેમજ સમજદાર છો, સાંભળો, જુઓ અને વિચાર કરો ! પંચ વિષયના ઈન્દ્રિયજન્ય સ્વાદમાં જ લાગીને ન રહો. હું ઈન્દ્રાવતી આપ બધાના ચરણ પકડીને (પગે લાગીને) કહું છું કે અજ્ઞાનરૂપી નિદ્રામાંથી જ્ઞાન લઈને જાગો ! ઉઠો ! ! ઊભા થઈ જાવ ! ! ! કેમ કે હવે આપણી ઘેર જવાનો સમય થઈ ગયો છે.

- લેખક

પુનશ્ચ :-

❖ આત્મીય પ્રેમાગ્રહ ❖

સુખ લેને કો આયે હો, નહીં ભેજે સોવન કો ।
બિચાર દેખો હાદીય કી, બાની લે દિલમોં ।।

-(શ્રી ખુલાસા, પ્ર.૧૬/ચો.૭૯).

હે મારી પ્યારી ધામસ્થ આત્માઓ ! આપ લોકો નિજધામથી આ દુઃખરૂપી બ્રહ્માંડમાં કેમ આવ્યો છો ? અસત, જડ, દુઃખ અને સત, ચિદ્, આનંદનો તારતમ જ્ઞાનના માધ્યમથી સંતુલનાત્મક જ્ઞાનાર્જિત કરી (જ્ઞાન લઈને) તે જ્ઞાનના દ્વારા આત્મ-જાગૃતિ કરો કેમ કે આત્મ-જાગૃતિના અપૂર્વ, અવર્ણનીય સુખાનુભવ કરવા માટે જ આપ બધા શ્રી રાજજીથી વચનબદ્ધ થઈને આવ્યા છો. આપેલાં વચનને યાદ કરો.

શ્રી રાજજીએ આપ લોકોને આપેલાં વચનને બિલકુલ ભૂલીને કુંભકર્ણવત્ માયાવી નશામાં ચૂર થઈને સૂવા અથવા ભૂલવા માટે ખેલમાં મોકલ્યા નથી. જો તમે બધા ધામધણી સંબંધી આત્માઓમાંથી છો, તો પોતાના (આપણા) હાદી-સદ્ગુરુ નિજાનંદ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજી પ્રદત્ત ઉક્ત વાણીની ચોપાઈને કોમલ ચિત્તમાં ધારણ કરો અને નિશ્ચિંત થઈને શીઘ્રાતિશીઘ્ર નિર્ણય કરી લ્યો કે આપ લોકો ધામથી સંસારમાં કેમ આવ્યા છો તથા શ્રી રાજજીએ કેમ મોકલ્યા છે ? ખેલમાં આવીને શું કરવું હતું ? વિચાર-વિવેક કરીને જુઓ ! શું આપ બધા આપેલાં વચનાનુસાર ચાલી રહ્યા છો ?

હે આત્માઓ !

ચરણ પકડીને કહે યશવંતી,
ઉઠો ! ઊભા રહો જાગી.

-પ્રણામ.

અક્ષરાતીત શ્રી કૃષ્ણ પરમાત્મને નમઃ

(શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ-શ્રીમન્નિજાનંદ સંપ્રદાય)

સ્વામી શ્રી લાલદાસજી મહારાજ પ્રણિત વીતક સાહેબના

* * *

શ્રી ૧૦૮ શ્રી દીનદયાલજી મહારાજ કૃત

પ્રશ્ન-ઉત્તર

(ઉત્તરાંશ-તૃતીય ખંડ)

લેખક-

''પ્રાણનાથ સાહિત્ય ભાસ્કર''-સન્માનથી વિભૂષિત

પરમપૂજ્ય ''વાણી આચાર્ય''

શ્રી ૧૦૮ શ્રી દીનદયાલજી મહારાજ

સંરક્ષક - શ્રી પ્રાણનાથ જ્ઞાન કેન્દ્ર ચે. ટ્રસ્ટ

બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

પ્રકાશક -

૧. હિન્દી - શ્રી પ્રાણનાથ જ્ઞાન કેન્દ્રના સંસ્થાપક,

''પ્રાણનાથ સાહિત્ય ભાસ્કર''-સન્માનથી વિભૂષિત

પરમપૂજ્ય ''વાણી આચાર્ય''

શ્રી ૧૦૮ શ્રી દીનદયાલજી મહારાજ

બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

૨. ગુજરાતી - જ્ઞાન કેન્દ્ર -

શ્રી પ્રાણનાથ મહિલા મંડળ (રજિ.),

બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

પુસ્તક પ્રાપ્તિ સ્થાન

૧. શ્રી ૧૦૮ પ્રાણનાથજી મંદિર
શ્રી ૫ પદ્માવતીપુરી ધામ (મુક્તિપીઠ), પન્ના,
મધ્ય પ્રદેશ–૪૮૮૦૦૧. સંપર્કઃ૦૭૭૩૨-૨૫૨૦૪૬

૨. શ્રી ૫ મહામંગલપુરી ધામ
શ્રી કૃષ્ણ પ્રણામી મોટા મંદિર,
સૈયદવાડા, સૂરત-૩. સંપર્કઃ ૦૨૬૧-૨૪૨૪૯૮૬

૩. શ્રી કૃષ્ણ પ્રણામી મૂલ મિલાવા માનવ મંદિર
વેડ રોડ, સૂરત. સંપર્કઃ૦૨૬૧-૨૫૧૨૭૨૨

૪. શ્રી પ્રાણનાથ જ્ઞાન કેન્દ્ર ચે. ટ્રસ્ટ
૩, સુંદરધામ, જાંમલી ગલી, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦ ૦૯૨. સંપર્ક : ૦૨૨-૨૮૯૯ ૮૭૫૮

૫. શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર
દિલ્લી બજાર, કાઠમાંડુ (નેપાલ).
સંપર્ક : ૦૦૯૭૭-૯૮૪૧૨૩૧૦૩૫

૬. શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર
સેવક રોડ, સિલિગુડી, (પશ્ચિમ બંગાલ).
સંપર્ક : ૦૩૫૩-૨૬૪૨૭૨૮

૭. શ્રી કૃષ્ણ પ્રણામી સાધનાલય ચે. ટ્રસ્ટ
શ્રી પ્રાણનાથ વાણી પ્રશિક્ષણ કેન્દ્ર,
પોસ્ટ-ગડઊમરિયા, ધરમપુર, દર્રામુરા,
રાયગઢ, છત્તીસગઢ-૪૯૬૦૦૧.
સંપર્ક : ૦૯૯૦૭ ૪૪૨ ૪૪૨

❖ વિષય સૂચી ❖

ક્રમ સંખ્યા	પ્રકરણોના નામ	પૃષ્ઠ સંખ્યા
૧.	અનુભૂમિકા	૧
૨.	સ્વલીલા અનુશીલન	૧૧
૩.	મંદસોર	૨૨
૪.	ઉજ્જૈનમાં ઉત્સવ	૫૪
૫.	ઔરંગાબાદ વૃત્તાંત	૬૦
૬.	વિવિધ દર્શન સાર	૧૨૦
૭.	બુઢાનપુર	૧૭૬
૮.	રસૂલથી મુનકર	૧૯૪
૯.	આકોટની વીતક	૧૯૮
૧૦.	રામનગરની વીતક	૨૩૦
૧૧.	ગઢાનું વૃત્તાંત	૨૭૨
૧૨.	મિલાપ	૨૯૦
૧૩.	પદ્માવતી લીલા-શુકરાના	૩૫૪
૧૪.	અષ્ટ પ્રહર મંગલાચરણ	૩૬૬
	અષ્ટ પ્રહરની સેવા શરૂ	
૧૫.	પ્રથમ પ્રહર	૩૯૬

૧૬.	બીજો પ્રહર	૪૨૨
૧૭.	રાજભોગ	૪૪૨
૧૮.	ત્રીજો પ્રહર	૪૭૨
૧૯.	ચોથો પ્રહર	૪૯૪
૨૦.	પાંચમો પ્રહર	૫૧૪
૨૧.	છઠ્ઠો પ્રહર	૫૪૪
૨૨.	સાતમો પ્રહર	૫૮૦
૨૩.	આઠમો પ્રહર	૬૦૨
૨૪.	છત્રીસ કારખાના	૬૫૪
૨૫.	ગરમીના દિવસોની સેવા	૬૬૨

ઉત્તરાંશ - તૃતીય ખંડ સમાપ્ત.



❖ અનુભૂમિકા ❖

અહો ! ..... શ્રી નિજધામસ્થ સુમન સુંદરસાથજી !

આ સંસારરૂપી સાગર અતિ નિરસ, ધોકાદાર, છળકપટથી ભરેલો ફરી અવિશ્વાસનીય, નિર્દયી, દુસ્તરાતિદુસ્તર તેમજ વિભિન્ન અનર્થમય ગુણયુક્ત છે. એવા આ પાણીના પરપોટા સદૃશ ક્ષણિક જીવનની અંતિમ ઘટિકા ગણવાની અવધિકાલમાં પણ મને આજે ફરીથી લોકાભ્યુદય ગહન વિષયાત્મક સ્વ-સમાજ સેવાનો અતિ સોહામણો અવસર પ્રાપ્ત થયો છે. ફળસ્વરૂપ મારું દિમાગ સાતમા આસમાનમાં હોવું (બહુ ઘમંડ કરવું) એ કોઈ અસ્વાભાવિક વાત નથી. પરંતુ આ જાગણીના બ્રહ્માંડમાં મારા જેવા અશક્ત શારીરિક અવસ્થાવાળા વ્યક્તિ પર ધામધણી શ્રી રાજજી દ્વારા આવી અહોભાગ્યમય સુઅવસરની પ્રેરણાયુક્ત અસીમાતિઅસીમ અનુકંપા-દયા થવી, એ તો હકીકતમાં મારા દીનૈકબન્ધો પરમપૂજ્ય ધામધણી સ્વરૂપ ગુરુપ્રવર બાબાજી શ્રી લક્ષ્મીદાસજી મહારાજ, નવતનપુરી (જામનગર) ની આત્મીય પ્રેરણા, અપાર દયા-કૃપા સિવાય અકાટ્યરૂપે અસંભવ છે.

અતઃ તેમની હૃદયસ્થ આત્મીય પ્રેરણા, અસીમ દયા-કૃપાના પ્રતિફળ જે કાર્ય આગળ થઈ રહ્યું છે, તે બધી પ્રતિક્રિયાઓ પ્રત્યે હું મારા ધામધણી સ્વરૂપ શ્રી ગુરુદેવના ચરણોમાં શીશ નમાવું છું અને હું પોતાને આજીવન તેમનો ઋણી માનતો રહીશ. ઉપર્યુક્ત પ્રકારની અસીમ, અપાર દયા-કરુણા અથવા એમ કહી શકાય કે તેમની અદૃશ્ય હાર્દિક અનુકંપાના કારણે જ મેં ૭૬ વરસની ઉંમરમાં પોતાના અંતિમ સમયમાં પણ દેહત્યાગ કરવાનું છોડીને રહી સહી તેમજ થોડી ઘણી બચેલી હિંમત અને તાકાત ભેગી કરીને પોતાના સમાજની સેવાર્થે ફૂંકથી પહાડ ઉડાવવા (થોડી શક્તિથી મોટું કામ કરવાનો ઉદ્યોગ કરવા) જેવું કામ અર્થાત્ સ્વામી શ્રી લાલદાસજી મહારાજ કૃત મૂલ વીતક સાહેબને પ્રશ્ન-ઉત્તરના રૂપમાં પ્રકાશિત કરીને સમાજની સામે રાખવા જઈ રહ્યો છું.

આજથી પહેલાં આપણા શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ-નિજાનંદ સંપ્રદાયમાં લગભગ ૨૫-૩૦ વીતકોની રચના થઈ ગઈ છે. તેમાંથી સ્વામી શ્રી લાલદાસકૃત વીતક

સાહેબ ઉક્ત બધા વીતકોની આધારભૂતા તેમજ મૂલ વીતક સાહેબ છે. શ્રી નિજાનંદ સંપ્રદાયમાં જેવી રીતે શ્રી પ્રાણનાથજીના પછી શ્રી લાલદાસજીનું સ્થાન છે, તેવી જ રીતે પ્રણામી સાહિત્યમાં ઉપાસ્ય ગ્રંથ ''શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ-શ્રી તારતમ સાગર'' ના પછી ''સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ'' નું સ્થાન છે. એટલા માટે અન્ય વીતકોમાં સ્વામી લાલદાસ કૃત વીતક સાહેબ સર્વાધિક પ્રાચીન, પૂજ્ય અને વિશ્વાસપાત્ર છે તથા પ્રણામી સમાજમાં એને પ્રથમ દર્જાની માન્યતા પ્રાપ્ત છે.

આદિકાળથી પ્રચલિત ઉક્ત વીતક સાહેબમાં કુલ ૭૩ પ્રકરણ અને ૪૩૭૭ ચોપાઈઓ છે. એ જ વીતક ગ્રંથના પ્રશ્ન-ઉત્તરના રૂપમાં પ્રકાશિત પ્રસ્તુત ગ્રંથ આપ લોકોની સમક્ષ ઉપસ્થિત છે, જેમાં કુલ ૫૪૭૭ પ્રશ્ન-ઉત્તર છે. ઉપરના ૫૪૭૭ પ્રશ્ન-ઉત્તરને ત્રણ ખંડોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. જેમ કે -

૧. પ્રથમ ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૧૨૫૦ સુધી રહેશે અને વીતકની મજલ શરૂઆતથી લઈને સૂરતની વીતક સુધી આવશે.

૨. દ્વિતીય ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૦૧૬ સુધી હશે. પુનઃ મજલ સૂરતથી લઈને ઉદયપુરની વીતક સુધી આવશે.

૩. તૃતીય ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૨૧૧ સુધી હશે. પુનઃ મજલ મંદસોરથી લઈને અષ્ટપ્રહરની સેવા સુધી અર્થાત્ વીતક પૂરું થાય ત્યાં સુધી રહેશે. અતઃ ટૂંકાણમાં -

ક. પ્રથમ ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૧૨૫૦ હશે.

ખ. દ્વિતીય ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૦૧૬ હશે.

ગ. તૃતીય ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૨૧૧ હશે.

અતઃ ત્રણેય ખંડોના મળીને પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા (૧૨૫૦+૨૦૧૬ +૨૨૧૧=૫૪૭૭) પાંચ હજાર ચારસો સિત્યોતેર થશે.

ઉપરોક્ત સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં મુખ્યતઃ ત્રણ સ્વરૂપની વીતક આવે છે. એમાંથી કોણ-કોણ સ્વરૂપ કયા-કયા કાર્ય હેતુ આવ્યા અને તે કઈ

રીતે આ દુઃખદાયી સંસારરૂપી સાગરની વચ્ચે આવેલાં નિજધામસ્થ સમાજની સાથે-સાથે સંસારની સર્વાત્માઓને સબ ધાન બાઇસ પસેરીના (સારા-ખરાબને સરખા સમજવા) દર્જામાં રાખીને (તથા ત્રણેય સૃષ્ટિઓની આત્માઓને સમદૃષ્ટિથી જોઈને) વાઘના મોઢામાં હાથ નાંખવા (સાહસનું કામ કરવા) જેવું કાર્ય સંપન્ન કરી ગયા ?

વર્તમાન કલિકાલ ગુણ ગ્રસ્ત (પ્રભાવિત) નિજાનંદી-પ્રણામી પ્રચારકોને શ્રીમન્નિજાનંદ-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ સિદ્ધાંત અન્તર્ગત આ માન્યતાને ધ્યાનમાં લઈને ચાલવું જરૂરી અને અનિવાર્ય જોવામાં આવી રહ્યું છે. કેમ કે અમારો ધર્મ સિદ્ધાંત ટકસાલી (પ્રામાણિક) વાત કરવાવાળા પ્રચારકોને માન્યતા આપે છે, ન કે બકવાદી તેમજ ધર્મના દાણા બગાડવાવાળા નામધારી પ્રચારકોને ! અતઃ શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં સ્થિત ''ત્રણ સ્વરૂપોની વીતક'' વિષયને નિમ્ન પ્રકારથી સમજવાથી ટટ્ટીની આડમાં શિકાર કરવા (ધૂર્તતાથી છૂપાઈને કાર્ય સાધવા) ના પ્રતિફલરૂપી પાપ-અપરાધથી બચી શકે છે. જેમ કે -

૧) ''પીઉ પાંચ બેર હમ વાસ્તે, સાગર મેં ડારયા આપ''

-(શ્રી પ્રકાશ હિન્દી, પ્ર.૧૭/ચો.૯).

પીઉ (મૂલમિલાવાવાળા ધણીજીનો જોશ) વ્રજમાં, રાસમાં અને જાગણીના બ્રહ્માંડના ત્રણ સ્વરૂપના રૂપમાં બ્રહ્માત્માઓને ખેલ બતાવવાના આશય પાંચ વાર પંચભૌતિક શરીર ધારણ કરી સંસારમાં આવ્યા. મૂલમિલાવાવાળા શ્રી રાજજીએ એ બ્રહ્માંડના કાર્ય-કલાપના મુદ્દાર (જવાબદારી) પણ એ ત્રણ મર્દ સ્વરૂપોની ઉપર જ સોંપ્યું છે. જેમ કે -

''મરદ તીનોં પર હૈ મુદ્દાર''

પુનશ્ચ-

૨) ''એ તીનોં સૂરત હૈં એક, સો રસૂલ તીનોં સરૂપ બિસેક''

-(શ્રી બડા કયામતનામા, પ્ર.૧૨/ચો.૨).

અતઃ ત્રણેય સ્વરૂપ-બસરી, મલકી અને હકીમાંથી બસરી સ્વરૂપ **''રાસ ખેલકે આયે બરારબ સ્યામ''** અર્થાત્ બરારબ-અરબવાળા તૃતીય શ્યામ સ્વરૂપ મહંમદ સાહેબ છે. પુનઃ મલકી-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને હકી સ્વરૂપ શ્રી મેહરાજ અર્થાત્ મહામતિ શ્રી પ્રાણનાથજી છે. યસર્થ હે મારા આત્મીય બંધુઓ, ધામસ્થ દોસ્ત અથવા નિજાનંદી-પ્રણામી પ્રચારકો ! પોતાના દિમાગને થોડી-ઘણી કસરત કરાવશોજી. આપ લોકો વ્યર્થમાં આકાશમાં છેદ કરવા (બહુ ચાલાકી બતાવવા) જેવી હિંમત કેમ કરવા લાગ્યા છો ? તે પણ શ્રી સદ્‌ગુરુ અને મહામતિ સ્વરૂપોની વિરુદ્ધ (ખિલાફ) ? વાહ રે વાહ ! મારા મિત્ર બંધુઓ ! ! તારતમ વાણીના ઈલમી (જ્ઞાની) કહેવડાવીને આવું ? પોત-પોતાની આંખોથી નિહાળીને નિમ્નોક્ત પ્રમાણ જોઈ લો ને !

૩) બસરી મલકી ઔર હકી, એ તીનોં કે જુદે ખિતાબ ।
એક ફુરમાન લ્યાઈ દૂસરી કુંજી, તીસરી ખોલે કિતાબ।।

-(શ્રી છોટા કયામતનામા, પ્ર.૧/ચો.૮).

શ્રી શ્યામાજીના ત્રણેય સ્વરૂપો-બસરી, મલકી અને હકીને અલગ-અલગ પ્રકારની શોભા (ઉપાધિઓ-પદવીઓ) પ્રાપ્ત થઈ છે. અતઃ કોનાથી પ્રાપ્ત થઈ ? મૂલમિલાવાવાળા શ્રી રાજજીથી. તેમાંથી એક પરમાત્મા (શ્રી રાજજી) નો સંદેશ લઈને આવ્યા, બીજાએ તારતમ જ્ઞાનરૂપી કુંજી પ્રદાન કરી, તો ત્રીજાએ બધા ધર્મગ્રંથોના ગૂઢ રહસ્યોને સ્પષ્ટ કર્યા.

અતઃ ઉક્ત ત્રણેય મર્દ સ્વરૂપો-બસરી-મહંમદ સાહેબ, મલકી-શ્રી સદ્‌ગુરુ દેવચંદ્રજી અને હકી - શ્રી મેહરાજ (મહામતિ શ્રી પ્રાણનાથજી) ને આ જાગણીના બ્રહ્માંડમાં કયા-કયા કાર્યોનો શ્રેય અને ખિતાબ મળ્યો ? અતઃ બસરી સ્વરૂપને લા, ઈલ્લાહ અર્થાત્ ક્ષર, અક્ષરથી પરે ઈલિલ્લાહ-અક્ષરાતીત બ્રહ્મધામ ખુદાના અરસરૂપી લક્ષ્યને સંસારમાં અવતરિત કરવાનો તથા ત્યાંના લોકોને શરિયત માર્ગ પર ચલાવીને ઇન્સાનિયતની મર્યાદાનું પાલન કરાવવાનો, પુનઃ બ્રહ્મ તેમજ

બ્રહ્માત્માઓને બીજીવાર સ્વપ્નિક જગત-ખેલમાં આવવા વિષયની સાક્ષી રાખવાનો ખિતાબ અથવા શ્રેય મળ્યો. મલકી સ્વરૂપ-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને હકીકત-વાસ્તવિકતા અથવા વાસ્તવિક બ્રહ્મને ઈંગિત કરવાવાળો બ્રહ્મ મંત્ર-તારતમ જ્ઞાન ખેલમાં અવતરિત કરી તે બ્રહ્મજ્ઞાનાધાર પ્રથમ સ્વરૂપ દ્વારા આપેલાં લક્ષ્યમાં પહોંચાડવાનો, પ્રેમ-સેવારૂપી ભક્તિ માર્ગ જાહેર કરવાનો ખિતાબ-શ્રેય મળ્યો. પુનઃ હકી સ્વરૂપ-મહામતિ શ્રી પ્રાણનાથજીને વિજ્ઞાન દર્જાના તારતમ-મારફતી જ્ઞાનના માધ્યમથી સૃષ્ટિના સર્વ ધર્મગ્રંથોના ગુહ્ય-ગોપ્ય અથવા સાંકેતિક બાતુની ભેદોને ખુલસ્ત કરી ત્રણેય સૃષ્ટિઓને એક અદ્વૈત બ્રહ્મના ચરણોમાં દૃઢ વિશ્વાસ અપાવીને માયાવી ભૂમિકાથી પરે બેહદ સ્થિત અક્ષર-અક્ષરાતીત બ્રહ્મના ચરણ તલે સચ્ચિદાનંદમય ભૂમિકામાં પહોંચાડવા અથવા અખંડ મુક્તિસ્થાનમાં અખંડ કરવાનો ખિતાબ-શ્રેય પ્રાપ્ત થયો. એટલું જ નહિ, જડ-ચેતનની મુક્તિનું વિધાન (નિયમ) જાહેર કરવાનો ખિતાબ અથવા શ્રેય પણ તેમને જ આપવામાં આવ્યો. અતઃ ઉક્ત ત્રણેય સ્વરૂપોને ઉપરોક્ત ભિન્ન-ભિન્ન કાર્યોને ખિતાબ-શ્રેય આપ્યો, તો કોણે ? સ્વયં મૂલમિલાવાવાળા અદ્વૈત બ્રહ્મ શ્રી રાજજીએ ! આ પ્રકારની ગુહ્ય વાસ્તવિકતાને સમજ્યા વગર શ્રી રાજજીના આદેશના વિરુદ્ધ આત્મઘાતરૂપી પ્રચાર-પ્રસાર કરીને મારા નિજાનંદી-પ્રણામી પ્રચારક બંધુ ધર્મસ્થાન તેમજ ધર્મ સિદ્ધાંત વિરુદ્ધ જીવન યાપન કરી (ગુજારવું-પસાર કરવું) અંતમાં ક્યાં પ્રસ્થાન (પ્રયાણ) કરવા માટે કમર બાંધી રહ્યા છે ? હે મારા મિત્રગણો ! આકાશપાતાળ એક (ખૂબ જ શોધખોળ) કરીને પણ જઘન્ય અપરાધરૂપી કાર્યમાં કેમ પ્રવૃત્ત (ક્રિયાશીલ) થાવ છો ? તેથી આપ પ્રચારકોને વિનયપૂર્વક કહું છું કે કૃપયા ધર્મ સિદ્ધાંત દ્રોહી સાબિત થવાથી પહેલાં જ પોત-પોતાની આંખોમાં તારતમરૂપી ચશ્મા પહેરીને નિમ્નોક્ત ચોપાઈ પ્રમાણના રૂપમાં જોઈ લ્યો ને ! જેમ કે -

૪) બસરી મલકી ઔર હકી, એ તીનોં એક સૂરત ।
એ તીનોં મહંમદકી, બીચ અરસ વાહેદત ।।

-(શ્રી મારફત સાગર, પ્ર.૧૪/ચો.૮૫).

અરે મારા આત્મીય બંધુઓ ! અથવા વર્તમાન તારતમ જ્ઞાનના નામધારી નિજાનંદી ઈલમીઓ ! ! **'બસરી મલકી ઔર હકી, એ તીનોં એક સૂરત'** કહ્યું, અતઃ કોની એક સૂરત ? પુનઃ અરસ વાહેદત્તના મહંમદ કોણ છે ? તેથી તેમની ત્રણ સૂરતો (સ્વરૂપો) ને અલગ કરવાવાળા સિદ્ધાંતદ્રોહી શું વાણી-વીતકના દુશ્મન તથા શ્રી રાજજીના જ દ્રોહી નહિ થશે ? અહો મારા ધામસ્થ આત્માધાર સંબંધી નિજાનંદી પ્રણામી ધર્મ પ્રચારકો ! બિચારા સમાજ જેમ તે સમય નિજાનંદાચાર્ય શ્રી સદ્‌ગુરુ અને મહામતિ શ્રી પ્રાણનાથજીના આશ્રય પર નિર્ભર હતા, તેમ જ આજનો સમાજ આપ લોકો પર આશ્રિત તથા નિર્ભર છે. અતઃ શું આપ વર્તમાન સમાજને તે બંને સિદ્ધાંત પ્રદત્ત (આપવાવાળા) મહાપુરુષોના સિદ્ધાંતથી વિમુખ બનાવીને ધુંધુકારી-પરીક્ષિત માર્ગ પર જબરજસ્તી ઘસેટીને દોડાવવાથી મૂલમિલાવાવાળા શ્રી રાજજી સ્વરૂપની નજરમાં એક કર્તવ્યપરાયણ સાચા ધર્મ પ્રચારક સાબિત થઈ શકશો ? અતઃ નિમ્નોક્ત ચોપાઈ પણ જોઈ લ્યો. જેમ કે -

૫) **રસૂલ રૂહ અલ્લા ઔર ઈમામ, એ તીનોં એક કહે અલ્લા કલામ।**
બસરી મલકી ઔર હકી, તીનોં તરફ સાહેબકે સાકી ।।

- (શ્રી બડા કયામતનામા, પ્ર.૫/ચો. ૩૭).

રસૂલ-મહંમદ સાહેબ, રૂહઅલ્લાહ - સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને ઈમામ - મહામતિ શ્રી પ્રાણનાથજી - એ ત્રણેય મૂલમાં એક જ સ્વરૂપ છે. આ વાતની સાક્ષી અલ્લાહ કલામ - શ્રી મુખવાણી છે. ઉક્ત ત્રણેય બસરી, મલકી અને હકી સ્વરૂપ છે. જાગણીના બ્રહ્માંડમાં એ ત્રણેય સ્વરૂપ જ અક્ષરાતીત બ્રહ્મ - શ્રી રાજજીના પ્રેમરૂપી અમૃતને તારતમ જ્ઞાનના માધ્યમથી ત્રણેય સૃષ્ટિઓને પીવડાવવાવાળા છે અને પીવડાવી રહ્યા છે.

અરે મારા પ્રિયાત્માઓમાં પણ અગ્રગણ્ય નિજાનંદી - પ્રણામી ધર્મ પ્રચારકો ! હાય રે હાય ! ! શ્રી રાજજીનો હુકમ - આદેશના સ્વરૂપયુક્ત શ્રી શ્યામાજીનો અંગ-ભંગ કરવો અને પોતાના જ સિદ્ધાંત વિરુદ્ધ સમાજદ્રોહી બનીને ધામમાં

મુખ બતાડવાનો દાવો પણ કરવો ? વાહ રે વાહ ! ! ''હમ તુમ એક વતન કે'' છે, એટલા માટે સવિનય હાથ જોડું છું કે પોતાની આત્માના ઉદ્ધાર માટે શ્રી લાલદાસ કૃત વીતક સાહેબના અષ્ટપ્રહરના મંગલાચરણની ચોપાઈ નં. ૧૯ ને સારી રીતે નિહાળીને જુઓ જરા ! કેમ કે આપ લોકો વાણી-વીતકને માનવા અને સદ્‌ગુરુ તથા મહામતિને જાણવાવાળા કહેવડાવો તો છો, પરંતુ કોના આધાર પર માનો તથા જાણો છો, એ પણ વિચારણીય છે ન ? અતઃ

૬) બસરી મલકી ઔર હકી, એ હુકમ તીન સૂરત ।
તિન દઈ હૈયાતી દુની કો, કરી સૈયન વાસ્તે સરત ।।

બસરી - મહંમદ સાહેબ, મલકી - શ્રી દેવચંદ્રજી તથા હકી - શ્રી મેહરાજ ઠાકુર (મહામતિ શ્રી પ્રાણનાથજી), એ ત્રણેય પરબ્રહ્મ શ્રી રાજજીના આદેશના સ્વરૂપ છે. એ સ્વરૂપોએ સંસારના લોકોને અખંડ મુક્તિ પ્રદાન કરી. એમાંથી હુકમના સ્વરૂપે બ્રહ્માત્માઓના સંસારમાં પ્રગટ થવાની ભવિષ્યવાણી કરી હતી.

અતઃ વર્તમાન અગ્રગણ્ય તારતમ જ્ઞાનના નિજાનંદી - પ્રણામી ધર્મ પ્રચારકો ! હું એટલા માટે આપ લોકોને સચેત કરી રહ્યો છું કે કઈ આપ લોકો જે થાળીમાં ખાઈ રહ્યા છે, તેમાં જ છેદન (ઉપકારનો બદલો અપકારથી) તો કરી રહ્યા નથી ને ? વર્તમાન સમાજના કર્ણધાર વિશિષ્ટ ધુરંધર બ્રહ્મજ્ઞાનજ્ઞ - તારતમ જ્ઞાનજ્ઞ મારા આત્મીય દોસ્તો ! હું તો આપ લોકોના ચલન વ્યવહાર, ધર્મ પ્રચાર-પ્રસારને જોઈ-સાંભળીને ચક્કરમાં પડેલો છું. યસર્થ આપ જેવાઓની સમક્ષ પ્રશ્ન કરી રહ્યો છું. હું પોતાની ધૃષ્ટતા (ઉદ્ધતાઈ) ના માટે ક્ષમા પ્રાર્થી છું. કિંતુ હે ધુરંધર અથવા વિશિષ્ટ વિદ્વાનો ! હું શ્રી મારફત સાગર પ્ર. ૧૩ ની ચો. ૧૨ થી ડરું છું, જ્યાં કહ્યું છે કે **''તો કહ્યા જલના યાકો હોએ''** પરબ્રહ્મ સંબંધી બ્રહ્માત્માઓનો દાવો લેવાવાળા એ બધા જીવોને તેમનો દાવો લેવા માત્રથી અથવા આ જઘન્ય અપરાધના કારણે નરકની અગ્નિમાં બળવું પડશે, તો સિદ્ધાંતદ્રોહી, શ્રી રાજજી-દ્રોહીઓની કેવી ગતિ થશે ?

પુનઃ શ્રી બડા કયામતનામા ગ્રંથના પ્ર. ૮ ની ચો. ૪૦ ને જોઈને આપ પ્રચારકોના પ્રતિ દયા-ભાવ પણ ઉત્પન્ન થાય છે, જ્યાં કહ્યું છે કે -

જો સકે ના સાંચ કર, સો જલે દોજખ માહેં કાફર ।
ભિસ્ત દોજખી દૂરથેં દેખેં, ત્યોં ત્યોં જલેં આપ વિસેખેં ।।

જે લોકો અંતિમ સમયમાં અવતરિત પરમાત્મા સ્વરૂપ શ્રી પ્રાણનાથજીના સિદ્ધાંતને માનતા નથી, તે નાસ્તિક સિદ્ધાંતદ્રોહી લોકો નરકની આગમાં બળે છે. મુક્તિસ્થળોમાં રહેવાવાળી મુક્તાત્માઓના સુખોને દૂરથી જોઈને તે સિદ્ધાંતદ્રોહી અને અધિકાધિકરૂપથી નરકાગ્નિમાં સંતપ્ત (તપ્ત-દુઃખી પીડિત) થતાં રહે છે.

અતઃ મને દુઃખ થઈ રહ્યું છે કેમ કે જીવનભરના શુભાશુભ કર્મનું ફળ, તો ધર્મ સિદ્ધાંત આપવાવાળા સ્વરૂપના હાથમાં જ છે ને ! ઉક્ત ચોપાઈના આધાર પર અહીંયા એક જમાત નિજાનંદ સિદ્ધાંત અમે રહ્યા. અંતતઃ અમારામાંથી કોઈ ધામમાં, તો કોઈ નરકમાં હશે, તો ? જ્યારે એક બીજામાં પરસ્પર ચાર આંખ થશે, ત્યારે નરકવાળા કેવા નરકાગ્નિની વધતી ગરમી-તાપ સહન કરી શકશે તથા ધામ (ભિસ્ત) વાળા તેમની ગતિવિધિને જોઈને કેવી રીતે પોતાની જાતને સંભાળી શકશે ?

યસર્થ **''એક મિલાય ખોલ દીજિએ, એ વસ્તુ પાવે તબ''** ના અનુસાર ઉક્ત બધી ચોપાઈઓનું મિલાન કરીને અત્યારે એ જ વખતે સતર્ક થઈ જવામાં જ તમારા બધાનું કલ્યાણ જોઈને જ હું અરજ કરી રહ્યો છું. જુઓ તો પણ મારા માટે નહીં, બલ્કે પોત-પોતાની આત્મા માટે જ જોવાનું કષ્ટ કરો. અત્યારે અહીંયા માત્ર છ પ્રમાણ આપેલાં છે, જરૂર પડવાથી તો અગણિત વધારે કઈઓ પ્રમાણ આપી શકાય છે. કિંતુ આશા કરું છું કે ઉક્ત પ્રમાણ દ્વારા જ પોતાની આત્માનું કલ્યાણ કરવાની તરફ અગ્રેસર થશો તેમજ મારે પુનઃ કષ્ટ ઉઠાવવું પડશે નહિ.

લક્ષ્યબોધ કરાવવાવાળા ઉક્ત આત્મીય જ્ઞાન નિજધામમાં રહેવાવાળા આત્માઓના જીવનમાં અત્યાધિક ઉપયોગી સાબિત થશે. અતઃ ઉક્ત ત્રણેય

સ્વરૂપોની જીવનયાત્રા વિષયનું જ્ઞાન બ્રહ્માત્માઓ માટે જીવન યાપન (પસાર) માં અવર્ણનીય રૂપે ફળદાયક સિદ્ધ થશે, આ વાતમાં કિંચિત માત્ર (જરાય) પણ શંકાની ઉન્માદ (ગુંજાઈશ) નથી કેમ કે એ સ્વરૂપોએ આત્માના તરણ-તારણ માટે સાધકને જે-જે વિષય-વસ્તુઓને હૃદયાંગમ કરવું જરૂરી હોય છે, તેને સમાજની સામે શરીરમાંથી કાળજું કાઢીને મૂકવા બરાબર સમર્પિત કરી દીધું છે. અતઃ ઉક્ત વાતોને હૃદયાંગમ કરી સૃષ્ટિની સર્વાત્માઓ પોતાની આત્માને એકના ત્રણ ગણા બનાવવાની (અનુચિત લાભ ઉઠાવવાની) દોડમાંથી ઉગારી શકે છે અને નિઃશંક બનીને લક્ષ્યમાં પહોંચી શકે છે.

એ ત્રણ મહાનાતિમહાન પુરુષોના વાસ્તવિક લક્ષ્યબોધ જ્ઞાનનું અનુકરણ કરી નિજધામસ્થ તે આત્માઓને, જે સંસાર સાગર (ભવ સાગર) માં ભૂલેલી-ભટકતી, મારી-મારી ફરી રહી છે, અવશ્યમેવ જ પોતાના ધણીના પગલાં પર ડગ ધરીને (કદમો પર કદમ રાખીને) ચાલવાનું પ્રેમમય આહ્વાન પ્રાપ્ત થશે અને 'યથા નામ તથા ગુણઃ' ચરિતાર્થ કરવામાં તે અવશ્યમેવ ફતેહમંદ થઈ શકશે. જેમ કે -

ચલના હાદી કે પીછલ, રખના કદમ પર કદમ ।
આદમી ચલે ન ચાલ રૂહ કી, ઈત દુની માર ન સકે દમ ।।

-(સિનગાર - પ્ર. ૨૩/ચો. ૬૨).

ઉક્ત સ્વામી શ્રી લાલદાસકૃત વીતક સાહેબને અમારા નિજાનંદી શ્રી કૃષ્ણ પ્રણામી સમાજમાં સ્વયં સાધ્ય સ્વરૂપ અમારા ઈષ્ટ દ્વારા જ કથિત (વર્ણવેલી, કહેલી) રચનાનો દરજ્જો તેમજ મહત્ત્વ પ્રાપ્ત છે. એટલા માટે ઉક્ત વીતક સાહેબના પ્રત્યેક પ્રકરણના અંતમાં મહામતિજીની છાપ જોવામાં આવે છે. અતઃ જે રીતે નિષ્કલંક બુદ્ધાવતાર મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા પ્રદત્ત શ્રી મુખવાણી - શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ અને સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ તેમના તત્કાલીન સમાજ માટે ન હતી, કેમ કે તે સ્વયં શ્રી મુખવાણીમાં કહે છે, **''ચરને હેં સો તો આએ સહી, પર પિછલે કારન એ બાની કહી''** - (શ્રી પ્રકાશ હિન્દી - પ્ર. ૩૪/ચો. ૨૦), તે રીતે મારા

કાલબૂત (બીબું-પૂતળા) દ્વારા થઈ રહેલું આ પ્રકાશન કાર્ય મારા સમકાલીન વર્તમાન માત્ર જુબાન ચલાવી રહેવાવાળા સમાજ માટે હરગિજ (કદી પણ-જરા પણ) નથી કેમ કે એ લોકો તો આદુ ખાઈને (સત્તૂ બાંધકર) મારો કેડો (બૂરી રીતે પરેશાન) કરવાનું છોડતાં નથી.

તથાપિ (તો પણ) સમાજ ભલે જૂતા (બૂટ) ની ધાર (નોક) ઉપર મારવાનું (અતિ તુચ્છ સમજવાનું) ન છોડે, મારા કાર્યોમાં બાધક બનવાનું (ટાંગ અડાડવાનું) ધર્મ પાલન કરતાં જ રહે, તો પણ મારા તરફથી તેઓને એ જ આશીર્વાદ છે કે તે મારું કાળજું કોરવાનું (મસળવાનું-હૃદયને ચોટ પહોંચાડવાનું) ક્યારેય ન છોડે, હંમેશાં મસળતાં (કોરતાં) જ રહે કેમ કે સંસાર-સમાજમાં એ જ તો પ્રસિદ્ધરૂપેણ પ્રચલિત છે કે 'પાડાના વાંકે પખાલીને ડામ' ! (ગધા ખેત ખાય, જુલાહા મારા જાય-અપરાધ કોઈ કરે અને દંડ કોઈ બીજાને આપે) !

અન્ત્તોગત્વા (અંતમાં) વર્તમાન સમકાલીન નિજાનંદી -પ્રણામી સમાજ સમક્ષ સવિનય નિવેદન કરું છું કે આપ લોકો મારા પરમાર્થી કાર્યોના વિષયમાં એક બીજાને ભટકાવીને વિમુખ-આપસ્તમાં દ્વેષ કરવાનો (એકકા એક ખાયે જાનેકા) સ્વધર્મ તુરંત પરિત્યાગ કરી દો . છઠ્ઠીના દિવસે ભાગ્ય વિધાતાએ તેમના નસીબમાં મારા કાર્ય-કલાપમાં મદદ પહોંચાડવાનું લખ્યું જ ન હોય, **''સુખ તાલે લિખ્યા નાહીં''** તો તે બિચારા શું કરે ? અપિતુ મારી ધામસ્થ દિલદાર આત્માઓ-સખીઓ તો જરૂર જ એ ગ્રંથોથી લાભ ઉઠાવશે અને એ ગ્રંથોનું જતન-ઈજ્જત કરશે.

આ પ્રકારના મનોવાંછિત અધૂરા-મધુરા ભરોસાની સાથે હું મારી કલમ બંધ કરવા જઈ રહ્યો છું. આશા છે કે એ વાતો પર મારી ધામસ્થ દિલદાર-સજ્જન શ્રધ્ધા સુમન આત્માઓ વિચાર-વિવેક જરૂર કરશે.

સુજ્ઞેષુ કિં બહુના

તારીખ - ૧૭-૧૨-૨૦૧૩

લેખક

દીનદયાલ.

❖ સ્વલીલા અનુશીલન ❖

ધર્મપ્રેમી ધામસ્થ અદ્વૈત દિલવાળી આત્માઓ ! જાગણીના બ્રહ્માંડનો અત્યાધિક સુહાવનો અવસર આપણને પ્રાપ્ત થયો છે. પુનઃ આ ઉત્તમાતિઉત્તમ સાધનયુક્ત બ્રહ્માંડમાં પ્રાપ્ત માનવજીવનને સાર્થક બનાવવા હેતુ બ્રહ્મજ્ઞાન-તારતમજ્ઞાન ગ્રંથ પણ આપણા હાથમાં જ છે, કિંતુ શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માન્તર્ગત પ્રચારકો દ્વારા વર્તમાન સમાજની આત્માઓનો કલ્યાણ-ઉદ્ધાર ત્યારે થઈ શકશે, જ્યારે તે સ્વયં સિદ્ધાંત પ્રદત્ત મહાપુરુષો - સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજીના સૈદ્ધાંતિક ધર્મમાર્ગ પર ચાલે અને સામાજિક આત્માઓને પણ ચલાવે. જેમ કે -

ચલના હાદી કે પીછલ, રખના કદમ પર કદમ ।
આદમી ચલે ન ચાલ રૂહકી, ઈત દુની માર ન સકે દમ ।।

-(સિનગાર, પ્ર. ૨૩/ચો. ૬૨).

અરે પ્રિય ધામસ્થ આત્માઓ ! હાદી - સદ્‌ગુરુના સિદ્ધાંતને છોડીને મનમાની ચાલવાવાળાઓને કદમ પર કદમ રાખીને ચાલવાવાળા થોડા જ કહેશે. આપ બધા જરા સિદ્ધાંત વિષય જોઈને બ્રહ્મત્માઓની ચાલ ચાલો, ન કે દુનિયાઈ દમ (શ્વાસ) ભરો. હે મારા ધામસ્થ દોસ્તો ! આપ બધાના દિમાગમાં એ વાત યથાતથ્ય કેમ આવતી નથી કે સૂરજ ધૂળ નાંખવાથી છૂપતો (નીચની દૃષ્ટતાથી ભલા ભોળા આદમીઓના ગુણ છૂપતા) નથી. અતઃ સૈદ્ધાંતિક વાત તો સૈદ્ધાંતિક જ છે. તે અવિકલ્પ તેમ જ અકાટ્યરૂપેણ રહેશે. મારા નિજાનંદી ધર્મ પ્રચારક દોસ્તો ! શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત કલિયુગી વિ.સં. ૧૬૭૮ માં પ્રકટ થયો છે અને શ્રીમદ્‌ભાગવત ગ્રંથ દ્વાપરયુગની રચના છે. અતઃ વેદોથી લઈને શ્રીમદ્‌ભાગવત સુધીના તમામ ધર્મગ્રંથ સૃષ્ટિ માત્રની માનવાત્માઓની જે કમીને દૂર ન કરી શકે, તે કમીને દૂર કરવા માટે જ શ્રીમન્નિજાનંદ ધર્મ સિદ્ધાંત પ્રકટ થયો છે. આ વિષયમાં શ્રીમન્નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજીને તારતમ પ્રદાન કરતાં સમયે સ્વયં શ્રી રાજજીએ શ્યામજીના મંદિરમાં શું કહ્યું હતું ? શું આપ નથી જાણતાં ?

અતઃ આપ લોકો જરા પોતાના ભેદ-રહસ્યનો પતા લગાવી (અંતડિયોને ટટોલી-આંતરડાઓને શોધવા) ધ્યાન દઈને નિમ્ન પ્રામાણિક ચોપાઈ પર વિચાર-વિવેક કરી લ્યો, જે સ્વયં શ્રી રાજજી-તારતમ આપવાવાળા સ્વરૂપે હાદી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને કહ્યું હતું. જેમ કે -

યહ ભાગવત કાગદ તુમ્હારા, એ તુમ્હેં ખુલે કલામ ।
ઔર કોઈ ના ખોલ સકે, એ જો ખલક આમ ।।

- (શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ, પ્ર. ૬/ચો.૩૨).

અર્થ :- આ ભાગવત ગ્રંથ તમારો જ પત્ર છે. એમાં નિહિત (છુપેલાં) બ્રહ્મજ્ઞાનના શબ્દ તેમજ ગૂઢ રહસ્ય તમને જ સ્પષ્ટ થશે. ચૌદ લોકના ભલે બધા જન (વ્યક્તિ-સમાજ) મળે, છતાં પણ એના રહસ્ય તેમજ વાસ્તવિકતાને તે પ્રગટ નહીં કરી શકશે કેમ કે તમારા સિવાય કોઈ અન્ય એને સમજી શકે, ત્યારે તો ખોલીને પ્રગટ કરી શકશે.

એટલા માટે ઉક્ત પ્રામાણિક ચોપાઈના રહસ્યને સમજીને મારા આત્મીય દોસ્તો ! અત્યારે જ આ વિષયમાં સચેત થઈ જાઓ, જેનાથી અંતકાલ ધામ ચાલતાં સમયે છાતી પહોળી કરીને (નિર્ભય થઈને) ચાલવાને બદલે, સિર પકડીને રડવું (બહુ પશ્ચાતાપ કરવો) ન પડે. યસર્થ હું હાથ જોડી આગ્રહ કરું છું કે શીઘ્રાતિશીઘ્ર આત્મઘાતી માર્ગ છોડીને પોતાનો સૈદ્ધાંતિક માર્ગ અપનાવી લ્યો. મારા પ્રિય મિત્રો ! શ્રીમદ્‌ભાગવત ગ્રંથ ''શાસ્ત્ર શ્રવણ શ્રી ભાગવત'' એમ કેમ કહ્યું ? આ વિષયમાં ગહનતાપૂર્વક (ગહેરાઈથી) વિચાર-વિમર્શ કરો. ગહનતાપૂર્વક વિચાર-વિવેક કરવાથી વિવેકશીલ આત્માઓ અવશ્ય સમજી જશે કે એક તો ભાગવતમાં ''અદ્વૈત બ્રહ્મ નામ'' ને અવિકલ્પ રૂપેણ નિશ્ચિત કરી બતાવ્યું છે. જેમ કે -

અહો ભાગ્યમહો ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ ।
યન્મિત્રં પરમાનન્દં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ।।

- (શ્રીમદ્‌ભાગવત, સ્કંધ ૧૦/૧૪-૩૨).

અર્થ :- અહો ! નન્દ આદિ વ્રજવાસી ગોપોના ધન્ય ભાગ્ય છે વાસ્તવમાં તે જ અહોભાગ્યશાળી છે કેમ કે પરમાનંદ સ્વરૂપ સનાતન પરિપૂર્ણ બ્રહ્મ આપ, તેમના પોતાના સગાસંબંધી અને સુહૃદ (શુભચિંતક-મિત્ર) છે.

આ ગ્રંથની બીજી વિશેષતા છે - મિથ્યા સ્વપ્નિક સૃષ્ટિ વિષયમાં દેવર્ષિ શ્રી નારદમુનિ દ્વારા વેદવ્યાસજીને આપેલો ''ચતુઃ શ્લોકી ભાગવત'', જેમાં સ્વપ્નિક બ્રહ્માંડથી જાગૃત બ્રહ્માંડની તરફ તથા નાશવંત બ્રહ્માંડથી અવિનાશી બ્રહ્માંડ બેહદ ભૂમિકાની તરફ ઈશારો કરવામાં આવ્યો છે. અતઃ મહામતિ શ્રી પ્રાણનાથજી આ વિષયને સ્પષ્ટરૂપથી બતાવતાં કહે છે કે હે મુમુક્ષ આત્માઓ !

અસ્કંધ બીજો મુનિએ કહ્યો, ચત્રસલોકી જાંહે ।
બ્રહ્માંડની જિહાં ઉતપન, અરથ જુઓ તાંહે ।।

-(શ્રી પ્રકાશ ગુજરાતી, પ્ર. ૩૧/ચો. ૬૬).

ત્રીજી વિશેષતા એ છે કે વેદવ્યાસજીને સમજાવતાં નૈષ્ઠિક (નિષ્ઠાવાળું) બ્રહ્મચારી દેવર્ષિ નારદમુનિ કહે છે કે હે વેદવ્યાસજી ! અદ્વૈત બ્રહ્મ શ્રી કૃષ્ણ નામ સિવાયના ધાર્મિક નામધારી થોથા (ઢંગધડા વગરના) જ્ઞાનયુક્ત સાહિત્ય તો, કાગડાના તીર્થરૂપ છે. જેમ કે -

''તદ્વાયસં તીર્થ મુશન્તિ માનસાઃ
ન યત્ર હંસા નિરમન્ત્યુશિક્ક્ષયાઃ ।''

અતઃ કાગડાના તીર્થરૂપી થોથા જ્ઞાનમાં માનસરોવરરૂપી પચીશ પક્ષમાં વિહાર કરવાવાળી તારતમ જ્ઞાનની સમજ પ્રાપ્ત પરમહંસરૂપી બ્રહ્માત્માઓ ક્યારેય રમણભમણ (વેરણછેરણ) અથવા ક્ષણિક જીવનના અમૂલ્ય સમયને વ્યર્થ (નકામો - ફોગટ) બરબાદ કરશે નહિ. ઉક્ત ત્રિવિધ વિશેષતાઓના કારણે જ **''શાસ્ત્ર શ્રવણા શ્રી ભાગવત, બુદ્ધિ જાગૃત કો જ્ઞાન''** કહ્યું છે. પરંતુ બ્રહ્મનામ માત્રથી આત્મા-જાગ્રત થતી નથી. યસર્થ પોતાની આપવીતી લીલાથી આત્મ-જાગૃત કરવા હેતુ કહે છે કે -

અબ જાગ દેખો સુખ જાગની, એ સુખ સોહાગિન જોગ ।
તીન લીલા ચૌથી ઘરકી, ઈન ચારોં કો યામેં ભોગ ।।

- (શ્રી કલશ હિન્દી, પ્ર. ૨૩/ચો.૧).

અર્થ:- હે સુંદરસાથજી ! હવે આપ લોકો જાગૃત થઈને આ જાગણીના સુખને જુઓ. આ જાગણીના સુખ સુહાગણો માટે ગ્રહણ કરવા યોગ્ય છે. ત્રણેય લીલાઓ- વ્રજ, રાસ તથા જાગણીના વ્રજ અર્થાત્ નવતનપુરીમાં સદ્‌ગુરુ સ્વરૂપ દ્વારા કરેલી ૩૪ સાલની આડીકા લીલા તેમજ ચોથી પરમધામ પચીશ પક્ષની લીલાને આ જાગણીના બ્રહ્માંડમાં જાણીને-સમજીને અનુભવ કરવી જ આત્મ-જાગૃતિનું સુખ પ્રાપ્ત કરવું છે.

અતઃ હે મારા ધામસ્થ એકાત્મરૂપ દોસ્તો ! ઠંડા દિમાગથી વિચાર-વિવેક કરો. પોતાની અંદરની અક્કલના દુશ્મનપનાને તિલાંજલિ આપીને આપ બધા અક્કલના પૂતળા (બહુ બુદ્ધિમાન પુરુષ) સાબિત થવા કેમ ચાહતા નથી? જરા વિચાર-વિવેકશીલ દૃષ્ટિથી નિહાળીને ધર્મ સિદ્ધાંતની તરફ જુઓ તો ખરા કે મહામતિ સ્વરૂપ બ્રહ્મલીલાના વિષયમાં બ્રહ્માત્માઓને ઈશારાથી શું કહી રહ્યા છે જેમ કે - હે બ્રહ્માત્માઓ !

વ્રજલીલા અતિ મોટી છે, જો જો નરસૈયાં વચન પ્રમાણ।
એ પગલાં સરવે આપણાં, તમે જાણી સકો તે જાણ ।।

-(શ્રી રાસ ગ્રંથ, પ્ર. ૪ / ચો. ૧૧).

અર્થ :- વ્રજલીલા અમારી લીલા છે, જે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. નરસૈયાંના વચન એના સાક્ષી છે. હે બ્રહ્માત્માઓ ! યદિ આપ જાણવા ચાહતી હોય, તો એ અમારો પોતાનો જ માર્ગ છે. જોઈને સાવધાનીપૂર્વક એને શિરોધાર્ય કરો.

અતઃ એ વાત વિચારણીય છે કે જો ભાગવત ગ્રંથાન્તર્ગત વર્ણિત વ્રજલીલા મનન કરવા યોગ્ય હતી, તો શ્રી મુખવાણીમાં **''વ્રજલીલા અતિ મોટી છે, જો જો શુકજીનાં વચન પ્રમાણ''** એવું કેમ ન કહેવામાં આવ્યું ? એના બદલે **''જો જો**

નરસૈયાં વચન પ્રમાણ'' કેમ કહેવામાં આવ્યું ? અહો ! વર્તમાન સમાજના ધુરંધર વિદ્વાનો ! ! શું અત્યારે પણ આપ લોકો પર ભાગવતરૂપી સનક (ધૂન) સવાર (બુદ્ધિ ભ્રષ્ટ) થવામાં કંઈક બાકી બચ્યું છે ? ઠંડા દિમાગથી વિવેચન કરી લ્યો, જેનાથી સમાજ પણ પથભ્રષ્ટ થવાથી બચે અને આપ લોકો માટે પણ અંતકાલમાં અંગ-અંગ મુસ્કુરાતાં (અતિ પ્રસન્ન થઈને) શ્રી રાજજીની આગળ મુખ બતાવવાનો રસ્તો સુરક્ષિત રહે. પુનશ્ચઃ-

રાસ નરસૈએ રે નવ વરણવ્યો, મારે મન ઉતકંઠા એહ ।
ચરણ પસાએ રે વાલા તણે, તમે સાંભલો કહું હું તેહ ।।

-(શ્રી રાસ ગ્રંથ, પ્ર. ૫/ચો. ૨).

અર્થ :- ભક્ત નરસૈયાંએ રાસલીલાનું વર્ણન ન કર્યું. મારા મનમાં એ ઈચ્છા છે કે હું આપણી તે લીલાનું વર્ણન કરું. સદ્‌ગુરુ ધણીના ચરણોના પ્રતાપથી હું રાસલીલાનું વર્ણન કરું છું. હે બ્રહ્માત્માઓ ! આપ આપણી-પોતાની આપવીતી લીલાને ધ્યાનપૂર્વક સાંભળો કેમ કે અમારી પોતાની રાસલીલા રાજા પરીક્ષિતના શંકાપૂર્ણ પ્રશ્નના કારણે શુકદેવજી દ્વારા વર્ણન ન થઈ શકી. જેમ કે -

ક) **''પ્રશ્ન ચૂક્યો ભયો અજાન, રાસલીલા ના બરનવી પરવાન''**
ખ) **''મૈં જોગી તેં રાજા ભયો, રાસકો સુખ ન જાએ કહ્યો.''**
ગ) **''સો કેહેનેવાલા ઉઠકે ગયા, મૈં અકેલા બૈઠા રહ્યા.''**
ઘ) **'' પર એ કેહેવાએ ધની કે જોશ, સો ઉતર ગયા બચન કે રોસ.''**
ચ) **અબ સુકજીકે કેતી કહું બાન, સાર કાઢને ગ્રહ્યો પુરાન ।**
સબકો સાર કહ્યો એ જો રાસ, એ જો ઈન્દ્રાવતી મુખ હુઓ પ્રકાશ ।।

-(શ્રી પ્રકાશ હિન્દી, પ્ર. ૩૩/ ચો. ૧૨,૧૩,૧૮,૨૨,૨૫).

અર્થ :- ક) રાજા પરીક્ષિત ભૂલીને પ્રશ્ન કરી દેવાના કારણે રાસલીલાના આનંદથી વંચિત રહી ગયા. આ પ્રકાર રાસલીલાનું વર્ણન ન થઈ શક્યું. ખ) હવે હું પહેલાંની જેમ યોગીનો યોગી રહી ગયો અને તું પણ માત્ર રાજા જ રહી ગયો. આ પ્રકાર રાસલીલાના સુખાનંદનું વર્ણન ન થઈ શક્યું. ગ) હે રાજન ! મારી

અંતરાત્મામાં વિરાજમાન થઈને કોઈ શક્તિ મારાથી એ વચન કહેવડાવી રહી હતી. હવે તે શક્તિ જતી રહી અને હું અહીંયા એકલો જ બેઠેલો રહી ગયો. ઘ) રાસલીલાનું વર્ણન તો પરબ્રહ્મ પરમાત્માના આવેશથી થઈ રહ્યું હતું. તે આવેશ રાજા પરીક્ષિતના શંકાપૂર્ણ પ્રશ્નના કારણે શુકદેવ મુનિના ક્ષુબ્ધ (ભયભીત-વ્યાકુલ) થઈ જવાથી ઉતરી ગયું. ચ) શુકદેવજીની વાણીની હવે હું કેટલી ચર્ચા કરું ? તેનો સાર કાઢવા માટે જ મેં શ્રીમદ્‌ભાગવતની ચર્ચા કરી છે અને પૂરા ભાગવત ગ્રંથનો સાર આ ''રાસલીલા'' છે, જેનો પ્રકાશ (વિસ્તાર) શ્રી ઈન્દ્રાવતીના મુખથી (શ્રી રાસ ગ્રંથના માધ્યમથી) થયો.

અતઃ વર્તમાન યુગના શ્રી નિજાનંદી - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પ્રચારકો ! ઉપરોક્ત ચોપાઈઓના આધાર પર કાલ કવલિત (નિગલવું-ખાધેલું-મૃત્યુને પ્રાપ્ત) થવાથી પહેલાં જ શીઘ્રાતિશીઘ્ર સ્વ આત્મ-જાગૃતિના સાધન પર વિચાર-વિવેક કરી લ્યો. આ રીતે સોચ વિચાર કંઈ પણ ન કરવું (ન આવ દેખના ન તાવ) અને ઔંધી (ઊલ્ટી) ખોપડીના (મૂર્ખ) મનુષ્ય જેવું જીવન વ્યતીત કરવું જાગણીના બ્રહ્માંડનું અહોભાગ્યમય જીવન પ્રાપ્ત બુદ્ધિજીવીઓના લક્ષણ નથી. હે મારા મિત્રગણો ! જે ધામસ્થ આત્માઓ ખેલમાં આવીને ધામ, ધણી અને પોતાની જાતને વિસ્મૃત કરી બેઠી છે, તેમની જાગણી પરમધામના અંકુર હોવાને કારણે તેમની આપવીતી લીલાઓ દ્વારા જ થશે. આપ લોકોની અક્કલ પર પત્થર પડવાના (સારા નરસાનું જ્ઞાન ન હોવાના-મતિ ભ્રષ્ટ યા વિવેકરહિત હોવાના) કારણે જ આપ સ્વધર્મ પ્રચારક-અગ્રગણ્ય હોવા છતાં પણ નિજાનંદી શ્રી કૃષ્ણ પ્રણામી સમાજને બીજાની માયાગુણ ગ્રસ્ત (પીડાયેલાં) જેમ શ્રીમદ્‌ભાગવતમાં વર્ણિત સ્વર્ગના દેવતાઓના ૧) ગુરુ બૃહસ્પતિના પોતાના ભાઈ ઉતથ્યની ગર્ભવતી પત્ની મમતા દ્વારા બળપૂર્વક ગર્ભાધાન કરાવીને ભારદ્વાજ નામક પુત્ર ઉત્પન્ન કરાવવો (૨) ચક્રવર્તી સમ્રાટ રાજા યયાતિના એક હજાર વર્ષ સુધી વિષયોને ભોગવવા-કામાસક્ત રહેવાથી પણ વિષય ભોગોથી અતૃપ્ત રહી જવું, (૩) પુનઃ ચિત્રરથના પુત્ર શશબિંદુને પોતાની દસ હજાર પત્નીઓ દ્વારા પ્રત્યેકથી લાખ-લાખ સંતાન ઉત્પન્ન કરી એક અરબ સંતાનનો વિસ્તાર કરવા જેવી કથાઓના મંડાણમાં જબરજસ્તી ઘસેટી રહ્યા છે. ઉક્ત વિષય લંપટ (વ્યભિચારી-વિષયાસક્ત) દેવગુરુઓ, સમ્રાટોની આપવીતી કહાનીના માધ્યમથી આપ પ્રચારકગણ નિજાનંદી

-શ્રી કૃષ્ણ પ્રણામી સમાજને પરમધામ લઈ જઈ રહ્યા છે યા નરક ધામમાં પહોંચાડી રહ્યા છે ? અરે પ્રચારકો ! ઉક્ત પ્રકારના માયાવી વિષયયુક્ત જ્ઞાન સંભળાવતાં આહ્વાન કરવું કે ''શ્રીમદ્ભાગવત શ્રવણથી જ પરમધામ જઈએ છીએ'', અરે બકવાદીઓ ! ! શું આપ ભાગવત શ્રવણથી જ પરમધામ (અક્ષરાતીત ધામ) ગયા કોઈપણ એક-બે વ્યક્તિઓના નામ ગણાવી શકો છો ? અગર નહિ, તો આ રીતે કહેતાં ગધેડાની જેમ ચિલ્લાવું, કોલાહલ કરવો, એ કેવી વિડંબના છે ?

તમોને પોતાની અક્કલ પર પત્થર પડવાના (પોતાને સારા નરસાનું જ્ઞાન ન હોવાના) કારણે જ આપ થોથા જ્ઞાનના આધાર પર **''શ્રીમદ્ભાગવત શ્રવણથી જ પરમધામ જાય છે''** આ પ્રકારનું આહ્વાન કરતાં ફરી રહ્યા છો. પોતાના સૈદ્ધાંતિક જ્ઞાન વિષય અંતડિયા ટટોલવાની (આંતરડા શોધવા - ભેદ યા રહસ્યનો પતો લગાડવાની) શક્તિ ન પહોંચી શકવાથી બીજાની આપવીતી કહાની લઈને ઉક્ત પ્રકારના આહ્વાન કરતાં ફરવામાં શું આપને જરા જેટલી પણ શરમ ન આવી ? તથાપિ (તો પણ) અંતકાલ સામે આવવાથી સિર ફોડી લોહી વહેવડાવું (ખોપડી રંગાવવી) ન પડે,એવા ધર્મ માર્ગ પર ચાલવા માટે સપ્રેમ આગ્રહ કરું છું.

અરે જાગણીના બ્રહ્માંડની જાગૃત આત્માઓ ! આપ બધા ધર્મ પ્રચારકોના દર્જામાં છે. એટલે પૂછું છું કે શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતમાં પ્રણામી ધર્મ સમાજની આત્માઓની જાગણી કઈ લીલાઓના માધ્યમથી કરવાનો આહ્વાન કરવામાં આવ્યો છે ? ઉપરોક્ત ચોપાઈમાં વર્ણિત ચારેય લીલાઓમાંથી વ્રજ અને રાસલીલાના વિષયમાં સ્પષ્ટરૂપથી શું ઈશારો કરવામાં આવ્યો છે ? અતઃ અમારા જાગણી કાર્ય વિષયમાં વસિષ્ઠ (એક પ્રસિદ્ધ મંત્રદૃષ્ટા ઋષિ) સાર અને શ્રીમદ્ભાગવત ગ્રંથ દૃષ્ટાંતરૂપમાં છે, જેમાં વર્ણન કરવામાં આવ્યું છે કે ક્રમશઃ કેવી રીતે ભગવાન શ્રી રામચંદ્રજીને ગુરુ વસિષ્ઠજીએ રામચંદ્રજીની જ પૂર્વ આપવીતી લીલાથી અને ભગવાન વિષ્ણુએ બ્રાહ્મણરૂપ ધારણ કરી ભક્ત મારકંડેય ઋષિને ધોબીનીની રૂપમાં તેમની જ પૂર્વ આપવીતી લીલા શ્રવણ કરાવી જાગૃત કર્યા હતા. ઉપરોક્ત બંને તથ્ય (વાસ્તવિકતા) નિજાનંદી - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માન્તર્ગત આત્માઓના આત્મ-જાગૃત હેતુ દૃષ્ટાંતરૂપ છે. પ્રામાણિક રૂપમાં સિદ્ધાંત અમારા જાગણી ક્ષેત્રની આત્માઓ છે. અતઃ હે પ્રણામી ધર્મ પ્રચારકો ! હવે વિચાર-વિવેક

કરો કે આપ અમારા સમાજની આત્માઓને કોની લીલા દ્વારા, તે પણ ક્યાંની અને કોના દ્વારા વર્ણિત લીલાઓ દ્વારા જાગૃત કરી રહ્યા છો ? નિજાનંદીય ધર્મ પ્રચાર-પ્રસાર ક્ષેત્રના વિદ્વાન મહાનુભાવો ! ઉક્ત પ્રામાણિક વાતો, વિષય-વસ્તુઓને પોતાની નિજધામસ્થ સખીઓને આપવાના વિષયમાં તો હું તમારા બધાથી સતના વણઝારા (સતના વેપારી) બનવાનો જ આગ્રહ કરી રહ્યો છું. યસર્થ તમે બધા મહામતિજી દ્વારા પ્રદત્ત ચારેય લીલાઓના માધ્યમથી ધર્મ પ્રચાર-પ્રસાર કરતાં, તો પોતાના જ પગ પર કુહાડી મારવા (પોતાના હાથથી પોતાની હાની કરવા) જેવું અસોચ્ય અને હાનિકારક પરિસ્થિતિથી ઉગરી જાત અથવા બચી શકત.

અતઃ હે મારા ધામસ્થ એકદિલી જમાતની પ્રિયાત્માઓ ! **''તીન લીલા ચોથી ઘર કી''** માં વ્રજલીલા જોવા માટે ભક્ત નરસૈયાંનો ગ્રંથ ઢૂંઢવાની જરૂરત તેમજ આવશ્યકતા (મહત્ત્વ) નથી. નરસૈયાંથી પણ ઉત્તમ વ્રજલીલાનું જ્ઞાન શ્રી ઇન્દ્રાવતીના મુખારવિંદથી જ પ્રગટ થયું છે. અતઃ તેને જ હૃદયાંગમ કરવું અપેક્ષિત (જરૂરી) છે. કેમ કે એક તો ભક્ત નરસૈયાં સ્વયં વ્રજલીલામાં શામિલ ન હતા, બીજું નરસૈયાંનું વ્રજલીલા વર્ણન તારતમ વગરનું છે. પુનઃ શ્રી ઈન્દ્રાવતી આત્મા સ્વયં વ્રજલીલામાં શામિલ છે તથા તેમના શ્રી મુખથી વર્ણિત વ્રજલીલા તારતમ દ્વારા વર્ણિત હોવાને લીધે સર્વોપરી ઉત્તમ તેમજ ગ્રાહ્ય (લેવા જેવું) છે. શ્રી ઈન્દ્રાવતી આત્મા દ્વારા વર્ણિત વ્રજલીલા દ્વારા અમે લોકો પોતાની આપવીતી લીલાનો પ્રત્યક્ષ અનુભવ કરી શકીએ છીએ.

હે મારા ધામસ્થ પ્યારે સુંદરસાથજી ! શ્રી ઈન્દ્રાવતી આત્માએ વ્રજલીલાનું વર્ણન તારતમના માધ્યમથી શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ- તારતમ સાગર અન્તર્ગત શ્રી રાસ ગ્રંથના ૧) ''પ્રેમ સેવા વાલે પ્રગટ કિધી'' અને ૨) શ્રી રાસગ્રંથના પ્ર. ૫, ''એણે પગલે આપણ ચાલીએ'' ૩) રાસલીલાના દરમિયાન અંતર્ધાનના સમયમાં સ્વયં વ્રજલીલાનું અનુકરણ કરતાં સમયના વર્ણનવાળા પ્રકરણમાં તથા ૪) શ્રી કલશ ગ્રંથના પ્ર. ૧૯ ગોકુલલીલામાં વ્રજલીલાનું સારી રીતે બોધ કરાવ્યું છે. ઉક્ત ચારેય સ્થાનોના વર્ણન દ્વારા સ્પષ્ટ અનુભવ કરી શકીએ છીએ કે તે લીલાના દરમિયાન અમારા લોકોના કોલ (કહેવું), ફૈલ (ચાલવું) અને હાલ

(લક્ષણ-દશા) કેવા હતા! અમારી ચિત્તવૃત્તિ નિરંતર ક્યાં કેન્દ્રિત હતી, જેના કારણે રાસલીલામાં દોડતાં સમયે આ સંસાર સાગર અમારા માટે ગૌપદવચ્છ પણ નામ માત્ર માટે જ રહ્યો. યસર્થ તમે બધા એ જ કોલ, ફૈલ અને હાલની તરફ ઈશારો કરીને અમને સાવચેત કરતાં કહ્યું છે કે ''એ પગલાં સર્વે આપણા, તમે જાણી સકો તે જાણ'' અને ''એણે પગલે ચાલજો, પગલા એહ પ્રમાણ સુંદરસાથજી.''

પ્યારે ધામસ્થ સુન્દરસાથજી! બીજી શ્રી રાસલીલા શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ - તારતમ સાગરના પ્રથમ ગ્રંથ 'શ્રી રાસ'ના વર્ણન દ્વારા અનુભવ કરી લ્યો. ત્રીજી લીલા શ્રી નવતનપુરીમાં સદ્‌ગુરુ સ્વરૂપ દ્વારા ચોત્રીસ સાલ સુધી કરેલી આડીકા ઈત્યાદિ લીલા છે, જેનો અનુભવ - જાણકારી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ અને શ્રી કુલજમ સ્વરૂપ સાહેબના શ્રી પ્રકાશ ગ્રંથ દ્વારા કરી શકાય છે. પુનઃ ચોથી લીલા ઘર - શ્રી પરમધામની લીલા છે, જેને શ્રી પરમધામ પચીસ પક્ષની ચર્ચની તેમજ ખિલવત, પરિક્રમા, સાગર અને સિનગાર - એ ગ્રંથો દ્વારા સ્વયં જાગૃત થઈને નિજધામસ્થ આત્માઓના દિલ-દિમાગમાં ભરાવી તેમને જાગૃત કરીને જાગણીના બ્રહ્માંડમાં જ એનો ભોગ-અનુભવ કરી શકાય છે. એ જ શ્રીમન્નિજાનંદીય - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ સિદ્ધાંતમાં પ્રચાર-પ્રસાર દ્વારા આત્મા-જાગૃતિની વાસ્તવિક રીત છે.

ઉપરોક્ત ધર્મ સિદ્ધાંત પ્રદત્ત માર્ગથી સ્વયં વંચિત રહીને સમાજને પણ વંચિત કરાવવું, એ તો સ્વયંને આસમાન પર ખેંચવા જેવી વિડંબના છે. નિજાનંદ સ્વામી શ્રી સદ્‌ગુરુ અને મહામતિ શ્રી પ્રાણનાથજીના ધર્મ સિદ્ધાંતની સમક્ષ એવી પ્રદર્શની કરતાં શું તમને બધાને જરા જેટલી પણ શરમ નથી આવતી?

હે કલિકાલ ગુણગ્રસ્ત ધર્મ પ્રચારકો! હે મારા દોસ્તો!! આપ લોકો અત્યારથી આંખ-કાન ખોલીને ચાલવું અને સામાજિક આત્માઓને પણ ચલાવવું શરૂ કરી દો, નહિ તો પાછળ અવશ્યમેવ જ સિદ્ધાંત પ્રદત્ત ઉભય મહાજનો-શ્રી સદ્‌ગુરુ અને શ્રી મહામતિ સ્વરૂપોના દરબારમાં સાચા સર્વત્ર પૂજનીય હોય છે, જૂઠાનો કોઈ વિશ્વાસ કરતું નથી (સચ્ચાઈની બોલબાલા, જૂઠાનું મુખ કાળું) પ્રત્યક્ષ થશે. એવી વિકટ પરિસ્થિતિની સામે આવવાથી સામાજિક આત્માઓ તેમને કેવી રીતે જોઈ અથવા સહન કરી શકશે?

અતઃ ધર્મપ્રેમી ધામસ્થ સુંદરસાથજી અને ધર્મ પ્રચારક મારા દોસ્તો ! હું તો એક તરફ ધર્મ સિદ્ધાંતને જોઉં છું, તો બીજી તરફ ધર્મ પ્રચારકોને !! પુનઃ સિદ્ધાંત પ્રદત્ત બંનેય **''મહાજનો યેન ગતઃ સ પન્થાઃ''** સદ્‌ગુરુ સ્વરૂપ અને મહામતિ શ્રી પ્રાણનાથજીની આગળ તોબા (હવે હદ થઈ) ખેંચતા એ જ કહું છું કે હે ધણી ! આ કહેવત સાકારરૂપમાં પ્રત્યક્ષ થઈ રહી છે. જેમ કે ''કૂતરા ચોરોથી મળી જાય, ત્યારે પહેરા કોને આપે ?'' (રક્ષક જ્યારે ચોરોથી મળી જાય છે ત્યારે રખેવાળી કોની થાય) અર્થાત્ જ્યારે કુતિયા અને ચોરો મળી ગયા, ત્યારે પહેરો કોને આપવો અર્થાત્ કુતિયા-ધર્મ સિદ્ધાંત રક્ષક ગાદીપતિ છે, ચોર–સ્વગુરુજ્ઞાન દ્રોહી, કુપથગામી, નામધારી વિદ્વાન, ધર્મ સિદ્ધાંત ભક્ષક,સલાહકાર મંત્રી જ ચોર છે. એ રાજા અને મંત્રી મળી ગયા, તો ધર્મ સિદ્ધાંતની રક્ષા કોણ કરે ? નિમ્નોક્ત પ્રકારની બકવાદ કરવાવાળા સલાહકાર, મંત્રીની જુબાન મૂળથી ઉખાડીને તેની જ હથેળી પર રાખવા માટે શ્રીમન્નિજાનંદ ધર્મ સિદ્ધાંત હરગિજ (ક્યારેય) પાછળ હટશે નહિ. એટલા માટે હે ધણી ! આપના ચરણોમાં પ્રાર્થના કરું છું કે એ નામધારી ધર્મ પ્રચારકોને થોડી જેવી સદ્‌બુદ્ધિ પ્રદાન કરવાનું કષ્ટ અવશ્ય કરે, જેનાથી કે સામાજિક આત્માઓનો ઉદ્ધાર-કલ્યાણ થઈ શકે.

નોંધ : શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતાન્તર્ગત વર્તમાન ત્રણેય પુરી ધામ તેમજ દ્વાદશ પરમહંસ પીઠો (મઠો) સહિત પંદર ગાદીપતિ મહારાજ પોત-પોતાના ક્ષેત્રમાં ધર્મ સૈદ્ધાંતિક જ્ઞાનના પ્રચાર-પ્રસાર દ્વારા જાગણી અભિયાનનો વિસ્તાર કરી રહ્યા છે. ઉક્ત ગાદીપતિઓનું મુખ્યતઃ કર્તવ્ય છે કે તે સ્વધર્મ સિદ્ધાંતના રક્ષક બનતાં સિદ્ધાંત ભક્ષકોને પણ ધર્મ સિદ્ધાંતના પ્રતિ શ્રદ્ધા-વિશ્વાસ અપાવે અને સ્વ-ઈષ્ટના પ્રતિ પ્રેમ ઉત્પન્ન કરાવે.

પરંતુ પોત-પોતાના સ્થાનથી ભવિષ્ય માટે નીકળેલાં-નીકળતાં સૈદ્ધાંતિક જ્ઞાનની તાલીમથી સંપન્ન નામધારી વિદ્વાન પ્રચારક જ સૈદ્ધાંતિક ''પ્રાણનાથ સાહિત્ય'' ધર્મના ઉપાસ્ય (ઉપાસના કરવા લાયક) ગ્રંથ શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ-

શ્રી તારતમ સાગર અને શ્રી વીતક સાહેબ, પુનઃ શ્રીમન્નિજાનંદ સ્વામી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજી - એ બંને સ્વરૂપોના પ્રતિ ચર્મચક્ષુ -સૂવર (સૂકર) દૃષ્ટિ લઈને બેઠાં છે. અતઃ તે સ્વયં ઉક્ત બ્રહ્મ લીલામય બ્રહ્મજ્ઞાનના પ્રતિ આંગળી ઉઠાવતાં (બદનામ કરવા-અપકીર્તિ ફેલાવવા) ભોળા-ભલાં, સાધારણ ધર્માનુયાયી સમાજને પણ વીતક, વાણી અને ઉભય સ્વરૂપોના પ્રતિ ચર્મચક્ષુ-સૂવર (સૂકર) દૃષ્ટિવાળા જ બનાવી રહ્યા છે. યસર્થ હું આગ્રહ કરું છું કે એવા માત્ર નામધારી વિદ્વાન પ્રચારક ઉત્પન્ન કરવાથી તો ધર્મસ્થાન છોડીને પોતાના પ્રચારકોને સાથે લઈને પોતાના ગામમાં જ ગૌશાળા-ભેંસશાળા ઊભી કરીને ઘાસ કાપતાં જીવન ગુજારા કરવું અત્યુત્તમ છે. કેમ કે-''જઘન્ય ગુણ વૃત્તિસ્થાઃ'' ઉક્ત પ્રકાર કરતાં, તો સ્વયં પણ બચત અને ધર્મ સમાજ પણ બચી શકતો !!

સુજ્ઞેષુ કિં બહુના-

-લેખક

દીનદયાલ.

સૂચના : તારીખ ૨૪ જૂન ૨૦૧૧ના દિવસે સાંજે ૭.૩૦ વાગે પોતાના આત્મીય સુંદરસાથની સાથે મોબાઈલ ફોનમાં થયેલાં વાર્તાલાપના દરમિયાન શ્રી પ્રાણનાથ સ્વરૂપ અને તારતમ સાગર શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ અંતર્ગત વાણી-જ્ઞાન વિષય પ્રયુક્ત (ઉપયોગ) કરેલાં આક્ષેપ આરોપયુક્ત બિભર્ત્સનાપૂર્ણ શબ્દો સહિત કહેલાં ૧૦ પ્રશ્નોના રેકોર્ડિંગ સહિત સપ્રમાણ જવાબ સમયના માટે સુરક્ષિત છે. જરૂર પડતાં જ (પડશે તો) નામ સ્થાનની સાથે સ્પષ્ટ કરવામાં આવશે. જ્યાં સુધી મારે આગળ વધવું ન પડે, દયા કરજો ! સાવધાન !!!

❖ સ્વામી શ્રી લાલદાસ કૃત વીતકના પ્રશ્ન ❖

❖ મંદસોર ❖

પ્ર. ૧- મહામતિ શ્રી પ્રાણનાથજી જયારે ઉદયપુર છોડીને રામપુરા-દુધલાઈ ગામમાં આવ્યા, ત્યારે ઉદયપુરમાં શું થયું ?

પ્ર. ૨- મહાપ્રભુ શ્રીજી સાહેબજી કયા વિ.સં. માં મંદસોર આવ્યા હતા ?

પ્ર. ૩- આ સમય શ્રીજી સ્વરૂપે જે વૈરાગી વેષ ધારણ કર્યો છે, તે કેવો લાગે છે ?

પ્ર. ૪- શ્રીજી સ્વરૂપના સિર પર પહેરેલી ટોપી અને કનઢપીયુક્ત છબી કેવી જોવામાં આવે છે ?

ઉ. ૪- શ્રીજી સ્વરૂપના સિર પર કિનારી લાગેલી ટોપી શોભાયમાન છે અને →

પ્ર. ૫- શ્રી પ્રાણનાથજીના મસ્તક પર લાગેલાં તિલક સહિત તેમના મુખમંડલની શોભા કેવી છે ?

ઉ. ૫- ધામધણી શ્રી પ્રાણનાથજીના સુંદર મસ્તક પર બે ઊર્ધ્વરેખાઓની વચ્ચે →

પ્ર. ૬- સ્વામી શ્રીજી સાહેબે સિનગારમાં શું-શું ધારણ કર્યુ છે ? જોવામાં તેમનું સ્વરૂપ કેવું લાગે છે ?

ઉ. ૬- શ્રી પ્રાણનાથ પ્રભુએ નિર્ગુણ વેષ ધારણ કર્યો છે. તેમના કાનો (શ્રવણો) માં મુદ્રા સુશોભિત છે. કાનોમાં સોના જેવા રંગવાળી બે બાલી પહેરેલી →

❖ સ્વામી શ્રી લાલદાસ કૃત વીતકના ઉત્તર ❖

❖ મંદસોર ❖

ઉ. ૧- મહામતિ શ્રી પ્રાણનાથજી જ્યારે ઉદયપુરથી ચાલીને રામપુરા-દુધલાઈ ગામમાં આવ્યા, ત્યારે ઔરંગઝેબે ઉદયપુરના રાણા રાજસિંહ પર ચઢાઈ કરી દીધી અને ઉદયપુર ક્ષેત્રમાં ઊથલપાથલ મચી ગઈ.

ઉ. ૨- મહાપ્રભુ શ્રીજી સાહેબજી જ્યારે વિ.સં. ૧૭૩૬ (ઈ.સ.૧૬૭૯) સમાપ્ત થયા અને વિ.સં. ૧૭૩૭ (ઈ.સ.૧૬૮૦) આરંભ જ થયું હતું, ત્યારે મંદસોર આવ્યા હતા.

ઉ. ૩- આ સમય શ્રીજી સ્વરૂપે જે અનુપમ વૈરાગી વેષ ધારણ કર્યો છે, તેમના તે અલૌકિક સ્વરૂપની અનુપમ છબીને જોઈને એવું લાગે છે, માનો તે છબીની આગળ કરોડો કામદેવની સુંદરતા ફીકી પડી જાય છે.

→ તેની ઉપર તેઓએ કનઢપી પહેરેલી છે. ઉક્ત પ્રકાર ટોપી પર પહેરેલી કનઢપીના કારણ શોભા એવી જોવામાં આવે છે કે માનો બે લાલ ધાગા (દોરા) ની દોરી જેમ લાગી હોય.

→ ચંદનનું સુંદર તિલક લાગેલું છે, ગૌર વર્ણ (ગોરા રંગ) પર ગોપીચંદન સુંદરરૂપેણ સુશોભ્ય છે. આ સમય શ્રીજીનું મુખમંડલ ચંદ્રમાની સમાન પ્રતીત થાય છે.

→ છે. શ્રી રાજજીના મુખની પ્રેમમયી છબી અત્યંત મનોહર લાગે છે. તેમના ત્રિગુણાતીત નિર્ગુણ વેષયુક્ત સ્વરૂપ જોવામાં **''એહ છબિ બ્રહ્માંડ મેં, શોભા સબ ઊપર''** અર્થાત્ અનુપમ, અવર્ણનીય તેમજ અકથ્ય લાગે છે.

પ્ર. ૭- શ્રીજી સાહેબજીના કાંતિમય શરીર પર શું અત્યંત આકર્ષક લાગે છે ? તેમનું કંબલ (કામળી) કેવું છે ?

ઉ. ૭- શ્રીજી સાહેબજી સ્વરૂપના કંઠમાં તુલસીની કંઠી અને મોટી-મોટી ચાર →

પ્ર. ૮- શ્રીજી સાહેબજીએ સ્વયં પોતાના હાથથી સુંદર ગોદડી સહિત બીજું શું-શું તૈયાર કર્યુ છે ?

ઉ. ૮- શ્રીજી સાહેબે સ્વયં પોતાના હાથથી વસ્ત્રોના ટુકડાઓને જોડીને ઓઢવા- →

પ્ર. ૯- શ્રીજી સાહેબજી દ્વારા પહેરેલી ધોતી કેવી છે-સ્પષ્ટ કરો ?

ઉ. ૯- મહામતિ શ્રી પ્રાણનાથજી એક જ ધોતીને આ પ્રકાર પહેરી લેતાં હતા →

પ્ર. ૧૦- શ્રીજી સાહેબજીએ તૂંબા ક્યાં-ક્યાં પકડેલું છે ? પુનઃ ઝોળીમાં શું ભરીને તેઓએ તે ઝોળી ખભા પર ધારણ કરી છે ?

પ્ર. ૧૧- શ્રીજી સાહેબજીએ પગમાં શું પહેરેલું છે અને બ્રહ્મમુનિઓની સાથે તે કેવી રીતે ચાલી રહ્યા છે ?

પ્ર. ૧૨- પોતાના ધામધણીના વેશનું અનુકરણ કરીને કોણ આનંદિત થઈને ધામધણીની સાથે ચાલી રહ્યા છે ?

ઉ. ૧૨- પોતાના ધામધણી શ્રીજી સાહેબજી દ્વારા પહેરેલાં વેષનું અનુકરણ →

પ્ર. ૧૩- શ્રી તેજકુંવરબાઈએ કેવો વેષ ધારણ કર્યો છે અને તેમનું અનુકરણ કોણે કર્યુ છે ?

ઉ. ૧૩- શ્રી તેજકુંવરબાઈએ પણ નિર્ગુણ વેષ ધારણ કરેલો છે. તેઓએ પણ →

→માળાઓ સુશોભ્ય છે. તેમના કાંતિમય શરીર પર મેખલી, અલ્ફી અને ચોગા (અલગ-અલગ પ્રકારના જામા) અધિકાધિક આકર્ષક પ્રતીત થાય છે. તેમનું કંબલ લોઈ (લાલ) દોરાથી ભરેલું છે.

→ પાથરવા માટે એક સુંદર ગોદડી તૈયાર કરી છે અને સાથે જ સેલી-નાનો દુપટ્ટો, જાપ કરવાની માળાઓ-સુમરની અને મુત્તકા-ગોમુખી-જપમાળા રાખવાની એક નાની થેલી પણ પોતાના હાથથી તૈયાર કરી છે.

→ કે ધોતીનો અડધો ભાગ અંગોછાનું કામ કરે છે અને અડધો ભાગ ઉપરની (ઉત્તરીય) નું કામ આપે છે. તેમનું આ સ્વરૂપ બ્રહ્માંડમાં બધા વેષોથી વધીને અને સુશોભનીય પ્રતીત થાય છે.

ઉ. ૧૦- શ્રીજી સાહેબજીએ એક તૂંબાનું વાસણ હાથમાં તથા બીજા તૂંબાનું મોટું પાત્ર કમરમાં બાંધી રાખ્યું છે. અન્ય નિર્ગુણ વેષની બધી સામગ્રીઓ ઝોળીમાં ભરીને તે ઝોળી તેમણે ખભા પર ધારણ કરેલી છે.

ઉ. ૧૧- શ્રીજી સાહેબજીએ પગમાં પનહી (પાદુકા-ખડાઊં-પાવડી) પહેરેલી છે. પાદુકા પહેરી તે ચુસ્ત તેમજ ઉન્મત્ત ચાલથી ધામની બ્રહ્મમુનિઓની સાથે હસતાં આનંદપૂર્વક આગળ વધી રહ્યા છે.

→કરીને સુંદરસાથ સમૂહમાં શામિલ બધા ભાઈ પણ તે જ નિર્ગુણ વસ્ત્રાદિ પહેરીને સંસારનું માયાવી નાટક જોતાં-જોતાં પોતાના ધામધણીની સાથે અત્યંત આનંદપૂર્વક ચાલી રહ્યા છે.

→સાધુ વેષની બધી સામગ્રીઓ ધારણ કરી રાખી છે. તેમના વેષનું અનુકરણ સ્ત્રીવર્ગએ કર્યુ છે. ઉક્ત પ્રકાર સુંદરસાથ સહિત શ્રીજી સ્વરૂપ અને શ્રી બાઈજૂરાજ વૈરાગી વેષમાં કળિયુગી શક્તિઓથી સંઘર્ષ કરતાં આગળ વધતાં જઈ રહ્યા છે.

પ્ર. ૧૪- મંદસોરમાં ક્યાં-કયા ગામમાં બ્રહ્મમુનિઓએ પોતાના હાથથી હવેલીનું નિર્માણ કર્યુ હતું ?

ઉ. ૧૪- શ્રી પ્રાણનાથજી જમાત સહિત મંદસોરના રામપુર ગામની તરફ જઈ →

પ્ર. ૧૫- પોતાના હાથથી ઈંટો ઉઠાવી-ઉઠાવીને બનાવેલી હવેલીમાં સુંદરસાથે કોને રહેવાનો પ્રબંધ કર્યો ?

પ્ર. ૧૬- તે ગામ કોણે વસાવ્યું હતું અને તે ગામના મુખિયા કોણ હતા ?

પ્ર. ૧૭- કોણે શ્રીજી સ્વરૂપની સેવા તો બહુ જ કરી, પરંતુ ઉપરી વિશ્વાસના કારણે તે શ્રીજી સ્વરૂપને ઓળખી ન શકી ?

પ્ર. ૧૮- બૈરીસાલ કોનો ભાઈ હતો ? તે મનમાં શ્રીજી સ્વરૂપના પ્રતિ કેવી ભાવના રાખીને શ્રીજી સ્વરૂપની પાસે આવ્યો હતો ?

ઉ. ૧૮- દજ્જાલરૂપ બૈરીસાલ ચારણોના ગામના મુખિયા પૂરનમલ ચારણનો →

પ્ર. ૧૯- તેમની કુભાવના જોઈને બ્રહ્માત્માઓ-મોમિનોએ કોની આગળ ફરિયાદ કરી ?

પ્ર. ૨૦- મોમિનોની ફરિયાદ સાંભળીને બ્રહ્માત્માઓની સુરક્ષા માટે કોણ સામે આવી ?

પ્ર. ૨૧- પૂરનમલ ચારણની માતા શું કહેતાં તલવાર લઈને બૈરીસાલની આગળ શ્રીજીના રક્ષાર્થ ઊભી થઈ ગઈ ?

→ રહ્યા હતા. તે જ રાહ પર ચારણો (ભાટ લોકો) નું એક ગામ હતું. તે જ ગામમાં બ્રહ્મમુનિઓએ સ્વયં ઈંટો ઉઠાવી-ઉઠાવીને પોતાના હાથથી એક હવેલીનું નિર્માણ કર્યું હતું.

ઉ. ૧૫- પોતાના હાથથી ઈંટો ઉઠાવી-ઉઠાવીને ઊભી કરેલી હવેલીમાં બ્રહ્મમુનિઓએ શ્રી બાઈજૂરાજ સહિત મહિલા વર્ગને રહેવાનો પ્રબંધ કર્યો.

ઉ. ૧૬- તે ગામ પૂરનમલભાઈએ વસાવ્યું હતું. ચારણોના આ ગામના મુખિયા પૂરનમલભાઈ જ હતા.

ઉ. ૧૭- ગામના મુખિયા પૂરનમલની માતાજીએ બાહ્ય સ્વરૂપની ઓળખથી શ્રીજી સ્વરૂપની બહુ જ સેવા કરી, પરંતુ ઉપરી વિશ્વાસના કારણે તેમને શ્રીજીના દિવ્ય આત્મ-સ્વરૂપની ઓળખ ન થઈ શકી.

→ ભાઈ હતો. દજ્જાલરૂપી કુભાવનાથી ગ્રસ્ત હોવાના લીધે તેમના મનમાં શ્રીજીના પ્રતિ વિરોધી ભાવનાઓ ઉત્પન્ન થઈ. અતઃ તે મનમાં સુંદરસાથને લૂંટી લેવાની દુર્ભાવનાપૂર્ણ યોજના બનાવીને શ્રીજી સ્વરૂપની પાસે આવ્યા હતા.

ઉ. ૧૯- દજ્જાલરૂપી બૈરીસાલની કુભાવનાને સમજીને બ્રહ્માત્માઓ-મોમિનોએ ભાટો-ચારણોના રાજા પૂરનમલ ચારણના ઘેર જઈને તેમની ફરિયાદ કરતાં સુરક્ષાની માંગ કરી.

ઉ. ૨૦- બ્રહ્માત્માઓ-મોમિનોની ફરિયાદ સાંભળીને તેમના રક્ષાર્થ પૂરનમલની માતા બહુ સાહસ બતાવીને સામે આવી.

ઉ. ૨૧- પૂરનમલ ચારણની માતાએ એ કહેતાં તલવાર લઈને બૈરીસાલની આગળ ઊભી થઈ ગઈ, ''એ સાધુ-સંન્યાસીઓ પર જે બૂરી નજર →

→ કરશે, તેને હું તલવારથી બે ટુકડા કરી દઈશ યા તો ખુદ મરીને સ્ત્રી →

પ્ર. ૨૨- બૈરીસાલના આદમી લજ્જિત થઈને કેમ ભાગી ઉઠયા ? કોણ મુખ કાળું કરી પાછો ગયો ?

પ્ર. ૨૩- ચારણોના ગામની હવેલી છોડીને જમાતની સાથે શ્રીજી સાહેબજી ક્યાં ચાલ્યા ?

પ્ર. ૨૪- હવેલીને છોડીને શ્રી પ્રાણનાથજી તેમજ મોમિનોએ પુનઃ ક્યાં ડેરો નાખ્યો ?

પ્ર. ૨૫- તે સમય મંદસોરની ચારે તરફ કોણે ઘેરો નાંખેલો હતો ?

પ્ર. ૨૬- મંદસોરમાં સાર્વજનિક સ્થાન પર બેસીને પ્રતિદિન મોમિન શું કરતાં હતા ?

પ્ર. ૨૭- મોમિનોની મધુર તેમજ રોચક અવાજને સાંભળીને કોણ શ્રોતાના રૂપમાં આવવા લાગ્યા ?

પ્ર. ૨૮- મોમિનોની વાણી સાંભળીને સર્વપ્રથમ કોણ આવ્યા ? કોના મનમાં મોટી ચોટ લાગી ?

પ્ર. ૨૯- કોણે પોતાના થોડા સાથીઓ સહિત આવીને સનંધની વાણી શ્રવણ કરી ?

→ હત્યાનું પાપ તેના સિર પર નાંખી દઈશ. મારી ઘેર આવેલાં સાધુજનને કોઈ બૂરી નજરથી કેમ જુએ ?''

ઉ. ૨૨- પૂરનમલ ચારણની માતાનો અપૂર્વ સાહસ જોઈને બૈરીસાલના આદમી લજ્જિત થઈને ભાગી ઉઠયા. બૈરીસાલનું પણ કંઈ બસ ન ચાલી શકયું. તે પણ કાળું મુખ લઈને પાછો ગયો.

ઉ. ૨૩- પૂરનમલ ચારણના ગામની સ્વયં પોતાના હાથથી બનાવેલી હવેલીને છોડીને સુંદરસાથ સહિત શ્રી પ્રાણનાથજી મંદસોર પધાર્યા.

ઉ. ૨૪- સ્વયં પોતાના હાથથી ઈંટો દ્વારા નિર્માણ કરેલી હવેલીને છોડીને શ્રીજી સાહેબજી અને શ્રી બાઈજી સહિત બ્રહ્માત્માઓ મંદસોર ચાલ્યા. ત્યાં પહોંચીને હરિપ્રસાદના નિવાસ પર ડેરો નાંખ્યો.

ઉ. ૨૫- તે સમય મંદસોરની ચારે તરફ દિલ્લીના બાદશાહ ઔરંગઝેબની ફોજે ઘેરો (ઘેરાવો) નાંખ્યો હતો.

ઉ. ૨૬- મંદસોરમાં હરિપ્રસાદના ઘરની સામે સાર્વજનિક સ્થાન પર બેસીને પ્રતિદિન મોમિન સનંધની વાણીના સુમધુર સ્વરમાં ગાન કરતાં હતા.

ઉ. ૨૭- આ પ્રકાર મોમિનોના સુમધુર તેમજ રોચક સ્વરમાં ગાયેલી વાણી સાંભળીને શાહી લશ્કર (ઓરંગઝેબની સેના) ના થોડા લોકો શ્રોતાના રૂપમાં આવવા લાગ્યા.

ઉ. ૨૮- મોમિનોની વાણી સાંભળીને સર્વપ્રથમ દૌલતખાન પઠાણ આવ્યા. ઉક્ત રોચક વાણી સાંભળીને તેમના મનમાં મોટી ચોટ લાગી. તે પૂર્ણ વિશ્વાસની સાથે સુંદરસાથ જમાતમાં શામિલ થઈ ગયા.

ઉ. ૨૯- શેરખાન કોહટીંએ પોતાના થોડા સાથીઓની સાથે આવીને સનંધની વાણી શ્રવણ કરી.

પ્ર. ૩૦- તે બધા કોણ છે, જે ચર્ચા શ્રવણ કરીને શ્રીજીના પ્રતિ અતૂટ વિશ્વાસ લઈને ધર્મ પર સમર્પિત થયા ?

ઉ. ૩૦- તે તે જ લોકો હતા, જે શેરખાન કોહટીના સાથે ચર્ચા શ્રવણ કરવા →

પ્ર. ૩૧- શ્રીજી સાહેબના સાથીઓએ શું ગાયું, જેને સાંભળીને દૌલતખાન પઠાણને જોશ આવી ગયો ?

પ્ર. ૩૨- કોના મુખથી વારે-વારે 'બિના એક મહંમદ' જ નીકળતું રહેતું હતું ?

પ્ર. ૩૩- ઉક્ત ભાઈ પોતાના મુખથી વારંવાર કયા કથનના અતિરિક્ત કશું જ કહેતાં નથી ?

પ્ર. ૩૪- એ જ સમય કોણ, ક્યાંથી અને કોનો પત્ર લઈને મંદસોર આવી પહોંચ્યા ?

ઉ. ૩૪- ઉક્ત પ્રકારના વાતાવરણની વચ્ચે અચાનક ઉદયપુરથી કૃપારામભાઈ →

પ્ર. ૩૫- ઉક્ત પત્રમાં કોના વિષયમાં અને શું લખ્યું હતું ?

ઉ. ૩૫- ઉક્ત પત્રમાં ઉદયપુરના સુંદરસાથના વિષયમાં એ લખ્યું હતું કે →

પ્ર. ૩૬- તે પત્રમાં લખેલી વાતોને વાંચીને શ્રીજી સાહેબજીને શું થયું અને તેઓએ શું કર્યું ?

ઉ. ૩૬- ઉક્ત પત્રમાં વર્ણિત સુંદરસાથના વિલાપે શ્રીજી સાહેબજીના મનને સ્પર્શી (છૂ) લીધું. તેમને તે સમય અસહ્ય દર્દની અનુભૂતિ થઈ. ત્યારે →

→ આવતાં હતા. ચર્ચા શ્રવણ કરતાં-કરતાં તે બધામાં તુરંત સ્વામી શ્રી પ્રાણનાથજીના પ્રતિ અતૂટ વિશ્વાસ ઉમડી આવ્યો અને તે બધા નિજાનંદ ધર્મ પર સમર્પિત થઈ ગયા.

ઉ. ૩૧- શ્રી પ્રાણનાથજીના સાથીઓ-બ્રહ્માત્માઓએ સનંધની વાણીમાંથી **'બિના એક મહંમદ'** ની સનંધ વાણી ગાઈ, જેને સાંભળીને દૌલતખાન પઠાણને અસહ્ય થઈ ગયું અને તેને જોશ આવી ગયો.

ઉ. ૩૨- દૌલતખાન પઠાણના મુખથી વારે-વારે **'બિના એક મહંમદ'**, **'બિના એક મહંમદ'** જ નીકળતું રહેતું હતું.

ઉ. ૩૩- દૌલતખાન પઠાણ પોતાના મુખથી વારંવાર **'બિના એક મહંમદ'** ના સિવાય બીજું કંઈ જ કહેતાં નથી, જેનું તાત્પર્ય છે કે સંસારમાં મહંમદ સાહેબના અતિરિક્ત બીજું કંઈ પણ નથી.

→ એક પત્ર લઈને આવ્યા. તે પત્ર ઉદયપુરના તે સુંદરસાથ દ્વારા મોકલેલો હતો, જે લોકો પોતાની જાનના રક્ષાર્થ પર્વત અને કંદરાઓમાં છુપાઈને રહેતાં હતા.

→ ઔરંગઝેબની ફોજના પ્રકોપથી આતંકિત (હેરાન) થઈને સુંદરસાથ પહાડો તેમજ જંગલોમાં ભૂખ્યા-પ્યાસા છુપાયેલાં છે અને વિલખી-વિલખીને વિલાપ કરી રહ્યા છે.

→ મહંમદના સ્વરૂપ ઇમામ મેહદી શ્રી પ્રાણનાથજીએ એકાગ્ર થઈને શ્રી પરમધામમાં બિરાજમાન પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીને પુકાર કરી, ''હે સર્વશક્તિમાન સ્વામી! આપની અંગનાઓ પર શું-શું આતંક મચાવી જઈ રહ્યો છે!'' નિમ્ન પ્રકાર છ પ્રકરણો દ્વારા પુકાર કરી.

પ્ર. ૩૭- શ્રીજી સ્વરૂપ દ્વારા મૂલ સ્વરૂપને પુકાર કરેલાં પ્રકરણ અત્યારે આપણને ક્યાં જોવા અને વાંચવા મળે છે ?

ઉ. ૩૭- શ્રીજી સ્વરૂપ દ્વારા મૂલ સ્વરૂપને કરેલી દર્દ નિવારક પુકાર વિરહના છ →

પ્ર. ૩૮- કોણે, કોના માટે અને કોની આગળ પુકાર કરી ? ઉક્ત પુકારનું પ્રતિફળ શું થયું ?

ઉ. ૩૮- ઇમામ મેહદી સ્વરૂપે મૂલમિલાવાના સ્વરૂપને ઉદયપુરના સુંદરસાથની રક્ષા હેતુ પુકાર કરી, જેના પ્રતિફળ એ થયું કે પહાડો અને કંદરાઓમાં છુપેલાં સુંદરસાથ પુનઃ પોત-પોતાના ઘરમાં આવીને વસી ગયા. →

પ્ર. ૩૯- એ જ સમયે કોણ શ્રીજી સ્વરૂપના દર્શન કરવા આવ્યો ? કોના સત્સંગથી, કોણ પ્રસન્ન થયો ?

પ્ર. ૪૦- કોણે બેસીને લાલદાસજી સાથે અનેક વાતો કરી ? તેમને લાલદાસજીએ શું કહ્યું ?

ઉ. ૪૦- બીજીવાર ઈબ્રાહીમે શ્રી લાલદાસજીના સંગ, તેમની પાસે બેસીને →

પ્ર. ૪૧- ત્યારે ઈબ્રાહીમે કોનાથી અને શું નકલ ઉતારી, જેને શ્રીજી સાહેબજીએ સ્વયં સાંભળી ?

પ્ર. ૪૨- કુરાનની એ આયતોમાં શું મળ્યું, જેને વાંચીને શ્રી પ્રાણનાથજીને સુખનો અનુભવ થયો ?

પ્ર. ૪૩- શ્રી પ્રાણનાથજીએ આ વિષયમાં કોને અને શું કહ્યું ?

→ પ્રકરણોના રૂપમાં અવતરિત થયા છે, જે શ્રી મુખવાણી-તારતમ સાગરના કિરંતન નામક ગ્રંથમાં દર્જ કરવામાં (રાખવામાં) આવ્યા છે. તે પ્રકરણોને અમે કિરંતન ગ્રંથમાં વાંચી શકીએ છીએ. એમને ''વિરહના છ પ્રકરણ'' પણ કહે છે.

→ ઔરંગઝેબની ફોજની દૃષ્ટિમાં શ્રી રાજજીએ પડદો નાંખી દીધો, જેનાથી સુંદરસાથ તો તે આતંકવાદી ફોજોને જોઈ શકતા હતા, પરંતુ ફોજના સિપાહી સુંદરસાથને જોઈ શકતા ન હતા. તેથી વગર જુએ કેવી રીતે કષ્ટ પહોંચાડી શકતા હતા ? આ પ્રકાર સુંદરસાથ શ્રી રાજજીની મહેર તલે રહીને બચી ગયા.

ઉ. ૩૯- એ જ સમયે ઈબ્રાહીમ શ્રીજી સાહેબજીના દર્શનાર્થ આવ્યો. શ્રી પ્રાણનાથજીના સત્સંગથી તે અત્યંત જ પ્રસન્ન થયો. પુનઃ બીજીવાર પણ તે દર્શનાર્થ આવ્યો.

→ તેમનાથી અનેક વાતો કરી. ત્યારે વાતો-વાતોમાં શ્રી લાલદાસજીએ તેમને પૂછ્યું, ''શું આપ અમારું એક કામ કરી દેશો ? કુરાનમાંથી એક પ્રસંગ ઉતારીને અમને આપશો ?''

ઉ. ૪૧- ત્યારે રાજીખુશીથી ઈબ્રાહીમે કુરાનનો એક સૂરા-અધ્યાય ઉતારી આપ્યો, જેની કેટલી આયતો-પદ પંક્તિઓને શ્રીજી સાહેબજીએ સ્વયં સાંભળી.

ઉ. ૪૨- કુરાનની આયતોમાં પોતાના ધામની વાતોને સાંભળીને શ્રીજી સાહેબજીને આત્મીય સુખનો અનુભવ થયો.

ઉ. ૪૩- શ્રી પ્રાણનાથજીએ આ વિષયમાં લાલદાસજીને કહ્યું, ''કુરાનમાં બધી આપણી જ વાતો લખેલી છે. જો ઈબ્રાહીમ અન્ય પ્રસંગોને પણ આપણા માટે ઉતારી આપે, તો એક મહત્ત્વપૂર્ણ કાર્ય થઈ જાત.''

પ્ર. ૪૪- પુનઃ કોણે અને કોને કુરાનના કંઈક અન્ય પ્રસંગ પણ ઉતારી આપવા માટે કહ્યું ?

પ્ર. ૪૫- ઉક્ત કાર્ય કરાવવા માટે કોણે અને કોને પારિશ્રમિક આપવાનો લોભ બતાવ્યો ?

પ્ર. ૪૬- બીજા દિવસે પ્રાતઃ કોણ લાલદાસ મહારાજની પાસે આવ્યો અને તેમને શું કર્યુ ?

પ્ર. ૪૭- ઈબ્રાહીમે તે દિવસે કુરાનમાંથી કેટલાં અધ્યાય ઉતારીને, કોના હાથમાં આપ્યા ?

પ્ર. ૪૮- શેમાં પોતાની વાતો મળવાથી, એક પડાવ પૂરો થયો અને આ વિષયમાં કોણ બહુ જ પ્રસન્ન થયા ?

પ્ર. ૪૯- શેમાં અને શું મળવાથી, કોનું હૃદય નિઃશંક બની ગયું ?

પ્ર. ૫૦- રાતના એક બંગલામાં બેસીને કુરાન ઉતારવામાં કોણ-કોણ શામિલ હતા ? પાસમાં સૂતાં-સૂતાં કોણ તે પ્રસંગોને સાંભળી રહ્યા હતા ?

પ્ર. ૫૧- કુરાન ઉતારતાં-ઉતારતાં ઈબ્રાહીમે કયા શબ્દના પ્રતિ 'આ શબ્દ ઠીક નથી' - એવું કહ્યું ?

પ્ર. ૫૨- ઈબ્રાહીમની ઉક્ત વાતો સાંભળીને શ્રી પ્રાણનાથજીએ તેમને શું કહ્યું ?

પ્ર. ૩૮- શ્રી રાજજીએ સમય-સમય પર કોની ઉપર જાહેરી (પ્રત્યક્ષ) રૂપમાં પણ કૃપા કરી ?

પ્ર. ૩૯- કોણે, કોના વિશ્વાસ, પ્રેમ અને શ્રદ્ધાને જ્યાંની ત્યાં (જેમની તેમ) બનાવી રાખી છે ?

ઉ. ૩૧- ત્રણેય સૃષ્ટિઓ-બ્રહ્મ, ઈશ્વરી અને જીવોમાંથી બ્રહ્મનિષ્ઠ બ્રહ્મસૃષ્ટિઓ ધર્મ પર સમર્પિત છે તથા એ બ્રહ્મનિષ્ઠ મોમિનોના હાથમાં જ ઇસ્લામનો પૂર્ણ અધિકાર સોંપવામાં આવ્યો છે.

→ જ્ઞાન અને મારફત-પરમાત્મામાં એકાકાર થવાની ભાવદશાનું સ્પષ્ટ રૂપમાં વર્ણન છે. અતઃ ઉક્ત બ્રહ્મનિષ્ઠ બ્રહ્મમુનિઓએ જ હકીકત અને મારફતી જ્ઞાનને દુનિયાની સામે રાખી દીધું.

ઉ. ૩૩- પરમતત્ત્વ પરમાત્મા-ખુદા અથવા બ્રહ્મતત્ત્વના જ્ઞાનને હકીકત તેમજ તે પરમાત્મા-ખુદામાં પ્રેમથી એકાકાર (અદ્વૈત) થવાની ભાવનાને મારફત કહે છે.

ઉ. ૩૪- એ બ્રહ્માત્માઓના જ્ઞાન દ્વારા સંસારની સંપૂર્ણ જીવાત્માઓ બ્રહ્માત્માઓને બ્રહ્મ સમાન જાણીને તેમની આજ્ઞાને આધીન થઈ.

ઉ. ૩૫- માત્ર નૂર પરે નૂરતજલ્લાહ અથવા અક્ષર પરે અક્ષરાતીતની બ્રહ્માત્માઓ -મોમિનોના આધીન રહેવાવાળા લોકો જ હકીકી દીન ઇસ્લામ- નિજાનંદ ધર્મ પર હર પ્રકારથી સમર્પિત થઈ શક્યા અથવા થયા.

ઉ. ૩૬- બ્રહ્મસૃષ્ટિઓએ કુરાનની રહસ્યમયી-ગુહ્ય વાતોને સારી રીતે સમજી લીધી. ત્યારે સમસ્ત ઈશ્વરીય જ્ઞાન-ગ્રંથોની પૂંજી એમની થઈ ગઈ.

ઉ. ૩૭- મોમિનો-બ્રહ્મસૃષ્ટિઓ પર શ્રી રાજજીએ આંતરિક-બાતૂની મહેર કરી છે.

ઉ. ૩૮- ધામધણી શ્રી રાજજીએ બ્રહ્માત્માઓ પર સમય-સમય પર જાહેરી (પ્રત્યક્ષ) રૂપમાં પણ કૃપા કરી છે.

ઉ. ૩૯- ધામના ધણી શ્રી રાજજીએ બ્રહ્માત્માઓ-મોમિનોના વિશ્વાસ અને પ્રેમમય શ્રદ્ધાને જ્યાંની ત્યાં બનાવી રાખી છે. તેમની કૃપા (દયા) નો પ્રત્યક્ષ અનુભવ કરો.

પ્ર. ૪૦- સર્વપ્રથમ કોણે, ક્યાં અને કોની ઉપર આવેલી કઠણાઈઓને દૂર કરી ?

પ્ર. ૪૧- કોણ, ક્યાં અને કોના આધીન કરીને સંસારમાં ધન્ય-ધન્ય કહેવાઈ ?

પ્ર. ૪૨- આજસુધી આ સંસારમાં કોણ અને કોના ચરણોની વંદના કરે છે ?

પ્ર. ૪૩- તે કોણ છે, જેની ચરણ-રજ પ્રાપ્ત કરવાની ઈચ્છા ત્રિદેવાદિ દેવ પણ રાખે છે ?

ઉ. ૪૩- વ્રજમંડલની અનપઢ, અહીર કોમની ગોવાલણ કહેવડાવવાવાળી →

પ્ર. ૪૪- કોના પ્રેમના રહસ્યને સમજીને, કોણે અને કેવી અનુભૂતિ કરી ?

પ્ર. ૪૫- કોણે અને ક્યાં રાસલીલાને બીજા દિન કહ્યું છે ? પુનઃ પહેલાં દિનની લીલા કઈ છે ?

પ્ર. ૪૬- પહેલાં દિનની લીલા ક્યાં અને કેટલાં દિન સુધી થઈ ? પુનઃ તે કોની-કોની લીલા છે ?

ઉ. ૪૬- પહેલાં દિનની લીલા કાલમાયાના બ્રહ્માંડના મૃત્યુલોકના બેતાળીસ →

પ્ર. ૪૭- બીજા દિનની લીલા ક્યાં થઈ ? એ બંને લીલાઓમાં થોડું અંતર છે યા નહિ ? જો છે, તો શું ?

ઉ. ૪૦- શ્રી અક્ષરાતીત ધામથી સર્વપ્રથમ બ્રહ્મત્માઓ વ્રજમાં ગોપીઓના રૂપમાં પ્રગટ થઈ, વ્રજમાં તેમની ઉપર જેટલી પણ કઠણાઈઓ આવી, તે બધાને વ્રજેશ શ્રી રાજજીએ કૃપા કરીને દૂર કરી દીધી.

ઉ. ૪૧- વ્રજ, રાસમાં પોતાના ધણીની કૃપા (દયા)ના આધીન રહીને બ્રહ્મત્માઓ સંસારમાં અથવા ચૌદ લાકમાં ધન્ય-ધન્ય કહેવાઈ અને પોતાના ધામમાં ચાલી ગઈ.

ઉ. ૪૨- આજસુધી આ સંસારમાં વ્રજમંડલની ગોપીઓના ચરણોની બધા જ વંદના કરે છે.

→ ગોપીઓની ચરણરજ પ્રાપ્ત કરવાની ઈચ્છા ત્રિદેવાદિ દેવ પણ રાખે છે, પરંતુ પ્રાપ્ત ન કરી શક્યા. હજી પણ તેમની ચરણ-રજના ઈચ્છિત થઈને ભટકી રહ્યા છે.

ઉ. ૪૪- ઉક્ત ગોપીઓના પ્રેમમય રહસ્યો-ગુહ્યતમ ભેદોને સમજીને સુંદરસાથે બ્રહ્માનંદની અનુભૂતિ કરી.

ઉ. ૪૫- મહંમદ સાહેબે પોતાના સદ્‌ધર્મગ્રંથ કુરાનમાં રાસલીલાને બીજા દિનની લીલા કરીને સ્પષ્ટ કહ્યું છે. અતઃ પહેલાં દિનની લીલા છે-અગિયાર વર્ષ બાવન દિનની વ્રજલીલા.

→ પુરા-વ્રજમંડળમાં થઈ. આ લીલા અગિયાર વર્ષ બાવન દિનની હતી તથા અક્ષરાતીત શ્રી કૃષ્ણ અને ગોપીઓની વચ્ચે ખેલવામાં આવી હતી, જેના વિષયમાં કહ્યું છે-''**ગોપી કૃષ્ણા અનાદિ એક હૈં, જલ તરંગ જ્યોં વારી.**''

ઉ. ૪૭- પહેલાં દિનમાં ખેલેલી વ્રજલીલાના ઉપરાંત બ્રહ્મત્માઓએ રાસલીલામાં પદાર્પણ ક્યું (પગ રાખ્યો) . રાસલીલાને જ બીજા દિનની લીલા કહેવામાં →

→ આવે છે. આ લીલા બેહદમાં સ્થિત કેવલ બ્રહ્મની સ્વામિનીના મન અંતઃકરણમાં યોગમાયાનું બ્રહ્માંડ રચાવીને રમવામાં આવી હતી. આ લીલા એક લાંબી રાત્રીમાં રમવામાં આવી હતી. આ લીલા પણ તે જ ગોપીઓ અને કૃષ્ણ દ્વારા રમવામાં આવી હતી. ઉક્ત ઉભય લીલાઓમાં અંતર છે. વ્રજલીલા હદમાં કાલમાયાનું બ્રહ્માંડ રચાવીને કરેલી શ્રી →

પ્ર. ૪૮- તે કઈ લીલા છે, જેનું વર્ણન સાંભળવાની શક્તિ ત્રિદેવા આદિ દેવોમાં પણ નથી ?

ઉ. ૪૮- બીજા દિનમાં બ્રહ્માત્માઓ અને બ્રહ્મ સ્વરૂપ શ્રી કૃષ્ણજી દ્વારા ખેલેલી →

પ્ર. ૪૯- કોણે-કોણે, કઈ-કઈ લીલાના આનંદની અનુભૂતિ કરવાની ઈચ્છા કરી ? પુનઃ કેમ ન કરી શક્યા ?

ઉ. ૪૯- વ્રજ તેમજ રાસલીલાઓ દ્વારા પ્રાપ્ત થવાવાળા આનંદની અનુભૂતિ →

પ્ર. ૫૦- અનેકો ઉપાય કર્યા પછી પણ રાસ રાત્રીને પ્રાપ્ત ન કરી શકવાનું કારણ શું છે ?

પ્ર. ૫૧- રાસલીલાનું રહસ્ય શું છે ? આજસુધી તે રહસ્યમયી લીલાના વિષયમાં માત્ર અટકળો જ કેમ લગાવવામાં આવી રહી છે ?

ઉ. ૫૧- ''રાસલીલા જે લાંબી રાત્રીમાં ખેલેલી, તે રાત્રી કેવી છે ?''-એ જ રાસલીલાનું રહસ્ય છે. આ વિષયને સંસારના વિદ્વાનોએ અનુમાન →

પ્ર. ૫૨- વ્રજથી રાસમાં આવ્યા. પુનઃ રાસલીલાના પછી તે સ્વરૂપ ક્યાં ગયા ?

ઉ. ૫૨- શ્રી કૃષ્ણજીના સ્વરૂપમાં અક્ષરાતીતના હુકમની જે શક્તિ વિદ્યમાન →

→ કૃષ્ણની બાલલીલા છે. પુનઃ રાસ બેહદમાં યોગમાયાનું બ્રહ્માંડ રચાવીને કરેલી શ્રી કૃષ્ણની કિશોરલીલા છે. ઉક્ત બંને લીલાઓમાંથી વ્રજની લીલા દિન અને રાત્રીમાં ખેલેલી લીલા છે તથા અખંડ રાસમંડલની લીલા એક લાંબી રાત્રી માત્રમાં ખેલેલી (રમેલી) લીલા છે.

→ રાસ રમણની કિશોરલીલાનું વર્ણન સાંભળવાની શક્તિ ત્રિદેવા આદિ દેવોમાં પણ નથી કેમ કે ત્રિદેવા આદિ દેવ ત્રિગુણાત્મક માયાવી વિકારયુક્ત છે. અતઃ માયા અને ત્રિગુણાતીત પ્રેમસ્વરૂપ બ્રહ્મની પ્રેમમય અથવા આત્મીયલીલા હોવાને કારણે જ એવું કહ્યું છે.

→ કરવાની ઈચ્છા-ચાહ બધાને અર્થાત્ ત્રિગુણાદિ દેવો, ઋષિ-મહર્ષિઓ તથા માનવો તેમજ દાનવોએ પણ કરી, કિંતુ ઉક્ત વર્ણિત લીલાઓ આત્મીય અને પ્રેમમયી તથા બ્રહ્મલીલાઓ થવાના કારણે ઉક્ત જન પ્રાપ્ત ન કરી શક્યા.

ઉ. ૫૦- અનેકો ઉપાય કર્યા પછી પણ રાસ રાત્રીને પ્રાપ્ત ન કરી શકવાનું કારણ એ છે કે પ્રાપ્ત કરવાની ચાહના રાખવાવાળા ઈચ્છુક જન હદના છે તથા આ લીલા બેહદમાં અખંડ છે.

→ (અટકળ) દ્વારા શોધવા (ઢૂંઢવા) ચાહ્યું, કિંતુ તેમના હાથ કંઈ ન લાગ્યું કેમ કે બ્રહ્મસૃષ્ટિઓના વગર બીજું કોઈપણ આ બ્રહ્મલીલાના રહસ્યને સમજી શકવાનું સામર્થ્ય નથી રાખતાં. આ અન્ય બધાના સામર્થ્યની પરેની વાત છે.

→ હતી, જે શક્તિએ રાસ રમણ કરાવ્યું હતું, તે જ શક્તિ જાગણીના બ્રહ્માંડના આરંભમાં મહંમદ સાહેબના રૂપમાં આરબ દેશના કુરેશી જાતિમાં પ્રગટ થઈ.

પ્ર. ૫૩- રાસ રમણ કરાવવાવાળા સ્વરૂપ આરબ દેશમાં કેમ અને કોના માટે આવ્યા ?

ઉ. ૫૩- રાસ રમણ કરાવવાવાળા સ્વરૂપ આરબ દેશમાં બ્રહ્માત્માઓની →

પ્ર. ૫૪- ત્રીજો દિન ક્યો છે ? તે દિનની લીલા કેવી છે અને કેટલાં વર્ષની છે ?

ઉ. ૫૪- આરબ દેશના કુરેશી જાતિમાં પ્રગટ, મહંમદ નામથી પ્રસિદ્ધ મહંમદ સાહેબના ત્રેસઠ સાલના જીવનકાળને જ ત્રીજો દિન કહ્યું છે. તેઓએ →

પ્ર. ૫૫- આરબમાં આવવાવાળા સ્વરૂપ ખુદાના અરસથી આવવાવાળાઓના માટે શું લઈને આવ્યા અને શું જાહેર કર્યુ ?

ઉ. ૫૫- આરબમાં આવવાવાળા સ્વરૂપ ખુદાને મળીને ખુદાના અરસ-અક્ષરાતીત બ્રહ્મધામથી આવવાવાળી બ્રહ્માત્માઓ-મોમિનો માટે નેવું હજાર હરફ →

પ્ર. ૫૬- કુરાનમાં લખેલી વાતો કુરાન અને હદીસા વાંચવાવાળાઓને પણ કેમ સમજમાં ન આવી ?

ઉ. ૫૬- કુરાનમાં લખેલી વાતો કુરાન અને હદીસો વાંચવાવાળાઓને પણ એટલા માટે સમજમાં ન આવી કેમ કે કુરાન નૂર પરે નૂરતજલ્લાહ →

પ્ર. ૫૭- ચોથા દિનમાં કોણ આવ્યા, ક્યાંથી આવ્યા અને કેમ આવ્યા ?

ઉ. ૫૭- ચોથા દિનમાં અક્ષરાતીત ધામથી શ્રી શ્યામાજી અવતાર-શ્રીમન્નિજાનંદ →

પ્ર. ૫૮- નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજીના સમયમાં બ્રહ્માત્માઓએ શું સમજવાનો પ્રયાસ ન કર્યો ?

→ મનોકામનાઓની પૂર્તિ માટે આવ્યા હતા. તે બ્રહ્માત્માઓના આવવાથી અગિયારસો વર્ષ પૂર્વે જ બ્રહ્માત્માઓ માટે કુરાનના રૂપમાં બ્રહ્મવાણીરૂપી પ્રત્યક્ષ સાક્ષી લઈને આવ્યા હતા.

→ આરબમાં પ્રગટ થઈને બ્રહ્મવાણીને સત્ય સાબિત કરવા માટે અનેક ચમત્કાર બતાવ્યા. તેઆએ અગિયારસો સાલ પૂર્વે જ કુરાનમાં બ્રહ્માત્માઓના અવતરણનું વર્ણન કરી દીધું હતું. કિંતુ તેમના એક શબ્દનો પણ અર્થ કોઈને સમજમાં ન આવી શક્યો.

→ (શબ્દ) સાંભળીને આવ્યા. તેઓએ ખુદા-પરમાત્મા અરસ-બ્રહ્મધામમાં છે, તે તેમને મળીને આવ્યા છે અને સ્વયં ખુદા-બ્રહ્મએ તેમને વચન આપ્યું છે કે તે આખરના વખત, કયામતનો સમય આવશે આદિ વિષયોને સંસારમાં જાહેર કરી દીધા.

→ અર્થાત્ અક્ષર પરે અક્ષરાતીત ધામથી આવ્યું છે તથા તેને વાંચવાવાળા નાસૂત અને મલકૂતના હતા (છે). યસર્થ તે કુરાનના વાસ્તવિક અર્થોને સમજી ન શક્યા. કુરાન બ્રહ્માત્માઓની ચિઠ્ઠી છે. તેમાં તેમના જ ઘરની વાતો લખેલી છે. એટલે કે ઘરવાળા જ ઘરથી આવેલી ચિઠ્ઠી વાંચીને સમજી શકે છે, અન્ય કોઈ નહિ.

→ સ્વામી શ્રી દેવચંદ્રજી પ્રગટ થયા. તે આ સંસારમાં ખેલ જોવા આવેલી બ્રહ્માત્માઓને પોતાની ઘેર પાછાં લઈ જવા માટે આવ્યા હતા. તેમનું કહેવું હતું, **''હમ આએ હૈં ઇતને કામ, બ્રહ્મસૃષ્ટિ લેને ઘર ધામ.''**

ઉ. ૫૮- ચોથા સ્વરૂપ શ્રીમન્નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજી ચોથા દિનમાં આવ્યા. તેમના જીવનકાળમાં શ્રી પરમધામની બ્રહ્માત્માઓએ પરમાત્મા શ્રી રાજજીને જાણવા માટે વિવેકમય પ્રયાસ ન કર્યો.

પ્ર. ૫૯- ઉક્ત કહ્યા પ્રમાણે પ્રયાસ ન કરવાનું પ્રતિફળ તેમને શું મળ્યું ?

ઉ. ૫૯- ઉક્ત પ્રકાર સદ્‌ગુરુ સ્વરૂપના જીવનકાળમાં બ્રહ્માત્માઓ દ્વારા વિચાર-

પ્ર. ૬૦- અદ્વૈત બ્રહ્મ પરમાત્માના આનંદાવતાર કોણ છે ? તેમનું જ્ઞાન કેટલાં વર્ષ છૂપું રહ્યું ?

ઉ. ૬૦- અક્ષરાતીત અદ્વૈત બ્રહ્મના આનંદાવતાર શ્રી શ્યામાજી-સદ્‌ગુરુ શ્રી

પ્ર. ૬૧- તેમના બીજા જામા કોણ છે ? રૂહઅલ્લાહના જ્ઞાનને રૂહો-આત્માઓ સુધી કોણે પહોંચાડ્યું ?

પ્ર. ૬૨- પાંચમો દિન ક્યાંથી, ક્યાં સુધી છે તથા આ દિનમાં શું-શુ કાર્ય થયું ?

ઉ. ૬૨- પાંચમો દિન મહામતિ શ્રી પ્રાણનાથજીના જીવનકાળ અથવા ઇમામ

પ્ર. ૬૩- શ્રીજી સાહેબજી સ્વરૂપ વેદ-કતેબ ગ્રંથાધાર કોણ-કોણ સ્વરૂપ છે તથા તેઓએ કયો દરવાજો ખોલી દીધો ?

ઉ. ૬૩- શ્રીજી સાહેબજી વેદ-કતેબ ગ્રંથાધાર નિષ્કલંકાવતાર-શ્રી રાજજીનું

પ્ર. ૬૪- રસૂલના ત્રણ સ્વરૂપ ક્યાં આવ્યા, કોના માટે આવ્યા તથા તે કોણ-કોણ છે ? પુનઃ તેઓએ શું-શું કાર્ય કર્યા ?

ઉ. ૬૪- અક્ષરાતીત-નૂરતજલ્લાહથી આવેલાં રસૂલ સાહેબના તે ત્રણ સ્વરૂપોની ઓળખ કરો, જેઓએ બાર હજાર બ્રહ્માત્માઓ-મોમિનો માટે અનેકો કાર્ય કર્યા. એ ત્રણ સ્વરૂપોમાંથી બસરી સ્વરૂપે આરબમાં આવીને બ્રહ્મ-ખુદાના બ્રહ્મધામ-અર્શ અજીમનું લક્ષ્ય તથા બ્રહ્માત્માઓ-મોમિનોના અવતરણની સાક્ષી રાખી અને શરિયતનો માર્ગ ચલાવ્યો.

→ વિવેકવત્ ધ્યાન ન દેવાનું પરિણામ સ્વરૂપ સદ્‌ગુરુ દ્વારા જાગૃત કરેલી તારતમ પ્રાપ્ત ત્રણસો તેર બ્રહ્માત્માઓ પુનઃ માયામાં ભ્રમિત થઈ ગઈ. તેમને પુનઃ બીજીવાર જાગૃત કરવાની આવશ્યકતા પડી ગઈ.

→ દેવચંદ્રજી અથવા રૂહઅલ્લાહ સ્વરૂપ છે. તેમની અવતરણ લીલાનું જ્ઞાન એકસો વર્ષ (વિ.સં. ૧૬૩૮ થી ૧૭૩૮) સુધી છૂપું રહ્યું અર્થાત્ જીવોમાં જાહેર ન થઈ શક્યું.

ઉ. ૬૧- રૂહઅલ્લાહના બીજા જામા સ્વામી શ્રી પ્રાણનાથજી છે. રૂહઅલ્લાહના જ્ઞાનને ઇમામ મેહદી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીએ રૂહો-આત્માઓ સુધી પહોંચાડ્યું.

→ મેહદી સ્વરૂપના નેતૃત્વનો દિન છે. પાંચમા દિનમાં શ્રીજીએ કયામત અર્થાત્ આત્મ-જાગૃતિના ફર્દાએ રોજ-કાલના દિનનું રહસ્ય સમજવાના દ્વાર ખોલી દીધા.

→ પાંચમું સ્વરૂપ, વિજયાભિનંદ બુદ્ધનિષ્કલંકાવતાર, ઇમામ મેહદી, આખર જમાનાના ખાવિંદ, અતઃ ઉભય પક્ષના અદ્વૈત મહામતિ શ્રી પ્રાણનાથજી છે. તેઓએ ફર્દાએ રોજ કયામતનો દિન ખુલવાવાળા રહસ્યોને સમજવાના દ્વાર ખોલી દીધા.

→ મલકી સ્વરૂપ મારવાડમાં પ્રગટ થયા. તે બ્રહ્મતત્ત્વ ઢૂંઢતાં-ઢૂંઢતાં હલ્લાર દેશ જામનગર આવ્યા અને ત્યાં તારતમ મહામંત્રરૂપી માલ પ્રાપ્ત કર્યો. હકી સ્વરૂપે સિંધ દેશમાં આવીને ધામની બ્રહ્માત્માઓને શોધી કાઢી તથા સારી/આખી દુનિયાને આઠ પ્રકારની મુક્તિ પ્રદાન કરી. બ્રહ્માત્માઓ માટે તેઓએ તારતમ વાણી પ્રગટ કરી અને બધાની આગળ અખંડ બ્રહ્મ અને બ્રહ્મધામને જાહેર કર્યા. જગ્જીવોને પણ અખંડમાં પહોંચાડ્યા. બ્રહ્મ અને ઈશ્વરી આત્માઓને તેમના પોત-પોતાના ધામના પ્રત્યક્ષ ધામધણી પ્રાપ્ત કરાવી દીધા.

પ્ર. ૬૫- એ ત્રણ સ્વરૂપોની લોકોને ઓળખ થઈ જાય, આ ધ્યેયથી એ ત્રણેય સ્વરૂપોએ શું-શું ચમત્કાર કર્યા ?

ઉ. ૬૫- ઉક્ત ત્રણેય સ્વરૂપોમાંથી બસરી સ્વરૂપના પ્રગટીકરણની રાતને-

રસૂલ આએ જિન બખત, કંગૂરા ગિરા બુતખાને કા ।
તબ લોગોં કહ્યા રસૂલ કા , જાહેર હોને કા માજા ।।

- (શ્રી ખુલાસા, પ્ર. ૨/ચો. ૩૫).

અર્થાત્ એક ચમત્કાર થયો. પુનઃ તેઓએ અરસ પહોંચીને કલમા →

પ્ર. ૬૬- છઠ્ઠો દિન કયો છે ? પુનઃ કુરાન ધર્મગ્રંથમાં છઠ્ઠા દિનમાં શું થવાનું કહ્યું છે ?

ઉ. ૬૬- સદ્ધર્મગ્રંથ કુરાનમાં જાગણીના બ્રહ્માંડમાં બ્રહ્મસૃષ્ટિઓને જાગીને એકત્રિત-એકઠાં થવાના સમયને જ છઠ્ઠો દિન કહ્યું છે. પુનઃ ધર્મગ્રંથ →

પ્ર. ૬૭- શ્રી રાજજીનો જોશ-જબરાઈલ દ્વારા કરેલી ભવિષ્યવાણીના અનુસાર શું પ્રગટ થયું ?

ઉ. ૬૭- ઉક્ત પ્રકાર છઠ્ઠા દિનમાં અનેક બ્રહ્માત્માઓ-સુંદરસાથ સમુદાયમાં →

પ્ર. ૬૮- પાંચેય દિનોની ચમત્કારપૂર્ણ લીલાઓ કોણ જોશે અથવા એના વારસદાર કોણ છે ?

પ્ર. ૬૯- પાંચેય દિનોની ચમત્કારી લીલાઓના વારસદાર મોમિન જ કેમ છે ?

ઉ. ૬૯- અક્ષરાતીત અદ્વૈત બ્રહ્મ પરમાત્માએ સૃષ્ટિ રચાવી. શાસ્ત્રોમાં લખાવ્યું →

→ ઉતાર્યો. ઇન્સાનોને પોતાની ઓળખ કરાવવા માટે તેઓએ કઈ કરામત (ચમત્કાર) કર્યા. પરંતુ એક પણ ઇન્સાન તેમની ઓળખ ન કરી શક્યા. મલકી સ્વરૂપે પણ પોતાના સ્વરૂપની ઓળખ (પહેચાન) કરાવવા માટે સંસારમાં કેટલાય ઉપાય કર્યા. બે ચોપદારોમાંથી એકને કૂવા પર ફેરવ્યો, તો બીજાને બાર કોસ ચલાવ્યો. હકી સ્વરૂપે તો વેદ, પુરાણ, કુરાન, હદીસોના ગુહ્યાતિગુહ્ય, ગોપ્યાતિગોપ્ય રહસ્યમય સંકેતોને ખોલીને સ્પષ્ટ કરી દીધા. તો પણ ચામડીની દૃષ્ટિ રાખવાવાળા તેમની ઓળખ કરી પોતાના આત્મોદ્ધાર-પોતાની આત્માનું ઉત્થાન (ઉન્નતિ) ન કરી શક્યા. પતન (અધોગતિ) જ કરી નાંખ્યુ.

→ કુરાનમાં છઠ્ઠા દિનમાં સૃષ્ટિના શરૂથી લઈને આજસુધી શોધવાથી પણ જે બ્રહ્મ-ખુદા ન મળ્યા હતા, તે બ્રહ્મ-ખુદાના અરસ-ઘર સહિત તેમની આદ-અનાદ લીલાઓને પણ જાહેર થવાનું કહ્યું છે. જેમ કે **''તબ જાહિર હોવે અરસ.''**

→ સંમિલિત થઈ. તે આત્માઓના માટે જ શ્રી રાજજીના આવેશ જબરાઈલ દ્વારા પ્રગટ થયેલી ભવિષ્યવાણીના અનુસાર બધું કાર્ય સંપન્ન થયું. અરસની બધી દૈવત ચાર કિતાબોના માધ્યમથી ઉતરી આવી.

ઉ. ૬૮- કુરાન ધર્મગ્રંથમાં કહ્યા અનુસાર પાંચેય દિનની ચમત્કારપૂર્ણ લીલાઓ બ્રહ્મસૃષ્ટિ-મોમિન જોવા અને સમજવાવાળા છે. એ લીલાઓના વારસદાર પણ તે મોમિન-બ્રહ્માત્માઓ જ છે.

→ અને તે બ્રહ્માત્માઓ માટે સ્વયં પાંચ સ્વરૂપમાં થઈને તેમને પોતાની પાસે લઈને લીલા કરી. અતઃ બ્રહ્માત્માઓની સાથે તે બ્રહ્મ-પરમાત્મા દ્વારા કરેલી લીલાઓના વારસદાર સ્વયં બ્રહ્માત્માઓ વગર અન્ય કોણ →

→ હોઈ શકે છે ? જેવી રીતે પિતાની સંપૂર્ણ સંપદા (સંપત્તિ) ના વારસદાર એમના પુત્ર જ હોય છે. તેવી રીતે બ્રહ્મવાણીમાં નિહિત જ્ઞાન બ્રહ્મસૃષ્ટિની →

પ્ર. ૭૦- અક્ષરાતીતની બ્રહ્માત્માઓને જાગૃત કરવા માટે શ્રી પ્રાણનાથજીએ શું કર્યું ?

પ્ર. ૭૧- તારતમના બ્રહ્મજ્ઞાનને સર્વપ્રથમ ગ્રહણ કરવામાં કોનું નામ છે ?

ઉ. ૭૧- અક્ષરાતીતના તારતમ સંબંધી બ્રહ્મજ્ઞાનને તે જ ધામની બ્રહ્માત્માઓ જ સમજશે અને ગ્રહણ પણ કરશે કેમ કે એ જ્ઞાન સાંભળતાં જ તેમને →

પ્ર. ૭૨- મહંમદ સાહેબના સમયમાં થયેલાં ચમત્કારના રહસ્યો-બાતૂની ભેદોને કોણ જાણે છે ?

પ્ર. ૭૩- સાંસારિક માયાવી જીવો અથવા આમ લોકોએ આરબમાં મહંમદ સાહેબને કયા રૂપમાં જાણ્યા ?

પ્ર. ૭૪- કોણ-કેવા લોકોએ, તેમને કષ્ટ પહોંચાડવા માટે શું-શું ઉપાય કર્યા ?

પ્ર. ૭૫- તે ઉપદ્રવી લોકોના માથા ફોડીને મહંમદ સાહેબે આરબ દેશમાં શું કર્યું ?

પ્ર. ૭૬- કોનાથી (કયા સ્વરૂપથી) સાધારણ લોકો જેવી ભાવના લઈને મળ્યા, તે સ્વરૂપ પણ તે લોકોથી તે જ ભાવનાનુસાર મળ્યા ?

→ સંપત્તિ છે. અતઃ તે બધી પૂંજી-સંપદા બ્રહ્મનિષ્ઠ મોમિનોને મળી.

ઉ. ૭૦- અક્ષરાતીતની બ્રહ્મનિષ્ઠ આત્માઓને જાગૃત કરવા માટે મહામતિ શ્રી પ્રાણનાથજીએ બ્રહ્મજ્ઞાનરૂપ અઢાર હજારવાણી પ્રગટ કરી, જેની અંદર બધું જ જ્ઞાન છે.

→ પોતાના ઘરની બધી વાતો તુરંત સમજમાં આવી જશે. તેના પછી ઈશ્વરી આત્માઓ લેશે તથા તેના પણ પછી જીવાત્માઓ તે જ્ઞાન ધીરે-ધીરે સમજીને લેતી જશે. અંતમાં સૃષ્ટિની જેટલી પણ આત્માઓ છે, તે બધાને આ જ્ઞાન લેવું જ પડશે અને તે લેશે પણ.

ઉ. ૭૨- મહંમદ સાહેબના સમયમાં જેટલાં પણ ચમત્કાર થયા, તે બધાના બાતૂની ભેદ ઇસ્લામનું રહસ્ય જાણવાવાળી એક માત્ર બ્રહ્મત્માઓ-મોમિન રૂહો જ જાણી શકશે.

ઉ. ૭૩- સાંસારિક માયાવી જીવો અથવા આમ (સામાન્ય) લોકોએ આરબમાં મહંમદ સાહેબના સાંસારિક રૂપ તેમજ તેમના ચમત્કારોને બાહ્યરૂપ (ચામડીની દૃષ્ટિ) થી જ જોયાં અને જાણ્યા.

ઉ. ૭૪- મહંમદ સાહેબના અવજ્ઞાકારી-સત વિરોધી લોકોએ તેમને કષ્ટ પહોંચાડવા માટે અકારણ જ કઈ ઉપદ્રવ મચાવ્યા તથા તેમના દિવ્ય સંદેશને પણ ઠુકરાવી દીધો.

ઉ. ૭૫- તે ઉપદ્રવી લોકોના માથા ફોડીને મહંમદ સાહેબે તેમના અભિમાનનો નાશ (નષ્ટ) કરી દીધો અને ઇસ્લામ ધર્મનું જાહેરીરૂપ અર્થાત્ શરિયતનો માર્ગ પ્રગટ કર્યો.

ઉ. ૭૬- ઇમામ મેહદી નિષ્કલંક બુદ્ધ સ્વરૂપથી જે જેવી ભાવના લઈને મળ્યા, તે સ્વરૂપ પણ તે લોકોથી તે જ પ્રકાર મળ્યા.

પ્ર. ૭૭- કોણે અને કેવા લોકોને ઉપરી રૂપથી તો કસોટી પર કસ્યા, પરંતુ અંદરથી શું કર્યુ ?

પ્ર. ૭૮- અહીં કયા મહંમદને, કોના રૂપમાં, શું મળ્યું ?

પ્ર. ૭૯- કોઈપણ, (લોકો) કોના નેતૃત્વ (આગેવાની) ને સમજી ન શક્યા ?

ઉ. ૭૯- શરાઅના લોકોમાંથી કોઈપણ ''મહંમદનું નેતૃત્વ અહીં ઇમામ મેહદીના →

પ્ર. ૮૦- આરબના મહંમદ સ્વરૂપ પુનઃ ક્યાં આવીને બિરાજ્યા ? કોણે અને કોને ઓળખ વગર જ ઠુકરાવી દીધા ?

ઉ. ૮૦- સાંકેતિક રૂપમાં કહેલી ભવિષ્યવાણીના અનુસાર આરબના મહંમદ →

પ્ર. ૮૧- અહંકારના વશીભૂત થયેલાં કયા લોકો ઇમામ મેહદી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીથી લડવા માટે ઊભા થઈ ગયા ?

ઉ. ૮૧- ઇમામ મેહદી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીએ દિલ્લીમાં શરાઅના લોકોને →

પ્ર. ૮૨- ખુદા-પરમાત્માની પ્રેરણાથી કોને અને કેવી સુંગધ મળી, જેનાથી તે તેમના અનુયાયી બની ગયા ?

પ્ર. ૮૩- કયા લોકોના વંશજોમાં, કોના પ્રત્યે અને કેવી ઉન્નતિ (વૃદ્ધિ) થતી ગઈ ?

પ્ર. ૮૪- ઉપરોક્ત પ્રકારથી કોના દ્વારા ચલાવેલાં, કયા ધર્મના પ્રતિ લોકોનો વિશ્વાસ વધ્યો તથા તેનું પ્રતિફળ શું થયું ?

ઉ. ૭૭- ઇમામ મેહદી સ્વરૂપે પોતાના પર વિશ્વાસ ન કરવાવાળા લોકોને જાહેરી રૂપથી તો કસોટી પર કસ્યા, પરંતુ અંદરથી તેની પર પોતાની કૃપા-દૃષ્ટિ બનાવી રાખી.

ઉ. ૭૮- અહીં અવ્વલના મહંમદને ઇમામ મેહદીના રૂપમાં તેમના દ્વારા કહેલ ભવિષ્યની સિદ્ધિ મળી.

→ રૂપમાં થઈ રહ્યું છે''-આ વાતને સમજી ન શક્યા. એટલા જ માટે જે અવજ્ઞાકારીઓને તે સ્વરૂપ પર વિશ્વાસ ન થયો, તે ઊલ્ટા તેમનાથી લડવા માટે સામે ઊભા થઈ ગયા.

→ સ્વરૂપ અહીંયા ઇમામ મેહદીના રૂપમાં આવીને બિરાજ્યા છે. આ રહસ્યમય વાતને સમજ્યા વગર જ શરાઅના લોકોને તેમનો પેગામ ઠુકરાવી દીધો તથા કુરાન અને મહંમદના વિમુખ થઈ ગયા.

→ પેગામ (સંદેશ) મોકલ્યો. તે સમય અહંકારના વશીભૂત થઈને બાદશાહ અને કાજીઓએ તેમના પેગામને ઠુકરાવી દીધો અને તેમનાથી લડવા માટે ઊભા થઈ ગયા.

ઉ. ૮૨- અક્ષરાતીત પરમાત્માની પ્રેરણાથી જે-જે લોકોને ઇસ્લામના યથાર્થરૂપ -નિજાનંદ ધર્મની સુગંધ મળી, જેનાથી તે લોકો તેમના અનુયાયી બની ગયા.

ઉ. ૮૩- જે લોકોને ઇસ્લામના યથાર્થરૂપ-નિજાનંદ ધર્મની સુગંધ મળી, તે લોકોના વંશજોમાં ધર્મના પ્રતિ દૃઢતાપૂર્ણ વિશ્વાસની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ.

ઉ. ૮૪- ઉપરોક્ત પ્રકારથી નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજી દ્વારા ચલાવેલાં નિજાનંદ સૈદ્ધાંતિક ધર્મના પ્રત્યે લોકોનો વિશ્વાસ દિન દો ગુણા રાત ચૌગુણા →

→ વધતો ગયો. ફળસ્વરૂપ સામાન્ય લોકો પણ શ્રીમન્નિજાનંદ ધર્મના →

પ્ર. ૮૫- કોણ લોકો જાગૃત થવાથી અંત સુધી મહંમદ સાહેબના આખરી સ્વરૂપ માટે ધર્મવિરોધી દજ્જાલોથી સંઘર્ષ કરતાં રહ્યા ?

ઉ. ૮૫- ઉક્ત પ્રકાર જ્યારે સામાન્ય લોકોની ધાર્મિક ભાવનાઓ જાગૃત થવા →

પ્ર. ૮૬- મહંમદ સાહેબના સંસારથી પ્રસ્થાન પછી કેટલાં વર્ષો સુધી ઇસ્લામ ધર્મની વૃદ્ધિ થતી રહી ?

પ્ર. ૮૭- મહંમદ સ્વરૂપે ભવિષ્યવાણીમાં ખુદા-પરમાત્મા અને પોતાના માટે શું કહ્યું હતું ?

પ્ર. ૮૮- મહંમદ સાહેબે ''મારા ત્રણ સ્વરૂપ જાગણીના બ્રહ્માંડમાં આવશે, તેમને ઓળખજો''-એવું કોને કહ્યું હતું ?

પ્ર. ૮૯- કુરાનના સિદ્ધાંત વિષયમાં મહંમદ સાહેબના ત્રણ સ્વરૂપોની કાર્ય-વિશેષ ઓળખ શું-શું છે ?

ઉ. ૮૯- કુરાનના સિદ્ધાંતના અનુસાર મહંમદ સાહેબ (શ્યામાજી) ના ત્રણ →

પ્ર. ૯૦- કયા ત્રણ સ્વરૂપ ક્યાં પહોંચી ગયા, જ્યાં ફિરસ્તા અને સંસારના અન્ય જીવ પણ ન પહોંચી શક્યા ?

ઉ. ૯૦- ઉક્ત ત્રણ સ્વરૂપ અર્થાત્ બસરી, મલકી અને હકી સ્વરૂપ એવી જગ્યા →

પ્ર. ૯૧- કોણ, કોની પિછાણ કરી વિશ્વાસ કરવાનું કહી રહ્યા છે ?

→ અનુયાયી બની ગયા.

→ લાગી, ત્યારે તે મહંમદ સાહેબના ઇમામ મેહદી સ્વરૂપ માટે અવજ્ઞાકારી ધર્મવિરોધી દજ્જાલોથી અંત સુધી પૂર્ણ વિશ્વાસની સાથે બરાબર (વારંવાર) સંઘર્ષ કરતાં રહ્યા.

ઉ. ૮૬- આરબના મહંમદ સાહેબના સંસારથી પ્રસ્થાન કર્યા ઉપરાંત અગિયારસો વર્ષો સુધી ઇસ્લામ ધર્મની વૃદ્ધિ થતી રહી.

ઉ. ૮૭- અવ્વલના મહંમદ સ્વરૂપે ભવિષ્યવાણીમાં કહ્યું હતું, ''જ્યારે પરમાત્માના આવેશ સ્વરૂપ પુનઃ સંસારમાં પાછાં આવશે, ત્યારે અમે પણ તેમની સાથે આવીશું. આ વાતમાં કોઈ શંકા નથી.''

ઉ. ૮૮- આરબવાળા મહંમદ સ્વરૂપે ભવિષ્યવાણી કરતાં સમયે પોતાના શિષ્યોને એ પણ કહ્યું હતું ''મારા (શ્યામાજીના) ત્રણ સ્વરૂપ આ સંસાર-જાગણીના બ્રહ્માંડમાં પ્રગટ થશે. આપ લોકો તેમની ઓળખ કરી લેજો.''

→ સ્વરૂપોમાંથી બસરી સ્વરૂપ શરાઅ (શરિયત) દેવાવાળા છે. મલકી સ્વરૂપ જ્ઞાનના હકીકતની જાણકારી કરાવીને માલ અર્થાત્ તારતમ લાવવાવાળા છે તથા હકી સ્વરૂપ રૂહોને પરમાત્માથી મળાવી મારફતમાં લાવવાવાળા છે.

→ પર અર્થાત્ પરાત્પર પૂર્ણબ્રહ્મ પરમાત્માના એટલાં નજીક (સમીપ) જઈ પહોંચ્યા કે જ્યાં પર ઈશ્વરી સૃષ્ટિ અને સંસારના અન્ય મુર્શિદ (અગ્રગણ્ય)-ધર્મગુરુ આદિ પણ ન પહોંચી શક્યા.

ઉ. ૯૧- ''અરે હો ! અક્ષરાતીત પરમધામના એવા સ્વરૂપની પિછાણ કરી તેમની પર પૂર્ણરૂપેણ વિશ્વાસ કરજો !''-આ પ્રકાર આરબના તૃતીય શ્યામ સ્વરૂપ પોતાના ધર્માનુયાયી લોકોને સાવચેત કરતાં કહી રહ્યા છે.

પ્ર. ૯૨- અરસની રૂહોના વિષયમાં મહંમદ સાહેબે કુરાન ધર્મગ્રંથમાં શું કહ્યું છે ?

પ્ર. ૯૩- સ્વયં મહંમદ સાહેબ સંસારમાં કોના માટે આવવાનું કહે છે અને લોકોને કોના દર્શનની આશા રાખવાનું કહે છે ?

પ્ર. ૯૪- ખુદા-બ્રહ્મનો આદેશરૂપી ધર્મગ્રંથ કયો છે અને તે કોના માટે અવતરિત થયો છે ?

પ્ર. ૯૫- કોણ સ્વરૂપ કહે છે કે કુરાનના વચનોને મારા મનના અતિરિક્ત અન્ય કોઈ ગ્રહણ કરી શકતું નથી ?

પ્ર. ૯૬- ઉક્ત કથનમાં કહ્યા પ્રમાણે કુરાનના બ્રહ્મજ્ઞાનને મોમિનોના સિવાય અન્ય કોઈ ઓળખી શકશે નહિ, એવું કેમ ?

પ્ર. ૯૭- કોનો ધામમાં અંકુર છે ? પુનઃ સદ્‌ગુરુએ કોને પૂર્ણબ્રહ્મના પ્રતિ પૂર્ણ વિશ્વાસ પ્રદાન કર્યો ?

પ્ર. ૯૮- કુરાનની અંદરના ભેદોને કોણ સમજશે અને કોણ તેની અંદરના પ્રસંગોને સમજી શકશે નહિ ?

પ્ર. ૯૯- ધર્મગ્રંથ કુરાન પર અન્ય કોણ વિશ્વાસ કરી જ નહિ શકે ? પુનઃ તેમને ધામના અંકુરરહિત કેમ કહ્યું છે ?

ઉ. ૯૨- રસૂલ મહંમદ સાહેબે અરસની રૂહોના વિષયમાં ધર્મગ્રંથ કુરાનમાં કહ્યું છે, ''પૂર્ણબ્રહ્મ પરમાત્માની રૂહો તે અક્ષરાતીત ધામથી ખેલ જોવા માટે સંસારમાં અવતરિત થશે.''

ઉ. ૯૩- સ્વયં મહંમદ સાહેબ આ સંસારમાં અરસ રૂહોના માટે પુનઃ આવવાનું કહે છે અને લોકોને બ્રહ્માત્માઓ-મોમિનોના દર્શનોની આશા રાખવાનું અને તેમની સાથે-સાથે સ્વયં તેમની પોતાની પિછાણ કરી લેવાનું કહે છે.

ઉ. ૯૪- ખુદા-બ્રહ્મનો આદેશરૂપી ધર્મગ્રંથ કુરાન શરીફ છે. તે આ સંસારમાં બ્રહ્માત્માઓના માટે જ અવતરિત થયો છે.

ઉ. ૯૫- ઇમામ મેહદી સ્વરૂપ શ્રી પ્રાણનાથજી કહે છે, ''કુરાન ધર્મગ્રંથના તે વચનોને બ્રહ્મજ્ઞાનથી પ્રકાશિત મારા મનના અતિરિક્ત બીજું કોઈ ગ્રહણ કરી શકતું નથી.''

ઉ. ૯૬- ઉક્ત કથનમાં કહ્યા પ્રમાણે કુરાનના બ્રહ્મજ્ઞાનને માત્ર મોમિન-રૂહો-બ્રહ્માત્માઓ જ ઓળખી શકશે. અન્ય જીવોમાં તો એટલી શક્તિ જ નથી કે તે એને સમજી શકે.

ઉ. ૯૭- અક્ષરાતીત બ્રહ્મધામથી અવતરિત બ્રહ્માત્માઓનો પરમધામમાં અંકુર વિદ્યમાન છે અને સંસારમાં માત્ર તેમના જ મનમાં સદ્‌ગુરુએ પૂર્ણબ્રહ્મના પ્રતિ પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ પ્રદાન કર્યો છે.

ઉ. ૯૮- કુરાનની અંદરના ભેદોને માત્ર બ્રહ્માત્માઓ જ જાણી અથવા સમજી શકશે. બ્રહ્મનિષ્ઠ મોમિનોના અતિરિક્ત (સિવાય) અન્ય કોઈપણ કુરાનની અંદરના પ્રસંગોને સમજી શકશે નહિ.

ઉ. ૯૯- ધર્મગ્રંથ કુરાન પર મોમિનોના સિવાય અન્ય કોઈ વિશ્વાસ કરી જ નહિ શકે. કુરાનના જ્ઞાન પર શ્રદ્ધા-વિશ્વાસ ન આવવાથી જ તેમને ધામના અંકુરરહિત કહ્યું છે.

પ્ર. ૧૦૦- કુરાનમાં નિહિત જ્ઞાનની હકીકત અને મારફત જ્ઞાનના રહસ્યોને કોણે, કોના માટે ભલીભાંતિ સ્પષ્ટ કરી દીધા ?

પ્ર. ૧૦૧- કોના સર્વસંમત સદુપદેશોને સાંભળીને અને તેમના સ્વરૂપના દર્શન કરી કોણ ચકિત થશે ?

પ્ર. ૧૦૨- કોણ શ્રીજી સ્વરૂપની પિછાણ ન કરી શકવાથી તે ખુદા-બ્રહ્મ અને તેમના ધામને પ્રાપ્ત કરી શકશે નહિ ?

પ્ર. ૧૦૩- કયામતના સાત નિશાનનું વર્ણન કુરાનમાં કેવી રીતે છે ?

પ્ર. ૧૦૪- તે સાત નિશાનોના રહસ્યોને કોણ સમજી શકશે અને પ્રત્યક્ષ નજરોથી જોઈ પણ શકશે ?

પ્ર. ૧૦૫- કુરાન-પુરાણ, વેદ-કતેબના રહસ્યોને ખોલવા માટે કોણ અને શું લઈને સંસારમાં આવ્યા ?

ઉ. ૧૦૫- કુરાન-પુરાણ, વેદ-કતેબ તથા અન્ય ધર્મગ્રંથોના રહસ્યોને સ્પષ્ટ →

પ્ર. ૧૦૬- તે સ્વરૂપની પિછાણ કોને થઈ તથા ઓળખાણ થવાથી તેઓએ શું કર્યું ?

ઉ. ૧૦૬- તે ઈસા-રૂહઅલ્લાહ-સદ્‌ગુરુ સ્વરૂપ શ્રી શ્યામાજી અવતારના દિવ્ય →

પ્ર. ૧૦૭- હજરત મહંમદ સાહેબના જવાના કેટલાં સમય પછી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી આવ્યા ?

ઉ. ૧૦૦- બ્રહ્મત્માઓ માટે જ કુરાનમાં નિહિત જ્ઞાનની હકીકત તેમજ પરબ્રહ્મની પિછાણ અર્થાત્ મારફત જ્ઞાનના રહસ્યને શ્રીજી સાહેબજીએ ભલીભાંતિ સ્પષ્ટ કરી દીધા.

ઉ. ૧૦૧- સંસારના લોકો શ્રીજીના સર્વસંમત સદુપદેશોને સાંભળીને તેમના સ્વરૂપના દર્શન કરી ચકિત થશે.

ઉ. ૧૦૨- સાંસારિક લોકો-ધર્મવિરોધી, અવજ્ઞાકારી જન શ્રીજીના સ્વરૂપની પિછાણ ન કરી શકવાને કારણે પાલનહાર સર્વેશ્વર પરમાત્મા અને તેમના ધામને પ્રાપ્ત કરી શકશે નહિ.

ઉ. ૧૦૩- કુરાન ધર્મગ્રંથમાં કયામતના સમયે પ્રગટ થવાવાળા સાત નિશાનોનું વર્ણન સાંકેતિક રૂપમાં કરવામાં આવ્યું છે. તે સાત નિશાન બાતૂની છે, કિંતુ તેને લોકો જાહેરી રૂપમાં શોધવા અથવા જોવા ચાહે છે.

ઉ. ૧૦૪- તે સાત નિશાનોના રહસ્યને સમજીને તે ઘટનાઓને પ્રત્યક્ષ રૂપમાં તે જ જોઈ અને સમજી શકશે, જેમના દિલ તારતમ જ્ઞાનથી પ્રકાશિત તથા નિઃશંક છે.

→ રૂપથી ખોલવા માટે ઈસા-રૂહઅલ્લાહ-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી કૂંજી (કૂંચી) ના રૂપમાં સંસારમાં બ્રહ્મતારક તારતમ મંત્ર-તારતમ જ્ઞાન લઈને આવ્યા.

→ સ્વરૂપની પિછાણ બ્રહ્મનિષ્ઠ મોમિનોને થઈ. પિછાણ થઈ જવાથી ઉક્ત બ્રહ્મત્માઓ ધર્મ પર સમર્પિત થઈને સુંદરસાથ સમુદાયમાં શામિલ થઈ.

ઉ. ૧૦૭- અરબસ્તાનમાં પ્રગટ હજરત મહંમદ સાહેબના ગયા પછી દસમી સદી પૂરી થવામાં સવા નવ મહિના બાકી હતા, ત્યારે શ્રીમન્નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજી મારવાડ દેશના ઉમરકોટ ગામમાં પ્રગટ થયા.

પ્ર. ૧૦૮- પુનઃ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી સ્વરૂપ સંસારની વચ્ચે કેટલાં સમય રહ્યા તથા તેઓએ શું-શું કર્યુ ?

ઉ. ૧૦૮- રૂહઅલ્લાહ-શ્રી શ્યામાજી સ્વરૂપ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી આ સંસારના →

પ્ર. ૧૦૯- કોના દિવ્ય સ્વરૂપને પ્રત્યક્ષ જોવાથી પણ લોકો તેમને ઓળખી ન શક્યા ? એમ કેમ ?

ઉ. ૧૦૯- રૂહઅલ્લાહ-શ્રી શ્યામાજી અવતાર સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના દિવ્ય સ્વરૂપને પ્રત્યક્ષ જોવાથી પણ લોકો તેમને ઓળખી ન શક્યા કેમ કે →

પ્ર. ૧૧૦- રૂહઅલ્લાહ સ્વરૂપ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ આ ધરતી પર શું-શું ચમત્કાર કર્યા ?

ઉ. ૧૧૦- રૂહઅલ્લાહ સ્વરૂપ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના દિવ્ય સ્વરૂપના પ્રતાપથી →

પ્ર. ૧૧૧- તેઓએ સંસારને શું આપ્યું ?

પ્ર. ૧૧૨- સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી આ સંસારમાં અવતરિત થતાં સમયે પોતાની સાથે કોને લઈને આવ્યા ?

ઉ. ૧૧૨- શ્રી શ્યામાજી અવતાર સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી શ્રી અક્ષરાતીત ધામથી →

પ્ર. ૧૧૩- તેમની સાથે માયાવી બુદ્ધિવાળા ક્યાંથી, ક્યાં સુધી સંઘર્ષ કરતાં રહ્યા ?

પ્ર. ૧૧૪- દજ્જાલો દ્વારા શ્રી દેવચંદ્રજીથી ડરવાનું અને તેમનાથી સંઘર્ષ કરવાનું કારણ શું છે ?

→ પંચભૌતિક તનમાં ચુમ્મોતેર વર્ષ રહ્યા. તેઓએ પાંચ વર્ષની અવસ્થાથી વેદ, પુરાણ, શાસ્ત્રો દ્વારા ખોજ કરીને સાર કાઢ્યો, તારતમ કૂંચી ઉતારી. તારતમ કૂંચી દ્વારા ૩૧૩ આત્માઓની જાગણી કરી અને અંતમાં ઈન્દ્રાવતી આત્માને બધુંય સોંપી દીધું.

→ બાઈબલ ગ્રંથમાં પહેલાં જ કહ્યું હતું, ''જ્યારે ઈસા (રૂહઅલ્લાહ) આવશે, ત્યારે તેમના મુખ પર પડદો હશે. એટલા માટે તેમને કોઈ ઓળખી શકશે નહિ.'' અતઃ તે જ ભવિષ્ય અહીં સાકાર થયું. ઉક્ત સ્વરૂપે અનેકો ચમત્કારો દ્વારા પોતાનો પરિચય આપ્યો, પરંતુ બધું નકામું થયું.

→ આ ધરતી પર અનેક ચમત્કાર થયા. જેમ કે-મૂર્તિ દ્વારા દૂધ પીવું, પ્રેતોને સ્વરૂપ બદલીને ઊર્ધ્વગતિને પ્રાપ્ત કરવું. પુનઃ ચોપદારોનું રાતભર કૂવાની ચારે તરફ ફરવું અને બાર કોશ આગળ નીકળી જવું વગેરે વગેરે.

ઉ. ૧૧૧- તેઓએ સંસારને અદ્વૈત બ્રહ્મજ્ઞાન પ્રદાન કર્યું. આટલું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી પણ લોકોએ તેમને ઓળખી ન શક્યા.

→ ખેલમાં અવતરિત થતાં સમયે પોતાની સાથે બાર હજાર બ્રહ્માત્માઓને પોતાની સાથે લઈને આવ્યા અર્થાત્ તેમની સાથે ધામથી બાર હજાર બ્રહ્માંગનાઓ પણ ખેલમાં અવતરિત થઈ.

ઉ. ૧૧૩- શ્રી શ્યામાજી અવતાર-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીની સાથે દજ્જાલ સ્વરૂપ ધર્મવિરોધી અવજ્ઞાકારી લોકો વિ.સં. ૧૬૩૮ થી લઈને કયામતના સમય સુધી સંઘર્ષ કરતાં રહ્યા અને રહેશે.

ઉ. ૧૧૪- શ્રી દેવચંદ્રજી તારતમરૂપી બ્રહ્મજ્ઞાન લઈને આવ્યા છે. તેથી દજ્જાલ સ્વરૂપ ભયભીત થઈ ઉઠ્યા કે '''એ સ્વરૂપ કયામતના દિન મને મારી →

→ નાંખશે.'' આ કાર્ય-કારણવશ દજ્જાલ ભયભીત થઈને તેમનાથી →

પ્ર. ૧૧૫- રૂહઅલ્લાહ-શ્રી શ્યામાજીની શક્તિ શ્રી દેવચંદ્રજીના જીવનકાલ પછી ક્યાં ગઈ ?

પ્ર. ૧૧૬- અવજ્ઞાકારી દજ્જાલોએ અંતમાં શું સમજી લીધું અને તે સમજ તે દજ્જાલોને ક્યારે આવી ?

ઉ. ૧૧૬- ઉક્ત પ્રકારને જોઈને દજ્જાલોએ સમજી લીધું કે બુદ્ધિના અવતાર →

પ્ર. ૧૧૭- ઉક્ત દજ્જાલ ક્યારે અને કેવી ભાવનાઓથી ગ્રસ્ત થઈને શ્રીજી સ્વરૂપથી લડવા અને સંઘર્ષ કરવા તૈયાર થયા ?

પ્ર. ૧૧૮- ઉક્ત દજ્જાલ કોના વિષયમાં, શું વિચાર કરી શ્રીજી સ્વરૂપની વિરુદ્ધ ઊભા થયા ?

ઉ. ૧૧૮- ઉક્ત દજ્જાલોએ વિચાર કર્યો કે એ સ્વરૂપ મારા આધીન થઈને →

પ્ર. ૧૧૯- ''અરે ! એ સ્વરૂપની આગળ તો મારું કંઈ પણ જોર નથી ચાલતું ! !''-એવું કોણ સોચી રહ્યું છે ?

પ્ર. ૧૨૦- કોણે અને કોને અસફળ કરવા માટે ચાર ફોજ તૈયાર કરી ?

પ્ર. ૧૨૧- દજ્જાલો દ્વારા શ્રીજીના વિરોધમાં સંઘર્ષ કરવા માટે તૈયાર કરેલી ચાર ફોજ કઈ-કઈ છે ?

ઉ. ૧૨૧- દજ્જાલો દ્વારા શ્રીજીના વિરોધમાં સંઘર્ષ કરવા માટે જે ચાર ફોજ →

→ સંઘર્ષ કરતાં જ રહ્યા.

ઉ. ૧૧૫- રૂહઅલ્લાહ-શ્રી શ્યામાજીની શક્તિ શ્રી દેવચંદ્રજીના જીવનકાલના પછી બીજા જામામાં અર્થાત્ શ્રી મેહરાજ ઠાકુર અથવા ઇમામના સ્વરૂપમાં પ્રવિષ્ટ થઈ.

→ એ સ્વરૂપનું ઉદ્દેશ્ય જ અજ્ઞાનરૂપી દજ્જાલને મારી નાંખવું છે. આ સમજ તે દજ્જાલોને ત્યારે આવી, જ્યારે શ્રી દેવચંદ્રજીની શક્તિ શ્રી મેહરાજ ઠાકુરમાં પ્રવિષ્ટ થઈ.

ઉ. ૧૧૭- જ્યારે દજ્જાલોને ઉક્ત વાતો સમજમાં આવી, ત્યારે દજ્જાલ અજ્ઞાની, ઈર્ષાળુ અને વિરોધી લોકોના મનમાં પેસીને શ્રીજી સાહેબજી સ્વરૂપથી પ્રત્યક્ષરૂપમાં લડવા માટે તૈયાર થઈ ગયા.

→ માયામાં ભ્રમિત થયેલી બ્રહ્માત્માઓને જ્ઞાન પ્રદાન કરી મારા ચુંગલથી મુક્ત કરી પરમાત્માની નિકટ-ચરણોમાં પહોંચાડી રહ્યા છે. અતઃ તે શ્રીજી સ્વરૂપના વિરુદ્ધ ઊભા થઈ ગયા.

ઉ. ૧૧૯- ''અરે! એ સ્વરૂપની દિવ્યતાની સામે તો મારું બળ તેમજ મારી શક્તિ તુચ્છ થવા જઈ રહી છે અને હું કંઈ પણ કરી શકતો નથી!!'' -એવું દજ્જાલ સ્વરૂપ ઇબલીસ-મન સોચી રહ્યું છે.

ઉ. ૧૨૦- દજ્જાલ સ્વરૂપ અજાજીલનો પુત્ર ઈબલીસે શ્રીજી સ્વરૂપની મહેનતને અસફળ કરવા અને બ્રહ્માત્માઓ-મોમિનોને માયામાં ભુલાવવા માટે ચાર ફોજ તૈયાર કરી.

→ તૈયાર કરવામાં આવી છે, તે નિમ્નલિખિત છે. જેમ કે-(૧) બેઈમાન સ્ત્રી (૨) વાજાં વગાડવાવાળા લોકો (૩) વ્યાકરણવાદી વિદ્વાન (૪) ચતુર જાદૂગર.

પ્ર. ૧૨૨- ઉક્ત ચાર ફોજ કેવા લોકોને ભુલાવવા અને કોના ચરણ છોડાવવા માટે તૈયાર કરવામાં આવી છે ?

ઉ. ૧૨૨- ઉક્ત ચાર ફોજ ધર્મમાર્ગમાં અધકચરા-અડધાપાકા કિંતુ પરમાત્માની →

પ્ર. ૧૨૩- કોણ લોકો બ્રહ્મનિષ્ઠ મોમિનોને જોતાં જ તેમને પોતાની તરફ આકૃષ્ટ કરવાની કોશિશ કરવા લાગે છે ?

પ્ર. ૧૨૪- તે દજ્જાલોની કલા કેવા લોકોના પ્રતિ કામ કરે છે અને કોની પર તેમનું જોર ચાલતું નથી ?

ઉ. ૧૨૪- તે દજ્જાલોની કલા બ્રહ્મજ્ઞાનમાં અધૂરા અને અર્ધપાકા (અર્ધ પક્કા) →

પ્ર. ૧૨૫- શ્રીજી સાહેબજીમાં બેસીને કોનું જ્ઞાન લઈને, કોણ નરસિંઘા ફૂંકી રહ્યું છે ?

પ્ર. ૧૨૬- ધર્મના નામ પર ફેલાયેલી થોથી માન્યતાઓ અને અસત્ય ધારણાઓનો ધ્વંસ ક્યારે થયો ?

પ્ર. ૧૨૭- થોથી માન્યતાઓ અને અસત્ય ઘોષણાઓને ઉડી જવાથી લોકો શ્રીજીની પાસે તેમના દર્શનાર્થ કેવી રીતે આવ્યા ?

પ્ર. ૧૨૮- અજાજીલરૂપી દજ્જાલે અવજ્ઞાકારીઓની અંદર બેસીને શું ઉત્પાત મચાવ્યો ?

પ્ર. ૧૨૯- તે દજ્જાલોના ઉત્પાતનો પ્રભાવ કોની પર પડ્યો અને કોની પર નહિ તથા કેમ ?

→ સાચી રાહ પર ચાલવાવાળાઓને ઊલઝાવી-ઊલઝાવીને પથભ્રષ્ટ કરીને પરમાત્માના ચરણ છોડાવીને માયાની તરફ લગાવવા માટે તૈયાર કરવામાં આવી છે.

ઉ. ૧૨૩- ઉક્ત ચાર ફોજ જ્યાં કાંઈ પણ બ્રહ્મનિષ્ઠ મોમિનોને જુએ છે, ત્યાં જ તેને પોતાની તરફ આકૃષ્ટ કરવાની કોશિશ કરવા લાગે છે.

→ લોકોના પ્રતિ કામ કરે છે. કિંતુ જે લોકોને પરબ્રહ્મ-પરમાત્માના પ્રતિ પૂર્ણ વિશ્વાસ છે, તે એ ફોજોના એક પણ શબ્દ સાંભળતાં નથી. એટલા માટે તેમની તરફ આકૃષ્ટ (આકર્ષિત) થઈ શકતા નથી. એની પર તે દજ્જાલોનું જોર ચાલી શકતું નથી.

ઉ. ૧૨૫- શ્રીજી સાહેબજીમાં બેસીને બુદ્ધજીનું જ્ઞાન લઈને અસરફીલ-બુદ્ધિના ફિરસ્તા નરસિંઘા (તુરાઈ) ફૂંકી રહ્યા છે.

ઉ. ૧૨૬- વિ.સં. ૧૭૩૫ (હિ.સ. ૧૦૯૦ તથા ઈ.સ. ૧૬૭૮) માં ધર્મના નામ પર ફેલાયેલી થોથી (ઢંગધડા વિનાની) માન્યતાઓ તેમજ અસત્ય ધારણાઓના પહાડનો ધ્વંસ (વિનાશ) થઈ ગયો.

ઉ. ૧૨૭- ઉક્ત પ્રકારથી થોથી-અધર્મવત્ માન્યતાઓ અને અસત્ય ધારણાઓનો ધ્વંસ (વિનાશ) થતાં જ જનસમૂહ શ્રીજીના દિવ્ય સ્વરૂપના દીદાર-દર્શન કરવા દોડી-દોડીને આવવા લાગ્યા.

ઉ. ૧૨૮- અજાજીલરૂપી દજ્જાલે અવજ્ઞાકારી લોકોના મનમાં બેસીને આસુરી પ્રવૃત્તિઓના રૂપમાં ઉત્પાત મચાવ્યો.

ઉ. ૧૨૯- ઉક્ત વર્ણિત દજ્જાલોના ઉત્પાતનો પ્રભાવ પરમધામથી અવતરિત બ્રહ્માત્માઓને ભ્રમિત કરી ન શક્યો. અન્ય બધા લોકો પર ઉક્ત →

→ ઉત્પાતનો બહુ ભારી પ્રભાવ પડયો. બ્રહ્માત્માઓમાં તારતમની સમજ →

પ્ર. ૧૩૦- અસરાફીલના નરસિંઘારૂપી સ્વર ફૂંકવાના સમયની ભવિષ્યવાણી કોની છે અને ક્યાં થઈ હતી ?

ઉ. ૧૩૦- આરબમાં પ્રગટ અવ્વલ સ્વરૂપ મહંમદ સાહેબે ''કયામતના સમયે →

પ્ર. ૧૩૧- પરમાત્મા અને પરમાત્માના અલૌકિક સુખાનંદથી લોકોને વંચિત રાખવાવાળા દજ્જાલ કોણ છે ?

પ્ર. ૧૩૨- બ્રહ્માત્માઓને શ્રીજી સાહેબજીએ કેવા દજ્જાલના મુખથી કાઢ્યા અને ધામમાં પહોંચાડ્યા ?

પ્ર. ૧૩૩- શ્રી રાજજીના આવેશ-જોશે ત્રણેય બ્રહ્માંડોમાં બ્રહ્માત્માઓની કઈ રીતે રક્ષા કરી અને તેમને પવિત્ર બનાવીને રાખ્યા ?

પ્ર. ૧૩૩- ત્રણેય બ્રહ્માંડોમાંથી શ્રી રાજજીના આવેશ સ્વરૂપ જબરાઈલે વ્રજમાં અઘાસુર, બકાસુર, કાલિય નાગ, કંસ વગેરે અસુરોથી બ્રહ્માત્માઓની →

પ્ર. ૧૩૪- તે જોશ મોમિનોના દિલને હંમેશાં કેવી રીતે પવિત્ર રાખે છે ?

પ્ર. ૧૩૫- બાર મોમિનોએ બાદશાહ સુધી કોનો સંદેશ પહોંચાડવા માટે જાનની બાજી લગાવી દીધી ?

ઉ. ૧૩૫- ધામના મોમિનોમાંથી બાર સાથીઓએ ધર્મગ્રંથ કુરાનમાં લખ્યા →

→ હોવાના કારણે દજ્જાલ તેમનું કંઈ બગાડી ન શક્યા.

→ અસરાફીલ નરસિંઘા ફૂંકશે તથા તેના અવાજથી મોટા-મોટા પર્વત પડી જશે.''-એવી ભવિષ્યવાણી કુરાન ધર્મગ્રંથના અંતર્ગત કરી હતી.

ઉ. ૧૩૧- પરમાત્મા અને પરમાત્માના અલૌકિક સુખાનંદથી લોકોને વંચિત રાખવાવાળા દજ્જાલ તેમના પોતાના સ્વજન, પરિવાર અને કુટુંબીજન જ છે.

ઉ. ૧૩૨- શ્રીજી સાહેબજીએ બ્રહ્માત્માઓને ઉક્ત કથિત દજ્જાલોની સેનાના બંધનને તારતમ જ્ઞાન દ્વારા મુક્ત કરાવ્યા અને નિજઘરની અનુભૂતિ આપીને પરમધામ પહોંચાડ્યા.

→ રક્ષા કરી. પુનઃ રાસમંડલમાં અંતર્ધાનના દરમ્યાન વિયોગમાં મૂર્છિત બ્રહ્માત્માઓને પોતાની શક્તિ દ્વારા બલ પ્રદાન કરી વિભિન્ન પ્રકારથી વિલાસ કરાવ્યો. હવે અહીં જાગણીના બ્રહ્માંડમાં તારતમ મંત્રના તારતમ જ્ઞાન દ્વારા નિઃશંક બનાવીને તેમના મન, બુદ્ધિ, ચિત્ત તથા અહં વગેરે બધા અંગોને પવિત્ર બનાવી રાખ્યા છે.

ઉ. ૧૩૪- શ્રી રાજજીનો જોશ-જબરાઈલ બ્રહ્માત્માઓના દિલમાં પરબ્રહ્મ પરમાત્માનો પ્રેમ ઉત્પન્ન કરી તેમના અંતઃકરણને ચિન્મય (જ્ઞાનમય) પ્રકાશથી ભરી દે છે. આ પ્રકાર તેમના દિલ હંમેશાં પ્રેમમય બની રહે છે.

→ અનુસાર પોતાનું મૂલ દાયિત્વ સમજીને ખુદા-હાદીનો સંદેશ અર્થાત્ કયામતના સંદેશને બાદશાહ સુધી પહોંચાડવાના પ્રયાસમાં જાનની બાજી લગાવી દીધી.

પ્ર. ૧૩૬- તે દજ્જાલોએ શું જાણીને મોમિનોને સંદેશ પહોંચાડવાની કોશિશ કરવાથી રોક્યા ?

ઉ. ૧૩૬- તે દજ્જાલોએ શ્રીજી સ્વરૂપની ઇમામના રૂપમાં ઓળખ તો કરી, કિંતુ →

પ્ર. ૧૩૭- તે દજ્જાલરૂપી અવજ્ઞાકારીઓએ કયા પ્રકારે સાહસ કરી મોમિનોથી સંઘર્ષ કર્યો ?

પ્ર. ૧૩૮- શું ઉક્ત દજ્જાલ મોમિનોને સંદેશ પહોંચાડવાથી રોકી શક્યા ?

ઉ. ૧૩૮- અવજ્ઞાકારી દજ્જાલોએ મોમિનોને સંદેશ પહોંચાડવાના વિષયમાં →

પ્ર. ૧૩૯- ઇમામ મેહદીના પ્રગટ થવાનો સંદેશ આપવાથી અવજ્ઞાકારીઓએ મોમિનોની સાથે કેવો વ્યવહાર કર્યો ?

ઉ. ૧૩૯- ઇમામ મેહદીના પ્રગટ થવાનો અથવા કયામત જાહેર થવાનો સંદેશ →

પ્ર. ૧૪૦- જ્યારે મોમિન અને બાદશાહ સામ-સામે થયા, ત્યારે બાદશાહને શું થયું ?

ઉ. ૧૪૦- જ્યારે મોમિન અને બાદશાહ સામ-સામે થયા, ત્યારે મોમિનોએ →

પ્ર. ૧૪૧- બાદશાહના અગ્રગણ્ય કાજીઓએ બાદશાહના મનમાં કેવી શંકાઓ નાંખી દીધી ?

ઉ. ૧૪૧- કયામતનો સંદેશ પામીને અને બ્રહ્મનિષ્ઠ મોમિનોના દર્શનથી પ્રભાવિત →

પ્ર. ૧૪૨- જે બાર મોમિનોએ બાદશાહથી દિનમાં રૂબરૂ વાતો કરી હતી, તેમની સાથે રૂબરૂ વાતો કર્યા પછી પણ દુર્વ્યવહાર કેમ કરવામાં આવ્યો ?

→ ઈર્ષાળુ લોકોના મનમાં બેસીને સોચવા લાગ્યા, ''એ મને મારવા માટે જ પ્રગટ થયા છે''. ઉક્ત પ્રકાર સોચી-સમજીને મોમિનોનો સંદેશ (પેગામ) પહોંચાડવાથી રોકી દીધો અને પેગામને ઠુકરાવી દીધો.

ઉ. ૧૩૭- તે દજ્જાલરૂપી અવજ્ઞાકારીઓએ શ્રીજી અને મોમિનોથી કમર બાંધીને દૃઢ નિશ્ચય કરી સાહસથી સંઘર્ષ કર્યો.

→ તરેહ-તરેહની વિઘ્ન-બાધાઓ પહોંચાડી. તેમની તરેહ-તરેહથી નિંદા પણ કરી. અનેકો કષ્ટ પણ આપ્યા. પરંતુ મોમિનોએ બાદશાહ સુધી સંદેશ પહોંચાડીને જ છોડ્યો. મોમિનોના આ સંઘર્ષને કાજી રોકી ન શક્યા.

→ સાંભળતાં જ દજ્જાલરૂપ અવજ્ઞાકારીઓએ મોમિનોને બહુ જ દુઃખ-કષ્ટ પહોંચાડ્યું. અંતમાં પેગામ પણ ઠુકરાવી દીધો અને મોમિનોને કેદમાં નાંખી દીધા.

→ કલમા દ્વારા બાદશાહને જોશમાં સમજાવ્યા. તે સમય મોમિનોની વાતોથી બાદશાહને પૂર્ણ વિશ્વાસ થઈ આવ્યો કે એ ઇમામનો પેગામ (સંદેશ) લઈને આવવાવાળા મોમિન જ છે. ત્યારે બાદશાહે ત્રણ-ત્રણ વાર આસા પણ ચુમ્યો.

→ થઈને બાદશાહના હૃદયમાં તો વિશ્વાસ ઉત્પન્ન થઈ ચૂકયો હતો, કિંતુ તેમના દજ્જાલરૂપી કાજીઓએ નિંદા કરી-કરીને જાગવાવાળા બાદશાહના મનમાં વિભિન્ન શંકા-ઉપશંકાઓ ઉત્પન્ન કરાવી દીધી. એટલા માટે બાર મોમિનોના પ્રતિ દુર્વ્યવહાર થવા લાગ્યો.

ઉ. ૧૪૨- જે બાર મોમિનોએ બાદશાહથી દિનમાં રૂબરૂ વાતો કરી હતી, તેમની સાથે રૂબરૂ વાતો કર્યા પછી પણ દુર્વ્યવહાર કરવામાં આવ્યો કેમકે રાતોરાત શાહજહાંના સમયના કર્મચારીઓ અને વર્તમાન →

→ કર્મચારીઓએ મળીને બાદશાહના કાન ભરી દીધા કે ''એ મોમિન નહીં, બલ્કે દુશ્મન-હિંદુ રાજાઓ દ્વારા મોકેલેલાં ષડયંત્રકારી છે. તને ખતમ કરવા માટે હિંદુ રાજાએ એમને અહીંયા મોકલ્યા છે.''

પ્ર. ૧૪૩- મહામતિ શ્રી પ્રાણનાથજીએ સંઘર્ષના સમય મોમિનોના રક્ષાર્થ શું કર્યું ?

ઉ. ૧૪૩- મહામતિ શ્રી પ્રાણનાથજીએ પોતાના સાથીઓને દજ્જાલથી સંઘર્ષ →

પ્ર. ૧૪૪- કયામતની સાક્ષી માટે મહામતિ સ્વરૂપ દ્વારા કરેલી પુકારના ફલ-સ્વરૂપ શું થયું ?

પ્ર. ૧૪૫- શરિયતનું મૂલસ્થાન ક્યાં છે ? આ મૂલસ્થાન મક્કા છે યા મદીના ? ત્યાંથી કેટલાં વસિયતનામા આવ્યા ?

પ્ર. ૧૪૬- તે ચારેય વસિયતનામોમાં શું સંદેશ લખેલો હતો ?

ઉ. ૧૪૬- તે ચારેય વસિયતનામોમાં હાદી મહંમદે ઇમામ અને ઈસાના જાહેર →

પ્ર. ૧૪૭- શરિયતના લોકોએ તે વસિયતનામામાં લખેલી વાતો પર શું કર્યું ?

ઉ. ૧૪૭- મક્કાથી આવેલાં ઉક્ત વસિયતનામોમાં કયામતના સમય પ્રગટ →

પ્ર. ૧૪૮- કેવી પ્રવૃત્તિવાળાઓમાં અપાર શક્તિ સંપન્ન દજ્જાલ વિદ્યમાન રહે છે ?

પ્ર. ૧૪૯- તે અપાર શક્તિઓથી સંપન્ન દજ્જાલ અન્ય બધાને શું કરવા ચાહે છે ?

→ આ પ્રકારની શંકાઓ ઉત્પન્ન થઈ જવાથી મોમિનોની જાંચ-પડતાલ (છાનભિન) કરવા લાગ્યા. આ કાર્ય-કારણવશ મોમિનોની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો.

→ કરતાં-કરતાં, ઝૂઝતાં જોઈ બેતુલ્લાહ-પરમધામની તરફ જોઈને શ્રી રાજજીને પુકાર કરી અને કયામતની સાક્ષી-ગવાહીના માટે તેમને પ્રાર્થના કરી.

ઉ. ૧૪૪- મહામતિ સ્વરૂપે કયામતના નિશ્ચિત સમયની સાક્ષી માટે શ્રી રાજજીને પુકાર-પ્રાર્થના કરી, જેના ફળસ્વરૂપ શરિયતના મૂલસ્થાનથી સાક્ષીરૂપી વસિયતનામા આવ્યા.

ઉ. ૧૪૫- શરિયતનું મૂલસ્થાન અરબસ્તાનમાં છે. પુનઃ મૂલસ્થાન મક્કા છે ન કે મદીના. મૂલસ્થાન મક્કાથી કયામતના સમયની પુષ્ટિ માટે ચાર વસિયતનામા આવ્યા.

→ થવાની, કયામતના સમયમાં ઇમામનો પેગામ આવવાની અને સ્વયં ખુદાના કાજી થઈને કજા (ન્યાય) કરવા વિષયની ભવિષ્યવાણીરૂપી સાક્ષી લખી હતી.

→ થવાવાળા નિશાનોનો સ્પષ્ટ ઉલ્લેખ (નિર્દેશ, વર્ણન) કરવામાં આવ્યો હતો. પરંતુ શરિયતના અવજ્ઞાકારીઓ-કાજીઓએ તે વાતો પર તનિક પણ વિચાર ન કર્યો.

ઉ. ૧૪૮- આસુરી પ્રવૃત્તિઓના રૂપમાં બધા મનુષ્યોના મનમાં અપાર શક્તિથી સંપન્ન દજ્જાલ વિદ્યમાન (હાજર-હયાત) રહે છે.

ઉ. ૧૪૯- તે અપાર શક્તિઓથી સંપન્ન દજ્જાલરૂપી આસુરી પ્રવૃત્તિવાળા મનુષ્ય અન્ય બધાને પોતાના આધીન રાખવા ચાહે છે.

પ્ર. ૧૫૦- ચાર વસિયતનામા આરબ-મક્કાથી કોની પાસે આવ્યા ?

પ્ર. ૧૫૧- જ્યારે ઇમામ સ્વરૂપ શ્રીજીએ પરમાત્મા-ખુદાનો સંદેશ બાદશાહની પાસે પહોંચાડ્યો, ત્યારે બાદશાહે તે સંદેશના બદલામાં શું કર્યું અથવા શું કરવાનું નક્કી કર્યું ?

પ્ર. ૧૫૨- એવા સમયમાં શ્રી પ્રાણનાથજીએ ક્યાંથી અને કોને સંદેશવાહક બનાવીને ક્યાં-કોની પાસે મોકલ્યા ?

ઉ. ૧૫૨- ઉપરોક્ત પ્રકારની હલચલના સમયમાં શ્રી પ્રાણનાથજીએ મેરતાથી →

પ્ર. ૧૫૩- તે સંદેશના વિષયમાં જશવંતસિંહ રાઠોડે શું કર્યું ?

પ્ર. ૧૫૪- તે સંદેશને ઠુકરાવાના પ્રતિફળ જશવંતસિંહ રાઠોડને શું થયું ?

પ્ર. ૧૫૫- મેરતાથી શ્રી પ્રાણનાથજી ક્યાં પહોંચ્યા ? મુસલમાનોએ કોનો સખત વિરોધ કર્યો ?

પ્ર. ૧૫૬- મુસલમાનોએ શું સોચીને કયામતનો સંદેશ ઠુકરાવ્યો અને મોમિનોને કષ્ટ આપ્યું ?

ઉ. ૧૫૬- મુસલમાનોએ સોચ્યું, ''એ મોમિન ફરદાએ રોજ અર્થાત્ કાલે →

પ્ર. ૧૫૭- તે અવજ્ઞાકારી કાજીઓએ મળીને પેગામના વિષયમાં શું વિચાર-વિમર્શ કર્યા ?

ઉ. ૧૫૦- ચાર વસિયતનામા આરબ-મક્કાથી હિંદના ખલીફો-યવન (મુસલમાન) સમ્રાટોની પાસે આવ્યા.

ઉ. ૧૫૧- જ્યારે ઇમામ સ્વરૂપ શ્રીજીએ પરમાત્મા-ખુદાનો સંદેશ બાદશાહની પાસે પહોંચાડ્યો, ત્યારે બાદશાહના દજ્જાલરૂપી અધિકારીઓએ કમર બાંધીને હકીકી દીન ઇસ્લામની સામે ઊભા રહીને સંઘર્ષ કરવાનું નક્કી કર્યું.

→ શ્રી ગોવર્ધનભાઈને સંદેશવાહક બનાવીને કાબુલના જમરૂદ્ધમાં રાજા જશવંતસિંહની પાસે મોકલ્યા અને કહ્યું, ''તમે જઈને તેમને ધર્મયુદ્ધના સમાચાર આપો.''

ઉ. ૧૫૩- શ્રી પ્રાણનાથજી દ્વારા મોકલેલો ઉક્ત સંદેશ જ્યારે જશવંતસિંહ રાઠોડની પાસે પહોંચ્યો, ત્યારે તેની પર ધ્યાન જ ન આપ્યું. તેનામાં વિશ્વાસની કમી દેખાઈ.

ઉ. ૧૫૪- જ્યારે રાજા જશવંતસિંહ રાઠોડે શ્રી પ્રાણનાથજીનો વિશ્વાસઘાત કરી દીધો, ત્યારે એની વચ્ચે આજૂજ-માજૂજરૂપી કાળે તેનો ધડ દબોચી લીધો અર્થાત્ તેમનો પ્રાણાંત થઈ ગયો.

ઉ. ૧૫૫- મેરતાથી શ્રી પ્રાણનાથજી ઝંડા લઈને જયધ્વનિની ઘોષણા કરતાં ગોકુળ, મથુરા થતાં દિલ્લી પહોંચી ગયા. ત્યાં કટ્ટર શરાઅમાં બંધાયેલાં આંધળાં મુસલમાનોએ શ્રીજી સ્વરૂપનો સખત વિરોધ કર્યો.

→ થવાવાળો કયામતનો સંદેશ આપીને અમોને ઉઠાડવા આવ્યા છે.'' ત્યારે તેઓએ મોમિનો દ્વારા લાવેલાં પેગામને ઠુકરાવી દીધો અને મોમિનોને કેદ કરી કષ્ટ આપ્યું.

ઉ. ૧૫૭- તે અવજ્ઞાકારી કાજીઓએ મળીને ઉક્ત પેગામના વિષયમાં એ નિશ્ચય કર્યો, ''અમારે એમની વાતોને સાંભળવી જ નથી. પુનઃ ન કે તેમને અમારી સંગ રાખવા છે.''

પ્ર. ૧૫૮- પુનઃ તે મુસલમાન કાજીઓએ બાદશાહને કયા પ્રકારથી બાર મોમિનોની સાથે વાત કરવાથી ના પાડી ?

ઉ. ૧૫૮- પુનઃ બાદશાહના પૂર્વ કાર્યકર્તા તથા વર્તમાન કર્મચારીઓએ મળીને બાદશાહને ઘેરી લીધા અને બાદશાહને મોમિનોથી રૂબરૂ વાત કરવાથી →

પ્ર. ૧૫૯- બાર મોમિન જેટલાં પણ સંદેશ બાદશાહને મોકલાવતાં હતા, બાદશાહના કર્મચારી તેનું શું કરતાં હતા ?

પ્ર. ૧૬૦- બાદશાહના રાજદરબારમાં કેવા-કેવા લોકોએ બાદશાહને ઘેરી રાખ્યા હતા ?

પ્ર. ૧૬૧- આસુરી પ્રવૃત્તિવાળાઓના કારણ પેગામ પહોંચાડવાના કાર્ય વિષયમાં શું થયું ?

પ્ર. ૧૬૨- જ્યારે બાદશાહે સ્વયં મોમિનોના મુખથી સંદેશ સાંભળ્યો હતો, ત્યારે શું થયું હતું ?

પ્ર. ૧૬૩- કયા સમય વિરોધીઓએ બાદશાહને ઇસ્લામ ધર્મ પર આવવાથી રોક્યા ?

ઉ. ૧૬૩- જ્યારે બાદશાહે મોમિનોની વાતોથી પ્રભાવિત થઈને આસા ચૂમ્યો, →

પ્ર. ૧૬૪- કોણે ઔરંગઝેબને રાજનૈતિક પક્ષની વાતો સંભળાવીને તેમના મનમાં ડર ઉત્પન્ન કરાવી દીધો ?

→ ભટકાવી દીધા. મોમિનોને દુશ્મન-હિંદુ રાજાઓ દ્વારા મોકલેલાં ષડયંત્રકારી બતાવીને કાજીઓએ બાદશાહના મનમાં વિભિન્ન શંકાઓ ઉત્પન્ન કરાવી દીધી. આ પ્રકાર પરસ્પર વાત કરવામાં રૂકાવટ નાંખી દીધી. ત્યારે બાદશાહે બાર મોમિનોથી રૂબરૂ વાત ન કરવાની વાત સ્વીકાર કરી લીધી.

ઉ. ૧૫૯- સુંદરસાથ અર્થાત્ બાર મોમિન જેટલાં પણ સંદેશ બાદશાહને મોકલાવતાં હતા, તેમના દજ્જાલરૂપી કર્મચારી તે સંદેશાઓને નષ્ટ કરી દેતાં અથવા છુપાવી દેતાં હતા.

ઉ. ૧૬૦- બાદશાહના રાજદરબારમાં જેટલાં પણ લોકો હતા, તે બધાના બધા આસુરી પ્રવૃત્તિઓના આધીન રહીને દજ્જાલ સદૃશ આચરણ કરવાવાળા હતા. ઉક્ત પ્રકારના લોકોએ બાદશાહને ઘેરી રાખ્યા હતા.

ઉ. ૧૬૧- આસુરી પ્રવૃત્તિઓના પરવશ (તાબામાં) થવાથી પરિણામ સ્વરૂપ કોઈપણ પરમાત્માના દિવ્ય સંદેશરૂપી પેગામને સતર્ક થઈને અપનાવી ન શક્યા. અપનાવવાના બદલે ઠુકરાવી દીધો.

ઉ. ૧૬૨- જ્યારે બાદશાહે મોમિનોના મુખથી રૂબરૂ સંદેશ સાંભળ્યો હતો, ત્યારે બાદશાહે તેમનાથી પ્રભાવિત થઈને આસા ચૂમ્યો હતા. તેઓએ મોમિનોની વાતો પર પૂર્ણ વિશ્વાસ કરી લીધો હતો.

→ ત્યારે દજ્જાલ લોકો સત્ય માર્ગ-ઇસ્લામ ધર્મ પર વિશ્વાસ લાવવાથી બાદશાહને રોકવા માટે અગ્રેસર થઈ ઉઠયા. આ પ્રકાર વિરોધીઓએ રાહમાં વિઘ્ન નાંખીને બાદશાહને આત્માની પિછાણ ન થવા દીધી.

ઉ. ૧૬૪- બાદશાહ ઔરંગઝેબના દિલ-દિમાગમાં રાજનૈતિક દૃષ્ટિથી વિશેષ કરીને ષડયંત્રકારી શંકાઓ ઉત્પન્ન કરાવવાવાળા કાજીનું નામ છે- ગુરજબરદાર, જે શાહજહાંના સમયમાં ન્યાયાધીશ હતા.

પ્ર. ૧૬૫- દજ્જાલ સ્વરૂપ કાજીએ બાદશાહને ડર બતાવતાં શું-શું કહ્યું ?

ઉ. ૧૬૫- દજ્જાલ સ્વરૂપ કાજી ગુરજબરદારે ઔરંગઝેબ બાદશાહના મનમાં ડર →

પ્ર. ૧૬૬- ''તમે મારું કહેવું માનશો, તો તમારું સામ્રાજ્ય રહેશે.'' -એવું બાદશાહને કોણે કહ્યું ?

પ્ર. ૧૬૭- અન્ય દજ્જાલોએ બાદશાહને શું-શું ડર બતાવ્યો ?

ઉ. ૧૬૭- ઉક્ત વાતોનો સહારો લઈને અન્ય દજ્જાલ લોકોએ બાદશાહને ડર →

પ્ર. ૧૬૮- બાદશાહના વિચારોને પોતાના અનુકૂળ જોઈને કોણ, ક્યાં આવ્યું ?

પ્ર. ૧૬૯- બાર મોમિનોની પાસે આવીને કલિયુગગ્રસ્ત દજ્જાલે તેમને શું કહ્યું ?

પ્ર. ૧૭૦- દજ્જાલ સ્વરૂપ કર્મચારીએ મોમિનોને શું કરવાની ચેતવણી આપી ?

પ્ર. ૧૭૧- દજ્જાલોના ખરાબ વિચારોને સમજ્યા પછી બ્રહ્મમુનિ ત્યાંથી કેવી રીતે સુરક્ષિત બચ્યા (બચીને આવ્યા) ?

પ્ર. ૧૭૨- કલિકાલગ્રસ્ત દજ્જાલના આધીન થયેલાં લોકોએ ક્રોધના પરવશ થઈને શું-શું કર્યું ?

ઉ. ૧૭૨- કલિકાલગ્રસ્ત દજ્જાલના આધીન થયેલાં લોકોએ ક્રોધના પરવશ →

→ ઉત્પન્ન કરાવવા માટે કહ્યું, ''જો તમે એ મોમિનોની વાતોને સ્વીકાર કરી લીધી, તો તમારો શાસનાધિકાર અને તમારી માન-પ્રતિષ્ઠા નષ્ટ થઈ જશે. તમે તેમની વાતોને કેમ માની રહ્યા છો ?''

ઉ. ૧૬૬- ''અગર જો તમે મારા આધીન રહેશો અને મારું કહેવું માનશો, તો તમારું સામ્રાજ્ય બની રહેશે.''-એવું શાહજહાંના સમયમાં ન્યાયાધીશ રહી ચૂકેલાં કાજી ગુરજબરદારે બાદશાહને કહ્યું.

→ બતાવતાં કહ્યું, ''યદિ તમે શ્રી પ્રાણનાથજીને ઇમામ સ્વરૂપમાં સ્વીકાર કરી તેમના આધીન રહેશો, તો તમારી પર વિભિન્ન અત્યાચાર થશે. સમસ્ત સાંસારિક સુખ-સુવિધાઓ નષ્ટ-ભ્રષ્ટ થઈ જશે.''

ઉ. ૧૬૮- બાદશાહના વિચારોને પોતાના અનુકૂળ જોઈને કલિયુગી પ્રવૃત્તિઓથી ગ્રસ્ત કર્મચારી બાર મોમિનોની પાસે આવ્યા.

ઉ. ૧૬૯- બાર મોમિનોની પાસે આવીને કલિયુગગ્રસ્ત દજ્જાલે તેમને કહ્યું, ''બાદશાહના દિલમાં ઇમામ મેહદીના પ્રતિ વિશ્વાસ પેદા કરીને તમે લોકોએ અમારી શાસન વ્યવસ્થામાં હલચલ કેમ મચાવી દીધી ?''

ઉ. ૧૭૦- દજ્જાલ સ્વરૂપ કલિયુગી પ્રવૃત્તિગ્રસ્ત કર્મચારીએ બ્રહ્મમુનિઓને ચેતવણી આપતાં કહ્યું, ''તમે લોકો અહીંયાથી ભાગી જાવ, અન્યથા અમે તમને કેદ કરી લઈશું.''

ઉ. ૧૭૧- દજ્જાલોના ખરાબ વિચારોને જાણીને (સમજીને) બ્રહ્મમુનિ ભયભીત થઈ ગયા. પરંતુ મહાપ્રભુની આજ્ઞાથી તે ત્યાંથી છુટકારો પામીને સુરક્ષિત બચીને આવ્યા.

→ થઈને પરમાત્માનો સંદેશ ઠુકરાવી દીધો અને બ્રહ્મપ્રિય બાર મોમિનોને કારાગારમાં બંધ કરી દીધા. તે જ લોકોએ બાદશાહની આગળ મોમિનોની નિંદા કરીને બાદશાહના વિચારોને પરિવર્તિત કરી દીધા.

પ્ર. ૧૭૩- ઉક્ત પ્રકારના રાજમદ (રાજ્યના નશા) માં ઉન્મત્ત બાદશાહને ઈસા અને ઇમામના પ્રકટીકરણની ઓળખ ઉપરવાળાએ કેવી રીતે કરાવી ?

પ્ર. ૧૭૪- ઔરંગઝેબના રાજમદમાં મસ્ત થવાની સાથે-સાથે મોગલ સામ્રાજ્યમાં શું થવા લાગ્યું ?

પ્ર. ૧૭૫- બ્રહ્માત્માઓ-મોમિનોને કોનો સામનો કરવો પડ્યો અને શ્રી રાજજીએ તેમને કેવી રીતે સુરક્ષિત રાખ્યા ?

પ્ર. ૧૭૬- સુંદરસાથ સહિત શ્રી પ્રાણનાથજીએ તત્પશ્ચાત ક્યાં પહોંચીને, શું કર્યુ ?

પ્ર. ૧૭૭- ત્યાં કોના ભાઈ હતા, જેને શ્રીજી સાહેબજીનો વિરોધ કર્યો ?

પ્ર. ૧૭૮- શ્રીજી સાહેબજીને છોડીને જતાં જ સુલતાનની ફોજે ક્યાંના, કોને સિંહાસનથી ઉઠાવી દીધા ?

પ્ર. ૧૭૯- પરમાત્માએ કોને અને કેવી રીતે પોતાના આશ્રયમાં સુરક્ષિત રાખીને બચાવ્યા ?

પ્ર. ૧૮૦- તે સમય શ્રીજી સાહેબજીએ આપત્તિઓથી ઘેરાયેલાં સુંદરસાથ માટે શું કર્યુ ?

ઉ. ૧૭૩- ઉક્ત પ્રકારના રાજમદ (રાજ્યના નશા) માં ઉન્મત્ત થયેલાં બાદશાહને ઈસા અને ઇમામના પ્રકટીકરણની સૂચના આપવી જરૂરી સમજીને અને સુંદરસાથ પર બાદશાહ દ્વારા થયેલાં અત્યાચારોને જોઈને પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીએ ઔરંગઝેબના સિંહાસનને ઊલટાવી દીધું.

ઉ. ૧૭૪- ઔરંગઝેબના રાજમદ (રાજ્યના નશા) ના આંધળાંપનામાં મસ્ત થવાની સાથે-સાથે તેર પેઢીથી ચાલતું આવેલું મુસલમાનોનું મોગલ સામ્રાજ્ય જ અસ્ત થઈ ગયું.

ઉ. ૧૭૫- ઈસા અને ઇમામના પ્રાકટ્યનો સંદેશો પહોંચાડવાના સમયે બાર મોમિનોને અનેકો કષ્ટોનો સામનો કરવો પડ્યો. પરંતુ પ્રિયતમ પરમાત્મા શ્રી રાજજીએ તેમને પોતાના સંરક્ષણમાં લઈને સુરક્ષિત રાખ્યા.

ઉ. ૧૭૬- સુંદરસાથ સહિત શ્રી પ્રાણનાથજીએ તત્પશ્ચાત દિલ્લી છોડીને ઉદયપુર પહોંચીને લાધુ મસાણીને જાગૃત કર્યા.

ઉ. ૧૭૭- ઉદયપુરથી મંદસોર જતાં રામપુરાની નજીક ચારણોના ગામના મુખિયા પૂરનમલ ચારણનો ભાઈ બૈરીસાલ હતો. તેણે વિરોધી બનીને શ્રી પ્રાણનાથજીનો વિરોધ કર્યો.

ઉ. ૧૭૮- શ્રીજીને ઉદયપુર છોડીને મંદસોર પહોંચતાં જ ઉદયપુરના રાજા રાજસિંહને સુલતાનની ફોજે મારીને સિંહાસનથી ઉઠાવી દીધો.

ઉ. ૧૭૯- પરમાત્મા પ્રિયતમ શ્રી રાજજીએ ઉદયપુરના સુંદરસાથને પોતાના આશ્રયમાં સુરક્ષિત રાખીને બચાવ્યા.

ઉ. ૧૮૦- તે સમય શ્રી પ્રાણનાથજીએ આપત્તિઓથી ઘેરાયેલાં સુંદરસાથ પ્રતિ પ્રિયતમ શ્રી રાજજીને વિનંતી કરી અને કલિકાલરૂપી દજ્જાલની બોલબાલા જોઈને સાથીઓને તેમનાથી બચાવી રાખવાની પ્રાર્થના કરી.

પ્ર. ૧૮૧- મહામતિ શ્રી પ્રાણનાથજીની પ્રાર્થના સાંભળીને શ્રી રાજજીએ તેમના રક્ષાર્થ શું કર્યુ ?

પ્ર. ૧૮૨- કુરાનના દસમા સિપારામાં શું હકીકત છે ? શું એ વાત પહેલાંથી જ ત્યાં લખેલી હતી ?

ઉ. ૧૮૨- કુરાનના દસમા સિપારામાં કયામતના સમયે જગ્યા-જગ્યા પર મોમિન →

પ્ર. ૧૮૩- મંદસોરથી શ્રી પ્રાણનાથજી સુંદરસાથ જમાતની સાથે ક્યાં પહોંચ્યા અને કેટલો સમય રહ્યા ?

પ્ર. ૧૮૪- ક્યાંની બ્રહ્માત્માઓએ શ્રીજીના ચરણોમાં પોતાનું સર્વસ્વ બલિદાન કરી દીધું ?

પ્ર. ૧૮૫- ક્યાંની, કેવી બ્રહ્માત્માઓ જીવનભર શ્રીજીની સાથે રહી ?

પ્ર. ૧૮૬- ક્યાં થતાં શ્રી પ્રાણનાથજી ઔરંગાબાદ પહોંચ્યા ? પુનઃ ત્યાં કોણ રહેતાં હતા ?

પ્ર. ૧૮૭- ભાવસિંહ કોણ હતા અને કેવા હતા ? તેઓએ અખંડ જ્ઞાન ક્યાં સુધી અને કેટલું લીધું ?

ઉ. ૧૮૭- ભાવસિંહ હાડા ઔરંગાબાદના હિન્દુ રાજા હતા. તે ઔરંગાબાદની →

પ્ર. ૧૮૮- ભાવસિંહ હાડા શ્રીજી સ્વરૂપથી શું ચાહતા હતા ? તેમના પ્રતિફળ તેને શું પ્રાપ્ત થયું ?

પ્ર. ૧૮૯- ભાવસિંહ હાડાની મૃત્યુ પછી કોણ રાજા થયો ? તેને શું કરવા ચાહ્યું ?

ઉ. ૧૮૧- મહામતિ શ્રી પ્રાણનાથજીની પ્રાર્થના સાંભળીને શ્રી રાજજીએ તેમના રક્ષાર્થ પોતાનો આવેશ-શક્તિ અર્થાત્ જોશ-જબરાઈલને મોકલી દીધા.

→ આત્માઓના પ્રતિ થવાવાળી ઘટનાઓ અને તેમની સુરક્ષાની હકીકત વિષયનું જ્ઞાન છે. એ વાતો હજાર સાલ પહેલાંથી જ કુરાનમાં લખેલી હતી.

ઉ. ૧૮૩- મંદસોરથી ચાલીનેશ્રી પ્રાણનાથજી પોતાની જમાત સહિત ઉજ્જૈન પહોંચ્યા અને ત્યાં ૨૨ દિન રોકાયા.

ઉ. ૧૮૪- ઉજ્જૈનના સુંદરસાથ-બ્રહ્મમુનિઓએ ધર્મકાર્ય માટે શ્રીજીના ચરણોમાં પોતાનું સર્વસ્વ બલિદાન કરી દીધું.

ઉ. ૧૮૫- ઉજ્જૈનની ઉક્ત બ્રહ્માત્માઓ શ્રીજી સાહેબજીના ઉદ્દેશ્યની પૂર્તિ માટે જાગણી કાર્યમાં જીવનભર તેમની સાથે રહી.

ઉ. ૧૮૬- બુઢાનપુર થતાં શ્રી પ્રાણનાથજી જમાત સહિત ઔરંગાબાદ પહોંચ્યા. ત્યાં રાજા ભાવસિંહ હાડા રહેતાં હતા.

→ પ્રજાના પ્રિય, હિન્દુ ધર્મના પ્રતિ કટ્ટર અને હિમંતદાર રાજા હતા. ભાવસિંહમાં ધામનો જેટલો અંકુર હતો, તેઓએ તેટલો જ અખંડ જ્ઞાનનો લાભ લીધો.

ઉ. ૧૮૮- રાજા ભાવસિંહ શ્રીજી સ્વરૂપથી ચમત્કારોની અપેક્ષા (ઈચ્છા-આશા) કરવા લાગ્યા હતા. અતઃ એની વચ્ચે તે કાલચક્રના ગ્રાસ બની ગયા.

ઉ. ૧૮૯- રાજા ભાવસિંહના નિધનના પશ્ચાત તેની જગ્યા પર દજ્જાલ સ્વરૂપ અધર્મી ફતેહમહંમદ રાજગાદી પર બેઠો. રાજગાદી પર બેસતાં જ →

→ તેણે સૈનિકોની ફોજને હુકમ કર્યો, ''સાધુની જમાતને પકડી લાવો.

પ્ર. ૧૯૦- પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીએ કેવી રીતે બધાને પોતાની પનાહ (રક્ષણ-આશ્રય) તલે રાખ્યા ?

પ્ર. ૧૯૧- શ્રી રાજજીએ કુરાનના માધ્યમથી કોનો સંદેશો યાદ કરાવ્યો ?

પ્ર. ૧૯૨- કુરાનના ઉક્ત કિસ્સા દ્વારા કોણ મૂલ વાતો યાદ અપાવી રહ્યા છે ?

પ્ર. ૧૯૩- અસરાઈલ (સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી) ની સંતાન કોણ છે ? કુરાનમાં કહ્યું છે, ''ફેરુનને મૂસાએ પરાસ્ત કર્યા.'' તો અહીંયા ફેરુન કોણ છે અને મૂસા કોણ છે ? પુનઃ અહીંયા નીલ નદી કોને કહ્યું છે ?

ઉ. ૧૯૩- બની અસરાઈલ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી છે. તેમના બની-પુત્ર (નજરી પુત્ર) શ્રી મેહરાજ-શ્રી પ્રાણનાથજી છે તથા તેમની સંતાન-સુંદરસાથ જમાત ધામના મોમિન છે. કુરાનમાં કહ્યું છે, ''**મુસાએ ફેરુનને** →

પ્ર. ૧૯૪- અહીં કોણે, કોને અને શું આપ્યું ? કોનાથી સંપૂર્ણ ઊલઝનો (ગૂંચવણ) સુલઝી (ઉકલી) જશે ?

પ્ર. ૧૯૫- વીતકકાર અહીંયા બ્રહ્માત્માઓ-મોમિનોને શું કહી રહ્યા છે ? તે કોની કૃપાના પ્રતિ આભાર માનવાનું કહી રહ્યા છે અને કેમ ? તેઓએ એવું શું કર્યું, જેનાથી તેમના પ્રતિ આભાર માનવાનું કહ્યું છે ?

→ હું તેમને કેદમાં નાંખી દઈશ.''

ઉ. ૧૯૦- અક્ષરાતીત પ્રિયતમ શ્રી રાજજીએ પોતાની બધી આત્માઓને પોતાના આશ્રયમાં સુરક્ષિત રાખીને દજ્જાલરૂપ ફતેહમહંમદની આશાઓ પર પાણી ફેરવી દીધું.

ઉ. ૧૯૧- અક્ષરાતીત ધણી **''सब विध पियाजी समरथ''** એ કુરાનના માધ્યમથી સંદેશ મોકલીને પોતાની આત્માઓને અસરાઈલની સંતાનનો કિસ્સો (કહાણી) યાદ કરાવ્યો અને તેની પર વિચાર કરવાનું કહ્યું.

ઉ. ૧૯૨- કુરાનના કિસ્સા-મૂલ વાતો અર્થાત્ ફેરુન બાદશાહની સાથે મૂસા પયગંબરની લડાઈ દ્વારા શ્રીજી સ્વરૂપ કયામતના સમયની લડાઈની યાદ અપાવી રહ્યા છે.

→ **परास्त कर्या''.** અતઃ અહીંયા શ્રી પ્રાણનાથજી મૂસા પયગંબર છે. ફેરુન બાદશાહ સુલતાન ઔરંગઝેબ છે. કુરાનના અનુસાર નીલ નામક નદીમાં ફેરુનની ફોજ ડૂબીને મરી ગઈ હતી. ઔરંગઝેબની ફોજ (કાજી-કર્મચારી) નું મોહરૂપી સમુદ્ર-દસ વિધના દોજખરૂપી નદીમાં ડૂબવું જ નીલ નદીમાં ડૂબવું છે. ત્યાં ખુદાએ ફેરુનને નીલ નદીમાં ડૂબાડીને નષ્ટ કરી દીધા હતા અને મૂસા પયગંબરની રક્ષા કરી હતી.

ઉ. ૧૯૪- અહીં અક્ષરાતીત શ્રી રાજજીએ પોતાની આત્માઓને બ્રહ્મવાણી-કુલજમ પ્રદાન કરી છે. શ્રી રાજજી દ્વારા આપેલાં બ્રહ્મવચનો પર ધ્યાન આપવાથી સંપૂર્ણ ઊલઝન સુલઝી જશે.

ઉ. ૧૯૫- વીતકકાર સ્વામી શ્રી લાલદાસજી બ્રહ્માત્માઓના માટે આહ્વાન કરતાં કહી રહ્યા છે, ''હે ધામસ્થ સુંદરસાથજી ! પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીની કૃપાનો આભાર માનો કે તેઓએ કયા પ્રકારે દજ્જાલથી આપને સંઘર્ષ કરાવ્યો. પુનઃ કઈ રીતે આપને બચાવીને પોતાની →

→ પનાહમાં લઈ લીધા ! !'' તે પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીના પ્રતિ આભાર માનવાનું કહી રહ્યા છે કેમ કે શ્રી રાજજીએ દજ્જાલની સાથે →

❖ બુઢાનપુર ❖

પ્ર. ૧- મહામતિ શ્રી પ્રાણનાથજી પોતાના સુંદરસાથ સમાજની સાથે ઔરંગાબાદથી ક્યાં પહોંચ્યા અને ત્યાં પહોંચીને તેઓએ શું કાર્ય કર્યુ ?

પ્ર. ૨- એકવાર પુનઃ મોમિનોથી કટ્ટર કર્મકાંડી-શરિયત (શરાઅ) વાળાઓનો સંઘર્ષ ક્યાં થયો ?

પ્ર. ૩- ક્યાંથી, લાલદાસજી પેગામ લઈને ક્યાં, કોની પાસે ગયા ?

ઉ. ૩- બુઢાનપુરથી લાલદાસજી શ્રીજી સાહેબજીના આદેશાનુસાર સંદેશ લઈને →

પ્ર. ૪- શેખ ઇસ્લામ કાજીએ લાલદાસજીને ઘરની અંદર બોલાવીને શું પૂછ્યું ?

પ્ર. ૫- કાજી દ્વારા ઉક્ત પ્રકારથી પૂછવાથી લાલદાસ મહારાજે તેમને શું જવાબ આપ્યો ?

ઉ. ૫- કાજી શેખ ઇસ્લામ દ્વારા ઉક્ત પ્રકારથી પૂછવાથી લાલદાસ મહારાજે →

પ્ર. ૬- પુનઃ કાજીના પ્રશ્નોના જવાબ આપ્યા પછી કાજીથી લાલદાસજીએ શું માંગણી કરી ?

→ સંઘર્ષના દરમ્યાન મોમિનોની સુરક્ષા કરી તેમને પોતાની પનાહમાં લઈને બચાવી લીધા.

-(પ્રકરણ-૫૪, પ્રશ્ન-ઉત્તર નં.-૧૯૫, કુલ સં. ૩૬૨૦+૧૯૫=૩૮૧૫).

❖ બુઢાનપુર ❖

ઉ. ૧- મહામતિ શ્રી પ્રાણનાથજી ઔરંગાબાદથી પોતાના સુંદરસાથ સમાજને સાથે લઈને બુઢાનપુર પહોંચ્યા. ત્યાંથી તેઓએ બાદશાહ ઔરંગઝેબની પાસે પોતાનો સંદેશ મોકલ્યો.

ઉ. ૨- એકવાર પુનઃ મોમિનોને દિલ્લીમાં કટ્ટર કર્મકાંડી-શરિયત (શરાઅ) નું પાલન કરવાવાળા મુસલમાનોથી સત્યધર્મ માટે સંઘર્ષ કરવો પડ્યો.

→ કટ્ટર શરાઅ પર ચાલવાવાળા મુસલમાન અધિકારીઓની પાસે દિલ્લી પહોંચ્યા. ત્યાં પહોંચીને તેઓએ કાજી શેખ ઇસ્લામથી ભેટ કરી અને શ્રીજી દ્વારા લખેલો સંદેશ પત્ર તેમની પાસે મોકલી દીધા.

ઉ. ૨૫- મહામતિ સ્વરૂપને ચરણોમાં મોજાં પહેરાવવાની સેવા પહેલાં પ્રેમદાસભાઈએ પ્રેમપૂર્વક કરી. ત્યારબાદ એ જ સેવા બહુ રુચિ લઈને વલ્લભદાસજી કરવા લાગ્યા.

ઉ. ૨૬- શ્રી રાજજી-મહામતિ શ્રી પ્રાણનાથજી વેલ-બુટ્ટાદાર કુરતી પોતાના મનમાફક ક્યારે-ક્યારે પહેરે છે. ક્યારે-ક્યારે તે એની સાથે પહાડી સફેદ રંગનો કામળો (કંબલ) પણ ધારણ કરે છે.

→ પહેરાવે છે. તેમની સાથે-સાથે વસ્ત્ર પહેરાવવાની સેવામાં નંદરામભાઈ સંમિલિત રહે છે. પુનઃ શ્રીજીની કુરતીની કસ (ગાંઠ) બાંધવાની સેવા તો સ્વામી શ્રી લાલદાસજીની છે.

ઉ. ૨૮- લાલબાઈ આ સમયે લાલદાસજીની સાથે કુરતીની કસ બાંધવાની સેવામાં શામિલ રહે છે. તેમની સાથે આ સેવામાં મકરંદદાસ ત્યારે શામિલ થાય છે, જ્યારે લાલદાસજી ત્યાં ઉપસ્થિત ન રહેતાં.

પ્ર. ૨૯- આ વખત જ્યારે મહારાજા છત્રસાલ આવી પહોંચે છે, તો તે કઈ સેવા કરે છે ?

પ્ર. ૩૦- સેતખાન શું છે ? તે ક્યાં બન્યો છે અને ધણી શ્રી મહામતિ સ્વરૂપ ત્યાં કેમ જાય છે ?

ઉ. ૩૦- સેતખાન પયખાના (પૈખાના) ને અથવા તે સ્થાનને કહેવામાં આવે →

પ્ર. ૩૧- સેતખાનની સેવામાં કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૩૨- હરવંશભાઈનું ઘર કોના ઘરની પાસે છે ? હરવંશભાઈએ પોતાના ઘરમાં શ્રીજીની સેવાર્થ શું વ્યવસ્થા કરી રાખી છે ?

પ્ર. ૩૩- ધણી શ્રી પ્રાણનાથજીને પનહી (પગરખાં-ખડાઊં) પહેરાવવા અને સંભાળીને રાખવાની સેવા કોણે-કોણે કરી ?

ઉ. ૩૩- સર્વપ્રથમ ધણી શ્રી પ્રાણનાથજીને પનહી પહેરાવવાની અને જરૂરત ન →

પ્ર. ૩૪- શ્રી મહામતિ સ્વરૂપે રીઝીને પનહીની સેવા કોને આપી ? તે સેવા કોણ કરે છે ?

ઉ. ૩૪- વલ્લભદાસભાઈની સેવાથી રીઝીને પરબ્રહ્મ સ્વરૂપ મહામતિ શ્રી →

પ્ર. ૩૫- મહામતિ શ્રી પ્રાણનાથજીના માટે પાંવડો (આદરણીય વ્યક્તિને માર્ગ પર ચાલવા માટે બિછાવેલું કપડું) બિછાવવાની સેવા કોણ-કોણ કરે છે ?

પ્ર. ૩૬- લોટામાં જળ ભરીને લાવવાની સેવા કોણ કરે છે ? તે ક્યારે-ક્યારે આ સેવામાં તત્પર રહે છે ?

ઉ. ૨૯- આ વખત જ્યારે મહારાજા છત્રસાલ આવી પહોંચે છે, ત્યારે તેઓ શ્રીજી સાહેબજીની કુરતીની કસ બાંધવાની સેવામાં લાલદાસજીને સહયોગ આપવા લાગે છે.

→ છે, જ્યાં શૌચ, નિત્યકર્મ વગેરે કાર્ય કરવામાં આવે છે. આ સેતખાન ઘનશ્યામભાઈના ઘરમાં બનાવ્યો છે. ત્યાં ધણી શ્રી મહામતિ શૌચ વગેરે નિત્ય ક્રિયા માટે જાય છે.

ઉ. ૩૧- સેતખાનની સેવામાં ઘનશ્યામ અને હરવંશભાઈ શામિલ છે.

ઉ. ૩૨- હરવંશભાઈનું ઘર ઘનશ્યામભાઈના ઘરની પાસે જ છે. તેઓએ પોતાના ઘરમાં શ્રીજીની સેવાર્થ સેતખાનની વ્યવસ્થા કરી રાખી છે.

→ હોવાથી સંભાળીને રાખવાની સેવા નારાયણદાસે કરી હતી. આ સેવા થોડા દિવસો સુધી મોહનભાઈ દ્વારા પણ થઈ. મોહનભાઈના પછી એ જ સેવા ખિમાઈભાઈએ કરી.

→ પ્રાણનાથજીએ પનહી (ખડાઉં) પહેરાવવાની સેવા વલ્લભદાસભાઈને આપી દીધી. થોડા દિવસો સુધી આ સેવામાં ખિમાઈભાઈ પણ શામિલ રહ્યા. પરંતુ તેની ઉપરાંત પનહી પહેરાવવાની સેવા પુનઃ વલ્લભદાસજીની જ પાસે આવી ગઈ.

ઉ. ૩૫- મહામતિ શ્રી પ્રાણનાથજીના માટે પાંવડો બિછાવવાની સેવા બકાઈ અને કિસનીએ કરી.

ઉ. ૩૬- મહામતિ શ્રી પ્રાણનાથજી માટે લોટામાં જળ ભરીને લાવવાની સેવા કરવાવાળા ભાઈનું નામ છે શિવરામભાઈ. એ ભાઈ બંને સમય સવારે અને સાંજે આ સેવામાં તત્પર રહે છે.

પ્ર. ૩૭- શ્રીજીના હાથ લૂછવાની અને મુખવાસ માટે લવિંગ, એલચી વગેરે હાજર કરવાની સેવા કોણ-કોણ કરે છે ?

પ્ર. ૩૮- હરવંશભાઈ અને દેવકીબાઈનું ઘર ક્યાં છે અને તે બંને કઈ સેવા કરે છે ?

પ્ર. ૩૯- શીત ઋતુમાં હરવંશભાઈ અને દેવકીબાઈ સાથીઓ માટે કઈ સેવા કરે છે ?

ઉ. ૩૯- શીત ઋતુમાં હરવંશભાઈ અને દેવકીબાઈ સમસ્ત સાથ માટે મોટા- →

પ્ર. ૪૦- ગુલ મહંમદ અને દૌલતખાનભાઈએ થોડા દિવસો સુધી કોની સેવા કરી ?

પ્ર. ૪૧- સૂરજમુખી શું છે અને કેમ લેવામાં આવે છે ? સૂરજમુખી લઈને ચાલવાની સેવા કોણ કરે છે ?

ઉ. ૪૧- સૂરજમુખી એક પ્રકારનો પંખો છે, જેને સૂર્યના કિરણોને રોકવા માટે →

પ્ર. ૪૨- અમોલાબાઈ તથા પ્રભાવતીબાઈ કઈ સેવા કરે છે અને ક્યાં સુધી ?

પ્ર. ૪૩- શ્રી પ્રાણનાથજી જ્યારે ચાલે છે, તો તેમની બંને તરફ કોણ-કોણ રહે છે અને તે શું કરે છે ?

ઉ. ૩૭- શ્રીજીના હાથ લૂછવા માટે રૂમાલ તથા મુખવાસ માટે લવિંગ, એલચી વગેરે મસાલાના ડબ્બાને શ્રીજીની સેવામાં હાજર કરવાની સેવા વારી-વારીથી લાલબાઈ અને દયાલીબાઈ કરે છે.

ઉ. ૩૮- હરવંશભાઈ અને દેવકીબાઈનું ઘર એક પલાસના વૃક્ષની નીચે છે. એ બંને પ્રાતઃકાળ શ્રીજીના સાથે આવવાવાળા સુંદરસાથ ગરમ માટે જળ ભરીને રાખવાની સેવા કરે છે.

→ મોટા માટલાં ભરીને ગરમ જળની વ્યવસ્થા કરી દે છે. એટલું જ નહિ એ બંને બધા સુંદરસાથ માટે ગરમ જળ, ઝારી અને દાતણ પણ પહેલાંથી જ લાવીને રાખી દે.

ઉ. ૪૦- શીત ઋતુના સમયમાં સુંદરસાથ માટે મોટા-મોટા ઘડામાં ગરમ જળ ભરીને વ્યવસ્થિત રાખવાની સેવા થોડા દિવસો સુધી ગુલ મહંમદ અને દૌલતખાનભાઈએ પણ કરી.

→ પ્રયોગમાં લેવામાં આવે છે. હરવંશભાઈની ઘેર જતાં અને આવતાં સમયે સૂર્યના કિરણો ધણીના મુખ પર ન પડે, એટલા માટે સૂરજમુખીનો પ્રયોગ કરવામાં આવે છે. સૂરજમુખી લઈને શ્રીજીની પાછળ-પાછળ ચાલવાની સેવા બદલેભાઈ કરે છે.

ઉ. ૪૨- શ્રીજીની ઉપર પ્રાતઃકાળ ચંવર ડોલાવવાની સેવા અમોલાબાઈ અને પ્રભાવતીબાઈ કરે છે. એ બંને ત્યાં સુધી ચંવર ડોલાવતી રહે છે, જ્યાં સુધી કેશવદાસભાઈ આવી ન જતાં.

ઉ. ૪૩- શ્રી પ્રાણનાથજી જ્યારે ચાલે છે, તો તેમની બંને તરફ કેશવદાસ અને શંકર હજૂરી હાથમાં ચંવર લઈને ડોલાવતાં ચાલે છે.

પ્ર. ૪૪- ચાલતાં સમયે મહામતિ સ્વરૂપના સિર પર છત્ર લગાવવાની સેવા કોની છે ?

પ્ર. ૪૫- હરવંશભાઈના ઘેરથી પાછાં ફરતાં સમયે મહામતિ સ્વરૂપના માટે પાંવડો બિછાવવાની સેવા કોણે કરે છે ?

પ્ર. ૪૬- હિંમતભાઈ કોનાથી માંગીને, કઈ સેવા કરે છે ?

પ્ર. ૪૭- શ્રીજી સ્વરૂપનો હાથ પકડીને તેમને ખુરશી અથવા પલંગ પર બેસાડવાની સેવા કોણ કરે છે અને કેમ ?

પ્ર. ૪૮- શ્રીજીના ચરણ ધોવડાવ્યા પછી કઈ સેવા કરવામાં આવે છે ?

ઉ. ૪૮- શ્રીજી સ્વરૂપને ખુરશી કે પલંગ પર બેસાડીને તેમના ચરણ ધોવડાવ્યા →

પ્ર. ૪૯- શ્રી રાજજી સ્નાન કર્યા પછી પુનઃ શું કરે છે ?

પ્ર. ૫૦- ધણી શ્રી પ્રાણનાથજી ચિતવનીના દરમ્યાન સુંદરસાથને કઈ વાતનો અનુભવ કરાવે છે ?

પ્ર. ૫૧- ચિતવનીથી નિવૃત્ત થયા પછી ધણી શું કરે છે ?

પ્ર. ૫૨- ધણી જ્યારે ક્યારે-ક્યારે અનિશ્ચિત કાળ (અસમય) દાંત સાફ કરવા માટે પલંગ પર બેસે છે, ત્યારે તે સમય ત્યાં સેવામાં કોણ-કોણ રહે છે ?

ઉ. ૪૪- મહામતિ શ્રી પ્રાણનાથજી સ્વરૂપના ચાલતાં સમયે તેમના સિર પર છત્ર લઈને પાછળ-પાછળ ચાલવાની સેવા વલ્લભદાસભાઈની છે.

ઉ. ૪૫- હરવંશભાઈના ઘેરથી પાછાં ફરતી વખતે મહામતિ સ્વરૂપ માટે પાંવડો બિછાવવાની સેવા ધનબાઈ અને ધનશ્યામભાઈ કરે છે.

ઉ. ૪૬- હિંમતભાઈએ હિંમત કરીને લાલબાઈથી પાંવડો બિછાવવાની સેવા-કાર્ય માંગી લીધું અને તે સ્વયં નિત્ય પ્રતિ આ સેવા કરવા લાગ્યા.

ઉ. ૪૭- શ્રીજી સ્વરૂપનો હાથ પકડીને તેમને ખુરશી અથવા પલંગ પર બેસાડવાની સેવા ધનબાઈ અને રામકુંવરભાઈ કરે છે કેમ કે હવે ચરણ ધોવાનો વખત થયો છે.

→ પછી તખતથી નીચે ઉતરીને શ્રી ધણીજી પોતાના વસ્ત્ર ઉતારે છે. ત્યારબાદ તેમને ચંદનની ચોકી પર બેસાડીને સુગંધિત તેલ અને અત્તર વગેરેથી તેમના શરીરની માલિશ કરવામાં આવે છે.

ઉ. ૪૯- શ્રી રાજજી-મહામતિ શ્રી પ્રાણનાથજી સ્નાન કર્યા પછી સુગંધિત ચંદનનું તિલક પોતાના મસ્તક પર લગાડે છે.

ઉ. ૫૦- ધણી શ્રી પ્રાણનાથજી ચિતવની દ્વારા સમસ્ત સુંદરસાથને પરમધામનો અનુભવ કરાવે છે.

ઉ. ૫૧- ચિતવનીથી નિવૃત્ત થઈને મહામતિ સ્વરૂપ બંને ચરણ પલંગ પર રાખીને થોડા સમય માટે સૂઈ જાય છે.

ઉ. ૫૨- ધણી જ્યારે ક્યારે-ક્યારે દંતધાવન (દાંત અને મોં સાફ કરવા) માટે પલંગ પર બેસે છે, ત્યારે તે સમય દંતધાવનની સામગ્રીઓ તથા રૂમાલ વગેરે લઈને નારાયણદાસ અને કેશવદાસભાઈ-એ બંને જણ સેવામાં તત્પર રહે છે.

પ્ર. ૫૩- તે સમય મહામતિ સ્વરૂપ માટે દાતણ લઈને આવવાની સેવા કોણ કરે છે અને તે કેવા દાતણ લાવે છે ?

પ્ર. ૫૪- શરદીની ઋતુમાં પ્રતિદિન ગરમ અને ઠંડુ જળ મળાવીને વ્યવસ્થિત કરવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૫૫- ચિલમચી કોણ લઈને બેસે છે ? હાથ ધોવડાવ્યા પછી ચરણામૃત વહેંચવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૫૬- નૂર મહંમદ શ્રી રાજજી માટે કઈ સેવા કરે છે, જેને પછી તેઓએ ગુલ મહંમદને આપી દીધી ?

પ્ર. ૫૭- રૂપાબાઈથી રીઝીને શ્રી રાજજીએ તેમને કઈ સેવા પ્રદાન કરી ?

પ્ર. ૫૮- છબીલદાસ અને પાંખડીભાઈ-બંને મળીને વિભિન્ન સેવાઓમાંથી કઈ સેવા દ્વારા ધણીને પ્રસન્ન કરે છે ?

ઉ. ૫૮- શ્રી પ્રાણનાથજી સ્વરૂપને દિન-રાત વિભિન્ન સેવાઓ દ્વારા પ્રસન્ન →

પ્ર. ૫૯- આ વખતે મુકુંદદાસજી ઉપસ્થિત થઈને એકાગ્રચિત્ત દ્વારા કઈ સેવા કરે છે ? તેના પછી કનઢપી બાંધવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૬૦- મુકુંદદાસજી કોની ઉપર બાંધવા માટે, પહેલાંથી જ પોતાની પાસે શું તૈયાર રાખે છે ?

ઉ. ૫૩- તે સમય મહામતિ સ્વરૂપ માટે સોનાથી મઢેલું દાતણ લઈને છબીલદાસભાઈ બહુ સાવધાનીથી સેવામાં હાજર રહે છે.

ઉ. ૫૪- શરદીના ઋતુમાં પ્રતિદિન ગરમ અને ઠંડુ જળ મળાવીને વ્યવસ્થિત કરવાની સેવા કરવાવાળાભાઈનું નામ છે-છબીલદાસભાઈ.

ઉ. ૫૫- ચિલમચી હાથમાં લઈને નંદરામભાઈ બેસે છે. શ્રીજી સ્વરૂપના હાથ ધોવડાવીને ચરણામૃત વહેંચવાની સેવા શંકરભાઈ કરે છે.

ઉ. ૫૬- શ્રીજી સ્વરૂપના મુખ શુદ્ધિ માટે સુગંધિત મસાલો (ફુલમા) તૈયાર કરવા તથા ડબ્બામાં ભરીને લાવવાની સેવા નૂર મહંમદ કરે છે. આ સેવા બાદમાં તેઓએ ગુલ મહંમદને આપી દીધી.

ઉ. ૫૭- રૂપાબાઈથી રીઝીને શ્રી રાજજીએ તેમને હરડે પીસીને અને સમય-સમય પર જરૂરતના અનુસાર ખવડાવવાની સેવા પ્રદાન કરી. રૂપાબાઈ પ્રતિદિન તે જ સેવામાં સંલગ્ન (જોડાયેલી) રહે છે.

→ રાખતાં છબીલદાસભાઈ અને પાંખડીભાઈ તેમના માટે અમલ કાઢો (કહવા-ઉકાળો) લાવવાની સેવા પણ કરે છે તથા વિવિધ પ્રકારની રુચિકર વાતો દ્વારા ધણીને પ્રસન્ન કર્યા કરે છે.

ઉ. ૫૯- આ વખતે મુકુંદદાસજી ઉપસ્થિત થઈને બહુ ચતુરાઈથી એકાગ્રચિત્ત થઈને શ્રીજી સાહેબજીના સિર પર પાઘડી બાંધવા અથવા બંધાવાની સેવા કરે છે. તે પાઘડી પર કનઢપી બાંધવાની સેવા ગોદાવરીબાઈ કરે છે.

ઉ. ૬૦- મુકુંદદાસજી તુર્રાની ઉપર બાંધવા માટે પહેલાંથી જ પંખોની કલગી બનાવીને પોતાની પાસે તૈયાર રાખે છે. કલગીની ઉપર લટકતો તુર્રા વિશેષ શોભાથી શોભાયમાન જોવામાં આવે છે.

પ્ર. ૬૧- શ્રી પ્રાણનાથજીને પાગ (પાઘડી) બંધાવતાં સમયે કયું અથવા ક્યાંનુ પ્રકરણ ગાવામાં આવે છે ?

પ્ર. ૬૨- મુકુંદદાસજીની સાથે પાઘડી બાંધવાની સેવામાં કોણ સંમિલિત રહે છે અને તે શું કરે છે ?

પ્ર. ૬૩- પાઘડી બાંધતાં સમય શ્રીજી સાહેબજીને દર્પણ બતાવવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૬૪- અગરદાસભાઈની સાથે દર્પણની સેવામાં અન્ય કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૬૫- નિત્ય પ્રતિ જ્યારે પેચ મળાવીને શ્રીજીની પાઘડી બાંધવાની સેવા કરવામાં આવે છે, ત્યારે તે સમય દર્પણ લાવવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૬૬- શ્રી પ્રાણનાથજીના માટે તિલક લાવવા અને રાખવાની સેવા કોણ કરે છે ? તેમના પછી તે સેવા કોણે કરી ?

પ્ર. ૬૭- પાઘડીમાં કયા સ્થાન પર અત્યધિક પ્રકાશયુક્ત હીરા વિદ્યમાન છે ? કયા સ્થાનથી પ્રકાશની કિરણો ઉઠેલી જોવામાં આવે છે ?

ઉ. ૬૭- મહામતિ સ્વરૂપ દ્વારા પહેરેલી પાઘડીની કિનારમાં લટકતી ચંદ્રિકાની →

પ્ર. ૬૮- ઊકાભાઈ કલગી લઈને ક્યારે આવે છે અને તેમની કેવી સેવા વિશેષ રહે છે ?

ઉ. ૬૧- મહામતિ શ્રી પ્રાણનાથજીને પાગ બંધાવતાં સમયે શ્રી સાગર ગ્રંથમાં સ્થિત **''सिर पाग बांधी चतुराईसों, हकें पेच हाथ में ले''**-આ પ્રકરણ ગાવામાં આવે છે.

ઉ. ૬૨- પાઘડી બાંધતાં સમયે મુકુંદદાસજીની સાથે બીજા મુકુંદદાસભાઈ પણ સંમિલિત રહે છે. તે મુકુંદદાસજીને મદદ કરવા માટે પાઘડીની એક કિનાર (છેડો-છોર) પકડીને ઉભા રહે છે.

ઉ. ૬૩- પાઘડી બાંધતાં સમય શ્રીજી સાહેબજીની સન્મુખ અગરદાસભાઈ હાથમાં દર્પણ લઈને બહુ સાવધાનીથી દર્પણ બતાવવાની સેવા કરે છે.

ઉ. ૬૪- અગરદાસભાઈની સાથે દર્પણની સેવામાં સીતારામ, ગુલ મહંમદ અને બંશીદાસભાઈ પણ સંમિલિત રહે છે.

ઉ. ૬૫- નિત્ય પ્રતિ જ્યારે પેચ મળાવીને શ્રીજીની પાઘડી બાંધવાની સેવા કરવામાં આવે છે, ત્યારે તે સમય વિશેષરૂપથી અગરદાસભાઈ મન લગાવીને દર્પણ લઈને હાજર થઈ જાય છે.

ઉ. ૬૬- શ્રી પ્રાણનાથજી સ્વરૂપ માટે તિલક લાવવા અને રાખવાની સેવા થોડા દિવસો સુધી ઉદ્ધવદાસભાઈએ કરી. તેમના પછી તે જ સેવા છબીલદાસભાઈ કરવા લાગ્યા.

→ નીચેની કોર (કિનાર)માં જડેલાં હીરા અત્યધિક પ્રકાશયુક્ત વિદ્યમાન છે. પાગની ચારે તરફ લટકેલી મોતીઓની લડી (સેરો) થી પ્રકાશની કિરણો ઉઠેલી જોવામાં આવે છે.

ઉ. ૬૮- મહામતિ શ્રી પ્રાણનાથજી સ્વરૂપ જ્યારે પાઘડી બાંધીને સિંહાસન પર બિરાજમાન થાય છે, ત્યારે ઊકાભાઈ કલગી (પાઘડી પર લગાડવાનું) →

→ લઈને આવે છે. આ કલગી તે સ્વયં પોતાના હાથોથી પ્રેમપૂર્વક તૈયાર →

પ્ર. ૬૯- ફૂલોની ટોપલી ભરીને શ્રી પ્રાણનાથજીની પાસે લાવવાની સેવા કોણ-કોણ કરે છે ?

પ્ર. ૭૦- લલિતાબાઈ કોણ છે અથવા કોની છોકરી છે ? તેની સેવા શું છે ?

ઉ. ૭૦- લલિતાબાઈ મેરતાના સુંદરસાથ રાજારામભાઈની છોકરી છે, જે કુબ્જા →

પ્ર. ૭૧- મયારામભાઈની સેવા ઝોળી રાખવાની છે. અતઃ તે ઝોળી કેવી છે અને તેમાં શું-શું વસ્તુઓ રાખવામાં આવે છે ?

ઉ. ૭૧- મયારામભાઈની ઝોળી વિભિન્ન રંગોના વસ્ત્રોના ટુકડાથી બનેલી →

પ્ર. ૭૨- મયારામભાઈ ઉક્ત ઝોળી દ્વારા કઈ રીતે શ્રીજીની સેવા કરે છે ?

પ્ર. ૭૩- શ્રીજી સાહેબજીને જયારે અન્ય કોઈપણ વસ્તુની જરૂરત પડે છે, તો તે કોને યાદ કરે છે ?

પ્ર. ૭૪- આ વખતે મહારાજા છત્રસાલ આવીને કઈ સેવા કરે છે ?

પ્ર. ૭૫- શ્રી બાઈજૂરાજ આ સમય મનમાં અત્યંત પ્રસન્નતા લઈને કઈ સેવાર્થ શ્રીજી સાહેબજીની પાસે આવે છે ? તેમની સાથે અન્ય કોણ-કોણ આવે છે ?

પ્ર. ૭૬- શ્રીજીના શણગાર (સિનગાર)ના ભૂષણ લાવવાની સેવા કોણ કરે છે અને શ્રીજીને તે ભૂષણ પહેરાવવાની સેવા કોણ કરે છે ?

→ કરે છે. એ જ સેવા તેમની મનપસંદ અને વિશેષ સેવા છે.

ઉ. ૬૯- ધરમાબાઈ અને રામદાસભાઈ ફૂલ માળાઓ બનાવે છે અને તેને ટોપલીમાં ભરીને શ્રીજી સ્વરૂપની પાસે લાવવાની સેવા કરે છે.

→ (કુબડી) છે. તેમની ઉપર શ્રી રાજજીની બહુ મહેર છે. જ્યારે-જ્યારે અને જ્યાં-જ્યાં શ્રી રાજજી સ્વરૂપ બેસે અથવા ઉઠે છે, ત્યારે-ત્યારે અને ત્યાં-ત્યાં **''ખમ્મા-ખમ્મા''** ના જયઘોષ કરવો જ લલિતાબાઈની સેવા છે.

→ છે, જેમાં તે સંન્યાસ વેશની સંપૂર્ણ સામગ્રીઓ જેમ કે માળાઓ, ચિપ્પી (નારિયેળનું અડધું કાચલું), ચંદનની નાની-મોટી માળાઓ, ધાગા/દોરા, કોકડી અને નારિયેલના પાત્રમાં નાની-મોટી સોય સહિત અજમો, સૂંઠ, પીપર વગેરે પણ રાખે છે. ઝોળીની સાથે મયારામભાઈ ગોદડી પણ રાખે છે.

ઉ. ૭૨- મયારામભાઈ શ્રી રાજજીની આજ્ઞા થતાં જ ઉક્ત ઝોળીમાંથી ઈચ્છિત વસ્તુ કાઢીને શ્રી રાજજીની આગળ સમર્પિત કરી દે છે.

ઉ. ૭૩- શ્રીજી સાહેબજીને જયારે અન્ય કોઈપણ વસ્તુની જરૂરત પડે છે, તો તે તુરંત મયારામભાઈને યાદ કરે છે.

ઉ. ૭૪- આ વખતે જ્યારે મહારાજા છત્રસાલ આવી પહોંચતાં, તો તે શ્રીજી સ્વરૂપને આભૂષણ પહેરાવવાની સેવા કરવા લાગતાં. પોતાના હાથેથી ઉતારીને બદલી-બદલીને ધણીને પહેરાવે છે.

ઉ. ૭૫- શ્રી બાઈજૂરાજ આ સમય મનમાં અત્યંત પ્રસન્નતા લઈને શ્રીજીના શણગાર (સિનગાર)ના માટે આભૂષણ લઈને આવે છે. તેની સાથે ગોદાવરીબાઈ અને રુકમનીબાઈ પણ આવે છે.

ઉ. ૭૬- શ્રીજી સાહેબજીના શણગાર (સિનગાર)ના આભૂષણ ચાંદીની થાળીમાં ભરીને રૂમાલથી ઢાંકીને લાવવાની સેવા શ્રી બાઈજૂરાજની છે. પરંતુ તે →

→ આભૂષણો દ્વારા શ્રીજીનો સિનગાર કરવાની સેવા બ્રહ્મમુનિઓના →

પ્ર. ૭૭- શ્રીજી સાહેબજીના સિનગારમાં કયા-કયા નામવાળા આભૂષણ છે અને તે કેવા છે ?

ઉ. ૭૭- શ્રીજી સાહેબજીના સિનગારમાં મોતીઓની બે માળાઓ, સોનાની જંજીરો, નંગોથી જડેલો દુગદુગીનો હાર વગેરે સુશોભ્ય છે. એની →

પ્ર. ૭૮- શ્રી બાઈજૂરાજ પોતાના મંદિર (કોઠી) થી ક્યારે આવે છે અને પાછાં ક્યારે જાય છે ?

પ્ર. ૭૯- શ્રી આઈજી (સાસુ) બાલભોગ લઈને ક્યારે આવે છે ? તે જ સમય રતનબાઈ શું લઈને આવે છે ?

પ્ર. ૮૦- શ્રીજી સાહેબજી જ્યારે બાલભોગ આરોગે છે, ત્યારે અન્ય સુંદરસાથ શું કરે છે ?

પ્ર. ૮૧- બાલભોગ આરોગતાં સમયે કટોરા ભરીને જળ આપવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૮૨- આ સમય આશબાઈ શ્રી રાજજીને શું અરજ કરે છે ?

પ્ર. ૮૩- રત્નજડિત ખડાઊં લઈને આવવાની સેવા કોણ કરે છે અને ક્યારે ?

પ્ર. ૮૪- માનિકના ઘેર જતાં સમયે શ્રીજીના માટે પાંવડો બિછાવવાની સેવા કોણ-કોણ કરે છે ?

→ સરદાર મહારાજા છત્રસાલ કરે છે.

→ સાથે તે સોનાની દોહરી (બે સેર) જંજીર, ચંપકલી તથા નવસર-નવ લડી (સેરો) નો હાર અને બધાની ઉપર ત્રણ લડી(સેર) ની કંઠી પણ ધારણ કરે છે. હાથની આંગળીઓમાં રત્નજડિત સુવર્ણની અંગુઠીઓ છે. ત્રણ સેરોના હારની ઉપર કંઠી અત્યધિક શોભાયમાન છે.

ઉ. ૭૮- શ્રીજી સાહેબજીના સિનગારના સમયથી પહેલાં જ શ્રી બાઈજૂરાજ આભૂષણાદિ લઈ આવે છે. આભૂષણાદિ પહેરાવીને શ્રી બાઈજૂરાજ પોતાના મંદિર (કોઠી) પાછાં જાય છે.

ઉ. ૭૯- સિનગારના પછી શ્રી આઈજી શ્રીજીને બાલભોગ આરોગાવવા આવે છે. તે જ સમય રતનબાઈ મગ લઈને પહોંચી જાય છે.

ઉ. ૮૦- શ્રીજી સાહેબજીના બાલભોગ આરોગવાના સમયમાં અન્ય અનેકો સુંદરસાથ પણ પોત-પોતાના ઘેરથી સારી સ્વાદિષ્ટ વસ્તુઓ લઈને આવે છે. શ્રીજી પ્રેમપૂર્વક વિવિધ વ્યંજન ગ્રહણ કરે છે.

ઉ. ૮૧- બાલભોગ આરોગતાં સમય વચ્ચે પ્રેમાનંદમાં વિભોર છબીલદાસભાઈ કટોરો ભરીને જળ આપવાની સેવા કરે છે.

ઉ. ૮૨- આ સમય આશબાઈ ઉપસ્થિત થઈને પોતાના ધણીને અરજ કરે છે, ''હે મારા ધામધણી! હવે આપ માનિકના ઘેર પધારવાની કૃપા કરો.''

ઉ. ૮૩- જ્યારે શ્રી રાજજીને ક્યાંય ચાલવાનો સમય થાય છે, ત્યારે તુરંત વલ્લભદાસ રત્નજડિત ખડાઊંના જોડા આગળ લાવીને રાખવાની સેવા કરે છે.

ઉ. ૮૪- માનિકભાઈના ઘેર પધારતાં સમયે શ્રીજીના માટે પાંવડો બિછાવવાની સેવા લાલબાઈ કરે છે. તેમની સાથે-સાથે કિસની પણ આ સેવામાં પ્રેમથી મદદ કરે (હાથ બટાવે) છે.

પ્ર. ૮૫- પલંગથી ઉઠતાં સમયે શ્રીજીને સહારો આપવાની સેવા કોણ-કોણ કરે છે ?

પ્ર. ૮૬- પાંવડા પર ચાલતાં સમયે હાથ પકડવાની સેવામાં કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૮૭- આ વખતે જો મહારાજા છત્રસાલજી ત્યાં પહોંચી જાય છે, તો તે કઈ સેવા કરે છે ?

પ્ર. ૮૮- લાલદાસજીના બદલે ક્યારે-ક્યારે શ્રીજીનો હાથ પકડીને ચાલવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૮૯- ચાલતાં સમયે રસ્તાની વચ્ચે રાહ રોકીને શ્રીજીને હસાવવાની સેવા કરવાવાળી કોણ છે ? એમની કઈ સેવા દ્વારા ધણી અત્યંત આનંદિત થાય છે ?

પ્ર. ૯૦- લટકતી-મટકતી અર્થાત્ મનમોહિત કરી દેવાવાળી ચાલથી ચાલતાં સમયે શ્રીજીની સાથે અન્ય કોણ-કોણ ચાલે છે ? તેમાંથી પ્રમુખ ભાઈનું નામ શું છે ?

પ્ર. ૯૧- માનિકભાઈ આ સમય પોતાના ઘરમાં શું તૈયારી કરી રાખે છે ?

પ્ર. ૯૨- શ્રીજી સાહેબજીને સન્માન સહિત પોતાના ઘરમાં બિરાજમાન કરાવવાની સેવાનો લાભ દૈનિક કોણ લે છે ?

પ્ર. ૯૩- માનિકભાઈના ઘરથી લાગીને કોનું ઘર છે, જ્યાં પધારીને શ્રીજી સાહેબજી સુંદરસાથની ઈચ્છા પૂરી કરે છે ?

ઉ. ૮૫- પલંગથી ઉઠતાં સમયે શ્રીજીને એક બાજુથી ધનબાઈ અને બીજી બાજુથી લાલદાસજી હાથ પકડીને શ્રીજીને સહારો આપે છે.

ઉ. ૮૬- પાંવડા પર ચાલતાં સમયે શ્રીજી એક બાજુથી ગંગાદાસભાઈનો હાથ પકડે છે, તો બીજી બાજુથી લાલદાસજી તેમને સહારો આપે છે.

ઉ. ૮૭- આ વખતે જો મહારાજા છત્રસાલજી ત્યાં પહોંચી જાય છે, તો તે શ્રીજીનો હાથ પકડીને તેમને ઉઠાવવાની સેવા કરવા લાગે છે.

ઉ. ૮૮- લાલદાસજીના બદલે ક્યારે-ક્યારે શ્રીજીનો હાથ પકડીને ચાલવાની વિશેષ સેવા લાલબાઈ પણ કરે છે.

ઉ. ૮૯- ચાલતાં સમયે રસ્તાની વચ્ચે આડી ઊભી થઈને શ્રીજીને હસાવવાની સેવા કરવાવાળી છે-લાલબાઈ. લાલબાઈની એ જ સેવાથી શ્રીજી અત્યંત આનંદિત થાય છે.

ઉ. ૯૦- લટકતી-મટકતી અર્થાત્ મનમોહિત કરવાવાળી ચાલથી ચાલતાં સમયે શ્રીજીની સાથે વાણી ગાન કરવાવાળા સુંદરસાથ પણ ચાલે છે. સાથે ચાલવાવાળાઓમાં શંકરદાસ પ્રમુખ છે.

ઉ. ૯૧- માનિકભાઈ આ સમય શ્રીજી સાહેબજીના આગમનની તૈયારીમાં પોતાના ઘરમાં ગાદી, બિછોના (ચાદર), ગાદીના ઉપર ચંદરવો લગાડવા અને તકિયા વગેરે રાખવાની તૈયારી કરીને રાખે છે.

ઉ. ૯૨- શ્રીજી સાહેબજીને સન્માન સહિત પોતાના ઘરમાં બિરાજમાન કરાવવાની સેવાનો લાભ દૈનિક સુઆબાઈ લીધા કરે છે.

ઉ. ૯૩- માનિકભાઈના ઘરથી લાગીને ગંગાદાસભાઈનું ઘર છે. શ્રીજી સાહેબજી ગંગાદાસભાઈના ઘરમાં પધારીને પણ સુંદરસાથની ઈચ્છાપૂર્તિ કરે છે.

પ્ર. ૯૪- જે-જે સ્થાન પર મહાપ્રભુ શ્રી પ્રાણનાથજી પહોંચે છે, ત્યાં પહોંચીને જયઘોષ લગાડવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૯૫- કોણ શ્રીજીનો હાથ પકડીને તેમને ઉઠાડવા અને બેસાડવાની સેવામાં સદૈવ તત્પર રહે છે ?

પ્ર. ૯૬- સર્વપ્રથમ ચંવર ડોલાવવાની સેવા કરવાવાળા ભાઈઓમાં કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૯૭- માનિકભાઈના ઘેરથી પાછાં ફરતાં સમયે શ્રીજી સ્વરૂપના માટે ચંવર ડોલાવવાની સેવામાં કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૯૮- બીજી તરફ ચંવર હાથમાં લઈને શ્રીજીની સાથે કોણ ચાલે છે ? આ રત્નો અને નંગોથી જડેલું ચંવર કોના હાથમાં રહે છે ?

પ્ર. ૯૯- વલ્લભદાસભાઈની સાથે અન્ય કોણ-કોણ રહે છે, જે પોતાની સેવા બહુ ધ્યાનથી કરે છે ?

પ્ર. ૧૦૦- પૂર્ણ વિશ્વાસની સાથે મહેનતથી સેવા કરવાવાળાભાઈ કોણ છે ?

પ્ર. ૧૦૧- મહામતિ સ્વરૂપ માનિકભાઈના ઘેરથી પાછાં સમયે કેવી ચાલ ચાલીને આવે છે ?

ઉ. ૯૪- મોટા મૂલચંદ મોદી હંમેશાં શ્રીજીની સાથે-સાથે ચાલે છે અને જે-જે સ્થાન પર મહાપ્રભુ શ્રી પ્રાણનાથજી પહોંચે છે, ત્યાં-ત્યાં તે **''ધામ ધણીની જય''**-આ પ્રકારનો જયઘોષ લગાવીને ચાલે છે.

ઉ. ૯૫- ગૌરબાઈ શ્રીજીનો હાથ પકડીને તેમને ઉઠાડવા અને બેસાડવાની સેવામાં સદૈવ તત્પર રહે છે.

ઉ. ૯૬- શ્રી પ્રાણનાથજી સ્વરૂપની બંને બાજુ ચંવર ડોલાવવાની સેવા સર્વપ્રથમ નંદરામજી અને કેશવદાસજી કરે છે.

ઉ. ૯૭- માનિકભાઈના ઘેરથી પાછાં ફરતાં સમયે હાથમાં ચંવર લઈને ડોલાવવાની સેવા ગંગારામભાઈ અને કેશવદાસભાઈ કરે છે.

ઉ. ૯૮- બીજી તરફ શંકરદાસભાઈ ચંવર હાથમાં લઈને શ્રીજી સાહેબજીના સાથે ચાલે છે. એ રત્નો અને નંગોથી જડેલું ચંવર વલ્લભદાસભાઈના હાથમાં રહે છે.

ઉ. ૯૯- ખુશાલદાસ અને બખતાવરભાઈ સદૈવ વલ્લભદાસભાઈની સાથે સેવામાં ઉપસ્થિત રહે છે. એ બંને ભાઈ પોતાની સેવા બહુ મન લગાવીને અને બહુ ધ્યાનથી સેવા કરે છે.

ઉ. ૧૦૦- વલ્લભદાસભાઈની સાથે મુહમ્મદખાન રહે છે. એ બહુ જ મહેનતથી તથા પ્રેમપૂર્વક તેમજ શ્રીજીના પ્રતિ દૃઢ નિષ્ઠા અને વિશ્વાસ લઈને સેવા કર્યા કરે છે.

ઉ. ૧૦૧- શ્રી મહામતિ સ્વરૂપ માનિકભાઈના ઘેરથી પાછાં ફરતાં સમયે મનને મોહિત કરી દેવાવાળી લટકતી-મટકતી ચાલ ચાલીને આવે છે અને આવીને પલંગ પર બિરાજમાન થાય છે.

પ્ર. ૧૦૨- મુરલીધરભાઈ આ સમય સદૈવ કેમ ઉપસ્થિત રહે છે ? બહુ મનોયોગથી ચર્ચા સાંભળવાવાળા ભાઈ કોણ છે ?

પ્ર. ૧૦૩- સ્વામી શ્રી પ્રાણનાથજી જ્યારે માનિકભાઈના ઘેરથી પાછાં ફરે છે, ત્યારે કેટલો સમય થાય છે ?

પ્ર. ૧૦૪- શ્રીજી સાહેબજી કયા સમયે પલંગ પર સ્થિત ગાદીમાં બિરાજમાન થાય છે અને કેમ ?

પ્ર. ૧૦૫- સવારની ચર્ચા-કથાનો નિશ્ચિત સમય કયો છે ? સવારે કેટલાં વાગ્યાથી, કેટલા વાગ્યા સુધી ચર્ચા થાય છે ?

❖ બીજો પ્રહર ❖

પ્ર. ૧- બીજો પ્રહર ક્યાંથી, ક્યાં સુધીનો છે ? આવા નશ્વર સંસારમાં આ પ્રકારની લીલાનો અનુભવ કરવો કોની દયાનું પ્રતિફળ છે ?

પ્ર. ૨- પલંગની પાસે બંને તરફ કોણ-કોણ બેસે છે ? એ બંને શ્રીજી સ્વરૂપને કેવી રીતે રીઝાવે છે ?

પ્ર. ૩- સ્વામી શ્રી પ્રાણનાથજી ચર્ચાના સમયે ક્યાંની, કેવી લીલાનો અનુભવ કરાવે છે ?

પ્ર. ૪- બ્રહ્મનિષ્ઠ મોમિન આ નશ્વર શરીર દ્વારા જ ક્યાંના સુખોનો અનુભવ કરે છે ?

ઉ. ૧૦૨- મુરલીધરભાઈ આ સમય સદૈવ ચર્ચા સાંભળવા માટે ઉપસ્થિત રહે છે. બહુ મનોયોગથી ચર્ચા સાંભળવાવાળા ભાઈ એ જ છે.

ઉ. ૧૦૩- સ્વામી શ્રી પ્રાણનાથજી જ્યારે માનિકભાઈના ઘેરથી પાછાં ફરે છે, ત્યારે સવારના ઠીક/બરોબર નવ વાગે છે.

ઉ. ૧૦૪- શ્રીજી સાહેબજી પલંગ પર સ્થિત ગાદીમાં પ્રહર દિન ચઢતાં બરાબર નવ વાગે બિરાજમાન થાય છે કેમ કે નિશ્ચિતરૂપેણ હવે ચર્ચાનો સમય થયો છે.

ઉ. ૧૦૫- પ્રતિદિન સવારનો સમય ચર્ચા-કથાનો નિશ્ચિત સમય બરાબર નવ વાગે છે. સવારે બરાબર નવ વાગ્યાથી લઈને સવા અગિયાર વાગ્યા સુધી ચર્ચા થાય છે.

-(પ્રકરણ-૬૩, પ્રશ્ન-ઉત્તર નં.-૧૦૫, કુલ સં. ૪૫૧૬+૧૦૫=૪૬૨૧).

❖ બીજો પ્રહર ❖

ઉ. ૧- બીજો પ્રહર પ્રાતઃ નવ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધી છે. સેવા વિષયની લીલાનો અનુભવ પરબ્રહ્મ અક્ષરાતીત ધણીની કૃપા-દયાના પ્રતિફળ જ આ ધરતી પર અવતરિત થયો છે.

ઉ. ૨- પલંગની પાસે એક બાજુ શ્રી લાલદાસજી અને બીજી બાજુ શ્રી કેશવદાસજી બેસે છે. એ બંને જણ શ્રીજી સ્વરૂપને પ્રતિદિન કુરાન અને હદીસા વાંચીને રીઝાવ્યા કરે છે.

ઉ. ૩- ધામધણી મહામતિ શ્રી પ્રાણનાથજી ચર્ચાના દરમ્યાન શ્રી પરમધામના પચીસ પક્ષની અખંડલીલાનો અનુભવ કરાવે છે.

ઉ. ૪- શ્રી અક્ષરાતીત ધામની બ્રહ્મનિષ્ઠ આત્માઓ આ નશ્વર-ક્ષણભંગુર શરીર દ્વારા જ અદ્વૈત ધામના સુખોનો અનુભવ ચર્ચાના માધ્યમથી કરે છે.

પ્ર. ૫- ધામધણી શ્રી પ્રાણનાથજી આ વખત બહુ પ્રેમથી કોને બોલાવે છે અને કેમ ?

ઉ. ૫- ધામધણી મહામતિ શ્રી પ્રાણનાથજી આ વખત બહુ પ્રેમથી કહે છે, →

પ્ર. ૬- કાકા બહુ પ્રેમથી કઈ સેવા દ્વારા શ્રીજી સાહેબજીને રીઝાવે છે ?

પ્ર. ૭- કાકા પોતાની થેલીમાં અન્ય સામગ્રીઓના સિવાય બીજું શું રાખે છે ? શ્રીજીની આજ્ઞા થતાં જ તે કઈ સેવા કરે છે ?

ઉ. ૭- કાકા પોતાની થેલીમાં વિભિન્ન સામગ્રીઓ સહિત થોડા રૂપિયા-પૈસા →

પ્ર. ૮- ચોક્કસ (યોગ્ય) સમયમાં જંગોટા ઉપસ્થિત કરવાની સેવા કોણ ભાઈ કરે છે, જેનાથી શ્રી રાજજી પ્રસન્ન થઈને તે જંગોટા લઈ લે છે ?

પ્ર. ૯- પંજા શું છે અને કેવો છે તથા ક્યારે પ્રયોગમાં લેવામાં આવે છે ? પંજાની સેવા કોની છે ?

ઉ. ૯- જ્યાં હાથ નથી પહોંચી શકતો, ત્યાં ખંજવાળવા માટે શ્રીજી સાહેબજી →

પ્ર. ૧૦- હુસૈન સાહેબ કોણ હતા ? તેમની રચના ''હુસૈની તફસીર'' લઈને કોણ આવે છે અને શું કરે છે ?

પ્ર. ૧૧- દુંદરાયભાઈની મુખ્યાતિમુખ્ય સેવા કેઈ છે ? તેઓ સિર પર લીધેલું કયું ઉત્તરદાયિત્વ બહુ મનથી પૂરું કરે છે ?

→ ''અરે ! જલદીથી જલદી કાકાને બોલાવો ! !'' કેમકે આ સમય ચર્ચાનો સમય છે અને ચર્ચાના પૂર્વે બંને તરફ રેહલ (રેલ) રાખીને તેના પર પુસ્તકો પધરાવવા તથા અન્ય વ્યવસ્થા મળાવવાની સેવા કાકાની જ છે.

ઉ. ૬- ચર્ચાની સંપૂર્ણ સામગ્રીઓની સાથે-સાથે પુસ્તકોને એક મોટા સંદૂક (પેટી) માં પુસ્તકાલયની જેમ વ્યવસ્થિત રાખવું જ કાકાની સેવા છે. એ જ સેવા દ્વારા તે શ્રીજી સાહેબજીને રીઝાવે છે.

→ પણ રાખે છે. શ્રીજીને જ્યારે કોઈને આપવા માટે પૈસાની જરૂરત પડતી, તો તે તુરંત કાકાને યાદ કરતા. આજ્ઞા થતાં જ કાકા તુરંત ઉચિત રાશિ કાઢીને શ્રીજીને આપી દે છે.

ઉ. ૮- પ્રતિદિન ચર્ચાના સમય જંગોટા (છોટા તકીયા જાંઘની આગળ રાખવા) ઉપસ્થિત કરવાની સેવા વાઘજીભાઈ કરે છે. તેમની આ સેવા દ્વારા પ્રસન્ન થઈને શ્રીજી સાહેબજી બેસતાં સમય સહારો લેવા માટે જંગોટા લઈ લે છે.

→ પંજાનો પ્રયોગ કરે છે. આ પંજો અત્યંત આનંદદાયી, સુન્દર અને શોભાયુક્ત છે. એનો પ્રયોગ ચર્ચાના સમયે શ્રીજી સાહેબજી પીઠ ખંજવાળવા માટે કર્યા કરે છે. પંજાની સેવા વનમાળીદાસભાઈની છે.

ઉ. ૧૦- હુસૈન સાહેબ મહંમદની જમાતમાં સ્થિત અલીનો પુત્ર હતો. ચર્ચાના સમયે તેમના દ્વારા રચિત ''**હુસૈન તફસીર**'' લઈને દુંદરાયભાઈ આવે છે અને શ્રીજી સાહેબને તફસીરના હરફ વાંચીને સંભળાવે છે.

ઉ. ૧૧- સદૈવ ધામધણી શ્રીજી સાહેબજીની સમીપ બેસવું જ દુંદરાયભાઈની મુખ્યાતિમુખ્ય સેવા છે. એ ભાઈ કયામત (જાગણી) ના સંદેશને સુંદર →

→ અક્ષરોમાં પત્રમાં લિપિબદ્ધ કરીને યથાસ્થાન મોકલવાના કાર્યને પોતાના →

પ્ર. ૧૨- ગોવિંદરાય અને ટેકચંદભાઈ ક્યારેક-ક્યારેક કોની વીતક વાંચીને સંભળાવે છે ? કુરાનમાં ''ગાજી મિસલ'' નામથી કોને પુકારવામાં આવ્યા છે ?

ઉ. ૧૨- ગોવિંદરાય અને ટેકચંદભાઈ ક્યારેક-ક્યારેક સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી →

પ્ર. ૧૩- બદ્રીદાસજીએ કેટલાં સમય સુધી વાકા (મુખથી નીકળેલાં શબ્દો) લખ્યું ? એમની પ્રમુખ સેવા કઈ છે ?

પ્ર. ૧૪- પોહોકર-પુષ્કરભાઈ કોને સેવાકાર્યમાં સહયોગ આપે છે ?

પ્ર. ૧૫- દેવીદાસભાઈ કઈ સેવા દ્વારા ધણી શ્રીજી સાહેબજીને રીઝાવે છે ?

પ્ર. ૧૬- વાણી લખવા માટે સદા તત્પર રહેવાવાળા ભાઈ કોણ-કોણ છે ? તેમના નામ લખો ?

ઉ. ૧૬- હંમેશાં પાસે બેસીને વાણી લખવા માટે તત્પર રહેવાવાળા ભાઈઓમાં →

પ્ર. ૧૭- ઉક્ત સુંદરસાથ વાણી તો લખે છે, પરંતુ કેવી વાણી ? ભાગવતની, હદીસોની યા કુરાનની ? સ્પષ્ટ કરો.

પ્ર. ૧૮- હીરામનભાઈ કેવી વાણી ઉતારવામાં દિલચસ્પી રાખે છે ?

→ સિર પર આવેલું દાયિત્વ (જવાબદારી) સમજીને બહુ મનથી પૂરું કરે છે.

→ અને તેમના દ્વારા જાગૃત થયેલી ૩૧૩ ધર્મવીર આત્માઓની વીતક વાંચીને સંભળાવે છે. કુરાનમાં એ જ બંનેને ''ગાજી મિસલ'' કહ્યું છે. અતઃ ગાજી-શ્રી દેવચંદ્રજી છે અને મિસલ-તેમની ૧૨૦૦૦ બ્રહ્માત્માઓની જમાત છે.

ઉ. ૧૩- ચર્ચામાં શ્રી બદ્રીદાસભાઈ પણ બેસે છે. જેઓએ એક વર્ષ સુધી વાકા લખ્યું. શ્રીજી સ્વરૂપ દ્વારા જોયેલી તેમજ વર્ણિત ઘટનાઓ લખવી જ એમની મુખ્ય સેવા છે.

ઉ. ૧૪- પોહોકર-પુષ્કરભાઈ શ્રી બદ્રીદાસભાઈની સાથે રહીને તેમને સેવા-કાર્યમાં સહયોગ આપે છે.

ઉ. ૧૫- શ્રી દેવીદાસભાઈ શ્રીજી સાહેબજીના શ્રી મુખથી અવતરિત વાણીને લખે છે અને તે જ વાણી સંભળાવીને શ્રીજી સાહેબજીને રીઝાવાની સેવા કરે છે.

→ મથુરાભાઈ, તિમરભાઈ, પરશુરામભાઈ, પદમિયાંભાઈ, બીરિયાભાઈ, સૂરતસિંહભાઈ અને મકનિયાભાઈ છે. એ બધા ભાઈ અવતરિત વાણીને વિધિવત્ ઢંગથી લિપિબદ્ધ કરવાની સેવા કરે છે.

ઉ. ૧૭- ઉક્ત સુંદરસાથ ન ભાગવત, ન કુરાન, ન હદીસો અથવા પુરાણોની વાણી લખે છે. તેઓ તો ચર્ચાના દરમ્યાન શ્રીજી સ્વરૂપના શ્રી મુખથી અવતરિત વાણી લખે છે.

ઉ. ૧૮- હીરામનભાઈ તો કેવળ સારગર્ભિત (મહત્વપૂર્ણ-પ્રભાવકારી) વાણીને જ પ્રેમપૂર્વક ઉતારવામાં દિલચસ્પી રાખે છે.

પ્ર. ૧૯- ચર્ચાના સમયે શ્રીજી સાહેબજીના સમીપ બેસવાવાળા શું કરે છે ? તે લોકો શ્રીજીના અત્યંત સમીપ કેમ બેસી રહે છે ?

ઉ. ૧૯- ચર્ચાના સમયે શ્રીજી સાહેબજીના સમીપ બેસવાવાળા સુંદરસાથ શ્રીજીના →

પ્ર. ૨૦- મોહનાભાઈ કઈ સેવા કરે છે ? પુનઃ ભવનદાસ ચર્ચામાં કેવી રીતે બેસે છે તથા તેમની સાથે તે જ રીતે કોણ ભાઈ ધ્યાનપૂર્વક ચર્ચા સાંભળે છે ?

ઉ. ૨૦- મોહનાભાઈ શ્રીજીની પાસે બેસીને બહુ પ્રેમથી અવતરિત વાણી લખે →

પ્ર. ૨૧- ''ભાગ્યશાળી બડભાગી આત્માઓ માટે ભવિષ્યમાં આ વાણી કામ આવશે''-એવું સમજીને શ્રીજીની ચર્ચામાં બેસીને અવતરિત વાણી લખવાની સેવા કરવાવાળા દૂરદર્શીભાઈ કોણ છે ?

પ્ર. ૨૨- કેવી ચર્ચા સાંભળવા માટે ગોવિંદજી મિશ્ર ધામધણીની સમીપ બેસે છે ?

ઉ. ૨૨- શ્રી ધામધણી ચર્ચાના દરમ્યાન પ્રસંગ આવવાથી વિભિન્ન શાસ્ત્રો જેમ →

પ્ર. ૨૩- પ્રતિદિન ચર્ચા શ્રવણમાં ઉપસ્થિત થઈને ચર્ચા શ્રવણ દ્વારા અન્ય લોકોને પણ લાભ પહોંચાડવાવાળા વ્યક્તિ કોણ છે તથા તે કઈ રીતે અન્ય સુંદરસાથને લાભ પહોંચાડે છે ?

ઉ. ૨૩- પ્રતિદિન ચર્ચાના ઠીક સમય પર ચર્ચા શ્રવણમાં આવીને વિરાજમાન →

પ્ર. ૨૪- મહામતિ શ્રી ધામધણી કેવી વાણી દ્વારા ચર્ચા કરે છે ? પુનઃ સુંદરસાથની આત્મતૃપ્તિ માટે તે શું કરે છે ?

ઉ. ૨૪- મહામતિ શ્રી પ્રાણનાથજી અત્યંત મીઠી-મધુરવાણીમાં ચર્ચા સંભળાવીને →

→ શ્રી મુખથી અવતરિત વાણી લખે છે. શ્રીજીના શ્રી મુખથી નીકળેલાં શબ્દ સ્પષ્ટતઃ સાંભળી શકે, એટલા માટે તે લોકો શ્રીજીના અત્યંત સમીપ બેસી રહે છે.

→ છે અને પોતાના ધણીને પ્રેમપૂર્વક સંભળાવે છે. તેમની સાથે ભવનદાસભાઈ પણ એક આસનમાં અડગ થઈને ચંચળ મનને વશમાં કરીને ચર્ચા શ્રવણ કરે છે. એમની પાછળ-પાછળ ગિરધરભાઈ પણ ધ્યાન દઈને ચર્ચા સાંભળવામાં પાછળ હટતા નથી.

ઉ. ૨૧- **''ભાગ્યશાળી બડભાગી આત્માઓ માટે ભવિષ્યમાં આ વાણી કામ આવશે''**-એવું સમજીને શ્રીજીની ચર્ચામાં બેસીને શ્રીજીના શ્રી મુખથી અવતરિત વાણીને લખીને રાખવાવાળાભાઈનું નામ છે-હરિદાસજી.

→ કે ભાગવત, ગીતા આદિની રહસ્યપૂર્ણ વાતોનું સ્પષ્ટીકરણ કરીને સમજાવ્યા કરે છે. અતઃ એવી જ ગહેરી ચર્ચાને ધ્યાન દઈને શ્રવણ કરવા માટે ગોવિંદજી મિશ્ર ધામધણીના સમીપ બેસે છે.

→ થવાવાળી પ્રમુખ આત્માનું નામ છે-મહારાજા છત્રસાલ. જ્યારે તે આવીને ધ્યાન આપીને/દઈને ચર્ચા શ્રવણ કરવા લાગે છે, ત્યારે તે વખત ચર્ચા મંડાણનું વાતાવરણ જ બદલાઈ જાય છે. આ રીતે મહારાજા છત્રસાલ અન્યને પણ ચર્ચા શ્રવણ વિષયમાં લાભ પહોંચાડે છે.

→ સુંદરસાથનું મન મોહિત કરી લે છે અને પોતાના ધામ સંબંધી સાથને વેદ, કુરાન, પુરાણ, હદીસો તેમજ કતેબ વગેરેની સાક્ષીઓના માધ્યમથી આત્મતૃપ્તિ કરાવી દે છે.

પ્ર. ૨૫- પોતાના ધણીની ચર્ચામાં અડગ એકીટશે નયન મળાવીને નિહારતાં ધ્યાનથી ચર્ચા સાંભળવાવાળી સુહાગણ આત્મા કોણ છે ?

ઉ. ૨૫- અક્ષરાતીત અદ્વૈત બ્રહ્મ સ્વરૂપ મહામતિજીના સન્મુખ બેસીને →

પ્ર. ૨૬- કોના જ્ઞાનના સાગરમાં આનંદની અનેક લહેરો અને તરંગો ઉઠ્યા કરે છે ?

પ્ર. ૨૭- મહારાજા છત્રસાલ કેવી ચર્ચા સાંભળીને રીઝાઈ જાય છે અને તેમનું મન આનંદવિભોર થઈ ઉઠે છે ?

ઉ. ૨૭- શ્રીજી સાહેબના શ્રી મુખથી તારતમ વાણીની ચર્ચાના દરમ્યાન કઈઓ →

પ્ર. ૨૮- કેવી ચર્ચા સાંભળીને બધા સુંદરસાથ અત્યધિક આનંદમગ્ન થઈ જાય છે ?

ઉ. ૨૮- શ્રીજી સ્વરૂપ જ્યારે ક્યારેક ચર્ચામાં વિભિન્ન શાસ્ત્રો, પુરાણો તથા →

પ્ર. ૨૯- ગોપ્ય રહસ્યવાળી સાર તત્ત્વની વાતોને ધામધણી કેવી રીતે સમજાવે છે ?

ઉ. ૨૯- મહામતિ સ્વરૂપ ગોપ્ય તેમજ સૂક્ષ્મ-સાર તત્ત્વની વાતો કેટલાય પ્રકારની →

પ્ર. ૩૦- ધામધણી સુંદરસાથ માટે ક્યાંના, કોણ વિષયોનું સ્પષ્ટીકરણ કરવા માટે વચ્ચે-વચ્ચે કેટલીય ગવાહી પ્રસ્તુત કરે છે ?

ઉ. ૩૦- ધામધણી શ્રીજી સાહેબજી પ્રસંગાનુસાર ચર્ચા-કથાની વચ્ચે-વચ્ચે કઈઓ →

પ્ર. ૩૧- ચર્ચાના દરમ્યાન મહામતિ સ્વરૂપ કોના-કોના આધાર પર વિભિન્ન મતોમાં એકત્વ પ્રતિપાદિત (સિદ્ધ) કરે છે ?

→ મુરલીધરભાઈ વક્તાના નયનોથી (આંખથી) નયન (આંખ) મળાવીને નિહારતાં બહુ ધ્યાનપૂર્વક ચર્ચા સાંભળે છે. અતઃ ધ્યાનપૂર્વક અડગ થઈને ચર્ચા સાંભળવાવાળી સુહાગણ આત્માનું નામ મુરલીધર છે.

ઉ. ૨૬- શ્રીજી સ્વરૂપની ચર્ચાના દરમ્યાન તેમના મનમાં છુપા જ્ઞાનનો સાગર લહેરી ઉઠે છે. તે સાગરમાં આનંદની અનેકો લહેરો તેમજ તરંગો ઉઠ્યા કરે છે.

→ પ્રકારથી શ્રી પરમધામ પચીસ પક્ષના અખંડ આનંદની લહેરો ઉઠયા કરે છે. એ જ ચર્ચા સાંભળીને મહારાજા છત્રસાલ બહુ રીઝાય છે અને તેમનું મન આનંદવિભોર થઈ ઉઠે છે.

→ ઉપનિષદની સાક્ષીઓ આપે છે અથવા શ્રીમદ્‌ભાગવતના ચાલીસ પ્રશ્નો ને ખુલસ્ત કરીને સમજાવે છે, ત્યારે એવી બોધદાયક ચર્ચા શ્રવણ કરીને બધા સુંદરસાથ અત્યધિક આનંદમગ્ન થઈ જાય છે.

→ સાક્ષીઓ આપી-આપીને સમજાવે છે. શ્રીજી સાહેબજી ચૌદ લોકથી પરે શૂન્ય, નિરાકારની આગળ કૂટસ્થ અક્ષરધામ સુધીના અકથ્ય વર્ણન ચર્ચામાં સંભળાવે છે.

→ સાક્ષીઓ પણ સમજાવ્યા કરે છે. તેમાં પણ બેહદ, અક્ષર-અક્ષરાતીત જેવા ગહન વિષયોના સ્પષ્ટીકરણ માટે કેટલાય મહાપુરુષોની સાક્ષી દે છે.

ઉ. ૩૧- શ્રી મહામતિ સ્વરૂપ વેદ, કતેબ, કુરાન, પુરાણના મૂળભૂત સિદ્ધાંતોનું સંતુલનાત્મક વિવેચન કરીને વિભિન્ન મતોમાં એકત્વ પ્રતિપાદિત કરીને →

→ સાથને સંબોધિત કર્યા કરે છે. જેમ કે-''**સોઈ ખુદા, સોઈ બ્રહ્મ**''

પ્ર. ૩૨- શું મહામતિ સ્વરૂપની જેમ કુરાન અને પુરાણનું આવું સમન્વય કોઈએ આજસુધી કર્યુ છે ?

પ્ર. ૩૩- શ્રીજી સ્વરૂપ સુંદરસાથ જમાતમાં પ્રેમ અને વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે શું કરે છે ?

પ્ર. ૩૪- કોણ-કોણ ભાઈઓને ચર્ચા શ્રવણના સિવાય અન્ય કોઈ કામ નથી અને તે કઈ રીતે ચર્ચા સાંભળે છે ?

પ્ર. ૩૫- કોની ચર્ચા દ્વારા ઉત્પન્ન સુખની તુલના અન્ય કોઈ આનંદ દ્વારા કરવામાં આવતી નથી ?

ઉ. ૩૫- ધામધણી શ્રી પ્રાણનાથજી જ્યારે પોતાની મીઠી આનંદપૂર્ણ વાણીમાં →

પ્ર. ૩૬- પ્રેમપૂર્વક વચન કહીને મધુરવાણીમાં સુંદરસાથને કોણ અને ક્યાંના અથવા કોના સિનગાર વર્ણનના અનુભવનું સુખ પ્રાપ્ત કરે છે ?

ઉ. ૩૬- દ્વાદશ સહસ્ત્ર સખીઓના ધામધણી પોતાની સ્નેહપૂર્ણ મધુરવાણી →

પ્ર. ૩૭- ધામધણી શ્રી પ્રાણનાથજીના સિવાય શ્રી અદ્વૈત પરમધામના જ્ઞાન દ્વારા સુખ આપવાવાળા શું બીજું કોઈ છે ? જો છે, તો કોણ ? પુનઃ આ જ્ઞાન લેવાવાળા પણ કોણ છે ?

ઉ. ૩૭- પરબ્રહ્મ સ્વરૂપ ધામધણી શ્રી પ્રાણનાથજીના અતિરિક્ત શ્રી અદ્વૈત →

પ્ર. ૩૮- કેવા અને ક્યાંના જ્ઞાનને ગ્રહણ કરવાનું સામર્થ્ય જીવાત્માઓમાં નથી ?

→ એટલે કે બંનેનો સાર એક જ તત્ત્વ છે.

ઉ. ૩૨- શ્રી મહામતિ સ્વરૂપની જેમ સૃષ્ટિમાં આજસુધી કુરાન અને પુરાણ, વેદ અને કતેબનો સમન્વયાત્મક સાર તત્ત્વ કોઈએ સ્થાપિત કર્યો નથી.

ઉ. ૩૩- મહામતિ શ્રી પ્રાણનાથજી સુંદરસાથમાં પ્રેમ અને વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે તેમના હાથ પકડીને તેમને આશ્વાસિત કરતાં સ્નેહપૂર્વક સમજાવે છે.

ઉ. ૩૪- વ્રજનૈનભાઈ અને ચંચલદાસભાઈને અડગ રહીને ચુપચાપ મૌન રહીને ચર્ચા શ્રવણ કર્યા સિવાય અન્ય કોઈ કામ નથી.

→ બહુ સુંદર અને ઉપર્યુક્ત શબ્દોનું ઉચ્ચારણ કરે છે, ત્યારે એવી ચર્ચા દ્વારા પ્રાપ્ત થવાવાળા સુખોની તુલના અન્ય કોઈપણ આનંદ દ્વારા કરવામાં આવતી નથી.

→ દ્વારા પોતાની સખીઓ-સુંદરસાથને શ્રી અક્ષરાતીત મૂલમિલાવામાં સ્થિત યુગલસ્વરૂપ શ્રી રાજશ્યામાજીના સિનગાર વર્ણનના અનુભવનું અમૂલ્ય સુખ પ્રદાન કરે છે.

→ પરમધામના જ્ઞાનનું સુખ આપવાવાળા અન્ય કોઈ નથી. જે આપી રહ્યા છે, તે પણ અમારા ધામના ધણી જ છે અને ધામધણીના શ્રી મુખથી અવતરિત ધામનો બોધાર્થ સાંભળવા અને ગ્રહણ કરવાવાળી પણ ધામની બ્રહ્મામાઓ જ છે.

ઉ. ૩૮- શ્રી પરમધામની અદ્વૈત વાણી પચીસ પક્ષના જ્ઞાનને સાંભળવાનું સામર્થ્ય સંસારની માયાવી જીવાત્માઓમાં નથી. ગ્રહણ કરવાની વાત તો અસંભવ જ છે.

પ્ર. ૩૯- લૈલ તુલ કદ્રની રાત્રીના ત્રીજા ખંડમાં ભૂલી-ભટકેલી આત્માઓને કોણે જાગૃત કર્યા ?

પ્ર. ૪૦- ધામધણી શ્રી પ્રાણનાથજી સુહાગણ આત્માઓને તારતમની ચર્ચાના માધ્યમથી ક્યાંના સુખનો અનુભવ કરાવે છે ?

પ્ર. ૪૧- શ્રીજી સ્વરૂપ ચર્ચામાં ધામની આત્માઓને સંબોધિત કરતાં શું કહે છે અને કેવી રીતે સમજાવે છે ?

ઉ. ૪૧- શ્રીજી સાહેબજી બ્રહ્માત્માઓને ચર્ચા દ્વારા સંબોધિત કરતાં કહે છે, કે →

પ્ર. ૪૨- ત્રીજું બ્રહ્માંડ કેવું છે અને કેમ રચવામાં આવ્યું છે ?

ઉ. ૪૨- આ ત્રીજું બ્રહ્માંડ તદોગત પહેલાંના મૂળ વ્રજના બ્રહ્માંડ જેવું જ છે. વ્રજનું બ્રહ્માંડ પણ કાલમાયાનું હતું અને આ બ્રહ્માંડ પણ કાલમાયાની →

પ્ર. ૪૩- ધણી કહે છે કે ''બ્રહ્માત્માઓને જાગ્રત કરવા માટે મારા ત્રણ સ્વરૂપ આવ્યા છે.'' અતઃ તે ત્રણ સ્વરૂપ ક્યાં-ક્યાં આવ્યા છે અને કોણ-કોણ છે ?

ઉ. ૪૩- ધણી કહે છે કે, ''હે મારી ધામસ્થ અંગનાઓ ! આ જાગણીના બ્રહ્માંડમાં માયાનો ખેલ બતાવીને, મૂલની ઈચ્છાને પૂર્ણ કરી, આપ બધાને જાગૃત કરીને ધામ પાછાં ફરવા હેતુ જ મારા ત્રણ સ્વરૂપ ખેલમાં આવ્યા છે. પહેલાં સ્વરૂપ આરબ દેશના બસરા શહેરમાં આવ્યા, જો કે મહંમદ →

પ્ર. ૪૪- પ્રથમ સ્વરૂપ કોણ છે ? તે ક્યાં આવ્યા, ક્યારે આવ્યા અને શું લઈને આવ્યા ?

ઉ. ૩૯- લૈલ તુલ કદ્રની રાત્રીના ત્રીજા ખંડ-જાગણીના બ્રહ્માંડમા ભૂલેલી-ભટકેલી બ્રહ્માત્માઓને શ્રીજી સાહેબ મહામતિ શ્રી પ્રાણનાથજીએ યુક્તિપૂર્વક જાગૃત કર્યા.

ઉ. ૪૦- ધામધણી શ્રી પ્રાણનાથજી ભૂલેલી-ભટકેલી ધામસ્થ સુહાગણ આત્માઓને તારતમ જ્ઞાનના માધ્યમથી શ્રી પરમધામના પચીસ પક્ષોના સુખોનો અનુભવ કરાવે છે.

→ ''આપ બધા આ માયાવી જૂઠા ખેલના જીવ નથી. આપ તો આપણા અક્ષરાતીત ધામથી ખેલ જોવા આવી છો. અતઃ આપ બધા પરમધામની પોતાની પરાત્મા સ્વરૂપનું ધ્યાન (સ્મરણ) કરો. વ્રજમંડલ અને રાસમંડલમાં લીલા કરવાવાળી સુરતાઓ આપ બધામાં જ બિરાજમાન છે.''

→ સામગ્રીઓથી જ ભરેલું છે. વ્રજ અને રાસમાં જે સખીઓને ખેલ જોવાની ચાહના (ઈચ્છા) પૂરી ન થઈ, તેમની તે જ અધૂરી ઈચ્છા પૂરી કરવા માટે આ ત્રીજું બ્રહ્માંડ રચવામાં આવ્યું છે.

→ નામથી પ્રસિદ્ધ છે. બીજા સ્વરૂપ, જે મલકી સ્વરૂપ કહેવાય છે, તે મારવાડ દેશના ઉમરકોટ ગામમાં આવ્યા. તારતમરૂપી માલ ઉતારવાના કારણ તેમનું નામ મલકી પડ્યું. ત્રીજા સ્વરૂપ છે, હકી સ્વરૂપ. જાગણીના બ્રહ્માંડમાં હક સ્વરૂપનું કાર્ય કરવાના કારણે જ તે હકી સ્વરૂપ કહેવાયા. હકી સ્વરૂપે ''**સોઈ ખુદા સોઈ બ્રહ્મ**'' સિદ્ધાંત દ્વારા સૃષ્ટિમાં કુરાન અને પુરાણ, વેદ અને કતેબની વચ્ચે સમન્વયાત્મક સંબંધ સ્થાપિત કર્યા તથા રૂહ તેમજ આત્માને બેહદની બહિસ્તોમાં કાયમ કરી દીધા.''

ઉ. ૪૪- પ્રથમ સ્વરૂપ મહંમદ છે. તે બીજા સ્વરૂપના આવવાના હજાર સાલ પહેલાં અરબસ્તાનમાં આવ્યા. ખુદાથી સાક્ષાત્કાર પ્રાપ્ત કરી તેઓએ કલમા ઉતાર્યો અને શરિયતના માર્ગ દ્વારા મુસ્લિમ ધર્મ પ્રકાશિત કર્યો.

પ્ર. ૪૫- બીજા સ્વરૂપ કોણ છે ? તે ક્યાં આવ્યા, ક્યારે આવ્યા અને કેમ આવ્યા ?

ઉ. ૪૫- બીજા સ્વરૂપ મલકી સ્વરૂપ છે. તે વિ.સં. ૧૬૩૮ માં મારવાડ દેશના →

પ્ર. ૪૬- ત્રીજા સ્વરૂપ કોણ છે ? તે સ્વરૂપ કેમ આવ્યા અને તેઓએ શું કર્યું ?

ઉ. ૪૬- ત્રીજા સ્વરૂપ હકી સ્વરૂપ છે. તે સૃષ્ટિના કલંકને નિર્મૂળ કરવા હેતુ જ આ ધરાતલ પર અવતરિત થયા છે. તેઓએ ખેલમાં આવીને **''બ્રહ્મવિદ્** →

પ્ર. ૪૭- રબ (પરમાત્મા) ના જે પાંચ દિન કહ્યા છે, તે પાંચ દિન કયા-કયા છે ?

ઉ. ૪૭- રબ (પરમાત્મા) ના જે પાંચ દિન કહ્યા છે, તેમાંથી પહેલો દિન છે - →

પ્ર. ૪૮- ''અબ હમ ધામ ચલત હૈં, તુમ હૂજો સબે હુસિયાર''-એવું ધણીએ ક્યારે કહ્યું ?

ઉ. ૪૮- આપ્તપુરુષોના ભવિષ્યાનુસાર જયારે છઠ્ઠા દિનની અર્શ જાહેર કરવાની લીલા પૂરી થઈ, ત્યારથી મહામતિ સ્વરૂપ કહેવા લાગ્યા, **''અબ હમ** →

પ્ર. ૪૯- અમારા હિન્દુ ધર્મના આત્મ-જાગરણના વખતમાં અને મુસ્લિમ ધર્મના કયામતના વખતમાં શું અંતર છે ? એ રહસ્યમયી વાતો કોણ સમજશે ?

ઉ. ૪૯- હિન્દુ શાસ્ત્રો જેવા વેદ, પુરાણ, ઉપનિષદોમાં વર્ણિત આત્મ-જાગૃતિ વિષયક આહ્વાન તથા મુસ્લિમ ધર્મગ્રંથ કુરાન, હદીસોમાં વર્ણિત →

→ ઉમરકોટ ગામમાં અવતરિત થયા. તેઓએ ૪૦ સાલની ઉમરમાં બ્રહ્મતારક તારતમ મહામંત્ર ઉતાર્યો. તે આ નશ્વર બ્રહ્માંડમાં બ્રહ્માત્માઓને જાગૃત કરી ધામ લઈ જવા હેતુ આવ્યા છે.

→ **બ્રહ્મૈવ ભવતિ ઈતિ શ્રુતિ''** વાક્યને સિદ્ધ કરતાં પુરાણ અને કુરાન પક્ષના **''સોઈ ખુદા સોઈ બ્રહ્મ''** જેવા વિષયોની વચ્ચે સમન્વયાત્મક સંબંધ સ્થાપિત કર્યા. સાથે જ આપ્તપુરુષોના ભવિષ્યાનુસાર જડ-ચેતનને મુક્તિ પ્રદાન કરી બેહદમાં અખંડ કરી દીધા.

→ વ્રજની લીલા. બીજો દિન છે-મહારાસ લીલા. ત્રીજો દિન છે-આરબમાં તૃતીય શ્યામ સ્વરૂપ દ્વારા સાક્ષીઓ રાખવાની લીલા. ચોથો દિન છે-સદ્‌ગુરુ સ્વરૂપની લીલા અને પાંચમો દિન છે-દીવબંદરથી લઈને પન્ના સુધીની જાગણી લીલા.

→ **ધામ ચલત હૈં, તુમ હૂજો સબે હુસિયાર''** અર્થાત્ ''હવે મારું કાર્ય પૂર્ણ થયું.'' એટલે કે હવે હું ધામ જઈ રહ્યો છું. મારી સુરતા ધામની તરફ ઉન્મુખ (આતુર) થઈ રહી છે. અતઃ જે આત્માઓ સંસારમાં રહેશે, તેઓ સાવધાન થઈને રહેવું અને જેને સાથે ચાલવું હોય, તે તૈયાર થઈ જાય.'' આ રીતે મહામતિ સ્વરૂપ બે-ત્રણ વર્ષ પહેલાંથી જ કહેવા લાગ્યા હતા.

→ કયામતના વખત કબરથી મડદાને ઉઠવા જેવા આહ્‌વાનોમાં રતીભાર પણ અંતર નથી. અંતર માત્ર નાસમજરૂપી અજ્ઞાનતાના કારણે છે. એ વાતો તો તે આત્માઓ અથવા રૂહો જ સમજશે, જેના માટે બ્રહ્મ-ખુદાએ ખેલ રચ્યો છે. શાસ્ત્ર, કુરાન અને પુરાણના અવતરણની વાતો પણ તે બ્રહ્માત્માઓ-મોમિન રૂહો જ સમજશે.

પ્ર. ૫૦- કયામતના વખતે ઇમામ દ્વારા કયામતના સાત નિશાન ખુલવાનો વાયદો કોણે અને ક્યારે કર્યો હતો ?

પ્ર. ૫૧- ચાર વસિયતનામા ક્યારે-ક્યારે આવ્યા ? કોની પાસે અને ક્યાંથી આવ્યા ?

ઉ. ૫૧- ચાર વસિયતનામોમાંથી પ્રથમ વસિયતનામા રૂહઅલ્લાહ દ્વારા બીજા જામા પહેરવાથી અર્થાત્ વિ.સં.૧૭૧૨ (ઈ.સ.૧૬૫૫) માં આવ્યો. બીજું વસિયતનામા રૂહઅલ્લાહના બીજા જામા ધારણ કરવાવાળા મહામતિ શ્રી પ્રાણનાથજીના મેરતા પહોંચવું અને કલમા તેમજ તારતમના સમન્વયાત્મક એકીકરણ થવાથી અર્થાત્ ઈસા અને મહંમદનો મેળાપ થતાં જ જ્યારે મહામતિ સ્વરૂપ ''અહમદ'' પદ દ્વારા વિભૂષિત થયા, ત્યારે વિ.સં. ૧૭૩૧ (ઈ.સ. ૧૬૭૪) માં આવ્યું. ત્રીજું વસિયતનામા હરિદ્વારમાં કુંભના મેળાના દરમ્યાન મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા →

પ્ર. ૫૨- ઉક્ત ચારેય વસિયતનામામાં શું-શું સંદેશ હતા ? ક્રમશઃ લખો.

ઉ. ૫૨- પ્રથમ વસિયતનામાના આવવાનો અર્થ છે - મુસ્લિમ સમાજના ફકીરોની ફકીરી દૈવત-દૈવી શક્તિ અર્થાત્ સફકત (ચમત્કાર) નું ચાલી જવું. આ વાતની સૂચના આપવા માટે પહેલાં વસિયતનામા હિંદના ખલીફા ઔરંગઝેબની પાસે આવ્યા કેમ કે રૂહઅલ્લાહએ જ્યારે (વિ.સં. ૧૭૧૨) થી બીજા જામા (સુપેત-સફેદ ગોદડી) ધારણ કર્યો, ત્યારથી મુસ્લિમ ફકીરોની શક્તિ નિકમ્મી (ઓછી) થઈ ગઈ. બીજા વસિયતનામાના આવવાનો અર્થ છે, મુસ્લિમ સંપ્રદાયની વચ્ચેથી **''નૂરી ઝંડા''** અર્થાત્ કુરાનનું જવું. વિ.સં. ૧૭૩૧માં જ્યારે રૂહઅલ્લાહના બીજા જામા ધારણ કરવાવાળા મહામતિ સ્વરૂપ મેરતા પહોંચ્યા અને →

ઉ. ૫૦- કયામતના વખતે ઇમામ સ્વરૂપ દ્વારા કુરાનના સાત નિશાન ખુલવાનો વાયદો આરબના મહંમદ સાહેબે જ કુરાનમાં કર્યો હતો અને આ ભવિષ્ય તેઓએ અગિયારસો સાલ પૂર્વે જ કહી દીધું હતું.

→ શાસ્ત્રાર્થમાં વિજય પ્રાપ્ત કરી **''વિજયાભિનંદ બુદ્ધ નિષ્કલંકાવતાર''** નો ધર્મઝંડો સ્થાપિત કરતાં અર્થાત્ વિ.સં. ૧૭૩૫ (ઈ.સ. ૧૬૭૮) માં આવ્યું તથા ચોથું વસિયતનામા ત્યારે આવ્યું, જ્યારે વિ.સં. ૧૭૪૩ (ઈ.સ. ૧૬૮૬) માં મહારાજા છત્રસાલ શ્રી પ્રાણનાથજીને હસ્તી (હાથી) પર સવાર કરીને ધર્મ પર્યટન કરતાં-કરતાં જલાલપુર પહોંચ્યા અને ત્યાંના મુલ્લા-કાજીઓને પરાસ્ત કરી તેમને મહામતિ શ્રી પ્રાણનાથજી જ **''આખર જમાનાના ખાવિંદ ઇમામ મેહદી સ્વરૂપ છે''**-એ કબૂલ કરાવ્યું તથા તેમના દ્વારા કબૂલ કરેલી તે તમામ વાતોને એક મહજરનામામાં દર્જ કરી તે મહજરનામા દિલ્લીના બાદશાહ ઔરંગઝેબની પાસે મોકલ્યા. એ ચારેય વસિયતનામા દિલ્લીના બાદશાહ ઔરંગઝેબની પાસે મુસ્લિમ ધર્મના માનનીય તથા સર્વશ્રેષ્ઠ સ્થાન મક્કાથી આવ્યા.

→ ત્યાં કલમા તેમજ તારતમનો મેળાપ થવાથી તેમને અહમદ ખિતાબ પ્રાપ્ત થયો, ત્યારે તે સ્વરૂપ બંને સમાજની જવાબદારી પોતાના કંધા (ખભા) પર લઈને દિલ્લીને નિશાના રાખીને એક જ લક્ષ્યયુક્ત તારતમ અને કલમાના **''નૂરી ઝંડા''** ની સાથે આગળ વધ્યા. ત્રીજા વસિયતનામાના આવવાનો અર્થ છે બરકત અર્થાત્ મુસ્લિમ ધર્મની આમ જનતાની અંદરથી ધર્મના પ્રતિ પહેલાં જેવા શ્રદ્ધા-વિશ્વાસનું નષ્ટ થઈ જવું અર્થાત્ ન કુરાનની વાતો પર શ્રદ્ધા-વિશ્વાસ રહેવો, ન ફકીરો કે મૌલવીઓના વચનો પર પહેલાં જેવો ડર રહેવો. ચોથા વસિયતનામાના આવવાનો અર્થ છે, મુસ્લિમ સમાજ જે **''નૂરી ઝંડા''** પર ઊભો છે તે બધી દૈવતો (ધનસંપત્તિ)-સફકત, બરકત, કુરાન અને ઈમાનનું ચાલી જવું અને ઇસ્લામ ધર્મનું ખાલી રહી જવું.

પ્ર. ૫૩- સંસારના બધા લોકોએ શ્રી પ્રાણનાથજીના જીવનકાળમાં કયા-કયા ત્રણ નિશાન સ્પષ્ટરૂપેણ જોયા ?

ઉ. ૫૩- સંસારના બધા લોકોએ શ્રી પ્રાણનાથજીના જીવનકાળમાં કયામતના →

પ્ર. ૫૪- ''કુરાનમાં લખેલી ઇમામ અને મોમિનોની સાથે થયેલી દજ્જાલની લડાઈ સંસારના લોકોએ પ્રત્યક્ષરૂપમાં જોઈ.'' અતઃ કેવી રીતે ?

ઉ. ૫૪- સદ્‌ગ્રંથ કુરાનમાં લખેલી વાતો અકાટ્ય છે. ધર્મવિરોધી દજ્જાલ ઇમામ સ્વરૂપ શ્રી પ્રાણનાથજી અને રૂહઅલ્લાહ સ્વરૂપ શ્રી દેવચંદ્રજીની સાથે →

પ્ર. ૫૫- ''ઈસા-રૂહઅલ્લાહ દજ્જાલની સેનાની સાથે બહુ જ સમય સુધી લડ્યા''. અતઃ કેવી રીતે તથા ક્યારથી, ક્યાં સુધી ?

ઉ. ૫૫- ઈસા-રૂહઅલ્લાહ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી પાંચ વર્ષની ઉંમરથી જ માયાવી →

પ્ર. ૫૬- શ્રીજી સ્વરૂપની અંદર સ્થિત પંચશક્તિઓમાંથી કુરાનના રહસ્યોને બધાની સામે પ્રગટ કરવાનું કાર્ય કરવાવાળી શક્તિ કઈ છે ?

ઉ. ૫૬- શ્રીજી સાહેબના હૃદયસ્થ પંચશક્તિઓમાંથી માત્ર કુરાન, હદીસોના જ →

પ્ર. ૫૭-અસરાફીલનો સ્વર (સૂર) ફૂંકવાનું શું પરિણામ થયું ?

ઉ. ૫૭- અસરાફીલ (અક્ષરની જાગૃત બુદ્ધિ) નો સ્વર (સૂર) ફૂંકવાથી તારતમનું તારતમ પ્રગટ થયું. તે સ્વરની ધ્વનિથી નશ્વર બ્રહ્માંડના નશ્વર બ્રહ્મ, →

પ્ર. ૫૮- શ્રીજી સ્વરૂપે રાત-દિન બંગલાજીમાં ઉક્ત પ્રકાર કેટલાં વર્ષ સુધી સદુપદેશ આપ્યો ? પુનઃ તેમના જ્ઞાન-બોધને કયા સમુદાયે સમજીને ગ્રહણ કર્યો ?

→ સાત નિશાનોમાંથી ત્રણ નિશાન સ્પષ્ટરૂપથી પોતાની આંખોથી જોયા. જેમ કે-૧) આજૂજ અને માજૂજનું ઈન્સાનને ખાવું. ૨) પશ્ચિમથી સૂર્યનું ઉગવું અને ૩) દાભા નામક જાનવરનું ઈસા અને ઇમામની સાથે લડવું.

→ કળિયુગથી પ્રભાવિત બુદ્ધિ લઈને ધર્મવિરુદ્ધ લડ્યા. એ દજ્જાલ ઇમામ સ્વરૂપ તથા મોમિનોની સાથે વિ.સં. ૧૬૩૮ થી લઈને ૧૭૫૧ સુધી લડ્યા. એમાં વિશેષ લડાઈ દિલ્લીના શરાઅના શયતાન કાજીઓ અને મોમિનોની વચ્ચે થઈ. એ શરાઅના શયતાનોએ દજ્જાલ સ્વરૂપ થઈને ઇમામના પેગામને ઠુકરાવ્યો અને મોમિનોને કેદ કરી પ્રતાડિત કર્યા.

→ બુદ્ધિવાળા દજ્જાલોથી લડતા આવ્યા. જામનગરમાં બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ માટે તેઓએ દજ્જાલોથી વિશેષ લડાઈ કરી. આ પ્રકાર ઈસા-રૂહઅલ્લાહ વિ.સં. ૧૬૩૮ થી લઈને વિ.સં. ૧૭૫૧ સુધી કલિકાલરૂપી દજ્જાલોથી લડતા રહ્યા.

→ નહિ, અપિતુ વેદ, પુરાણ આદિ ધાર્મિક સદ્ગ્રંથોના ગોપ્યાતિગોપ્ય રહસ્યોને ખોલીને બધાની સામે રાખવાનું કાર્ય બુદ્ધજી અર્થાત્ અક્ષરની જાગૃત બુદ્ધિ-અસરાફીલનું છે.

→ પરમાત્મા, ઈશ્વર આદિ બધા ઉડી ગયા અથવા જૂઠા સાબિત થયા અને સત અર્થાત્ અક્ષર અને અક્ષરાતીત અથવા નૂર અને નૂરતજલ્લાહ જાહેર થયા.

ઉ. ૫૮- ઉક્ત પ્રકારથી અક્ષરાતીત ખુદા-બ્રહ્મ સ્વરૂપ શ્રીજી સાહેબજી બંને પક્ષોની આત્માઓને અગિયાર વર્ષ સુધી સમન્વયાત્મક (એકત્વભાવ-મૈત્રીભાવ) ઉપદેશ આપતાં રહ્યા અને ત્યારબાદ તેઓએ શ્રી પરમધામની તરફ →

→ પ્રસ્થાન (પ્રયાણ, વિદાય) કર્યું. પુનઃ ઉક્ત જ્ઞાન ધામસ્થ આત્માઓએ →

પ્ર. ૫૯- અરસ-શ્રી પરમધામની સંપદા શું છે ? પુનઃ એવું કહ્યું છે કે ''તે સંપદા ભાગ્યવાન આત્માઓ જ પ્રાપ્ત કરી શકે છે.'' અતઃ ભાગ્યવાન આત્માઓ કોને કહ્યું છે ?

ઉ. ૫૯- અરસ-અક્ષરાતીત શ્રી પરમધામની સંપદા શ્રી અક્ષરાતીત રાજશ્યામાજી →

પ્ર. ૬૦- કોની ચર્ચાના દરમ્યાન ન બોલવાની ઈચ્છા અને ન તાકાત જ હોય છે ? કોના પ્રેમ અને વિશ્વાસને નષ્ટ કરવા માટે, સદૈવ કોણ તૈયાર રહે છે ?

ઉ. ૬૦- મહામતિ સ્વરૂપ ધામધણી શ્રી પ્રાણનાથજીની ચર્ચા-કથાના દરમ્યાન →

પ્ર. ૬૧- આ વખત ધામધણી શ્રીજી સ્વરૂપે આજ્ઞા આપી. અતઃ કોને અને શેના માટે ? પુનઃ આગળનો કાર્યક્રમ શું છે ?

ઉ. ૬૧- આ વખત ધામધણી શ્રીજી સ્વરૂપે સ્નાન કરવાની વ્યવસ્થા →

❖ રાજભોગ ❖

પ્ર. ૧- શ્રી પ્રાણનાથજી ''રાજભોગ'' આરોગતાં પહેલાં અને ચર્ચા બંધ થયા પછી શું કરે છે ?

પ્ર. ૨- દોપહર (બપોર) ના સમય થવામાં જ્યારે બે ઘડી અવશેષ રહે છે. અર્થાત્ જ્યારે સવા અગિયાર વાગે છે, ત્યારે કોણ અને કોના માટે અરજ કરે છે ?

→ જ સોળ આના ગ્રહણ કર્યું.

→ સહિત શ્રી પરમધામ પચીસ પક્ષ છે. એના વારસદાર ધામથી ખેલ જોવા આવેલી ભાગ્યવાન બડભાગી બ્રહ્માત્માઓ જ હોઈ શકે છે કેમ કે તે જ આ સંપદાની સંબંધી છે. પુનઃ **''બિના સંબંધ ન પાઈએ, કોટિન કરે આચાર.''**

→ ન કોઈને બોલવાની ઈચ્છા થતી, ન કોઈ હિંમત જ કરી શકે છે. બ્રહ્મ અને બ્રહ્માત્માઓની પ્રેમમયી ચર્ચા-કથા અથવા વાર્તાલાપને તથા તેમના શ્રદ્ધા, પ્રેમ અને વિશ્વાસને નષ્ટ કરવા માટે માયાવી વિકારગ્રસ્ત દજ્જાલરૂપી ઈન્સાન સદૈવ તત્પર રહે છે.

→ કરવાવાળાઓને તૈયારી કરવાની આજ્ઞા આપી. એક તરફ થાળભોગની તૈયારી થવા લાગી, તો બીજી તરફ સ્નાન કરાવવાની. સ્નાનના પછી રાજભોગ આરોગવા-આરોગાવવાનો કાર્યક્રમ છે.

-(પ્રકરણ-૬૪, પ્રશ્ન-ઉત્તર નં.-૬૧, કુલ સં. ૪૬૨૧+૬૧=૪૬૮૨).

❖ રાજભોગ ❖

ઉ. ૧- મહામતિ શ્રી પ્રાણનાથજી ''રાજભોગ'' આરોગતાં પહેલાં અને ચર્ચા-કથા સમાપ્તિના પછી તેલ મર્દન કરીને સ્નાન કરે છે. તેમના સેવક-સેવિકાઓ તેમને ઝીલણાં-સ્નાન કરાવે છે.

ઉ. ૨- સવા અગિયાર વાગે સ્નાન અને ભોજન કરાવવાની સેવા કરવાવાળા સાથ અરજ કરે છે, ''હે ધણી! હવે ચર્ચા બંધ કરો, રાજભોગનો સમય થયો છે.''

પ્ર. ૩- કોણે અને કોને થાળ લાવવાની આજ્ઞા આપી, જેની પર પ્રસન્ન થઈને શ્રી બાઈજીને થાળ લઈ આવવાના સમાચાર આપવામાં આવ્યા ?

પ્ર. ૪- ભોજન માટે અરજ કરવા માટે હનુમંતબાઈથી પહેલાં કોણ-કોણ આવ્યા ? તેમના નામ લખો.

પ્ર. ૫- ચર્ચારસમાં મગ્ન શ્રીજી, સ્નાનની સેવાનો ઇંતેજાર કરવાવાળાઓને શું કહે છે ?

ઉ. ૫- ચર્ચા-કથાના રસમાં મગ્ન ધામધણી શ્રીજી સ્વરૂપ, સ્નાન કરાવવાની →

પ્ર. ૬- ''તબલોં મોકોં ચરચા સે, કાહે કરત હો ભંગ''-એવું કોણ, કોને કહે છે ? ઉક્ત કથનના જવાબમાં સેવા માટે ઉપસ્થિત સુંદરસાથ શું કહે છે ?

પ્ર. ૭- ચર્ચા-કથા કરતાં સમયે કાનમાં ધીમેથી કંઈક કહેવાવાળા ભાઈ કોણ છે ?

પ્ર. ૮- ''અરજ ખાસ ગિરોહ કી'' અતઃ ખાસ અથવા શિરોમણી સખી કોણ છે ?

પ્ર. ૯- ચર્ચાથી ઉઠીને શ્રીજી સ્વરૂપ ચોકી પર બિરાજમાન કેમ થાય છે ?

ઉ. ૩- સવા અગિયાર વાગે ઈશારાથી અરજ કરવાવાળી હનુમંતબાઈને શ્રીજી સાહેબજીએ થાળ લાવવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાં જ પ્રસન્ન થઈને હનુમંતબાઈએ શ્રી બાઈજૂરાજને થાળ લઈ આવવાના સમાચાર આપ્યા.

ઉ. ૪- શ્રી પ્રાણનાથજી સ્વરૂપથી ચર્ચા-કથા બંધ કરીને ભોજન કરવાની અરજ કરવા માટે સર્વપ્રથમ કમલાવતીબાઈ આવી. ત્યારબાદ લાડબાઈ અને ત્રીજીવાર હનુમંતબાઈ આવી.

→ સેવાનો ઇંતેજાર કરવાવાળાઓને કહે છે, ''અરે ! આપ પહેલાં સ્નાનની સામગ્રીઓ જેમ કે ધોતી, પોતી-અંગોછા, તેલ વગેરે તો તૈયાર કરો. સ્નાનની પૂર્ણ વ્યવસ્થા કર્યા પછી મને ચર્ચાથી ઉઠાડો.''

ઉ. ૬- **''તબલોં મોકોં ચરચા સે, કાહે કરત હો ભંગ''**-એવું શ્રીજી સ્વરૂપ અરજ કરવાની સેવા કરવાવાળાઓને કહે છે. ઉક્ત કથનના જવાબમાં સેવામાં ઉપસ્થિત સાથ કહે છે, ''શ્રી તેજકુંવરી બાઈજીએ આગ્રહપૂર્વક પ્રાર્થના કરી છે.''

ઉ. ૭- ચર્ચા-કથા કરતાં સમય શ્રીજી સાહેબજીના કાનમાં ચુપકીથી (ધીરેથી) (છાનામાના) કંઈક કહેવાવાળા જયંતિદાસભાઈ છે.

ઉ. ૮- **''અરજ ખાસ ગિરોહ કી''** અર્થાત્ સુંદરસાથમાં અગ્રગણ્ય શિરોમણી સખી શ્રી અમલાવતી-શ્રી બાઈજૂરાજજી છે. તેમના દ્વારા કરેલી અરજ જયંતિદાસભાઈ પુનઃ દોહરાવીને શ્રીજીના કાનમાં સ્પષ્ટ કરી દે છે.

ઉ. ૯- ચર્ચાથી ઉઠીને શ્રીજી સ્વરૂપ સીધા સ્નાનના સ્થાન પર જઈને સ્નાન હેતુ ચોકી પર વિરાજમાન થાય છે.

પ્ર. ૧૦- ચોકી પર બેસતાં જ ચારે તરફથી બ્રહ્માત્માઓ ધામધણી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીને કેમ ઘેરી લે છે ?

પ્ર. ૧૧- ગોદાવરીબાઈ અને ગંગારામભાઈ કટોરી ભરીને શું લાવે છે અને કેમ ?

પ્ર. ૧૨- શ્રીજી સાહેબજીના શરીરની તેલથી માલિશ કરવાની સેવામાં કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૧૩- તેલની પ્રસાદી સુંદરસાથમાં વહેંચવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૧૪- આ વખત લાલદાસજી શું-શું લઈને આવે છે ? પુનઃ માનિકબાઈ આ સમય શું સેવા કરે છે ?

પ્ર. ૧૫- ગંગારામભાઈ અને ભગવાનભાઈ આ સમય કેવી સેવા કરે છે ?

પ્ર. ૧૬- સેવા કરતાં સમયે કોના મનમાં તનિક (જરાક) પણ અભિમાન રહેતું નથી ?

પ્ર. ૧૭- આ વખત કન્નડભાઈ અને ગંગારામભાઈ શું ગાય છે ? પુનઃ બીજી તરફ તારાબાઈ શું કરે છે ?

ઉ. ૧૭- કન્નડભાઈ અને ગંગારામભાઈ ધણીને ઝીલણાં-સ્નાન કરાવતી વખતે →

પ્ર. ૧૮- સ્નાનના સમયે માનબાઈ શું, કોના માટે અને કેમ લઈને આવે છે ?

ઉ. ૧૦- ચોકી પર બિરાજમાન થતાં જ શ્રી ધામધણી સ્વરૂપ મહામતિ શ્રી પ્રાણનાથજીને ઝીલણાં-સ્નાન કરાવવાની સેવા માટે ચારે તરફથી બ્રહ્મામાઓ ઘેરી લે છે.

ઉ. ૧૧- ગોદાવરીબાઈ અને ગંગારામભાઈ કટોરીમાં તેલ લઈને આવે છે અને તેનાથી શ્રીજીના શરીરની માલિશ કરે છે.

ઉ. ૧૨- શ્રીજી સાહેબજીના શરીરની તેલથી માલિશ કરવાની સેવામાં શામિલ છે - અગરદાસજી, ગુલજીભાઈ અને બંશીભાઈ. એમની સાથે-સાથે સીતારામભાઈ પણ આ સેવામાં તત્પર રહેવા માટે સંમિલિત રહે છે.

ઉ. ૧૩- શ્રીજી સ્વરૂપના શરીર પર તેલ મર્દન કર્યા પછી તેલની પ્રસાદી સુંદરસાથમાં વિતરણ કરવાની સેવા ગંગારામભાઈ કરે છે.

ઉ ૧૪- આ વખત શ્રી લાલદાસજી મહારાજ ધોતી-પોતી, અંગોછા અને પીતાંબર લઈને આવે છે. માનિકબાઈ આ સમય સ્નાન માટે ઉપર્યુક્ત ગરમ જળ લાવવાની સેવા કરે છે.

ઉ. ૧૫- ગંગારામભાઈ અને ભગવાનભાઈ ગરમ જળમાં મળાવવા માટે ઠંડું જળ લાવવાની સેવા કરે છે.

ઉ. ૧૬- શ્રી ધામધણીને ઝીલણાં-સ્નાન કરાવતાં સમયે ભગવાનભાઈ અને ગંગારામભાઈના મનમાં તનિક પણ અભિમાન રહેતું નથી.

→ રાસલીલાના પછી ગાયેલી ઝીલણાં રામત **''અની હાં રે ઝીલણ રંગ સોહામણાં રે''** નું ગાન કરે છે. પુનઃ બીજી તરફ તારાબાઈ બેસીને તેને દોહરાવવાની સેવા કરે છે.

ઉ. ૧૮- માનબાઈ સ્નાનના સમયે શ્રીજીને બેસવા માટે ચોકી લાવવાની સેવા કરે છે.

પ્ર. ૧૯- માનબાઈ ચોકી લાવવાની સેવા કરે છે, તો રતનબાઈ કઈ સેવા કરે છે ?

પ્ર. ૨૦- નિશ્ચિત સમય પર ચંદનની ખડાઊં લઈને ઉપસ્થિત થવાવાળા અને પાટલી પર ચાદર બિછાવવાની સેવા કરવાવાળા કોણ-કોણ છે ?

પ્ર. ૨૧- શ્રીજી સાહેબજીના સ્નાન કરતાં સમય ચંદરવો લગાવવાની સેવા કોની છે ?

પ્ર. ૨૨- શ્રીજી સાહેબજીને પ્રેમપૂર્વક સ્નાન કોણ કરાવે છે ? એમની સાથે અન્ય કોણ છે ?

ઉ. ૨૨- ધામધણી શ્રી પ્રાણનાથજીને માનિકભાઈ પ્રેમપૂર્વક સ્નાન કરાવે છે. →

પ્ર. ૨૩- લચ્છીદાસભાઈ અને વૃંદાવનભાઈ શું સેવા કરે છે ? લાલબાઈ આનંદવિભોર થઈને શું આપે છે ?

પ્ર. ૨૪- આ વખત જો મહારાજા છત્રસાલ આવી પહોંચે છે, તો તે શું કરવા લાગે છે ?

પ્ર. ૨૫- લાલબાઈ શું લઈને આવે છે ? સ્નાન પછી શ્રીજીનું શરીર કોણ લૂછે છે ? આ સેવામાં અન્ય કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૨૬- કોને સ્નાન કરાવતાં સમયે બ્રહ્માત્માઓ ઝીલણાંની રામત ગાય છે ? પુનઃ આ સમય શ્રી રાજજી રાજારામભાઈની પુત્રી લલિતાની સાથે શું મશ્કરી કરે છે ?

ઉ. ૧૯- માનબાઈ દ્વારા લાવેલી ચોકી પર બેસીને આગળ ચરણ રાખવા માટે રતનબાઈ એક પાટલી અર્થાત્ એક નાની ચોકી પ્રેમભર્યા દિલથી લાવીને રાખે છે.

ઉ. ૨૦- રામબાઈ સમય-સમય પર શ્રી ધામધણીજીના માટે ચંદનની ખડાઊં લઈને ઉપસ્થિત થાય છે, તો પાટલી પર પાંવડાના રૂપમાં ચાદર બિછાવવાની સેવામાં રતનબાઈ હાજર થાય છે.

ઉ. ૨૧- શ્રીજી સાહેબ શ્રી પ્રાણનાથજી સ્વરૂપના સ્નાન કરતાં સમય ઉપર ચંદરવો લગાવવાની સેવા રતનબાઈ કરે છે.

→ ઝીલણાં-સ્નાનના સમય માનિકભાઈની સાથે શ્રી લાલદાસજી પણ આ સેવામાં રહે છે અને બહુ ઉમંગની સાથે લોટાથી પાણી ઉછાળતાં અને રેડતાં ધામધણી સ્વરૂપને સ્નાન કરાવે છે.

ઉ. ૨૩- લચ્છીદાસભાઈ અને વૃંદાવનભાઈ સ્નાન પછી શ્રીજી સ્વરૂપનું શરીર લૂછવાની સેવા કરે છે. આ સમય લાલબાઈ આનંદવિભોર થઈને શ્રીજી સાહેબજીને રૂમાલ આપે છે.

ઉ. ૨૪- આ વખત જો મહારાજા છત્રસાલ આવી પહોંચે છે, તો તે તુરંત શ્રીજી સાહેબજીનું શરીર લૂછવાની સેવા કરવા લાગે છે અને હાથ પકડીને તેમને ઉઠાવવામાં સહયોગ કરે છે.

ઉ. ૨૫- લાલબાઈ આ વખત રૂમાલ લઈને હાજર થાય છે અને આ રૂમાલથી શ્રી બાઈજૂરાજ શ્રીજી સાહેબનું શરીર લૂછવાની સેવા કરે છે. આ સેવામાં પ્રેમદાસભાઈ પણ બહુ પ્રેમભર્યા દિલથી શામિલ થઈ જાય છે.

ઉ. ૨૬- ધામધણી શ્રી પ્રાણનાથજીને ઝીલણાં-સ્નાન કરાવવા માટે બધી બ્રહ્માત્માઓ તેમને ઘેરીને ઊભી થઈ જાય છે અને **''અની હાં રે ઝીલણ રંગ સોહામણાં રે''** નામક રામત ગાતાં તેમને ઝીલણાં કરાવવા →

→ લાગે છે. ઝીલણાં-સ્નાન કરતાં સમયે વચ-વચમાં શ્રી રાજજી લોટામાં જળ ભરીને લલિતા સખી પર નાંખી દે છે અને તેમના બધા વસ્ત્ર →

પ્ર. ૨૭- કયા વખતે બ્રહ્માત્માઓ આપસ્તમાં આનંદમયી હાંસી-વિનોદ કરે છે ?

પ્ર. ૨૮- ઝીલણાં-સ્નાનના જળમાં લોટપોટ થવાવાળા ભાઈ કોણ છે અને કેવા છે ?

પ્ર. ૨૯- બ્રહ્મસૃષ્ટિઓની વિશેષતાને અંકિત કરતાં કુરાન ગ્રંથમાં શું કહ્યું છે ?

ઉ. ૨૯- બ્રહ્માત્માઓ-મોમિન બ્રહ્મ-ખુદાના અભિન્ન (અખંડ-એક) દોસ્ત છે. તેમને સદ્‌ગ્રંથ કુરાન શરીફમાં પોતાના ગુણ, અંગ, ઈન્દ્રિયોના વિકારોના →

પ્ર. ૩૦- આ સમય કેશવદાસજી અને લાલદાસજી શું કરે છે ?

પ્ર. ૩૧- સ્નાન પછી લાલદાસજી અને પ્રેમદાસભાઈ શું કરે છે ? પુનઃ શ્રીજીને કંબલ (કામળી)-થુરમા ઓઢાવવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૩૨- આ સમય વલ્લભદાસભાઈ શું લાવીને શ્રીજીના ચરણોની સમીપ રાખી દે છે ? તદુપરાંત શ્રીજી કોના બિછાવેલાં પાંવડા પર ચાલે છે ?

→ ભીંજવી દે છે. આ પ્રસંગ દ્વારા બધામાં બહુ હાંસી અને કલોલ થઈ ઉઠે છે.

ઉ. ૨૭- ઝીલણાં-સ્નાનના સમયે બ્રહ્માત્માઓ પરસ્પર આનંદમયી ક્રીડાઓ દ્વારા હાંસી-વિનોદ કરે છે અને ધામધણી શ્રીજી સાહેબ મધુર વચનો દ્વારા બધાથી વાતો કરે છે.

ઉ. ૨૮- ધામધણી શ્રીજી સાહેબજી જે સ્થાન પર ઝીલણાં-સ્નાન કરે છે, ત્યાં ધામધણી દ્વારા સ્નાન કરેલાં વહેતાં જળમાં શોભાદાસભાઈ લોટપોટ થઈને આનંદ લે છે. તે સાધુ વેશમાં પવિત્ર મનથી જમાતની વચ્ચે રહે છે.

→ દુશ્મન બતાવવામાં આવ્યા છે. અર્થાત્ તેઓ પોતાના ગુણ, અંગ, ઈન્દ્રિયોના અનુકૂળ ન બનીને તેમને માયાના મુખથી બચાવીને ધણીના ચરણ પ્રાપ્ત કરાવવાવાળા માર્ગની તરફ ફેરવી લે છે. એ જ એ બ્રહ્માત્માઓ-મોમિનોની વિશેષતા છે.

ઉ. ૩૦- આ સમય શ્રી કેશવદાસજી વાણી લાવીને તેનું પારાયણ (વાચન) કરે છે અને શ્રી લાલદાસજી કુરાનમાંથી વાણીના તે જ પ્રંસગોથી સંબંધિત આયતોને ઢૂંઢીને (શોધીને) શ્રીજીને સંભળાવે છે.

ઉ. ૩૧- સ્નાન કર્યા પછી લાલદાસજી અને પ્રેમદાસભાઈ ધણીને પીતાંબર પહેરાવે છે અને મહારાજા છત્રસાલ એક વિશેષ થુરમા અર્થાત્ એક દોહરી પહાડી કંબલ શ્રીજી સ્વરૂપને ઓઢાડે છે.

ઉ. ૩૨- આ સમય શ્રી વલ્લભદાસભાઈ રત્નોથી જડેલ પનહી (ખડાઊં) ના જોડાં લાવીને શ્રીજીના ચરણોની સમીપ રાખી દે છે. તદુપરાંત રતનબાઈ દ્વારા બિછાવેલાં પાંવડા પર શ્રી પ્રાણનાથજી હર્ષ-ઉમંગથી ચાલે છે.

પ્ર. ૩૩- કોના દ્વારા બિછાવેલાં રેશમી પાંવડા પર ચાલીને, શ્રી રાજજી ક્યાં બિરાજે છે ?

પ્ર. ૩૪- ત્રીજો પાંવડો કોણે બિછાવ્યો, જેની પર શ્રીજી મન મોહિત કરી દેવાવાળી ચાલથી ચાલે છે ? તે સમય શ્રીજીને ઘેરીને ચાલવાવાળી સખીઓ શું કરે છે ?

પ્ર. ૩૫- સમસ્ત સુંદરસાથ માટે પ્રતિદિન પડિયા-દડિયા, પતરાળા (દોના-પતળ) બનાવવાની સેવા કોણ કરે છે તથા તેમની સાથે તે સેવામાં અન્ય કોણ શામિલ છે ?

પ્ર. ૩૬- શ્રીજીને આરોગાવવા માટે થાળ લઈને કોણ આવે છે ? થાળ લઈને આવવાવાળી સખીની ઉપર ચંદરવો પકડીને કેટલી સખીઓ ચાલે છે ?

પ્ર. ૩૭- ચાંદીની મોટી થાળીને રૂમાલથી સારી રીતે લૂછવાની સેવા કરવાવાળી કોણ છે ? ત્યારબાદ તે થાળી કોણ લે છે ?

પ્ર. ૩૮- ચાંદીની તે થાળીમાં કેટલી કટોરીઓ છે અને તે કઈ-કઈ ધાતુઓની બનેલી છે ?

પ્ર. ૩૯- ધામધણી શ્રીજી સાહેબજીના માટે ''રાજભોગ''ની થાળી કોણ સજાવે છે ? આ સમય શ્રી બાઈજૂરાજ અન્ય સખીઓને શેના માટે સાવધાન રહેવાની સલાહ આપે છે ?

ઉ. ૩૯- શ્રી બાઈજૂરાજ ધામધણી શ્રીજી સાહેબજીના ''રાજભોગ'' ની થાળીને →

ઉ. ૩૩- દીપાબાઈ દ્વારા બિછાવેલાં રેશમી પાંવડા પર ચાલીને શ્રી પ્રાણનાથજી આરોગવા માટે રસોઈના સ્થાન પર બિરાજે છે.

ઉ. ૩૪- ત્રીજો પાંવડો બકાઈએ બિછાવ્યો છે. તેની પર શ્રીજી મનમોહિની ચાલથી ચાલે છે. તેમને ઘેરીને ચાલવાવાળી સખીઓ સુમધુર સ્વરમાં વાણી ગાયન કરે છે.

ઉ. ૩૫- સમસ્ત સુંદરસાથ માટે પ્રતિદિન ભોજન માટે પડિયા-પતરાળા તૈયાર કરવાની સેવા ખેમદાસજી કરે છે. તેમની સાથે આ સેવામાં સીતારામભાઈ પણ શામિલ રહે છે.

ઉ. ૩૬- શ્રીજી સાહેબજીને આરોગાવવા માટે ભોજનની થાળી લઈને શ્રી બાઈજૂરાજ આવે છે. તેમની સાથે ચાર સખીઓ થાળની ઉપર ચંદરવો પકડીને ચાલે છે.

ઉ. ૩૭- ચાંદીની મોટી થાળીને આશબાઈ સર્વપ્રથમ પ્રેમપૂર્વક સારી રીતે સજાવી (સંવારી)ને સ્વચ્છ રૂમાલથી લૂછે છે. ત્યારબાદ તે થાળીને શ્રી બાઈજૂરાજ પોતાના હાથમાં લઈ લે છે.

ઉ. ૩૮- ચાંદીની તે થાળમાં કિનારમાં ફરતી દસ કટોરીઓ છે, જે સોના અને ચાંદી નામક ધાતુથી બનેલી છે.

→ દસ કટોરીઓ સહિત પ્રેમપૂર્વક સજાવે છે. તે કટોરીઓમાં શાક-તરકારી (શાકભાજી) વગેરે અન્ય વિભિન્ન પકવાન વ્યવસ્થિત કરે છે. ત્યારબાદ તે અન્ય સખીઓને જરૂરતની વસ્તુઓ લાવવા માટે સાવધાની વર્તવાની સલાહ આપે છે.

પ્ર. ૪૦- શ્રી બાઈજૂરાજ ક્યારે, કેટલા વાગે શ્રી રાજજીને આરોગાવવા માટે થાળ લઈને આવે છે ? તે સેવામાં અન્ય કોણ-કોણ તેમની સાથે ચાલે છે ?

પ્ર. ૪૧- શ્રી બાઈજૂરાજની આગળ-આગળ પાંવડો બિછાવવાની સેવા કોણ કરે છે ? પુનઃ બિહારીદાસભાઈ આ વખતે કઈ સેવા કરે છે ?

પ્ર. ૪૨- રેશમી ગાદી અને ચોકી બિછાવવા તથા ગાદી પર તકિયા રાખવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૪૩- શ્રી રાજજી તે ગાદી પર ક્યારે બેસે છે ? શ્રીજીને સન્માનપૂર્વક હાથ પકડીને બેસાડવાવાળાઓમાં બંને તરફ કોણ-કોણ છે ?

પ્ર. ૪૪- આ વખતે જયારે શ્રીજી સ્વરૂપ ગાદી પર બિરાજે છે, ત્યારે લલિતાબાઈ શું કહે છે ? તેમની મુખ્ય સેવા શું છે ?

ઉ. ૪૪- અહીંયા આ વખતે જ્યારે ધામધણી સ્વરૂપ ગાદી પર બેસે છે, તો →

પ્ર. ૪૫- કોણ શ્રી પ્રાણનાથજી સ્વરૂપની સામે બેસીને વાણી ગાય છે ? તેમની સાથે વાણી ગાવામાં અન્ય કોણ-કોણ સંમિલિત છે ?

પ્ર. ૪૬- આ સમય સ્વાભિમાનપૂર્વક ચોકી રાખવાની અને તેની પર ઝાલર લાગેલો રૂમાલ બિછાવવાની સેવા કોણ કરે છે ?

ઉ. ૪૦- શ્રી બાઈજૂરાજ શ્રીજી સ્વરૂપને ''રાજભોગ'' આરોગાવવા માટે બપોરના સવા અગિયાર વાગે થાળ લઈને આવે છે. શ્રી બાઈજૂરાજને ઘેરીને આ સમય તુલસી, રાધા અને રુકમણી નામક અન્ય સખીઓ પણ તેમની સાથે ચાલે છે.

ઉ. ૪૧- **''રાજભોગ''** નો થાળ લઈને ચાલતાં સમયે શ્રી બાઈજૂરાજની આગળ-આગળ પાંવડો બિછાવવાની સેવા કરનાબાઈ કરે છે. આ વખતે સિંહાસનની સામે ગાદી બિછાવવાની સેવા બિહારીદાસભાઈ કરે છે.

ઉ. ૪૨- સિંહાસનની સામે ચોકી રાખવા, રેશમી ગાદી બિછાવવા અને તે ગાદીના બંને તરફ બે તકિયા રાખવાની સેવા બિહારીદાસભાઈ કરે છે.

ઉ. ૪૩- શ્રી પ્રાણનાથજી તે ગાદી પર ભોજન આરોગવાના સમયે બેસે છે. બેસતાં વખતે તેમને સહારો આપીને સન્માનપૂર્વક બેસાડવાની સેવા માટે એક તરફ લાલબાઈ છે, તો બીજી તરફ ધનબાઈ છે.

→ લલિતાબાઈ **''ખમ્મા-ખમ્મા''**નો જયઘોષ લગાડે છે. શ્રી રાજજીના બેસતાં અને ઉઠતાં સમયે **''ખમ્મા-ખમ્મા''** જયઘોષ લગાડવો જ લલિતાબાઈની મુખ્ય સેવા છે.

ઉ. ૪૫- શ્રી પ્રાણનાથજીની સામે શ્રી મુકુંદદાસજી વાણી ગાય છે. તેમની સાથે વાણી ગાવામાં કન્નડભાઈ, પરમાનંદભાઈ, બિંદાભાઈ અને ગંગારામભાઈ સંમિલિત છે.

ઉ. ૪૬- આ સમય બહુ સ્વાભિમાનપૂર્વક માનબાઈ ચોકી રાખીને તે ચોકી પર ઝાલર લાગેલો રૂમાલ બિછાવ્યા કરે છે.

પ્ર. ૪૭- ઉક્ત ચોકી પર થાળ રાખીને આરોગાવવાની સેવા કોણ કરે છે ? શ્રીજીને આરોગાવવા માટે વિશેષ કરીને કોણ-કોણ બેસે છે ?

પ્ર. ૪૮- આ વખતે હાથમાં ચિલમચી લઈને સેવામાં કોણ તત્પર રહે છે ? શ્રીજીના હાથ ધોવડાવવાની સેવા કોણ કરે છે ? પુનઃ રૂમાલ લઈને શ્રીજીના હાથ લૂછવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૪૯- શ્રી બાઈજૂરાજજી શ્રીજીને આરોગાવવા માટે શું એકલા આવે છે ? આ વખતે શંકરદાસભાઈ કેમ ઉપસ્થિત રહે છે ?

ઉ. ૪૯- શ્રી બાઈજૂરાજજી શ્રીજીને રાજભોગ આરોગાવવા માટે એકલા આવતાં →

પ્ર. ૫૦- સખીઓની ટોળીમાં સરદાર કોણ છે ? શ્રીજીને આરોગાવતાં સમયે તે સુંદરસાથ દ્વારા સેવા પ્રાપ્તિના ઇંતેજારમાં કઈ રીતે તત્પર રહે છે ?

પ્ર. ૫૧- કોણ ભાઈ રાતદિન રસોઈના કાર્યોમાં મસ્ત રહે છે, જે બાદમાં પાછાં જઈ પોતાની ન્યાત-પોતાના ઘર-પરિવારમાં સંમિલિત થઈ ગયા ?

પ્ર. ૫૨- આરોગતી સમયે શ્રીજી સાહેબજીના સિર પર જરી-બૂટ્ટાથી ભરેલો રૂમાલ બાંધવાની સેવા કોણ કરે છે ? તે સમય શ્રીજી કેવી વાતો કરે છે ?

પ્ર. ૫૩- આરોગાવતાં સમયે જરી-બૂટ્ટીયુક્ત ભરેલો મોટો રૂમાલ શ્રીજીને ઓઢાવવાની સેવા કોની છે ?

ઉ. ૪૭- ઉપરોક્ત ચોકી પર થાળ રાખીને શ્રીજી સ્વરૂપને આરોગાવવા માટે શ્રી બાઈજૂરાજ તેમની પાસે જ બેસે છે. શ્રીજીની સન્મુખ આઈજી બેસે છે.

ઉ. ૪૮- આ સમય માનિકભાઈ હાથમાં ચિલમચી લઈને સેવામાં તત્પર રહે છે. તે ચિલમચી દ્વારા શ્રી બાઈજૂરાજજી શ્રીજીના હાથ ધોવડાવે છે. પુનઃ હાથ લૂછવા માટે લાલબાઈ રૂમાલ લઈને આવે છે અને ધામધણીના હાથ લૂછી દે છે.

→ નથી. તે તો પોતાની સખી સમૂહની સાથે ધણીને આરોગાવવા માટે થાળ લઈને આવે છે. આ વખતે શંકરદાસભાઈ સેવાના ઇંતેજારમાં ઉપસ્થિત રહે છે.

ઉ. ૫૦- જયંતિકાકા બધી સખીઓની ટોળીમાં સરદાર છે. યસર્થ તે આગળ-આગળ રહે છે. આરોગાવવાના સમયે તેમને સુંદરસાથની સેવાનો જે પણ બાહ્ય સેવાકાર્ય મળી જાય છે, તેને તે બહુ સાવધાનીથી પૂરું કરે છે. આ પ્રકાર તે સદૈવ સેવા પ્રાપ્તિના ઇંતેજારમાં જ રહે છે.

ઉ. ૫૧- સૂરજમનભાઈ રાતદિન રસોઈના કાર્યોમાં જ ડટે રહે છે. આ પ્રકાર જેઓએ ધામના સુંદરસાથની થોડા સમય સુધી સેવા કરી. થોડા દિવસો પછી તે પુનઃ પોતાની ન્યાત-બિરાદરી, પોતાના ઘર-પરિવારની પાસે પાછાં ફરીને તેમનામાં જ સંમિલિત થઈ ગયા.

ઉ. ૫૨- આરોગતી વખતે ધામધણી શ્રીજી સાહેબના સિર પર જરી-બૂટ્ટાથી ભરેલો રૂમાલ બાંધવાની સેવા માનિકબાઈ કરે છે. તે સમય ધામધણી શ્રીજી તેનાથી મધુર વાણીમાં સારગર્ભિત વાતો કરે છે.

ઉ. ૫૩- આરોગાવતાં સમયે ધામધણી શ્રીજીને જરી-બૂટ્ટી યુક્ત ભરેલો મોટો રૂમાલ ઓઢાવવાની સેવા લાલબાઈ અર્થાત્ લાલદાસજીની ધર્મપત્નીની છે.

પ્ર. ૫૪- ગુલાબજળમાં ભીંજવીને (પલાળીને) શ્રીજીને રૂમાલ આપવાની સેવા કોની છે ? તે અન્ય કઈ સેવા કરે છે ?

પ્ર. ૫૫- કોણ-કોણ સખી પોત-પોતાની વારીમાં થાળ લઈને આવે છે ?

પ્ર. ૫૬- શ્રી બાઈજૂરાજ કયા સમયે સદૈવ શ્રીજીની સમીપ જ બિરાજમાન રહે છે ? આરોગતાં સમયે શ્રીજી કોનાથી પોતાના રુચિપૂર્ણ વસ્તુઓ માંગે છે ?

પ્ર. ૫૭- શ્રી બાઈજૂરાજ શ્રીજીની વાંછિત વસ્તુઓ કઈ રીતે પીરસે છે ? ભોજન કરતાં સમયે શ્રીજી વચ્ચે-વચ્ચે શું કરે છે ?

ઉ. ૫૭- શ્રીજીના ઈચ્છાનુકૂળ વસ્તુઓ મંગાવીને શ્રી બાઈજૂરાજ બહુ પ્રેમથી →

પ્ર. ૫૮- ભોજન કરતી વખતે બંને બાજુ બેસીને શ્રીજી દ્વારા બોલેલી ચોપાઈ તુરંત લખવાવાળા ભાઈ કોણ-કોણ છે ?

પ્ર. ૫૯- આરોગતાં સમયે કોણ ભાઈ ઉપસ્થિત થઈને હદીસોના જ્ઞાનની સાક્ષીઓ યાદ કરીને શ્રીજીને સંભળાવે છે ?

પ્ર. ૬૦- આરોગતાં સમયે શ્રીજી દ્વારા જે પ્રસાદ સખીઓમાં વિતરિત-વિતરણ (વહેંચાય) થાય છે, તે પ્રસાદનો સ્વાદ કોણ લે છે ?

ઉ. ૫૪- ગુલાબજળમાં રૂમાલ ભીંજવીને મુગ્ધ (નિખાલસ-ભોળા) મનથી શ્રીજીને આપવાની સેવા મથુરીબાઈની છે. શ્રીજીના મસ્તક (માથા) પર તિલકની વચ્ચે નાની બિંદી કરવાની સેવા પણ એની જ છે.

ઉ. ૫૫- હિમોતીબાઈ અને મથુરીબાઈ-એ બંને પોત-પોતાની વારીમાં થાળ લઈને આવે છે.

ઉ. ૫૬- જ્યારે ધામધણી ભોજન આરોગવા માટે બેસે છે, ત્યારે શ્રી બાઈજૂરાજ સદૈવ તેમના સમીપ જ બિરાજમાન રહે છે તથા તેમના રુચિપૂર્વક વાંછિત (ઈચ્છિત) વસ્તુઓ મંગાવીને તેમને પ્રેમપૂર્વક આરોગાવે છે અને શ્રીજી પણ પોતાની રુચિમાફક વસ્તુઓ શ્રી બાઈજીથી માંગે છે.

→ તેમની થાળીમાં પીરસે છે. શ્રીજી પણ શાકભાજી, વિભિન્ન પ્રકારના અથાણાં (અચાર) વગેરે વસ્તુઓ ઈચ્છાનુકૂળ બહુ પ્રેમથી સ્વીકારે છે. પુનઃ ભોજન કરતાં સમયે વચ્ચે-વચ્ચે વિભિન્ન વાતો દ્વારા શ્રીજી બધાને આનંદિત પણ કરે છે.

ઉ. ૫૮- શ્રીજીને ભોજન આરોગાવતાં સમયે શ્રીજીની એક તરફ શ્રી લાલદાસજી બેસે છે, તો બીજી તરફ શ્રી કેશવદાસજી. ભોજન આરોગતી વખતે શ્રીજી જે ચોપાઈઓ બોલે છે, તેને એ બંને ભાઈ લખતાં જાય છે.

ઉ. ૫૯- જ્યારે શ્રી ધામધણી સ્વરૂપ શ્રીજી ભોજન આરોગવા બેસે છે, ત્યારે શ્રી ગોકુલદાસભાઈ પણ ઉપસ્થિત રહે છે તથા તે હદીસોના જ્ઞાનની સાક્ષીઓ સ્મરણ કરી શ્રીજીને સંભળાવે છે.

ઉ. ૬૦- આરોગતાં સમયે શ્રીજી જે પ્રસાદ સુંદરસાથમાં વિતરિત-વિતરણ કરે છે, સખીઓ દ્વારા લીધેલાં તે પ્રસાદનો સ્વાદ રાજારામભાઈને મળે છે.

પ્ર. ૬૧- આ વખતે પોત-પોતાની ભાવનાનુસાર શ્રીજીને આરોગાવવા માટે પોત-પોતાના ઘરેથી ભોજન-સામગ્રી લાવવાવાળાઓમાં અગ્રગણ્ય કોણ-કોણ છે ? તેઓ શું લઈને આવે છે ?

પ્ર. ૬૨- આ સમય બંગલાજીમાં કોણ-કોણ આવે છે અને કઈ સેવા કરે છે ?

પ્ર. ૬૩- આ વખતે બિહારીદાસ અને વલ્લભદાસભાઈ કઈ સેવા કરે છે ?

પ્ર. ૬૪- ધરમાબાઈ પોતાનો ધર્મ કેવી રીતે પાલન કરે છે ? એમના દ્વારા બનાવેલી રોટલી શ્રી રાજજી બહુ પસંદગી (ચાવ) થી ગ્રહણ કેમ કરે છે ? એમનામાં શું ખૂબી છે ?

ઉ. ૬૪- શ્રી પ્રાણનાથજીને આરોગાવતાં સમયે પોતાના કર્તવ્યપાલન કરવાની →

પ્ર. ૬૫- શ્રીજીના જમણી-ડાબી તરફ કોણ-કોણ રહે છે અને કેમ રહે છે ?

ઉ. ૬૫- ખડગોબાઈ અને હનુમંતબાઈ ભંડારિણ છે, જે આરોગતાં સમયે શ્રીજી →

પ્ર. ૬૬- આ સમય બંગલાજીમાં ક્યાંય પણ ખાલી જગ્યા કેમ જોવામાં આવતી નથી ?

પ્ર. ૬૭- આ વખતે જળ અને પિકદાનની સેવાના છંતેજારમાં કોણ-કોણ ઉપસ્થિત રહે છે ?

ઉ. ૬૭- આરોગવાના સમયે જ્યારે વચમાં શ્રીજીને જળની જરૂર પડે છે, ત્યારે →

ઉ. ૬૧- આ વખતે અન્ય સુંદરસાથ પણ ભાવુક થઈને પોત-પોતાના ઘરેથી ધામધણી શ્રી રાજજી માટે કંઈ ને કંઈ બનાવીને લાવે છે. એમાંથી અગ્રગણ્ય રતનબાઈ અને પૂરબાઈ શ્રીજી માટે મગ લઈને આવે છે.

ઉ. ૬૨- આ સમય બહુ પ્રેમથી શ્રી બંગલાજીમાં પ્રેમબાઈ, પુનઃ સીતાબાઈ અને સુઆબાઈ આવે છે અને પોતાના હાથથી રૂમાલ લાવીને થાળની ઉપર હલાવવાની સેવા કરે છે.

ઉ. ૬૩- બિહારીદાસભાઈ પણ આ સમય ઉક્ત સખીઓની સાથે હાથમાં રૂમાલ લઈને હલાવવાની સેવા કરે છે. શ્રી વલ્લભદાસભાઈ તો આ વખતે ગાદીની પાછળ છત્ર લઈને ઊભા રહે છે.

→ ભાવનાથી ધરમાબાઈ પ્રતિદિન બહુ પ્રેમથી નરમ-નરમ રોટલી લઈને આવે છે. પવિત્ર-કોમળ દિલથી બનાવેલી તેની રોટલી શ્રીજી બહુ ચાવ (ચાહ)થી ગ્રહણ કરે છે. કેમ કે તેમની રોટી નરમમાં નરમ છે. નરમમાં નરમ રોટલી બનાવવાની કળા જ એમના હાથની વિશેષતા છે.

→ સાહેબજીની જમણી-ડાબી તરફ બેસે છે અને શ્રીજીને કઈ વસ્તુની જરૂર પડશે, એ જ વાતના ઇંતેજારમાં રહે છે. જરૂરત પડવાથી વાંછિત (ઈચ્છિત) વસ્તુઓ ભાગી-ભાગીને લઈ આવે છે.

ઉ. ૬૬- આ સમય શ્રીજીને આરોગાવવા માટે બધા સુંદરસાથ બંગલાજીમાં એકત્રિત થાય છે. બંગલાજી આ રીતે ભરાઈ જાય છે કે એક પણ જગ્યા ખાલી જોવામાં આવતી નથી.

→ છબીલદાસભાઈ સ્વચ્છ જળ લઈને શ્રીજીને અર્પણ કરવા માટે તત્પર રહે છે. પુનઃ કોગળા કરવા માટે પિકદાની (થૂંકદાની) લઈને વિશેષ સેવક વલ્લભદાસભાઈ ઇંતેજારમાં ઊભા રહે છે.

પ્ર. ૬૮- ગાદીની બંને તરફ બે પિકદાન લઈને શ્રીજીના સમીપમાં જ કોણ ઊભા રહે છે ?

પ્ર. ૬૯- શંકરદાસભાઈ અને રાઘવદાસભાઈ કઈ સેવામાં સંમિલિત રહે છે ?

પ્ર. ૭૦- કોણ-કોણ ભાઈ પિકદાન લઈને ઊભા-ઊભા ચંવર પણ ડોલાવે છે ?

પ્ર. ૭૧- કઈ સેવા દ્વારા કેશવદાસજી અને લાલદાસજી શ્રીજીને રીઝાવે છે ?

પ્ર. ૭૨- ચિપ્પી (નારિયેળની કાચલી) માં ચણા લઈને આવવાવાળા ભાઈ કોણ છે ? શ્રીજી તેમના શેકેલાં (ભુનેલાં) ચણા કેવી રીતે ગ્રહણ કરે છે ?

પ્ર. ૭૩- શ્રી બાઈજૂરાજ આ સમયે શું-શું લાવે છે અને પ્રેમપૂર્વક શ્રીજીને અર્પણ કરે છે ?

પ્ર. ૭૪- શ્રીજીની થાળનો પ્રસાદ બધામાં વહેંચવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૭૫- શ્રીજી સાહેબજીએ કોને પોતાનો પ્રસાદ સાથમાં વિતરણ કરવાની સેવા સ્વયં પ્રદાન કરી છે ?

ઉ. ૭૫- શ્રીજી સાહેબજીએ સમસ્ત સુહાગણોમાં પોતાના થાળનો પ્રસાદ →

પ્ર. ૭૬- શું પામીને ધામની બ્રહ્મનિષ્ઠ દુલહિન આત્માઓ લાભાન્વિત થાય છે ?

ઉ. ૬૮- મહામતિ સ્વરૂપની ગાદીની બંને તરફ એક-એક પિકદાન રહે છે. તેમાંથી એક પિકદાન લઈને શંકરદાસભાઈ અને બીજી પિકદાન લઈને સંતદાસભાઈ અત્યંત સમીપમાં ઊભા રહે છે.

ઉ. ૬૯- શંકરદાસભાઈ અને રાઘવદાસભાઈ તંબોલ વહેંચવાની સેવામાં સંમિલિત રહે છે.

ઉ. ૭૦- શંકરદાસ અને મુરલીધર-એ બંને ભાઈ ચંવર ડોલાવવાની સેવા કરવાની સાથે-સાથે પિકદાન લઈને શ્રીજીની સેવામાં હાજર રહેવાની સેવા પણ કરે છે.

ઉ. ૭૧- શ્રીજી સ્વરૂપના મુખારવિંદથી અવતરિત ચોપાઈઓને લખવાની સેવા કરીને લાલદાસજી અને કેશવદાસજી શ્રી પ્રાણનાથજી સ્વરૂપને રીઝાવે છે.

ઉ. ૭૨- આરોગતાં સમયે શ્રીજી સાહેબજી માટે ચિપ્પીમાં શેકેલાં ચણા લઈને પ્રેમપૂર્વક મયારામભાઈ આવે છે. તેમના દ્વારા પ્રેમપૂર્વક લાવેલાં ચણા શ્રીજી ચપટી (ચુટકી) થી લઈને આરોગે છે.

ઉ. ૭૩- આ સમય શ્રી બાઈજૂરાજ દૂધ, દહીં અને શ્રીખંડ બનાવીને લાવે છે અને પ્રેમપૂર્વક શ્રીજીને અર્પણ કરે છે.

ઉ. ૭૪- શ્રીજીની થાળનો પ્રસાદ બધામાં વહેંચવાની સેવા લાલબાઈ કરે છે.

→ વહેંચવાની સેવા સ્વયં લાલબાઈને પ્રદાન કરી છે. યસર્થ આ સેવા લાલબાઈ ધ્યાનપૂર્વક કરે છે. કોઈપણ પ્રસાદથી વંચિત ન રહી જાય, આ વાતના પ્રત્યે બહુ સતર્ક થઈને લાલબાઈ પોતાની સેવા નિભાવે છે.

ઉ. ૭૬- પોતાના ધામના ધણી શ્રીજી સાહેબનો પ્રસાદ પામીને ધામની બ્રહ્મનિષ્ઠ સુહાગણ આત્માઓ સહિત બધા લોકો લાભાન્વિત થાય છે.

પ્ર. ૭૭- આરોગી લીધા પછી શ્રીજીને રૂમાલ લાવીને આપવાની સેવા વિશેષ કરી કોણ કરે છે ?

પ્ર. ૭૮- આરોગી લીધા પછી શ્રીજીને પ્રસન્નચિત્ત મનથી રૂમાલ આપવા માટે ક્યારેક-ક્યારેક કોણ તત્પર રહે છે ?

પ્ર. ૭૯- શ્રીજીને સોપારી લાવીને આપવાની સેવા કોણ-કોણ ભાઈ કરે છે ?

પ્ર. ૮૦- સોપારીની સેવા કરવાવાળા ઉક્ત બે ભાઈઓથી પણ આગળ થઈને એ જ સેવાને પ્રસ્તુત કરવાવાળા ભાઈ કોણ છે ?

પ્ર. ૮૧- પાનના બીડા લઈને આવવાની સેવા અત્યારે કોણ કરે છે ? તેમના પહેલાં આ સેવા કોણ કરતું હતું ?

પ્ર. ૮૨- શ્રીજી સાહેબજીની સેવામાં પાનના બીડા અર્પણ કરવાની સેવા કોણ કરે છે અને તેમની સાથે અન્ય કોણ શામિલ છે ?

પ્ર. ૮૩- પાનના બીડા તૈયાર કરવાની સેવા કરવાવાળી સેવિકા કોણ છે ? પુનઃ પાનના પત્તા લૂછીને તેમાં કાથો-ચૂનાની સાથે અન્ય શું-શું નાંખે છે અને આ સેવા કોણ કરે છે ?

પ્ર. ૮૪- મુકુંદદાસભાઈ પોતાની પાસે શું રાખે છે, જેને તે સમય પર શ્રીજીને અર્પિત કરે છે ?

ઉ. ૭૭- શ્રીજીના આરોગી લીધા પછી રૂમાલ લાવીને આગળ રાખવાની સેવા વિશેષ કરીને રામબાઈની જ રહે છે.

ઉ. ૭૮- આ વખતે સેવા માટે હરબાઈ પણ હાથમાં રૂમાલ લાવીને પ્રસન્નચિત્ત થઈને તત્પર રહે છે અને ઉચિત સમય પર રૂમાલ અર્પણ કરે છે.

ઉ. ૭૯- સોપારી લાવીને શ્રીજી સાહેબજીની સેવામાં પ્રસ્તુત કરવાવાળા એક તો ગીગાભાઈ છે અને બીજા માનિકભાઈ છે.

ઉ. ૮૦- ઉક્ત બંને ભાઈઓથી પણ આગળ થઈને શ્રીજીને સોપારી અર્પિત કરવાની સેવામાં સ્યાને (હોશિયાર) થઈને તત્પર રહેવાવાળા ભાઈનું નામ છે-છબીલદાસભાઈ.

ઉ. ૮૧- શ્રીજીના માટે પાનના બીડા લઈને સેવામાં ઉપસ્થિત રહેવાવાળા ભાઈનું નામ છે-પ્રહ્લાદભાઈ. એના પહેલાં એ જ સેવા કલ્યાણભાઈ કરતાં હતા.

ઉ. ૮૨- પાનના બીડા અર્પણ કરવાની સેવામાં પ્રહ્લાદભાઈની સાથે સંમિલિત રહેવાવાળા ભાઈનું નામ છે-સંપતભાઈ.

ઉ. ૮૩- પાનના બીડા તૈયાર કરવાની સેવા કરવાવાળી સેવિકા છે-સ્વયં શ્રી બાઈજૂરાજ. તે જ પાનના પત્તાને લૂછીને સ્વચ્છ કરે છે અને તેમાં કાથો, ચૂના, લવિંગ, જાવંત્રી અને જાયફળ વગેરે મસાલા નાંખીને યુક્તિપૂર્વક ભલીભાંતિ બીડા તૈયાર કરે છે.

ઉ. ૮૪- મુકુંદદાસભાઈ હંમેશાં પોતાની પાસે કપૂરદાની રાખે છે અને જરૂર પડતાં જ શ્રીજી સાહેબજીને તેમાંથી કપૂર કાઢીને અર્પણ કરે છે.

પ્ર. ૮૫- મહામતિ શ્રી પ્રાણનાથજીને શ્રી બાઈજૂરાજ શું અર્પિત કરે છે અને તેની સાથે શું લગાવીને આપે છે ?

પ્ર. ૮૬- કોણ મહામતિ શ્રી પ્રાણનાથજી સ્વરૂપને તંબોલની સાથે પાનના બીડા અર્પણ કરે છે ? ''કોઈ નહીં સેવા ઈન તોલ'' એવું કોણ, કોને કહે છે ?

પ્ર. ૮૭- અન્ય સાથીઓના આગ્રહ કરવાથી કોણે અને કેવી સેવા છોડી દીધી ?

પ્ર. ૮૮- બેનીદાસભાઈએ થોડા દિવસો સુધી શું રાખવાની સેવા કરી ?

પ્ર. ૮૯- મહામતિ સ્વરૂપ બહુ જ આનંદિત થઈને શું ગ્રહણ કરે છે ?

પ્ર. ૯૦- માનિકભાઈને ઘેર જતાં સમયે શ્રીજીને કેવી રીતે લઈ જવામાં આવે છે ? પુનઃ શ્રીજીનો હાથ પકડીને ઉઠાડવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૯૧- ગંગાદાસભાઈ શું હાજર કરે છે ? શ્રીજી ક્યારે અનૂઠી ચાલથી ચાલીને આનંદદાયક વાતો કરે છે ?

ઉ. ૯૧- ગંગાદાસભાઈ સોના-ચાંદીથી મઢેલાં આસા (એક પ્રકારનો ડાંડો) શ્રી →

પ્ર. ૯૨- આ વખતે મહારાજા છત્રસાલ આવીને શું કરે છે ? પુનઃ શ્રીજી બીજો હાથ કઈ તરફ આગળ આપે છે ?

ઉ. ૮૫- શ્રી બાઈજૂરાજ મહામતિ શ્રી પ્રાણનાથજીને તેમની ઈચ્છાની અનુકૂળ રુચી (પસંદ) પાનના બીડા લગાડીને અર્પણ કરે છે. તે પાનના બીડાની સાથે તે લવિંગ અને એલચી પણ લગાડીને આપે છે.

ઉ. ૮૬- મહારાજા છત્રસાલ પોતાના હાથથી શ્રીજીને તંબોલ (નાગરવેલ) સહિત પાનના બીડા અર્પણ કરે છે. તેમની આ સેવા દ્વારા પ્રસન્ન થઈને ધામધણી શ્રી પ્રાણનાથજી કહે છે **''કોઈ નહીં સેવા ઈન તોલ.''**

ઉ. ૮૭- અન્ય સાથીઓના આગ્રહ કરવાથી ગિરધર મોનીએ પોતાની પાનની સેવા છોડી દીધી. આ સેવા તે પહેલાં બધાથી આગળ થઈને કરતાં હતા.

ઉ. ૮૮- બેનીદાસભાઈએ થોડા દિવસો સુધી કસ્તૂરી રાખવાની સેવા કરી. શ્રીજી સાહેબજીને જરૂર પડતાં જ તે બહુ પ્રેમથી તેમને કસ્તૂરી અર્પિત કરે છે.

ઉ. ૮૯- મહામતિ સ્વરૂપ બહુ જ આનંદિત થઈને પાનના બીડા ગ્રહણ કરે છે.

ઉ. ૯૦- માનિકભાઈના ઘેર જતાં સમયે શ્રીજીને પાંવડો બિછાવીને લઈ જવામાં આવે છે. શ્રીજીના હાથ પકડીને ઉઠાડવાની સેવા લચ્છીદાસભાઈ કરે છે.

→ પ્રાણનાથજીની સેવામાં પ્રસ્તુત કરે છે. આ વખતે શ્રીજી સ્વરૂપ હાલતાં-ડોલતાં મનમોહક ચાલથી ચાલતાં બધામાં આનંદદાયી ખુશિયાલી ભરી દે છે.

ઉ. ૯૨- આ વખતે જ્યારે મહારાજા છત્રસાલ આવી પહોંચ્યા, તો તેઓ ચાલતાં સમયે શ્રીજીનો હાથ પકડવાની સેવા કરે છે. પુનઃ શ્રીજી સ્વરૂપ પોતાનો બીજો હાથ લાલદાસજીની તરફ આગળ આપે છે.

પ્ર. ૯૩- માનિકભાઈના ઘેરથી પાછાં ફરતાં શ્રીજી સ્વરૂપના હાથ પકડવાની સેવા કોણ કરે છે ? આ સેવામાં તેમની સાથે અન્ય કોણ શામિલ છે ?

પ્ર. ૯૪- સેજ બિછાવવાની સેવા કોણ કરે છે ? તેમની સાથે આ સેવામાં બીજા કિનારા પર કોણ છે ? પુનઃ સેજ સજાવવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૯૫- શ્રીજીના પલંગની ચારે તરફ પાંવડા કેમ બિછાવવામાં આવે છે ? શ્રી રાજજી કેવી ચાલથી ચાલીને પલંગ પર આવે છે ? સુંદરસાથ અહીંયા શ્રીજીને કોણ સ્વરૂપ માનીને સેવા કરી રહ્યા છે ?

પ્ર. ૯૬- શ્રીજી સ્વરૂપની સાથે ચાલતાં સમયે સુંદરસાથ કેવી રીતે ચાલે છે ? તે આ સમયે શું ગાતાં ચાલે છે ? આ પ્રકારની સેવાનો લાભ કોણ લઈ શકે છે ?

ઉ. ૯૬- ક્યાંય પણ હોય, શ્રીજી સ્વરૂપની સાથે ચાલતાં સમય સુંદરસાથ તેમને →

પ્ર. ૯૭- પોતાના પ્રિયતમ ધણી શ્રી રાજજીને સખીયો કેવી રીતે રીઝાવે છે ? શ્રી રાજજી તેમને કેવી રીતે આનંદિત કરતાં ચાલે છે ?

પ્ર. ૯૮- ''આ સુખની તુલનામાં અન્ય કોઈ સુખ આવી શકતું નથી''-એવું કહ્યું છે. અતઃ કયા સુખની ચર્ચા કરવામાં આવી રહી છે ?

ઉ. ૯૮- પરમધામની સખીઓ પરમધામની મધુરવાણી ગાઈને પોતાના ધણીને →

ઉ. ૯૩- માનિકભાઈના ઘેરથી પાછાં ફરતાં શ્રીજી સ્વરૂપનો હાથ પકડવાની સેવા લાલદાસજી અને પ્રેમદાસભાઈ કરે છે. આ સેવામાં તેમની સાથે મકરંદદાસભાઈ પણ શામિલ છે.

ઉ. ૯૪- સારી રીતે બહુ પ્રેમથી સેજ બિછાવવાની સેવા દ્વારિકાદાસભાઈ કરે છે. આ સેવામાં તેમની સાથે બીજા છોર (કિનારા-કપડાંની બીજી બાજુ કિનાર) પર પ્રેમદાસભાઈ સંલગ્ન છે. (મળેલાં છે.) સેજ સજાવવાની સેવા અન્ય પ્રમુખ સુંદરસાથ પણ કરે છે.

ઉ. ૯૫- શ્રીજીના પલંગની ચારે તરફ પરિક્રમા માટે પાંવડો બિછાવવામાં આવે છે. શ્રી રાજજી આશ્ચર્યચકિત કરી દેવાવાળી ચાલથી ચાલીને પલંગ પર બિરાજમાન થાય છે. અહીંયા સુંદરસાથ શ્રી પ્રાણનાથજીને અક્ષરાતીત શ્રી કૃષ્ણ-શ્રી રાજજી સ્વરૂપ માનીને સેવા કરી રહ્યા છે.

→ ચારે તરફથી ઘેરીને ચાલે છે. ઘેરીને ચાલવાવાળા સુંદરસાથ આ સમય શ્રીજી સ્વરૂપના શ્રી મુખ દ્વારા અવતરિત વાણીનું ગાયન કરતાં ચાલે છે આ પ્રકારની સેવાનો લાભ તે જ લઈ શકે છે, જેની-જેની પર કૃપા કરીને શ્રી રાજજીએ હાથ પકડીને સહારો આપ્યો છે.

ઉ. ૯૭- પોતાના પ્રાણવલ્લભ પ્રિયતમ ધણી શ્રી રાજજીને સખીઓ પરમધામની મધુરવાણી ગાઈને રીઝાવે છે. પુનઃ શ્રી રાજજી પણ તેમને મધુર વચનો દ્વારા આનંદિત કરતાં ચાલે છે.

→ રીઝાવે છે. પુનઃ ધામધણી પણ પોતાની અંગનાઓને મધુર વચનો દ્વારા આનંદિત કરે છે. અતઃ એ જ સુખની ચર્ચા કરતાં કહેવામાં આવ્યું છે કે **''આ સુખની તુલનામાં અન્ય કોઈ સુખ આવી શકતું નથી.''**

પ્ર. ૯૯- ગાવાવાળા સાથી કઈ-કઈ લીલાઓથી સંબંધિત વાણી ગાય છે ? શું તેઓએ ગાવાના સંબંધમાં કોઈ નિયમ બાંધેલો છે ?

પ્ર. ૧૦૦- વિશેષ કરી ક્યાંની, કેવી લીલાથી સંબંધિત વાણીનું ગાન કરવાવાળાઓના પ્રતિ પ્રસન્ન થઈને શ્રી રાજજી તેમને વધારે પ્રોત્સાહિત કરે છે તથા સ્નેહની વરસાદ કરે છે ?

પ્ર. ૧૦૧- શ્રી બાઈજૂરાજ (તેજકુંવરી) ગાદી-તકિયા વગેરે આગળ રાખવા માટે ક્યારે આવે છે ?

પ્ર. ૧૦૨- ધામના ધણી શ્રી પ્રાણનાથજી પોતાના સુંદરસાથને કેવી રીતે-કઈ રીતે સુખ આપીને આનંદિત કર્યા કરે છે ?

પ્ર. ૧૦૩- કયા સુખનું વર્ણન કરવું, આ જિહ્વા માટે સર્વથા અસંભવ છે ?

ઉ. ૧૦૩- જાગણીના બ્રહ્માંડમાં શ્રી પરમધામના અખંડ સુખના સમાન જે સુખ →

પ્ર. ૧૦૪- ધામધણી શ્રી પ્રાણનાથજીની દિવ્ય પ્રકાશમયી શય્યા (સેજ) કેવી પ્રતીત થાય છે ?

પ્ર. ૧૦૫- ધામધણી શ્રીજી સ્વરૂપની આસપાસ અને તેમને ઘેરીને બેઠેલી બ્રહ્માત્માઓ આ સમયે શું કરે છે ?

પ્ર. ૧૦૬- શ્રીજીની અર્ધાંગિની શ્રી બાઈજૂરાજ શ્રીજીના ચરણસ્પર્શ કરી ક્યારે પોતાના સ્થાનમાં પાછાં જાય છે ?

ઉ. ૯૯- ગાવાવાળા સાથી પ્રેમપૂર્વક ક્યારેક રાસલીલાથી સંબંધિત વાણી ગાય છે, તો ક્યારે વ્રજલીલાના પ્રસંગોથી સંબંધિત વાણીનું ગાયન કરે છે. તેઓએ ગાવાના સંબંધમાં કોઈ નિયમ બાંધેલો નથી.

ઉ. ૧૦૦- વિશેષ કરી જ્યારે ગાવાવાળા સુંદરસાથ શ્રી પરમધામની લીલાઓથી સંબંધિત વાણીનું ગાન કરે છે, ત્યારે તેની પર અત્યંત પ્રસન્ન થઈને સ્નેહની વર્ષા દ્વારા શ્રી રાજજી તેમને વધારે પ્રોત્સાહિત કરે છે.

ઉ. ૧૦૧- શ્રી બાઈજૂરાજ (તેજકુંવરી) ગાદી-તકિયા વગેરે આગળ રાખવા માટે ત્યારે આવે છે, જ્યારે શ્રી પ્રાણનાથજી રાજભોગ આરોગીને પલંગ પર બિરાજમાન થાય છે.

ઉ. ૧૦૨- ધામના ધણી પૂર્ણબ્રહ્મ સ્વરૂપ શ્રી પ્રાણનાથજી પોતાના ધામસ્થ સુંદરસાથને અનેક પ્રકારથી સ્નેહ બતાવીને, પુનઃ બહુ મીઠી મધુર વાણીમાં તેમનાથી વાતો કરીને આનંદિત કર્યા કરે છે.

→ બ્રહ્માત્માઓ અત્યારે પ્રાપ્ત કરી રહી છે, તે સુખનું રહસ્ય તો ધામસ્થ બ્રહ્માત્માઓ જ જાણી શકે છે. અતઃ આ સુખનું વર્ણન કરવું આ જિહ્વા માટે સર્વથા અસંભવ છે.

ઉ. ૧૦૪- ધામના ધણી મહામતિ શ્રી પ્રાણનાથજીની દિવ્યાતિદિવ્ય પ્રકાશમયી શય્યા (સેજ) અત્યધિક પ્યારી, લાલ રંગની પ્રતીત થાય છે.

ઉ. ૧૦૫- ધામધણી શ્રીજી સ્વરૂપની આસપાસ બેઠેલી બ્રહ્માત્માઓ અત્યંત પ્રેમથી શ્રીજી સ્વરૂપની સેવા કરે છે અને તેમને ઘેરીને બેઠેલી સખીઓ વારંવાર તેમના ચરણોમાં પ્રણામ કરીને પાછી ફરી જાય છે.

ઉ. ૧૦૬- શ્રીજીની અર્ધાંગિની શ્રી બાઈજૂરાજ, જ્યારે ધામધણી શ્રીજી સ્વરૂપ મનમોહિની ચાલથી ચાલીને પલંગ પર બિરાજમાન થાય છે, ત્યારે તેમના ચરણ સ્પર્શ કરી પોતાના સ્થાનમાં પાછાં જાય છે.

પ્ર. ૧૦૭- ''એ બાત બડી બુજરક''-એવું કઈ વાતના માટે કહેવામાં આવ્યું છે, સ્પષ્ટ કરો ?

❖ ત્રીજો પ્રહર ❖

પ્ર. ૧- ત્રીજો પ્રહર ક્યાંથી, ક્યાં સુધી છે ?

પ્ર. ૨- આ પ્રહરમાં શ્રીજીને અંગોછા (ટુવાલ) લઈને પહેરાવવાની સેવામાં કોણ ઉપસ્થિત રહે છે ?

પ્ર. ૩- નંદરામભાઈ શ્રી રાજજીની પાછળ શું લઈને ઊભા રહે છે ?

પ્ર. ૪- ત્રીજા પ્રહરના સેવાના સાથી ક્યારે ઉપસ્થિત થાય છે ? શ્રીજી પલંગ પર સૂતાં-સૂતાં તેમને કયા સુખોની અનુભૂતિ કરાવે છે ?

ઉ. ૪- ત્રીજા પ્રહરની સેવાના સાથી સેવામાં ત્યારે ઉપસ્થિત થાય છે, જ્યારે →

પ્ર. ૫- શ્રીજી સાહેબજીના અંગ સહલાવવાની સેવા કોની છે ? આ વખતે કયા સુંદરસાથ પ્રણામ કરી પાછાં જતાં રહ્યા અને કયા સુંદરસાથ શ્રીજીની પાસે ઉપસ્થિત રહ્યા ?

ઉ. ૫- ધામધણી શ્રીજી સાહેબજીના અંગ સહલાવવાની સેવા આ સમયે →

પ્ર. ૬- કઈ સખી આ સમય શ્રીજી સાહેબની આગળ આવીને સિર આપે છે ? આ સમય શ્રીજી તેમને કઈ રીતે આનંદિત કરે છે ?

ઉ. ૧૦૭- **''આ બહુ મહત્ત્વપૂર્ણ વાત છે''**-એવું જાગણીના બ્રહ્માંડના માટે કહેવામાં આવ્યું છે કેમ કે જાગણીના બ્રહ્માંડની વાતો અધિકાધિક મહત્ત્વપૂર્ણ છે.

-(પ્રકરણ-૬૫, પ્રશ્ન-ઉત્તર નં.-૧૦૭, કુલ સં. ૪૬૮૨+૧૦૭=૪૭૮૯).

❖ ત્રીજો પ્રહર ❖

ઉ. ૧- ત્રીજો પ્રહર બપોર (દોપહર) ના બાર વાગ્યાથી લઈને ત્રણ વાગ્યા સુધી છે.

ઉ. ૨- આ પ્રહરમાં શ્રીજી સાહેબજીને અંગોછા લઈને પહેરાવવા માટે પ્રેમભર્યા દિલથી પ્રેમદાસજી આવે છે.

ઉ. ૩- નંદરામભાઈ શ્રી રાજજીની પાછળ થેલીમાં ગોટા અને કનઢપી લઈને ઊભા રહે છે.

→ પ્રિયતમ ધણી શ્રી પ્રાણનાથજી પલંગ પર સૂઈ જાય છે. આ વખતે શ્રીજી સુમધુરવાણીમાં બ્રહ્માત્માઓને શ્રી પરમધામના નિત્ય શાશ્વત સુખોની અનુભૂતિ કરાવે છે.

→ બીરોબાઈ કરે છે. આ સેવા નિત્ય પ્રતિ તે જ કરે છે. આ વખતે બીજા પ્રહરમાં ઉપસ્થિત સાથ શ્રીજીના ચરણોમાં પ્રણામ કરી પાછાં ચાલ્યા ગયા અને ત્રીજા પ્રહરની સેવાના સાથી શ્રીજીની પાસે ઉપસ્થિત રહ્યા.

ઉ. ૬- આ સમય શ્રીજી સાહેબની આગળ આવીને પોતાનું સિર સામે આપવાવાળી સખીનું નામ છે-જીજીબાઈ. આ સમય એ અવશ્ય →

→ ઉપસ્થિત થાય છે અને શ્રીજી એના સિર પર ધીરેથી પ્રેમની ચપત →

પ્ર. ૭- રાધાબાઈની સેવા શું છે ? તે આ વખતે અહીયાં ઉપસ્થિત થઈને શું કરે છે ?

પ્ર. ૮- કોણ બંને ભાઈ શ્રીજીના ચરણ દબાવવાની સેવામાં નિમગ્ન રહે છે ?

પ્ર. ૯- આ સમય પરમધામ વર્ણનની બ્રહ્મવાણી સંભળાવવાની સેવા કોણ કરે છે ?

પ્ર. ૧૦- તંબૂરો લઈને વાણી ગાયન કરવાની સેવા કોની છે ? શ્રીજી કઈ લીલાઓનું વર્ણન બહુ દિલ(ચાવ) થી શ્રવણ કરે છે ?

ઉ. ૧૦- તંબૂરો લઈને સુમધુર સ્વરમાં વાણી ગાયન કરવાની સેવા શ્રી →

પ્ર. ૧૧- ગજપતભાઈ આ સમયે શું કરે છે ? પુનઃ વાણી સંભળાવતાં સમય વચ-વચમાં તેમની શું સેવા રહે છે ?

પ્ર. ૧૨- શ્રી રાજજી જ્યારે વિશ્રામ કરે છે, ત્યારે તેમની સેવામાં સુંદરસાથ ક્યાંની લીલાનું ગાન કરે છે ?

પ્ર. ૧૩- શ્રીજીના ચરણોમાં તન, મન, ધન સમર્પિત કરવાવાળા ભાઈ કોણ છે ?

પ્ર. ૧૪- કોણ અને કેવી રીતે શ્રીજીના મનને પ્રસન્ન કરે છે, જેમાં શ્રીજી તેમને શાબાશી આપીને તેમની સરાહના કરે છે ?

→ (ટપલી) લગાડીને એમને આનંદિત કરી દે છે.

ઉ. ૭- રાધાબાઈની સેવા છે-આ વખતે ઉપસ્થિત થઈને શ્રીજી સાહેબજીની સમીપ બેસીને તેમના સિરને ખુજલાવવું, જેનાથી તેમને જલદી નીંદ/ઊંઘ આવી જાય.

ઉ. ૮- ગુલજીભાઈ અનેઅગરદાસભાઈ હંમેશાં શ્રીજીના ચરણ દબાવવાની સેવામાં નિમગ્ન રહે છે.

ઉ. ૯- મયારામભાઈ આ વખતે ઉપસ્થિત થઈને ધામવર્ણનની બ્રહ્મવાણી સંભળાવવાની સેવા કરે છે. એમની આ સેવા દ્વારા પ્રસન્ન થઈને શ્રીજી એમની મનોકામનાને પૂર્ણ કરી દે છે.

→ જગન્નાથભાઈની છે. શ્રીજી શયન કરતાં સમયે પરમધામની લીલાઓના વૃત્તાંતથી સંબંધિત તે વાણીને બહુ દિલ (ચાવ) થી શ્રવણ કરે છે, જેને ગાવાવાળા સુંદરસાથ તંબૂરા પર ગાય છે.

ઉ. ૧૧- ગજપતભાઈ આ સમયે પોતાના ગંભીર સ્વરમાં વિભિન્ન વાણીઓ સંભળાવે છે. પુનઃ વાણી સંભળાવતાં સમયે વચ-વચમાં સંતોની વિભિન્ન સાખીઓ પ્રસ્તુત કરવી પણ તેમની સેવા રહે છે.

ઉ. ૧૨- શ્રી રાજજી જ્યારે વિશ્રામ કરે છે, ત્યારે બધી ધામસ્થ બ્રહ્માત્માઓ પરમધામના અખંડ લીલાનું ગાયન કરે છે.

ઉ. ૧૩- શ્રીજીના ચરણોમાં તન, મન, ધન સમર્પિત કરવાવાળા ભાઈનું નામ છે-ગજપતભાઈ.

ઉ. ૧૪- ચંદ્રાવલીબાઈ પંજાબી ભાષામાં સંતવાણી ગાઈને શ્રીજીના મનને પ્રસન્ન કરે છે. તેમના દ્વારા હૃદયવિદારક (હૃદયસ્પર્શી) વાણી સાંભળીને શ્રીજી તેમને શાબાશી આપીને તેમની સરાહના કરે છે.

પ્ર. ૧૫- શ્રીજીની સેવામાં પહોંચીને નંદુભાઈ શું કરે છે ?

પ્ર. ૧૬- નંદુભાઈ તંબૂરો ક્યાં સુધી વગાડે છે ?

પ્ર. ૧૭- શેખબદલભાઈ પોતાના સાથીઓને લઈને બંગલાજીમાં ક્યારે આવે છે અને કેમ ?

પ્ર. ૧૮- શેખબદલભાઈની મંડળીમાં સ્વર આલાપવાવાળા કેટલાં છે અને કોણ-કોણ ?

પ્ર. ૧૯- શેખબદલભાઈની મંડળીમાં એવા કોણ-કોણ છે, જે વાણી ગાઈને ધણીને રીઝાવે છે ?

પ્ર. ૨૦- આ મંડળીના સાથી કઈ-કેવી રીતે ગાય છે, જેનાથી તેમની વાણીને સાંભળીને આત્માને સુખ મળે છે અને મન પ્રસન્ન થઈ ઉઠે છે ?

પ્ર. ૨૧- કયા પ્રહરમાં શ્રી પરમધામનો આનંદ પ્રાપ્ત કરવાનો સુઅવસર મળે છે અને કેમ ?

ઉ. ૨૧- આ દિનનો ત્રીજો પ્રહર છે. આ જ પ્રહરમાં શ્રી પરમધામનો આનંદ →

પ્ર. ૨૨- કયા સંબંધને સમજવાવાળા અહીંયા વાણી સાંભળવા આવે છે ? પુનઃ શ્રીજી સ્વરૂપ કોને અત્યંત પ્યાર કરે છે ?

ઉ. ૨૨- જેણે-જેણે શ્રીજી સ્વરૂપને પરમધામ-મૂલમિલાવાના સ્વરૂપના રૂપમાં →

ઉ. ૧૫- શ્રીજી સાહેબજીની સેવામાં પહોંચીને નંદુભાઈ પ્રતિદિન સેજ સેવાના સમયે બંને વાર વાણી ગાઈને સંભળાવે છે.

ઉ. ૧૬- નંદુભાઈ તંબૂરો ત્યાં સુધી વગાડતાં રહે છે, જ્યાં સુધી વારીમાં ગાવાવાળી મંડળીના લોકો આવી જતાં નથી.

ઉ. ૧૭- શેખબદલભાઈ પોતાના સાથીઓ સહિત બંગલાજીમાં પોતાના સમય પર વારી ગાવા માટે ઉપસ્થિત થાય છે.

ઉ. ૧૮- શેખબદલભાઈની મંડળીમાં અગ્રગણ્ય થઈને સ્વર આલાપવાવાળા બે ભાઈ છે, જેનું નામ છે શંભુભાઈ અને સંતદાસભાઈ.

ઉ. ૧૯- શેખબદલભાઈની મંડળીમાંથી બખતાવરભાઈ, અમૃતભાઈ, કુંડલીભાઈ અને સંપતભાઈ બહુ પ્રેમથી વાણી ગાઈને પોતાના ધણીને રિઝાવે છે.

ઉ. ૨૦- આ મંડળીના સાથી પોતાના પ્રિયતમ શ્રી રાજજીની વાણી સુમધુર અને લહેરી સ્વરમાં અત્યંત પ્રેમ વિભોર અને આનંદિત થઈ ગાય છે, જેને સાંભળતાં જ આત્માને સુખ મળે છે અને મન પ્રસન્ન થઈ ઉઠે છે.

→ પ્રાપ્ત કરવાનો સુઅવસર મળે છે કેમ કે આ જ પ્રહરમાં શ્રીજી પરમધામનો આનંદ પ્રદાન કરવાવાળી વાણી બહુ પ્રેમ અને ચાહનાથી (ચાવ) થી સંભળાવે છે.

→ પહેચાન (પિછાણ) કરી આત્માથી કબૂલ કર્યા, તે સુંદરસાથ જ અહીંયા વાણી સાંભળવા આવે છે. પુનઃ ધામધણી શ્રીજી સાહેબ એને જ અત્યંત પ્યાર પણ કરે છે.

પ્ર. ૨૩- ગાવામાં વારીવાળાઓની કુલ કેટલી મંડળીઓ છે, જે ચોવીસ કલાકોમાં વારી-વારીથી ગાય છે ?

પ્ર. ૨૪- ''વારીવાળી મંડળી'' કહેવાનું શું તાત્પર્ય છે અથવા એમનો શું પરિચય છે ?

ઉ. ૨૪- આઠ-દસ જણોની ટોળીને મંડળી કહે છે. તેમાંથી જેમના સ્વર સારા હોય છે તથા જેનામાં ગવડાવવાની તાકાત હોય છે, તે અગ્રગણ્ય →

પ્ર. ૨૫- ચોવીસ કલાકોમાં વારી-વારીથી ચૌદ મંડળીઓ અખંડ ધૂનની જેમ જે વાણી ગાય છે, તે કઈ વાણી છે ?

ઉ. ૨૫- ચોવીસ કલાકોમાં વારી-વારીથી ચૌદ મંડળીઓ અખંડ ધૂનની જેમ જે →

પ્ર. ૨૬- આ વાણીને કુરાનમાં શું કહ્યું છે ? શું આ વાણી આનાથી પહેલાં કોઈએ સાંભળી હતી ? જો સાંભળી હતી, તો ક્યારે, કોણે, ક્યાં અને કોના દ્વારા ?

ઉ. ૨૬- અક્ષરાતીત બ્રહ્મધામથી અવતરિત આ બ્રહ્મતારક તારતમ વાણીને →

પ્ર. ૨૭- મહંમદ સાહેબ ખુદાથી સાંભળેલાં નેવું હજાર હરફોમાંથી કયા ત્રીસ હજાર હરફ (શબ્દ) કુરાન ગ્રંથમાં ના ઉતારી શક્યા અને કેમ ?

ઉ. ૨૭- મહંમદ સાહેબ જ્યારે ચાલીસ સાલની ઉંમરમાં નૂર પરે નૂરતજલ્લાહમાં પહોંચ્યા, તો ત્યાં તેઓએ ખુદાના શ્રી મુખથી નેવું હજાર હરફ સાંભળ્યા. →

ઉ. ૨૩- ગાવામાં વારીવાળાઓની કુલ ચૌદ મંડળીઓ છે, જે રાતદિન ચોવીસ કલાકમાં વારી-વારીથી આવીને બ્રહ્મવાણી ગાય છે અથવા ગવડાવે છે.

→ થઈને ગવડાવે છે. ટોળીના અન્ય સદસ્ય તેમની પાછળ દોહરાવવાની સેવા કરે છે. આ પ્રકાર ચોવીસ કલાકોમાં કુલ ચૌદ વારી ફરે છે. પોત-પોતાની વારીમાં સમય પર ઉપસ્થિત થઈને પ્રત્યેક ટોળી પોતાની જમાતની સાથે વાણી ગાય અને ગવડાવે છે.

→ વાણી ગાય છે, તે શ્રી અક્ષરાતીત બ્રહ્મધામની બ્રહ્મવાણી છે, જેને સ્વયં શ્રી અક્ષરાતીત બ્રહ્મએ અહીંયા-આ ધરાતલ પર મહામતિ શ્રી પ્રાણનાથજીના સ્વરૂપમાં પ્રગટ થઈને શ્રી મુખ દ્વારા અવતરિત કરી છે.

→ કુરાનમાં **''રબ્બાની કલામ''** કહ્યું છે, જે અહીંયા પન્નામાં અખંડરૂપથી અષ્ટ પ્રહરમાં ગાયન થઈ રહી છે. આ વાણી એનાથી પહેલાં શ્રી સદ્‌ગુરુ સ્વરૂપના ખેલમાં આવવાથી હજાર સાલ પહેલાં આરબના મહંમદ સ્વરૂપે શ્રી પરમધામ-મૂલમિલાવામાં પહોંચીને શ્રી અક્ષરાતીત બ્રહ્મ-ખુદાના શ્રી મુખથી સાંભળી હતી.

→ એમાંથી શરિયતના ત્રીસ હજાર હરફ ખુદાએ તેમના સિર પર આપ્યા. પુનઃ ત્રીસ હજાર હરફ કુરાનમાં લખવામાં આવ્યા. શેષ ત્રીસ હજાર હરફોને સ્વયં ખુદાએ આવીને ખોલવાનો વાયદો કર્યો. અતઃ તે ઉતારવામાં ન આવ્યા. તે ત્રીસ હજાર હરફોને મારફતી જ્ઞાન કહેવામાં આવે છે. એ જ ત્રીસ હજાર હરફોનું ગાન અખંડ ધૂનના રૂપમાં બંગલાજી મંદિરમાં અષ્ટ પ્રહરમાં વારી-વારીથી થઈ રહ્યું છે.

પ્ર. ૨૮- ઉક્ત બ્રહ્મવાણી ખુદાએ બે વાર પોતાના શ્રી મુખથી પ્રગટ કરી. અતઃ ક્યાં-ક્યાં ?

ઉ. ૨૮- ઉક્ત બ્રહ્મવાણીને બે વારમાંથી પહેલીવાર બ્રહ્મ સ્વરૂપ શ્રી રાજજી-ખુદાએ ૧૦૦૦ સાલ પહેલાં મહંમદની આગળ નેવું હજાર હરફના →

પ્ર. ૨૯- કયા વાણીના ગાનથી હક-પરબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત સ્વરૂપના દર્શન થાય છે ?

ઉ. ૨૯- બ્રહ્મતારક તારતમ મંત્રનો આધાર તારતમના તારતમ રૂપ જે ૧૮૭૫૭ →

પ્ર. ૩૦- ''એ સિફત મહંમદ કી'' કહ્યું. અતઃ અહીંયા કયા મહંમદની તથા કયા સિફતની ચર્ચા થઈ રહી છે તથા કેવી રીતે ?

ઉ. ૩૦- હક સ્વરૂપ મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા અવતરિત બ્રહ્મવાણી ગાવાથી અક્ષરાતીત પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીના દર્શન થાય છે. ઉક્ત સિફત →

પ્ર. ૩૧- આઠેય પ્રહરમાંથી પ્રાતઃકાળ અને બપોરમાં સુંદરસાથ મનથી ચિત્ત દઈને વાણી ગાય છે અને શ્રીજીને રીઝાવે છે, એવું કેમ કહ્યું છે ?

ઉ. ૩૧- રાતદિનના આઠેય પ્રહરમાં ક્રમશઃ ચૌદ વારી ફરે છે, જેમાંથી માત્ર સવારે પ્રાતઃકાળના બ્રહ્મમુહૂર્તના સમયે શાંત અને મધુર વાતાવરણમાં તથા →

પ્ર. ૩૨- શ્રી પરમધામની ચિતવની કરવાનો સમય કયો છે ? ચિતવનીના સમયે કઈ મંડળી ચિતવનીમાં શામિલ નથી થતી અને કેમ ?

ઉ. ૩૨- શ્રી પરમધામની ચિતવની કરવાનો સમય ચાર ઘડી દિન શેષ રહેવામાં →

પ્ર. ૩૩- કઈ મંડળી, ક્યારે-કયા સમયની ચર્ચા-કથામાં શામિલ થઈ શકતી નથી ?

→ રૂપમાં રાખ્યા હતા અને બીજીવાર જાગણીના બ્રહ્માંડમાં આખર જમાનાના ખાવિંદના રૂપમાં આવીને મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા વિ.સં. ૧૭૧૫ થી વિ.સં. ૧૭૪૮ સુધી ઉતાર્યા. મહામતિ શ્રી પ્રાણનાથજી જ બ્રહ્મ સ્વરૂપ અર્થાત્ ખુદા છે.

→ ચોપાઈ યુક્ત બ્રહ્મતારક તારતમ વાણી છે, તેના દ્વારા **''અક્ષરાત્પરતઃ પરઃ''** બ્રહ્મ સ્વરૂપના દર્શન થાય છે અને અક્ષરાતીત અદ્વૈત પરમધામની બધી લીલાઓ દિલ-દિમાગમાં બેસી જાય છે.

→ આખરી મહંમદ મહામતિ શ્રી પ્રાણનાથજીની મહિમા અને શ્રેષ્ઠતાની સિફત (વિશિષ્ટ ગુણ) છે કેમ કે આ સ્વરૂપે સૃષ્ટિના દુવિધાજન્ય ભાવોને નિર્મૂળ કરીને સૃષ્ટિની સમસ્ત આત્માઓને ભિસ્તમાં અખંડ (કાયમ) કરી દીધા.

→ બપોરના રાજભોગ પછી વિશ્રામ (પોઢવા) ના સમયમાં શ્રીજી સાહેબજી શાંત મનથી ચિત્ત દઈને ગાવાવાળાઓની વાણી સાંભળે છે, જેનાથી ગાવાવાળાઓમાં લગન અને રસ વધારે વધી જાય છે. અતઃ તેઓ હજી એકાગ્રચિત્ત થઈને લગનથી ધણીને રીઝાવવા માટે જોશમાં ગાવા લાગે છે.

→ અર્થાત્ સાંજના સાડા ચાર વાગ્યાનો છે. આ ચિતવની કરતાં સમયે એક મંડળી ગાવામાં રહે છે. અતઃ તે મંડળી ચિતવનીમાં શામિલ થઈ શકતી નથી. શેષ બધી મંડળીઓ ચિતવનીમાં શામિલ રહે છે.

ઉ. ૩૩- સંધ્યાકાળ જ્યારે મોમિન રૂહો-બ્રહ્માત્માઓ ચર્ચા કરે છે, ત્યારે વારી ગાવાવાળી મંડળી ગાવામાં રહેવાને લીધે ચર્ચા-કથામાં ઉપસ્થિત થઈ શકતી નથી.

પ્ર. ૩૪- શ્રીજી સાહેબજીના શયનનો સમય કયો છે ? તે સમય વારી ગાવાવાળી મંડળી ક્યારથી ગાવા બેઠી છે અને તે મંડળીમાં કોણ-કોણ છે ?

ઉ. ૩૪- શ્રીજી સાહેબજીના શયનનો સમય રાત્રીના બાર વાગ્યાથી અર્થાત્ ત્રીજા પ્રહરથી છે તે સમય વારી ગાવાવાળી મંડળી રાત્રીના બાર →

પ્ર. ૩૫- બીજી મંડળીમાં ગાવા અને ગવડાવવાવાળાઓમાં કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૩૬- ત્રીજી મંડળીના પ્રમુખ કોણ છે ? તેમની સાથે ગાવાવાળાઓમાં અન્ય કોણ-કોણ છે ?

પ્ર. ૩૭- લચ્છોબાઈની સાથે અસાઈ અને મનાબાઈની મંડળી કઈ વારીમાં ગાય છે ?

પ્ર. ૩૮- પાંચમી મંડળીમાં ગાવાવાળાઓમાં કોણ પ્રમુખ છે ? તેમની સાથે અન્ય કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૩૯- પાંચમી મંડળીની વારીમાં કઈ સખી નિષ્ઠાપૂર્વક ગાય છે ?

પ્ર. ૪૦- કઈ સખી બધી મંડળીની વારીમાં પહોંચીને બધાને સહયોગ પહોંચાડે છે, જેના મધુર ગાયન દ્વારા શ્રીજી સ્વરૂપ બહુ પ્રસન્ન થઈ ઉઠે છે ?

પ્ર. ૪૧- છઠ્ઠી વારી કોની છે ? આ વારીમાં અગ્રગણ્ય સખી કોણ છે તથા તેમની સાથે અન્ય કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૪૨- કરમેતીબાઈની વારી કેટલા નંબરમાં આવે છે ? તેની સાથે અન્ય કોણ-કોણ શામિલ છે ?

→ વાગ્યાથી ગાવા બેસે છે. રાત્રીની વારીમાં ગાવાવાળી આ મંડળી બદલેભાઈના નેતૃત્વમાં ગાય છે. શંભુભાઈ પ્રમુખ ગાયક છે. ગાવાવાળાઓમાં અન્ય થાનુભાઈ, સંતદાસભાઈ,બખતાવરભાઈ, અમૃતભાઈ અને કુંડલીભાઈ શામિલ છે.

ઉ. ૩૫- બીજી મંડળીમાં ગાવા અને ગવડાવવાવાળાઓમાં મનાબાઈ, રતનીબાઈ, અસાઈબાઈ, ભાગોબાઈ, ધનબાઈ વગેરે છે.

ઉ. ૩૬- ત્રીજી મંડળીની પ્રમુખ ગાયિકા દયાલીબાઈ છે. તેમની સાથે ગાવાવાળાઓમાં અન્ય ખિમોતીબાઈ, દમોતીબાઈ અને જસિયાબાઈ વગેરે છે.

ઉ. ૩૭- લચ્છોબાઈની સાથે અસાઈ અને મનાબાઈની મંડળી ચોથી વારીમાં ગાય છે.

ઉ. ૩૮- પાંચમી મંડળીમાં ગાવાવાળાઓમાં પ્રેમબાઈ પ્રમુખ છે. તેમની સાથે જહુરાબાઈ, ગૌરીબાઈ, ખેમબાઈ, ગુલોબાઈ વગેરે શામિલ છે.

ઉ. ૩૯- પાંચમી મંડળીની વારીમાં ગુલોબાઈ નિષ્ઠાપૂર્વક ગાય છે.

ઉ. ૪૦- હર મંડળીની વારીમાં પહોંચીને બધાને સહયોગ પહોંચાડવાવાળી સખીનું નામ છે-ચંદ્રાવલી સખી. ગાતાં સમયે એનું ગાયન સાંભળીને શ્રીજી બહુ પ્રસન્ન થઈ ઉઠે છે.

ઉ. ૪૧- છઠ્ઠી વારી જીજીબાઈની છે. આ વારીમાં અગરીબાઈ અગ્રગણ્ય છે તથા એમની સાથે મોટી જીજી અને મથુરીબાઈ વગેરે શામિલ છે.

ઉ. ૪૨- કરમેતીબાઈની મંડળીનો વખત સાતમા નંબરમાં આવે છે. તેની સાથે હરખોબાઈ, ગૌરબાઈ, લાલોબાઈ, રત્તોબાઈ તથા લડેતીબાઈ વગેરે શામિલ છે.

પ્ર. ૪૩- લલિતા સખીની વારી કઈ મંડળીમાં આવે છે ? પુનઃ કોના ગાયનથી રીઝીને શ્રીજી બહુ પ્રસન્નતા બતાવે છે ?

પ્ર. ૪૪- આઠમી મંડળીમાં પ્રમુખ કોણ છે ? તે મંડળીમાં અન્ય કોણ-કોણ શામિલ છે ?

પ્ર. ૪૫- જસાબાઈની મંડળીની વારી કયા નંબર પર આવે છે અને તેની સાથે કોણ-કોણ ગાય છે ?

પ્ર. ૪૬- ભાગીરથીબાઈના હિસ્સામાં કઈ વારી છે ? તેની સાથે ગાવામાં અન્ય કોણ-કોણ શામિલ છે ?

ઉ. ૪૬- ભાગીરથીબાઈના હિસ્સામાં દસમી વારી આવે છે. આ મંડળીમાં મોહન →

પ્ર. ૪૭- અગિયારમી વારી કોની છે ? આ મંડળીમાં પ્રમુખ કોણ છે તથા એમની સાથે અન્ય કોણ-કોણ શામિલ છે ?

ઉ. ૪૭- અગિયારમી વારી ભાનીબાઈની છે. આ મંડળીમાં હિમોતીબાઈ અને →

પ્ર. ૪૮- કોની ટોળીમાં તે સખીઓ છે, જે અલ્લાહ કલામ ગાયન કરે છે, જેની પર પ્રસન્ન થઈને શ્રીજી તેમને બેસવાનું સ્થાન અપાવીને સન્માનિત કરે છે ?

પ્ર. ૪૯- બારમી વારી કોની છે ? શ્રીજીએ રીઝીને આ મંડળી કોને સોંપી દીધી ?

ઉ. ૪૩- લલિતા સખીની વારી સાતમી મંડળીમાં આવે છે. એમની સાથે લચ્છોબાઈ, સુઆબાઈ, સંતોબાઈ, દ્રોપદીબાઈ, કેશરબાઈ અને લક્ષ્મીબાઈ વગેરે ગાય છે. એમના ગાયનથી રીઝીને શ્રીજી બહુ પ્રસન્નતા બતાવે છે.

ઉ. ૪૪- આઠમી મંડળીમાં હરકુંવરબાઈ પ્રમુખ છે. એમની વારીમાં પાંખડીબાઈ, સુજાબાઈ અને કાસીબાઈ બહુ સાવધાનીથી વાણી ગાય છે.

ઉ. ૪૫- જસાબાઈની મંડળીની વારી નવમી વારીમાં આવે છે. એની સાથે ભાગોબાઈ, ચંગાઈબાઈ, વીરોબાઈ અને કિસનીબાઈ શામિલ છે.

→ દેભાઈ પ્રમુખ ગાયક છે. તેમની સાથે લડેતીબાઈ, લચ્છોબાઈ, સુઆબાઈ, જયંતિ પટેલ, સંતાબાઈ, લાલીબાઈ અને લાલોબાઈ વગેરે શામિલ છે.

→ ગોમાબાઈ પ્રમુખ ગાયિકા છે. રામબાઈ પણ વાણી ગાવામાં અગ્રગણ્ય છે. આ મંડળીમાં અન્ય ખરગોબાઈ, ખિમોતીબાઈ વગેરે શામિલ છે. શ્રીજી આવીને અન્ય ગાવાવાળાઓથી એ બધાની તુલના કરતાં પ્રશંસા કરે છે.

ઉ. ૪૮- અગિયારમી મંડળીમાં એવી સખીઓ છે, જે કુરાનના અલ્લાહ કલામ નું ગાયન કરે છે. એમની પર અત્યંત રીઝીને શ્રીજી સ્વરૂપ એમને બેસવાનું સ્થાન અપાવીને સન્માનિત કરે છે.

ઉ. ૪૯- બારમી વારી ખેમાબાઈની છે. આ વારીમાં સાહોબાઈ, હંસોબાઈ અને જાદીબાઈ શામિલ છે. આ મંડળીમાં કરમાબાઈ પણ ગાવા માટે આવે છે. શ્રીજીએ રીઝીને આ મંડળી એમને સોંપી દીધી.

પ્ર. ૫૦- કેટલાં નંબર પર ગુલોબાઈની વારી છે ? એમની સાથે ગાવામાં અન્ય કોણ-કોણ શામિલ છે, જે શ્રીજીને બહુ સુખી કરે છે ?

પ્ર. ૫૧- શિવરામભાઈ કોની મંડળીમાં છે, જે પ્રમુખરૂપથી ગાવા આવે છે અને જે સાયંકાલીન મંડળીમાં પણ ગાવા માટે પહોંચે છે ?

પ્ર. ૫૨- ચૌદમી વારી કોની છે ? આ મંડળી કયા-કયા પ્રહરમાં વાણી ગાય છે ?

ઉ. ૫૨- ચૌદમી વારી વનમાળીદાસભાઈની મંડળીની છે. આ મંડળી સાયંકાલીન →

પ્ર. ૫૩- આવી અખંડ વાણીની અખંડ ધૂન સાંભળતાં પણ કોણ-કેવા લોકો કંઈ પણ આનંદ પ્રાપ્ત કરી શકતા નથી ?

ઉ. ૫૩- બંગલાજીમાં અનેકો દર્શનાર્થી આવે છે, કિંતુ તેમાંથી કેટલાંના તન →

પ્ર. ૫૪- કેવા લોકોને આસુરી પ્રવૃત્તિવાળા કહેવામાં આવે છે ?

ઉ. ૫૪- જે લોકો દજ્જાલના આધીન રહે છે, તેમને કળિયુગી વૃત્તિઓ પોતાની →

પ્ર. ૫૫- કેવા લોકોમાં બ્રહ્મયજ્ઞના સ્થળ પર આવીને પણ એક શબ્દ પણ સાંભળીને ગ્રહણ કરવાની શક્તિ રહેતી નથી ?

ઉ. ૫૫- માયાવી ગુણયુક્ત સંસારી લોકો બ્રહ્મયજ્ઞના સ્થળ પર પહોંચીને કોઈની →

પ્ર. ૫૬- બ્રહ્મજ્ઞાનની ચર્ચા આ માયાવી ગુણયુક્ત સંસારી લોકો કદાચ પોતાના કાનોથી સાંભળી પણ લે, તો પણ તેનામાં તેની સમજ નથી આવતી, એનું શું કારણ છે ?

ઉ. ૫૦- ગુલોબાઈની વારી તેરમા નંબર પર આવે છે. એમની સાથે ગાવામાં જાનબાઈ, માનવતીબાઈ, દેવંતીબાઈ, મનિયાબાઈ અને ગૌરબાઈ વગેરે શામિલ છે, જે પોતાના મધુર ગાયન દ્વારા શ્રીજીને સુખ પ્રદાન કરે છે.

ઉ. ૫૧- શિવરામભાઈ દિનના બીજા પ્રહરમાં ગાવાવાળા મંડળીમાં શામિલ છે. તે આ ટોળીમાં ગાવામાં પ્રમુખ છે. એ જ ભાઈ સાયંકાલીન (સાંજની) વારીમાં પણ ગાવા માટે પહોંચી જાય છે.

→ ચોથા પ્રહરમાં તથા પ્રાતઃકાલીન (સવારે) બીજા પ્રહરમાં વાણી ગાયન કરે છે. એમની વારીમાં સંતાબાઈ, પ્રેમબાઈ, જીજલીબાઈ તથા સૂરતથી આવેલી રામબાઈ સાથ આપે છે.

→ અને મન-બંનેના શ્રવણ માયાની અજ્ઞાનતાથી મઢેલાં (કોતરીને આલેખન કરેલાં) હોવાને કારણે તે ભ્રમિત અવસ્થામાં ભટકતાં રહે છે. એવા લોકો આ વાણીનું જ્ઞાન ગ્રહણ તો શું, આ વાણી દ્વારા પ્રાપ્ત થવાવાળા આનંદનો અનુભવ પણ કરી શકતા નથી.

→ તરફ આકૃષ્ટ (આકર્ષિત) કરી લે છે તથા સંસારની માયા જોવામાં અને તેમાં જ લુપ્ત રહેવા માટે પ્રેરિત કરવા લાગે છે. કળિયુગી ગુણગ્રસ્ત એવા જ લોકોને આસુરી પ્રવૃત્તિવાળા કહેવામાં આવે છે.

→ સંગતથી જો પરમાત્માની ચર્ચા પોતાના કાનોથી સાંભળી પણ લે, ત્યારે પણ વિવેહકીન-દિલના આંધળા હોવાને કારણ તેઓ તે ચર્ચા-શ્રવણ દ્વારા પ્રાપ્ત થવાવાળા આનંદની અનુભૂતિ નથી કરી શકતા અને ન તેમનામાં ચર્ચા દ્વારા પ્રાપ્ત જ્ઞાનને ગ્રહણ કરવાની શક્તિ જ રહે છે.

ઉ. ૫૬- પરમાત્માના બ્રહ્મજ્ઞાનની ચર્ચા કદાચ આ માયાવી ગુણયુક્ત સંસારી લોકો પોતાના કાનથી સાંભળી પણ લે, પરંતુ જ્યાં સુધી તેમના પૂર્વ જન્મના અશુભ કૃતકર્મોના વિકાર ક્ષીણ (ફીકા-સૂકા) નથી થઈ જતાં, →

→ ત્યાં સુધી તેનામાં તેની સમજ આવશે નહિ કેમકે બ્રહ્મજ્ઞાન માટે પાત્ર →

પ્ર. ૫૭- બ્રહ્મજ્ઞાનની ચર્ચા અથવા બ્રહ્મવાણી કેવા લોકો સાંભળે અથવા ગાઈ શકે છે ?

પ્ર. ૫૮- કોના માટે અક્ષરાતીત પરમાત્માએ હજરત મહંમદ સાહેબને મોકલ્યા છે ?

પ્ર. ૫૯- કુરાન ગ્રંથમાં કેવા લોકોને આંખના આંધળા અને કાનના બહેરા કહ્યું છે ? કેમ ?

ઉ. ૫૯- કુરાન ગ્રંથમાં સત બ્રહ્મ-ખુદા સંબંધી વાતોના જ્ઞાનના વિરોધીઓ →

પ્ર. ૬૦- બ્રહ્મસૃષ્ટિઓની મહિમા અને સિફારસ શેમાં ભરેલી પડી છે ?

પ્ર. ૬૧- કુરાન ગ્રંથના બ્રહ્મજ્ઞાનને પૂર્ણ વિશ્વાસની સાથે સિર પર લઈને ગ્રહણ કોણે કર્યુ ?

ઉ. ૬૧- કુરાન ગ્રંથમાં અવતરિત ખુદાના અરસ વિષયક બ્રહ્મજ્ઞાનને પૂર્ણ →

પ્ર. ૬૨- કઈ-કઈ પાંચ દિવ્ય વસ્તુઓ બ્રહ્માત્માઓ માટે જ ધામથી ખેલમાં અવતરિત થઈ છે ?

ઉ. ૬૨- બ્રહ્મધામથી માત્ર બ્રહ્માત્માઓ માટે અવતરિત પાંચ દિવ્ય વસ્તુઓ નિમ્નલિખિત છે. જેમ કે ૧) શ્રી રાજજીનો જોશ-આવેશ, જેને જબરાઈલ કહે છે. ૨) પ્રિયતમ પરમાત્માના નૂર-અલૌકિક તેજયુક્ત સમસ્ત તારતમ જ્ઞાન. ૩) અસરાફીલ-અક્ષરની જાગૃત બુદ્ધિ, જે અક્ષર ધામથી ખેલમાં →

→ હોવું અત્યંત જરૂરી છે.

ઉ. ૫૭- બ્રહ્મજ્ઞાનની ચર્ચા અથવા બ્રહ્મવાણી બ્રહ્મ સંબંધી આત્માઓ-બ્રહ્મસૃષ્ટિ અથવા બ્રહ્મજ્ઞાનની વારસદાર આત્માઓ જ સાંભળીને વિચાર-વિવેક કરી શકે છે અથવા ગાઈ શકે છે.

ઉ. ૫૮- અક્ષરાતીત બ્રહ્મ સંબંધી બ્રહ્માત્માઓ માટે જ પરબ્રહ્મ પરમાત્મા-શ્રી રાજજીએ હજરત મહંમદ સાહેબને ખેલમાં ધામની સાક્ષીઓ રાખવા હેતુ મોકલ્યા છે.

→ અને માયાવી નફસ (ઈન્દ્રિયો) ના દજ્જાલરૂપી ગુલામોને આંખોના આંધળા અને કાનના બહેરા કહ્યું છે કેમ કે આ દજ્જાલ જોવાની વસ્તુઓને નથી જોતાં અને સાંભળવાની વાતોને નથી સાંભળતાં.

ઉ. ૬૦- બ્રહ્મસૃષ્ટિઓ-મોમિનોની સિફત-મહિમા અને સિફારસ કુરાન, હદીસો અને વેદ, ઉપનિષદ વગેરે સદ્ગ્રંથોમાં ભરેલી પડી છે.

→ વિશ્વાસની સાથે તે અરસની રૂહો-બ્રહ્માત્માઓએ જ પોતાનું સમજીને સિર પર લઈને ગ્રહણ કર્યું કેમ કે એ બ્રહ્માત્માઓના સંબંધ ધામથી, ધામના ધણીથી અને ધણીની લીલાઓથી છે.

→ અવતરિત થઈ છે. ૪) શ્રી રાજજીની આજ્ઞા (હુકમ), જે ધામથી શ્રી રાજજીનો આદેશ પૂરો કરવા હેતુ ખેલમાં આવી. પુનઃ એ જ સ્વરૂપે ભવિષ્ય કહીને કુરાનમાં લખી દીધું અને ૫) દુલહિનની આત્મા અર્થાત્ ત્રણેય સ્વરૂપોએ શ્યામાજીના ગુણ પ્રધાન કાર્ય કરવા માટે જાગણીના બ્રહ્માંડમાં પોતાના ધણીના જોશની સાથે કાર્ય-કારણવશ બ્રહ્માત્માઓની ઈચ્છા પૂરી કરવા માટે ખેલમાં અવતરિત થઈને કાર્ય કર્યું.

પ્ર. ૬૩- ત્રીજી શક્તિ કોને કહ્યું છે ? આ શક્તિએ સંસારમાં આવીને કયા કાર્ય કર્યા ?

ઉ. ૬૩- અક્ષરની જાગૃત બુદ્ધિ (અસરાફીલ) ને ત્રીજી શક્તિ કહ્યું છે, જેના સૂર ફૂંકવાથી અઢાર હજાર બ્રહ્મવાણીની વર્ષા થઈ. આ બ્રહ્મવાણીની અવાજથી →

પ્ર. ૬૪- અસરાફીલ કુબડી (ખૂંધ જેવી) પીઠ કરીને દમ (એકી શ્વાસ) સાથે કોની આજ્ઞાના ઇંતેજારમાં તત્પર (તૈયાર) ઊભા છે ?

પ્ર. ૬૫- ચોથી વસ્તુ શું છે તથા તેનો સંસારમાં આવવાનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે ? પુનઃ તેણે કયા-કયા ત્રણ સ્વરૂપ ધારણ કર્યા ?

ઉ. ૬૫- ચોથી વસ્તુ હક શ્રી રાજજીનો હુકમ (આજ્ઞા) છે. જેને સંસારમાં →

પ્ર. ૬૬- પાંચમી વસ્તુ શું છે ? પાંચેય વસ્તુઓએ ક્યાં એકત્રિત થઈને કાર્ય કર્યું ?

ઉ. ૬૬- પાંચમી વસ્તુ છે-પોતાના પ્રિયતમ પરમાત્માના પ્રતિ વિશ્વાસ (તારતમ- →

પ્ર. ૬૭- અક્ષરાતીત બ્રહ્મની કૃપા કોની પર છે ? પુનઃ કોની મહિમા ક્યાં લખેલી છે ? પુનઃ પોતાના પ્રત્યે પૂર્ણ વિશ્વાસ કોણે અને કોને પ્રદાન કર્યો ?

ઉ. ૬૭- અક્ષરાતીત પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીની કૃપા બ્રહ્માત્માઓ પર છે. →

પ્ર. ૬૮- પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીએ વિભિન્ન શાસ્ત્રાદિ સદ્ગ્રંથોમાં કોની પિછાણ (ઓળખ) લખાવી છે ?

ઉ. ૬૮- પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીએ વિભિન્ન સદ્ગ્રંથો જેમ કે વેદ, કતેબ, →

→ મોટા-મોટા પર્વત તૂટીને પડી ગયા. ક્ષર પુરુષની નારાયણી સૃષ્ટિના અંતર્ગત જે મોટા-મોટા પંચદેવ અક્ષર અને અક્ષરાતીત બ્રહ્મની જગ્યામાં પૂજવામાં આવતાં હતા, તે બધા ઉક્ત અસરાફીલના સૂર ફૂંકવાથી પ્રગટ થયેલાં જ્ઞાનની આગળ ચકનાચૂર થઈને અબ્રહ્મ સાબિત થયા.

ઉ. ૬૪- અસરાફીલ-અક્ષરની જાગૃત બુદ્ધિ પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીની આજ્ઞાના ઇંતેજારમાં કુબડી (કુબ્જા જેમ) પીઠ કરીને ગમ ખાઈને તત્પર ઉભા છે.

→ આવવાનો મુખ્ય ઉદ્દેશ્ય પરબ્રહ્મ પરમાત્માનો આદેશ પૂરો કરવો છે. શ્રી રાજજીની આજ્ઞાના સ્વરૂપે હંમેશાં બ્રહ્મસૃષ્ટિઓની સુરક્ષા કરી છે. આ સ્વરૂપે બસરી, મલકી અને હકી-એ ત્રણ સ્વરૂપ ધારણ કરીને કાર્ય કર્યા.

→ નૂર). આ પાંચ દિવ્ય વસ્તુઓને લઈને બ્રહ્માત્માઓ સંસારમાં પ્રગટ થઈ. એ પાંચેય વસ્તુઓએ એક જ સ્વરૂપ શ્રી પ્રાણનાથજીમાં એકત્રિત થઈને કાર્ય કર્યું.

→ એ બ્રહ્માત્માઓની મહિમા આપ્તપુરુષોએ આપ્તગ્રંથો જેવા કે વેદ, પુરાણ, કુરાન, હદીસો વગેરેમાં ભરપૂર લખી છે. સંસારમાં આવીને ભૂલેલી એ આત્માઓને પ્રિયતમ પરમાત્મા શ્રી રાજજીએ પોતાના પ્રત્યે પૂર્ણ વિશ્વાસ પ્રદાન કર્યો.

→ કુરાન, પુરાણ, ઉપનિષદ વગેરેમાં એ બ્રહ્મસૃષ્ટિઓની ઓળખ લખાવી છે. બ્રહ્મ, બ્રહ્મધામ અને પોતાના પરાત્માની પૂર્ણરૂપેણ ઓળખ કરાવવા હેતુ જ શ્રી રાજજીએ વિભિન્ન સદ્ગ્રંથોની રચના કરાવી છે.

પ્ર. ૬૯- કોની ચર્ચા સાંભળવાથી માયાવી પ્રભાવયુક્ત દ્વૈત ભાવ નષ્ટ થઈ જાય છે ?

પ્ર. ૭૦- વેદો, ઉપનિષદો, કુરાન અને હદીસોમાં જે મહિમા લખી છે, તે કોની મહિમા છે ?

પ્ર. ૭૧- હકીકત અને મારફત જ્ઞાન સમજવામાં સમર્થશાળી કોણ છે ? પુન: આત્મા અને પરમાત્માની વાસ્તવિક ઓળખ બધાની આગળ કોણે રાખી દીધી ?

પ્ર. ૭૨- સૃષ્ટિના શરૂઆતથી જે વાણી પ્રગટ થઈ છે અથવા ભવિષ્યવાણીના રૂપમાં ઉતરી છે, તે બધી કોના માટે આવી છે ?

પ્ર. ૭૩- કયામત અર્થાત્ વાસ્તવમાં આત્મ-જાગરણની વાતો કોના માટે છે અને કેમ ?

પ્ર. ૭૪- ''કબ્ર સે મુર્દે ઉઠને'' શું તાત્પર્ય છે ? આ આહ્વાન કોના માટે કરવામાં આવ્યું છે ?

ઉ. ૭૪- પંચભૌતિક શરીરમાં કુંભકર્ણવત્ જન્મ-જન્માંતરથી અંધકારરૂપી મોહમાયામાં સૂતેલી જીવાત્માને તેના સંસારમાં આવવાથી પહેલાંની →

પ્ર. ૭૫- ઇસ્લામ ધર્મ અથવા સનાતન ધર્મ વાસ્તવમાં કયો ધર્મ છે અને કોના માટે છે ?

ઉ. ૭૫- ઇસ્લામ ધર્મ જ વાસ્તવમાં સનાતન ધર્મ છે. સૃષ્ટિના શરૂઆતથી ચાલતો →

ઉ. ૬૯- ધામસ્થ બાર હજાર બ્રહ્માત્માઓના વિષયની અદ્વૈત જ્ઞાનની ચર્ચા સાંભળવાથી માયાવી પ્રભાવયુક્ત દ્વૈત ભાવ નષ્ટ થઈ જાય છે.

ઉ. ૭૦- વેદો, ઉપનિષદો, કુરાન, હદીસો આદિમાં ધામની બ્રહ્માત્માઓ-મોમિન રૂહોની મહિમા લખી છે.

ઉ. ૭૧- હકીકત અને મારફત જ્ઞાન પરમાત્માનું યથાર્થ (તદોગત) જ્ઞાન છે. અતઃ આ જ્ઞાન પરમાત્માની સંબંધી આત્માઓ-બ્રહ્માત્માઓ જ સમજીને ગ્રહણ કરી શકે છે. પરમાત્માની વાસ્તવિક ઓળખ એ બ્રહ્મસૃષ્ટિઓએ જ બધાની આગળ પ્રગટ કરી દીધી.

ઉ. ૭૨- સૃષ્ટિના શરૂઆતથી વેદો, શાસ્ત્રો, પુરાણો વગેરે ધર્મગ્રંથોમાં ભવિષ્યવાણીના રૂપમાં જે સંદેશ ઉતર્યો છે, તે બધી બ્રહ્માત્માઓ માટે ઉતર્યો છે કેમ કે એ બધા ગ્રંથ બ્રહ્મમુનિઓને પ્રગટ થવાની સાક્ષી આપે છે.

ઉ. ૭૩- કયામત અર્થાત્ વાસ્તવમાં આત્મ-જાગૃત કરવું એ વાતો એ બ્રહ્માત્માઓ માટે જ લખી છે. એ બ્રહ્માત્માઓ માટે ધામધણી અને પોત-પોતાની પરાત્માના વિષયમાં પૂર્ણરૂપેણ જાગ્રત થવું અત્યંત જ આવશ્યક છે.

→ પૂર્વસ્મૃતિ કરાવીને વાસ્તવિક ધામ સંબંધી ધણી અને પોતાની પરાત્માનું જ્ઞાન કરાવવું જ જાગૃત કરવું છે. પંચભૌતિક શરીરરૂપી કબરથી જીવાત્માનું જાગૃત થવું જ મડદાનું ઉઠવું છે. **''कब्र से मुर्दे उठने''** નું આહ્વાન બ્રહ્માત્માઓ-મોમિનો માટે કરવામાં આવ્યું છે.

→ આવેલાં ધર્મને સનાતન ધર્મ કહે છે. સૃષ્ટિ સનાતનથી પણ પૂર્વે જે પરલોકનો સનાતન ધર્મ છે, તેને **''સૃષ્ટિ પૂર્વ સનાતન ધર્મ''** કહે છે. આ શુદ્ધ સાકાર બ્રહ્મથી સંબંધી ધર્મ છે. એને નિરંતર પાલન કરવા માટે કહેવામાં આવ્યું છે.

પ્ર. ૭૬- આ બ્રહ્મવાણી-બ્રહ્મલીલાથી કોને-કોને લાભ થયો અને કેવી રીતે ?

ઉ. ૭૬- આ બ્રહ્મવાણી-બ્રહ્મલીલાથી બ્રહ્મ, ઈશ્વરી અને જીવ-ત્રણેય દર્જાની આત્માઓને લાભ થયો. બ્રહ્મ અને ઈશ્વરી આત્માઓને, જે પોતાના ત્રિકાળ સંબંધી અક્ષરાતીત બ્રહ્મ અને અક્ષરની ધણિયાણી હોવા છતાં પણ જીવાત્મા સદૃશ થઈને દૂધ અને મિસરી સદૃશ મળેલી હતી, પોતાના →

પ્ર. ૭૭- આ ચર્ચા ધ્યાનપૂર્વક સાંભળવા અને મનન કરવાથી શું ફાયદો થાય છે ?

ઉ. ૭૭- તારતમ સંબંધી બ્રહ્મલીલામય ચર્ચા સાંભળવી અને સાંભળીને મનન કરવાથી આ પંચભૌતિક શરીરમાં હોવા છતાં પણ પરલોકની →

❖ ચોથો પ્રહર ❖

પ્ર. ૧- ચોથો પ્રહર ક્યાંથી ક્યાં, સુધી છે ? આ પ્રહરની શરૂઆત કેવી રીતે થાય છે ?

પ્ર. ૨- આ પ્રહરમાં સર્વપ્રથમ કોણ ભાઈ, કઈ સેવા હાજર કરી ઉપસ્થિત થયા છે ?

પ્ર. ૩- છબીલદાસભાઈ દ્વારા લાવેલાં સ્વચ્છ જળથી શ્રીજી સાહેબ શું કરે છે ?

પ્ર. ૪- આ વખત શ્રીજીની પાસે પિકદાની લઈને કોણ ઊભા છે ?

→ વિસ્મૃત ધણી, ધામ અને પરાત્માની ઓળખ પ્રાપ્ત થઈ અર્થાત્ તેમને તો પોતાના ધણી અને ધામથી શાશ્વત સંબંધરૂપી ધન પ્રાપ્ત થયું. પુનઃ માયાવી, અસ્તિત્વહીન, જૂઠી જીવાત્માઓનો દર્જો જ બદલાઈ ગયો. તે તો અસ્તિત્વપૂર્ણ થઈને સતમાં પરિવર્તિત થઈ ગઈ તથા તેઓએ આઠ પ્રકારના અવિનાશી મુક્તિસ્થાનોમાં અખંડ મુક્તિ પ્રાપ્ત કરી.

→ આત્માનુભૂતિ થાય છે. એક અદ્વૈત બ્રહ્મ-પરમાત્મા અને તેમની લીલાનું પ્રત્યક્ષ દર્શન થાય છે. પોતાને પોતાની જાણકારી થાય છે કે ''હું કોણ છું ? હું સંસારમાં ક્યાંથી અને કેમ આવી છું ?'' ઉક્ત યાવત્ વિષય-વસ્તુઓની જાણકારી આ જ શરીરમાં હોવા છતાં પ્રાપ્ત થાય છે.

-(પ્રકરણ-૬૬, પ્રશ્ન-ઉત્તર નં.-૭૭, કુલ સં. ૪૭૮૯+૭૭=૪૮૬૬).

❖ ચોથો પ્રહર ❖

ઉ. ૧- ચોથો પ્રહર સાંજે (સાયં) ત્રણ વાગ્યાથી લઈને ૬ વાગ્યા સુધી છે. આ પ્રહરમાં ત્રીજા પ્રહરની સેવાવાળા સાથી વિદાય લઈને પાછાં જાય છે અને ચોથા પ્રહરની સેવાના સાથી સેવામાં ઉપસ્થિત થઈ જાય છે.

ઉ. ૨- આ પ્રહરમાં સર્વપ્રથમ છબીલદાસભાઈ શ્રીજીના માટે લોટો ભરીને નિર્મળ જળ હાથમાં લઈને ઊભા છે.

ઉ. ૩- છબીલદાસભાઈ દ્વારા લાવેલાં સ્વચ્છ જળથી શ્રીજી સાહેબ મુખના કોગળા કરીને પિકદાનીમાં નાંખે છે.

ઉ. ૪- આ વખત શ્રીજીની પાસે પિકદાની લઈને શંકરદાસભાઈ ઊભા છે.

પ્ર. ૫- સંતદાસભાઈ આ સમય કોની સાથે, કઈ સેવામાં શામિલ છે ?

પ્ર. ૬- ભાગતાં આવીને સેવામાં હાજર થવાવાળા ભાઈ કોણ છે ?

પ્ર. ૭- શ્રી પ્રાણનાથજી આ વખત કયા સુંદરસાથને ઘેર જવાની અનુમતિ પ્રદાન કરે છે ?

પ્ર. ૮- આ સમય શંકરદાસભાઈ અહીંયા કઈ સેવા કરે છે ?

પ્ર. ૯- કેશવદાસભાઈ ક્યાં બેસી રહે છે અને તેમના હાથમાં કેવું ચંવર હોય છે ?

પ્ર. ૧૦- કોણ-કોણ સાથ નિર્ગુણ વેશમાં છે, જેમના મનમાં માયાનો લેશ માત્ર સુધ્ધાં નથી ?

પ્ર. ૧૧- કોઈપણ સેવા હોય, તેને ભાગી-ભાગીને કરવાવાળા ભાઈ કોણ છે ?

પ્ર. ૧૨- લાલદાસજી મહારાજ, મકરંદદાસભાઈ અને પ્રેમદાસભાઈ કઈ સેવામાં રહે છે ?

